RPJ HOTEL
RAJKOT GUJARAT
0281-6167777

સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

સાંજ સમાચાર

ચૈત્ર વદ– ૦)) | પાના : ૧૬ |રૂા. ૪.૦૦ સ્થાપક : બાબુભાઈ શાહ તા. ૮–૫–૨૦૨૪ – બુધવાર |રાજકોટ (સીટી)

હરસ,ભગંદર,ફીશરની
ગુજરાતમાં સૌપ્રથમ અમેરીકન
હાર્મોનિક ફોકસ, લેસર-HAL-IRC
દાખલ થયા વિના સારવાર
ડૉ.વેકરીયા-પાઈલ્સ હોસ્પિટલ
એસ્ટ્રોન ચોક, રાજકોટ-૧
૯૩૭૪૧ ૦૪૭૨૭, ૯૮૨૪૦ ૬૬૩૨૧
ગરીબ દર્દીઓને રાહતદરે સારવાર

વર્ષ : ૩૮ અંક : ૨૧૯ RNI Reg.No 46322/86. Reg.No Rajkot/266/2023 PST:RMS-RJT તંત્રી : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ sanjsamachar@gmail.com | sanjsamachar.net | SANJ SAMACHAR - RAJKOT

કોવિડ વેકસીનની ખતરનાક સાઈડ ઈફેકટની કબુલાત વચ્ચે નિર્ણય

ભારત સહિત દુનિયાભરમાંથી કોવિશીલ્ડ પાછી ખેંચાશે-વેંચાણ બંધ

એસ્ટ્રાજેનેકાનો નિર્ણયઃ ડીમાંડ સામે સપ્લાય ઘણી વધુ હોવાથી ફેસલો લીધો હોવાનો બચાવ

લંડન તા.૮

કોરોના રસીની લોહીમાં ગંઠા જામી જવા જેવી ગંભીર સાઈડ ઈફેકટ હોવાની કબુલાત કરનારી વેકસીન ઉત્પાદક કંપની એસ્ટ્રાજેનેકાએ વિશ્વભરમાં રસીનું ખરીદ વેંચાણ બંધ કરી દેવાનો નિર્ણય જાહેર કર્યો છે. ભારતમાં કોવીડશીલ્ડનાં નામે આ વેકસીન આપવામાં આવી હતી.

કોવીશીલ્ડની સાઈડ ઈફેકટથી હાર્ટએટેક સ્ટ્રોકનાં જોખમ સર્જાઈ શકતા હોવાના કંપનીના એકરારને પગલે ભારત સહીત વિશ્વભરના દેશોમાં લોકોમાં ભયનો માહોલ સર્જાયો હતો. ભારતીયોને આ કોવીશીલ્ડ રસીનાં ૧૦૦ કરોડથી વધુના ડોઝ આપ્યા હતા.

એસ્ટ્રાજેનેકા દ્વારા ૨૦૨૦ માં ઓકસફર્ડ યુનિવર્સીટી સાથે હાથ મીલાવીને કોરોના વેકસીન વિકસાવી હતી. આ ફોર્મ્યુલાનાં ઉપયોગ કરીને સીરમ ઈન્સ્ટીટયુટે ભારતમાં કોવીશીલ્ડ નામે રસીનું ઉત્પાદન કર્યું હતું. ઉલ્લેખનીય છે કે કંપનીએ ગત સમાહે જ વેકસીનથી સાઈડ ઈફેકટની કબુલાત આપી હતી.

બ્રિટનની કંપની એસ્ટ્રાજેનેકાએ હવે દુનિયાભરમાંથી પોતાની વેકસીનનાં ખરીદ–વેંચાણને અટકાવી દેવાનો નિર્ણય લીધો છે તેમાં ભારતમાં બનાવાયેલી કોવીશીલ્ડનો પણ સમાવેશ થાય છે.વેકસીનનો સ્ટોક પણ પાછો ખેંચી લેવાનું જાહેર કરાયું છે.

(અનુ. પાના નં. ૧૨ પર)

ગુજરાતમાં શાંતિપૂર્ણ રહેલા મતદાન દરમ્યાન ચોંકાવનારો બનાવ

‘EVM તો આપણા બાપનું...’ ભાજપ નેતાએ ‘બૂથ કેપ્ચર’ કરીને ‘લાઈવ સ્ટ્રીમીંગ’ કર્યું

દાહોદ જીલ્લાની ઘટનાઃ ભાજપ ઉમેદવારની તરફેણમાં બોગસ વોટીંગ પણ કર્યુંઃ વીડીયો વાઈરલ થતાં ચૂંટણી તંત્ર પણ સ્તબ્ધઃ વિજય ભાભોર સહિત બે શખ્સોની અટકઃ પંચે રીપોર્ટ માંગ્યો

અમદાવાદ, તા.૮

ગુજરાતમાં શાંતિપૂર્વક સંપન્ન થયેલી લોકસભાની ચૂંટણીના મતદાન દરમ્યાન દાહોદ જિલ્લામાં ‘બૂથ કેપ્ચરીંગ’નો સનસનીખેજ બનાવ બન્યાનો ખુલાસો થયો છે. બે ખોફ બનેલા ભાજપના નેતાના પુત્ર વિજય ભાભોરે ‘ઈવીએમ તો આપણા બાપનું

(અનુ. પાના નં. ૧૨ પર)

ઉતરપુર્વના લોકો ચીની જેવા દક્ષિણના આફ્રિકન દેખાવના લાગે છેઃ કોંગ્રેસ નેતાના વિધાનોથી પક્ષ મુશ્કેલીમાં

ભારતીયોની ચામડીના રંગ મુદે સામ પિત્રોડાના વિધાનો પર મોદી આગબબુલા

શાહજાદાના ફિલોસોફર ગાઈડે મને ગુસ્સો અપાવ્યો છેઃ અમેરિકામાં રહેતા તેમના અંકલ કહે છે જેમની ચામડીનો રંગ કાળો તે બધા આફ્રિકન! તેલંગાણામાં ચૂંટણી સભામાં નિશાન તાકયુંઃ મને ગાળો આપો મારા દેશવાસીઓને નહીઃ મોદી ગળગળા

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુની ચામડીનો રંગ કાળો તો શું તે આફ્રિકન! મને હવે સમજાયુ શા માટે કોંગ્રેસ તેને હરાવવા માંગતા હતાઃ જબરુ આક્રમણ

નવી દિલ્હીઃ

લોકસભા ચૂંટણી સમયે અમેરિકાના વિરાસત ટેક્ષ (વારસદાર ટેક્ષ)નો ઉલ્લેખ કરી કોંગ્રેસ માટે મુશ્કેલી સર્જી ગયેલા પક્ષના ઓવરસીઝ ફ્રેન્ડ ઓફ કોંગ્રેસના વડા સામ પિત્રોડાએ ફરી એક વખત પક્ષને મુશ્કેલીમાં મુકયા છે. અમેરિકા સ્થિત આ ટેકનોકાફે ભારતની વિવિધતાની વ્યાખ્યા કરતા કહ્યું કે પુર્વોતરના લોકો ચીના જેવા અને દક્ષિણના લોકો આફ્રિકન જેવા લાગે છે તથા ઉતરના લોકો ગોરા અને પશ્ચીમના લોકો અરબી જેવા દેખાય છે. પિત્રોડાના આ વિધાનો વાયરલ થતા જ ભાજપે હવે કોંગ્રેસ પર વળતો હુમલો કરી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ

તેલંગાણાની એક રેલીમાં આ મુદો ઉઠાવતા કહ્યું કે આજે હુ ખૂબ જ ગુસ્સામાં છું કે ચામડીના રંગના આધારે મારા દેશના લોકોને ગાળીયો આપવામાં આવી રહી છે. હું મારા દેશના લોકોનું અપમાન સહન કરી લઈશ નહી. કોંગ્રેસના શાહજાદા (રાહુલ ગાંધી) એ જવાબ આપવાનો રહેશે. સામ પિત્રોડાએ ‘ધ સ્ટેટમેન’ અખબારને આપેલ મુલાકાતમાં ભારતની વિવિધતા પર ચર્ચા સમયે આ વિધાનો કર્યા હતા જે ભાજપ માટે આક્રમણનું શસ્ત્ર બની ગયા છે. વડાપ્રધાને કહ્યું કે શાહજાદાના ફિલોસોફર ગાઈડે મને ગુસ્સો કરાવ્યા છે અને શહેજાદાના અંકલે કહ્યું કે જેનો રંગ કાળો હોય તે બધા આફ્રિકી છે જે રીતે ક્રિકેટમાં થર્ડ અમ્પાયર હોય છે તેમ શાહજાદા આ થર્ડ અમ્પાયરની સલાહ લેતા હોય છે.

મારા દેશના અનેક લોકોના ચામડીના રંગો પર તેણે ગાળ આપી છે.

મોદીએ આ મુદે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુનો

(અનુ. પાના નં. ૧૨ પર)

જર્મનીએ પોતાના યુદ્ધ જહાજો દક્ષિણ ચીન સમુદ્રમાં મોકલતા ડ્રેગન લાલઘૂમ!

૭ મે, ૨૦૨૪ના રોજ, જર્મનીએ પોતાના બે યુદ્ધ જહાજો કે જેમાં એક ફ્રિગેટ શીપ અને એક સપ્લાય શિપનો સમાવેશ થાય છે, તેને ઈન્ડો-પેસિફિક પ્રદેશમાં તૈનાત કર્યા છે. આ વાંચીને તમને પ્રશ્ન થતો હશે કે દુનિયાના નકશામાં કયા જર્મની અને કયા ઈન્ડો-પેસિફિક એરિયા! પરંતુ જર્મનીએ પોતાના જહાજો એવા સમયે તૈનાત કર્યા છે કે જ્યારે ચીન અને તાઈવાન વચ્ચેનો તણાવ અને દક્ષિણ ચીન સાગર પર ચાલી રહેલો વૈશ્વિક વિવાદ ચરમસીમા પર છે.

છેલ્લા કેટલાક વર્ષોમાં વૈશ્વિક સમસ્યાઓમાં વધારો તહયો છે. અને તેમાંય અલગ અલગ દેશો વચ્ચેના સંબંધોમાં અનેક પ્રકારના ઉતાર ચડાવ જોવા મળી રહ્યા છે. રશિયા અને યુક્રેન વચ્ચેનું યુદ્ધ કયા પહોંચ્યું છે એનો અંદાજ કોઈ લગાવી નથી શકતું અને બીજી તરફ ઇઝરાઈલ અને હમાસ પણ એકબીજાનું અસ્તિત્વ ભૂંસવા માટે મથામણ કરી રહ્યા છે અને આ મુદ્દામાં ઇરાને બળતામાં ઘી હોમવાનું કામ કર્યું છે. આ સિવાય દક્ષિણ એશિયામાં ચીન અને તાઇવાનનો મુદ્દો પણ સળગી રહ્યો છે. અને તેમાંય હવે ચીન અને તાઇવાન વચ્ચે તણાવ વધી રહ્યો હોવાથી તાઈવાનની પડખે ઊભું રહેવા માટે જર્મની આગળ આવ્યું છે. એટલે હવે આ વિવાદ કઇ દિશા તરફ જશે એનું અનુમાન લગાવી શકાય તેમ નથી.

૭ મે, ૨૦૨૪ના રોજ, જર્મનીએ પોતાના બે યુદ્ધ જહાજો કે જેમાં એક ફ્રિગેટ શીપ અને એક સપ્લાય શિપનો સમાવેશ થાય છે, તેને ઈન્ડો-પેસિફિક પ્રદેશમાં તૈનાત કર્યા છે. આ વાંચીને તમને પ્રશ્ન થતો હશે કે દુનિયાના નકશામાં કયા જર્મની અને કયા ઈન્ડો-પેસિફિક એરિયા! પરંતુ જર્મનીએ આ પગલું ચીન અને તાઈવાન વચ્ચે વધી રહેલા તણાવ તેમજ દક્ષિણ ચીન સાગર પર ચાલી રહેલા વિવાદો વચ્ચે ભર્યું છે.

> **જ્યારે યુદ્ધ જહાજોની તૈનાતી જર્મન વિદેશ નીતિમાં પરિવર્તનનો સંકેત આપે છે, ત્યારે એ નોંધવું પણ અગત્યનું છે કે જર્મની સંભવતઃ સંતુલન જાળવવા માંગે છે. જર્મની ચીન-તાઈવાન વિવાદમાં કોઈનો પ્રત્યક્ષ રીતે પક્ષ લેવા માંગતું નથી અને તે ચીનને ઉશ્કેરવા પણ માંગતુ નથી. તેમ છતાંય આ જહાજોની તૈનાતી ફકત પ્રતીકાત્મક શકિત પ્રદર્શન હોઇ શકે છે.**

જર્મનીના આ દોઢ ડહાપણને સમજવા માટે સૌથી પહેલા આપણે દક્ષિણ ચીન સમુદ્રના વિવાદને સમજવું જરૂરી છે. સાઉથ ચાઇના સી એ વૈશ્વિક વેપાર માટે એક મહત્વપૂર્ણ જળમાર્ગ છે કે જેમાં સમૃદ્ધ મત્સ્ય ઉત્પાદન ક્ષેત્રો અને સંભવિત તેલ અને ગેસ ભંડાર છે. જો કે, ચીન, વિયેતનામ, ફિલિપાઇન્સ, મલેશિયા, બ્રુનેઇ અને તાઇવાન સહિતના ઘણા દેશો આ ક્ષેત્રમાં પ્રાદેશિક દાવાઓને એકબીજા પર ઓવરલેપ કરે છે. વર્ષ ૨૦૧૬માં આંતરરાષ્ટ્રીય ટ્રિબ્યુનલના ચુકાદામાં આ દાવાઓને કોઈ કાનૂની આધાર ન હોવાનું જાહેર કરવામાં આવ્યું હોવા છતાં ચીન લગભગ સમગ્ર દક્ષિણ ચીન સમુદ્ર પર પોતાનો દાવો કરે છે જેને ઘણીવાર 'નાઈન-ડેશ લાઇન' તરીકે ઓળખવામાં આવે છે. ચીન પોતાના દાવાઓને મજબૂત કરવા માટે, વિવાદિત ખડકો પર કૃત્રિમ ટાપુઓ બનાવ્યા છે અને ત્યાં પોતાની સૈન્ય ચોકીઓ ગોઠવી છે. આનાથી વેપારી જહાજો માટે નેવિગેશન અને સિક્યોરીટીની ચિંતાઓમાં વધારો થયો છે.

સાઉથ ચાઇના સી પર જર્મનીના કેટલાક વ્યૂહાત્મક હિતો રહેલા છે. ઈન્ડો-પેસિફિકમાં યુદ્ધ જહાજો મોકલવાનો જર્મનીનો નિર્ણય અનેક પરિબળોથી પ્રેરિત છે. સૌપ્રથમ, તે 'નિયમો-આધારિત આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા' માટે જર્મનીની પ્રતિબદ્ધતાને રેખાંકિત કરે છે કે જ્યાં આંતરરાષ્ટ્રીય કાયદો અને ડિપ્લોમસી, એકપક્ષીય ક્રિયાઓ નહીં પરંતુ અલગ અલગ રાષ્ટ્રો વચ્ચેના સંબંધોનું સંચાલન કરે છે. સાઉથ ચાઇના સી માં ચીનની કઠોર કાર્યવાહીને આ આદેશ સામે પડકાર તરીકે જોવામાં આવે છે.

બીજું એ કે આ ક્ષેત્રમાં જર્મનીના નોંધપાત્ર આર્થિક હિતો છે. યુરોપનો લગભગ ૪૦% વિદેશી વેપાર દક્ષિણ ચાઇના સમુદ્રમાંથી થાય છે. માલસામાનના મુક્ત પ્રવાહની ખાતરી કરવી એ જર્મન વ્યવસાયો માટે મહત્વપૂર્ણ છે. ત્રીજું પરિબળ એ છે કે, જર્મની ચીનની વધતી જતી સૈન્ય શકિત અને વૈશ્વિક સુરક્ષા પર તેની સંભવિત અસર વિશે અત્યંત ચિંતિત છે. યુદ્ધ જહાજોની તૈણતી જર્મની માટે પ્રાદેશિક સુરક્ષા પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતા અને જાપાન અને ઓસ્ટ્રેલિયા જેવા સાથી દેશો સાથે તેની એકતા દર્શાવવાના માર્ગ તરીકે જોઈ શકાય છે.

જ્યારે યુદ્ધ જહાજોની તૈનાતી જર્મન વિદેશ નીતિમાં પરિવર્તનનો સંકેત આપે છે, ત્યારે એ નોંધવું પણ અગત્યનું છે કે જર્મની સંભવતઃ સંતુલન જાળવવા માંગે છે. જર્મની ચીન-તાઈવાન વિવાદમાં કોઈનો પ્રત્યક્ષ રીતે પક્ષ લેવા માંગતું નથી અને તે ચીનને ઉશ્કેરવા પણ માંગતુ નથી. તેમ છતાંય આ જહાજોની તૈનાતી ફકત પ્રતીકાત્મક શકિત પ્રદર્શન હોય શકે છે. એવી એક સંભાવના પણ છે કે જર્મન યુદ્ધ જહાજો આ પ્રદેશના અન્ય દેશો સાથે સંયુક્ત સૈન્ય કવાયતમાં ભાગ લઈ રહ્યા હોય. જો કે તેની કોઈ સત્તાવાર વિગતો હજુ સામે આવી નથી.

લાઈવ WIRE
પરખ ભટ્ટ
bhattparakh@yahoo.com

જર્મનીના જહાજોની તૈનાતી ચીનને સ્વાભાવિક સીધી રીતે અસર કરે છે. આથી જર્મનીના આ પગલાંની ચીન કેવી પ્રતિક્રિયા આપે છે તે જોવું રહ્યું. ચીને અગાઉ પશ્ચિમી રાષ્ટ્રો દ્વારા ઈન્ડો-પેસેફિક ક્ષેત્રમાં કરવામાં આવેલી સૈન્ય તૈનાતીની સખત ટીકા કરી હતી અને પશ્ચિમી દેશો પર ચીનની પ્રાદેશિક બાબતોમાં દખલ કરવાનો આરોપ મૂક્યો હતો. જો દક્ષિણ ચીન સાગરમાં ચીન અને જર્મન જહાજો વચ્ચે કોઈ મુકાબલો થાય તો તણાવ સંભવિત રીતે વધી શકે છે. અને આ વાતમાં કોઈ શંકાને સ્થાન નથી.

સાઉથ ચાઇના સી એ વૈશ્વિક વેપાર માટે એક મહત્વપૂર્ણ જળમાર્ગ છે. જો કે, ચીન, વિયેતનામ, ફિલિપાઇન્સ, મલેશિયા, બ્રુનેઇ અને તાઈવાન સહિતના ઘણા દેશો આ ક્ષેત્રમાં પોતાના પ્રાદેશિક દાવાઓ કરે છે. વર્ષ ૨૦૧૬માં આંતરરાષ્ટ્રીય ટ્રિબ્યુનલના ચુકાદામાં આ દાવાઓનો કોઈ કાનૂની આધાર ન હોવાનું જાહેર કરવામાં આવ્યું હોવા છતાં ચીન લગભગ સમગ્ર દક્ષિણ ચીન સમુદ્ર પર પોતાનો દાવો કરે છે.

આજનું ચિંતન

સત્ય સરળ જ હોય છે

જે વસ્તુ તમને શારીરિક, બૌદ્ધિક કે આધ્યાત્મિક રીતે નિર્બળ બનાવે છે, એને ઝેર માનીને ફેંકી દો, એમાં જીવન સંભવી જ ન શકે. તે જ સત્ય હોઇ શકે નહિ. સત્ય એ શકિત છે, સત્ય એ પવિત્રતા છે સત્ય એ પરમ જ્ઞાન છે. સત્ય શકિતપ્રદ હોય, જીવનને પ્રકાશિત કરનારૂ હોય, જીવનમાં પ્રાણ પુરનારૂ હોય ! પ્રકાશ, બળ અને તેજનું પ્રદાન કરતી ફિલોસૂફીથી ભરેલાં તમારા ઉપનિષદો તરફ પાછા ફરો, આ ફિલોસૂફીને અપનાવો. સર્વોચ્ચ સત્યો હંમેશા આપણા પોતાના જીવન જેવાં તદ્દન સરળ જ હોય છે.

- સ્વામી વિવેકાનંદ

ખુશીઓની આધારભુત મુખ્ય બાબતો-૧

અગાઉ પણ આપણે જોયેલું કે ખુશી આત્માનો ગુણ છે. ખુશ રહેવા માટે કે લોકો અનેક પ્રયત્નો કરે છે. આમ તો ખુશ રહેવા કે સુખ માટે જ જાણે લોકો દોડી રહ્યા છે. વર્તમાન સમયે લોકોએ ખુશ રહેવાનો આધાર બાહ્યિક રીતે લીધેલ છે. પૈસો, જાયદાદ, જમીન, કે મોટર-બંગલા હશે તો પણ કાયમી ખુશી તેનાથી ન મળી શકે, પિકનિક, ટુર, ટ્રાવેલીંગ પર દેશ-વિદેશને નિહાળી, ફરીએ છીએ, પરંતુ ખુશી તો માત્ર તે દિવસો પુરતી જ રહે છે. પછી તો ફરી જીવનમાં નાખુશ થવાના અનેક પ્રસંગો બનતા રહે છે. તો તેને સદા ખુશ તો કહી શકાય ને ? આથી નિરંતર ખુશીનો આધાર શું, તે સમજવાની જરૂર છે. દુનિયામાં સર્વ સુખ કે ખુશીઓનો આધાર પૈસો જ પરમેશ્વર મનાય છે. આજે વ્યકિત પોતાના ઉલ્ટા કર્મો દ્વારા ધન ઉપાર્જનની વિધિઓ અપનાવે છે જેનાથી માત્ર અલ્પકાલનું સુખ કે ખુશીનો અનુભવ થઇ જાય છે. વાસ્તવમાં ધનથી એવી થોડી થોડી સમય માટેની પ્રાપ્તિ પણ થાય છે. પરંતુ નિરંતર ખુશી ચીજો કે કોઇ મનુષ્ય આધારીત ન હોય અને ખરેખર તો એ ઉલ્ટા કર્મોથી પ્રાપ્ત ધનથી પછી દુઃખમાં વૃધ્ધિ જ થતી હોય છે અને તે વાતને સમજી લેવાથી જ ખુશી પ્રાપ્ત કરવાનું સમાધાન મળી શકે છે.

- બ્રહ્માકુમારીઝ સંસ્થાના દાદી ગુલઝારજી કહેતા- ખુશી જેવી ખુરાક નહી, ભલ પ્રાણ ચાલ્યા જાય પણ ખુશી ન જાય, અર્થાત ખુશ રહો, ખુશી વહેચો, કારણ કે ખુશ થવાનો કે રહેવાનો સાચો પથ બીજાને ખુશી આપવામાં છે. આથી ખુશી શોધતા લોકોએ એ તો સમજી જ લેવું જોઇએ કે બીજાને દુઃખી કરીને આપણે કયારેય ખુશ રહી ન શકીએ.

- દાદી જાનકીજી હેતા- સુખ આપો, સુખ લો, જો દુઃખ આપશો તો દુઃખી થઇને મરશો, આ વાત સ્મૃતિમાં રહેવાથી આપણને સ્વયંના કર્મો પર પુરૂ ધ્યાન રહેશે કે તે બીજા પર શું પ્રભાવ પાડે છે. સ્વાર્થયુકત કર્મો દ્વારા ખુશી મેળવનાર લોકોનું ભવિષ્ય હવાથી ભરેલા ફુગ્ગા જેવું હોય છે જે એકવાર પોતાનું અસ્તિત્વ જરૂર ગુમાવી દે છે.

આમ ખુશી આપો અને ખુશી લ્યો, સ્વયંના શુધ્ધ અને નિસ્વાર્થ કર્મો પર ધ્યાન આપીએ, જેનાથી સાચી ખુશીની પ્રાપ્તિ થાય છે. નિરાશાને સદાને માટે ત્યાગ કરીએ અને આશાનો દિપક સદા જગાવી રાખીશુ તો ખુશી ચોકકસ મળતી રહે છે. પોતાનાથી સંતુષ્ટ વ્યકિતમાં ખુશી આપોઆપ પ્રગટ થાય છે. ખુશીનો સાચો સ્ત્રોત એ સર્વોપરી સતા પરમાત્માને જાણવા અને તેની પાસેથી અદ્વિતીય સુખની પ્રાપ્ત કરવાની વિધિ જાણવામાં છે. દરેક માટે શુભભાવના, શુભકામના રાખવાથી પણ ખુશીની પ્રાપ્તિ થાય છે. સ્વયંને એક પાર્ટધારી સમજી ડ્રામામાં જે કાંઇ સીન આવે છે તે દરેક સદા કલ્યાણકારી અને પરિવર્તનશીલ છે તેવી સ્મૃતિ રહેવાથી ખુશી બની રહે છે. તો સદા ખુશખુશાલ રહીએ.

Brahma Kumaris' Rajlot 50 2969 - 2019 Golden Jubilee

મૂલ્યોની મહેક

■ બ્રહ્માકુમારી ભારતીટીટી ■

દુષ્કર્મના ખોટા કેસો મામલે અદાલતનો દાખલારૂપ ચુકાદો

દુષ્કર્મના ખોટા કેસમાં કોર્ટે યુવતીને યુવક જેટલી સજા ફટકારી, ૫.૯ લાખનો દંડ પણ કર્યો

ફરિયાદી યુવતીએ પોતાનું નિવેદન ફેરવી તોળતા અદાલતે યુવકને નિર્દોષ જાહેર કરી છોડી મૂકયો

બરેલી તા.૮

ખોટા કેસો કરી પુરૂષને ફસાવનાર મહિલાના કેસમાં કોર્ટે દાખલારૂપ ચુકાદો આપ્યો હતો. જેમાં કોર્ટે યુવકને નિર્દોષ છોડી, તેણે જેટલા વર્ષ ખોટા કેસમાં જેલમાં ગાળવા પડેલા તેટલા જ વર્ષ ખોટી ફરીયાદ કરનાર યુવતીને જેલમાં ગાળવાની અને રૂા.૫.૯ લાખનો દંડ પણ ફટકાર્યો હતો.

કેસની સુનાવણી દરમિયાન મહિલાના નિવેદનોમાં વિરોધાભાસને પગલે સમગ્ર હકીકતનો ખુલાસો થયો હતો. જેને પગલે કોર્ટે યુવકને નિર્દોષ જાહેર કરી મહિલાને સજા ફટકારી હતી.

અદાલતે જણાવ્યું હતું કે પુરૂષો પાસેથી નાણા એંઠવા માટે ખોટા કેસો કરતી મહિલાઓ માટે આ ચુકાદો ઉદાહરણરૂપ બની રહેશે.

કેસની વિગતો અનુસાર, સપ્ટેમ્બર, ૨૦૧૯માં એક કિશોરીની માતાએ અજય ઉર્ફે રાઘવ નામના એક વ્યકિત વિરૂધ્ધ પોતાની ૧૫ વર્ષની દિકરીના અપહરણ અને બળાત્કારનો કેસ કર્યો હતો. અજયની ઉંમર તે વખતે ૨૧ વર્ષની હતી અને તે પીડિતની બહેનની સાથે એક કંપનીમાં નોકરી કરતો હતો. જેને કારણે પીડિત કિશોરી સાથે પણ તેને પરિચય હતો. પોતાની ફરિયાદમાં કિશોરીએ એવો દાવો કર્યો હતો કે રાઘવે તેને પ્રસાદમાં નશીલી દવા ખવડાવી હતી અને તેને પોતાની સાથે દિલ્હી લઈ ગયો હતો. જ્યાં એક રૂમમાં બંધ કરી તેની સાથે બળાત્કાર ગુજાર્યો હતો. તેની ફરિયાદને પગલે રાઘવને જેલમાં ધકેલવામાં આવ્યો હતો. જોકે કેસની સુનાવણી દરમ્યાન ફરિયાદ કરનાર કિશોરીએ પોતાનું નિવેદન ફેરવી તોળતા જણાવ્યું હતું કે, રાઘવે તેનું અપહરણ કે તેની પર બળાત્કાર ગુજાર્યો નહોતો.

કિશોરીએ આપેલા નિવેદનને પગલે કોર્ટે ખોટા નિવેદનો આપવા બદલ તેની ઝાટકણી કાઢી હતી. એટલું જ નહીં પરંતુ એક ઐતિહાસિક ચુકાદો આપતા તેને યુવકે જેટલા વર્ષ જેલમાં ગાળ્યા હતા તેટલી જ એટલે કે ૪.૫ વર્ષની જેલની સજાનો આદેશ કર્યો હતો. જ્યારે યુવકને નિર્દોષ જાહેર કરી છોડી મુકવાનો હુકમ કર્યો હતો.

પોતાના ચુકાદામાં નોંધ્યું હતું કે આ સમય દરમિયાન તે રૂા.૫.૮ લાખની કમાણી કરી શકયો હોત. અદાલતે આટલી રકમનો દંડ પણ યુવતીને કર્યો હતો.

સુવિચાર

માણસ ગમે તેટલા મંદિરો કે ગમે તેટલા તીર્થસ્થાનોમાં જાય પણ જો પોતાનો ભાવ કે સ્વભાવ સુધારી ન શકતો હોય તો તળાવે જઇને પણ તરસ્યો જ રહેવાનો...

આવતીકાલનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦ : વીર સંવત- ૨૫૫૦, શાલિવાહન સંવત-૧૯૪૫
વૈશાખ સુદ-૧-૨, તા.૯/૫/૨૪, ગુરૂવાર

સૂર્યોદય : ૬-૧૨, સૂર્યાસ્ત : ૭-૧૪, જૈન નવકારશી : ૭.૦૦
રાશિ : વૃષભ (બ.વ.ઉ.)

ગૌચરના ગ્રહો

સૂર્ય-મેષ, મંગળ-મીન, રાહુ-મીન, કેતુ-કન્યા, બુધ-મીન, ગુરૂ-વૃષભ, હર્ષલ-મેષ, પ્લુટો-મકર, શુક્ર-મેષ, શનિ-કુંભ, નેપ્ચ્યુન-મીન, ચંદ્ર-વૃષભ

શુભ ચોઘડીયા : ચલ, શુભ, લાભ, અમૃત
અશુભ ચોઘડીયા : રોગ, કાળ, ઉદ્વેગ

રાશીફળ

મેષ : વહીવટી કાર્ય શકિતનો લાભ મળવાનો, ન ધારેલી સફળતા મળે, સ્વાસ્થ્ય બાબત સાધારણ ટેન્શન રહે.

વૃષભ : પરિવારના સભ્યો સાથે નાણાકીય બાબતોની ચર્ચા વિચારણા થાય, દિવસ મહત્વનો રહે, કર્જ ન કરવું.

મિથુન : પ્રિય વ્યકિતની મુલાકાત માટે સમય ફાળવવો પડે, રાજકીય લાભ રહે, ઉત્સાહમાં વધારો થવાનો.

કર્ક : પ્રોપર્ટી બાબતના પ્રશ્નોમાં અનુકુળતા રહે, વિદેશથી નાણાકીય લાભ રહે, અંગત જીવનના પ્રશ્નોથી તનાવ રહે.

સિંહ : વધુ પડતી અપેક્ષાથી દુર રહેશો, સામાજિક કાર્યોમાં કોઈની મદદ મળે, ધાર્મિક કાર્યમાં સફળતા રહે.

કન્યા : કાનુની પ્રશ્નોથી દુર રહેજો, શેરસટામાં સમજદારી કેળવજો, વડીલોના સ્વાસ્થ્ય બાબત જાળવવું.

તુલા : શકિતઓનો યોગ્ય ઉપયોગ લાભદાયક રહેવાનો, નોકરીમાં મનગમતી જગ્યા મળે, કર્જમાં રાહત.

વૃશ્ચિક : વ્યવસાયમાં સફળતા કાર્યક્ષેત્ર વધે, નોકરી માટેના પ્રયત્નો ફળે, મિલ્કતથી સારો લાભ મળવાનો.

ધન : કુનેહપૂર્વકના નિર્ણયો લાભદાયક રહે, નવી ઓળખાણથી લાભ ગુસ્સાને કાબુમાં રાખજો.

મકર : આત્મવિશ્વાસ કેળવવો, સંસ્થાના કાર્યને લઈને પ્રવાસ થાય, નોકરીમાં કાર્યભાર હળવો થવાનો.

કુંભ : ઉપરી વર્ગનો સહકાર સારો રહેવાનો, રાજકીય લાભ મળવાનો, સ્વાસ્થ્ય બાબત બેદરકારી ટાળવી.

મીન : સગાઈ લગ્નના કાર્યમાં સફળતા મળે, આવકનું પ્રમાણ જળવાય, વ્યવસાયમાં નવી એજન્સીની ઓફર

મનોરંજન સાથે જ્ઞાન વિસ્તાર કરતી આઈક્યૂ ટેસ્ટ જેવી શબ્દ રમત



આડી ચાવી

૧. જૂના જમાનામાં પત્રો પહોંચાડતું પક્ષી (૪)
૪. ઉનાળામાં શાળા-કોલેજોમાં પડે (૪)
૬. બેડ..., ગુડ ... (૨)
૭. શાહરૂખ ખાનની સુપરહિટ ફિલ્મ (૩)
૯. ...દાન, ...રાજા (૨)
૧૧. સુરત નજીકનું નગર (૪)
૧૨. ભારતનો એક કડક કાયદો (૨)
૧૫. સોનામહોર માટેનો શબ્દ (૩)
૧૬. ઠંડુ ફ્લેવર્ડ પાણી (૪)
૧૮. ચરણ-હિન્દી (૩)
૧૯. ...મેં ઉન સે મુલાકાત હો ગઈ (૨)
૨૦. અમાઉન્ટ (૩)
૨૨. અણુ ધડાકાનું ભારતીય સ્થળ (૪)
૨૩. તબીબ (૪)
૨૫. બીબુ (૩)
૨૬. બળ-ઉંધુ લખો (૨)
૨૭. વાંદરો (૩)
૨૯. મેડિસીન (૨)
૩૦. સ્મશાન (૩)
૩૧. એકાક્ષરી પ્રશ્ન (૧)
૩૨. અમીર (૩)
૩૩. ...હજુરી (૧)

ઉભી ચાવી

૧. ફિલ્મ : ... આજ ઔર ... (૨)
૨. પુસ્તક વિક્રેતા (૫)
૩. શાહી, રાજવી ઠાઠ (૪)
૪. વ્હીકલ-માફૃતિ (૨)
૫. ચાર વત્તા પાંચ (૨)
૮. દુર્ગંધ (૨)
૧૦. લોહી (૨)
૧૨. પેશન, ધીરજ, એકાગ્રતા (૪)
૧૩. આર ... (૨)
૧૪. હરણ જેવું પશુ (૩)
૧૬. સીટી (૨)
૧૭. નસીબ (૪)
૧૮. ફજેતફાળકો (૪)
૧૯. સળગી ગયા પછી વધે (૨)
૨૧. મન પડે તેમ જીવનારો (૪)
૨૨. ગાંધીજીનું જન્મ સ્થળ (૫)
૨૪. કબ્રસ્તાનમાં શું હોય ? (૩)
૨૫. તળેલું અનાજ (૪)
૨૮. દવા-હિન્દી (૩)

ભો	જ	ન	શા	ળા		જી		પા	
જ	મ		દ		પ્ર		ક	લા	સ
પ		સ્વ	રૂ	પ	સં	પ	ટ		લ
રા	ત		ખ	ડ	ગ		પી	પ	ળો
		અ	ખા	ત		મા	સ		
બે		વા	ન	ર	વે	ડા		સા	રા
	કા	ચ				ગી	જ	વી	જ
કે	લ	ક	ર		મા	સ્ક			પી
ર			જ	વા	હ	ર		ક	પ
મ	જ	બુ	ત				અ	બ	ળા

સાંજ સમાચાર

દેશ - વિદેશના સચોટ સમાચાર
ઝડપથી વાંચવા માટે
આજે જ ડાઉનલોડ કરો
સાંજ સમાચાર મોબાઈલ એપ

GET IT ON Google Play

Download on the App Store

(એપ ડાઉનલોડ કરવા માટે ગુગલ પ્લે સ્ટોર અથવા એપલ એપ સ્ટોરના આઇકોન પર ક્લિક કરો)

(સોશિયલ મીડિયા પર 'સાંજ સમાચાર' ફોલો કરવા આઇકોન પર ક્લિક કરો)

96622 96699

(વોટસએપ પર સમાચાર વાંચવા માટે ઉપર આપેલ નંબર પર અત્યારે જ ''Hi'' મેસેજ કરો)

તમામ ૨૫ બેઠક ભાજપને મળવા પર 'શંકા' દર્શાવતું સટ્ટાબજાર : બુકીઓના મતે જામનગર લોકસભા બેઠક સલામત

જેનીબેન-ગેનીબેન 'ભારે પડશે!' ગુજરાતમાં 'રાજકીય સટ્ટા'ના ભાવ બદલાયા

મતદાન બાદ 'ગણિત બદલાયા': ગુજરાતની તમામ બેઠક ભાજપને મળવાનો ભાવ ૫૫ પૈસાથી વધીને એકાએક ૯૦ પૈસા બોલાવા લાગ્યો

રાજકોટ, તા.૮

ગુજરાતમાં લોકસભા ચૂંટણીનું મતદાન પૂર્ણ થવા સાથે જ સટ્ટાબજારમાં મોટો બદલાવ જોવા મળ્યો છે. અત્યાર સુધી તમામ આ બેઠક ભાજપને જ મળવાનું નિશ્ચિત માનતું સટ્ટાબજાર હવે બે બેઠક 'જોખમી' ગણવા લાગ્યા છે. તમામ ૨૫ બેઠક ભાજપને મળવાનો ભાવ ૫૫ પૈસામાંથી વધીને ૯૦ પૈસા બોલાવા લાગ્યો છે જેનો અર્થ તમામ બેઠકો ભાજપને મળવા પર શંકા છે.

અમરેલીમાં જેનીબેન ઠુમ્મર તથા બનાસકાંઠામાં ગેનીબેન ઠાકોર ગુજરાતમાં ભાજપને તમામ બેઠકો જીતવાની હેટ્રીક સર્જવું અટકાવી શકે છે.

દેશમાં લોકસભાની ચૂંટણીના ત્રણ તબકકા પૂર્ણ થયા છે. હજુ ચાર તબકકા બાકી છે છતાં અત્યાર સુધીમાં અર્ધા કરતા વધુ બેઠકોમાં મતદાન સંપન્ન થઇ ગયું છે. આ સાથે સટ્ટા માર્કેટમાં દાવ-સટ્ટો વધવા લાગ્યા છે. ચૂંટણીમાં કરોડો-અબજો રૂપિયાનો સટ્ટો રમાતો હોવાની જાણીતી વાત છે અને તેમાં રાજકીય નેતાઓ પણ હાથ અજમાવી લેતા હોય છે. લોકલ સીટથી માંડીને રાજ્ય તથા દેશની સીટો પર પણ દાવ લાગતા હોય છે.

ગુજરાતની તમામ બેઠકોમાં મતદાન ખત્મ થઇ જવા સાથે સટ્ટોડિયાઓએ આખરી તારણ કાઢીને ભાવમાં મોટો બદલાવ કર્યો છે. જાણકાર સૂત્રોએ જમાવ્યું છે કે ગુજરાતની તમામ બેઠકો ભાજપને જ મળવાનો અત્યાર સુધી છાતી ઠોકીને દાવો કરાતો હતો. સુરત બેઠક અગાઉ જ બીનહરિફ થઇ ગઇ હતી. બાકીની ૨૫ બેઠકોમાં પણ ભાજપનો વિજય વાવટો ફરકાવાના અનુમાન સાથે સટ્ટાબજારમાં ભાજપનો ૫૫ પૈસાનો ભાવ બોલાતો હતો. ક્ષત્રિય આંદોલન તથા અન્ય નાના મોટા કારણોથી ઉમેદવારોની લીડ ઘટી શકે પરંતુ પરિણામમાં કોઇ બદલાવ નહીં થવાનું ગણિત હતું પરંતુ ગઇકાલે ચૂંટણી ખત્મ થયા બાદ સટ્ટાબજારના ભાવમાં મોટો બદલાવ થયો છે. તમામ ૨૫ બેઠકો ભાજપને મળવાનો ભાવ ૫૫ પૈસા ચાલતો હતો તે એક જ ઝાટકે વધીને ૯૦ થઇ ગયો હતો. મતદાન પછી ભાવમાં બદલાવને ઘણો સૂચક ગણવામાં આવે છે. સટ્ટોડિયાઓ મતદાનની હટાવારી તથા અન્ય ફેક્ટરને ગણતરીમાં રાખીને આ બદલાવ કરતા હોય છે.

સૂત્રોના કહેવા પ્રમાણે ૫૫ પૈસાના ભાવનો અર્થ 'એકદમ નિશ્ચિત' ગણાય છે જ્યારે ૯૦ પૈસા 'જોખમ'ની શ્રેણીમાં આવે છે. અને તમામ ૨૫ બેઠકો ભાજપને મળવા પર થોડી શંકાનો સંકેત આપે છે. ભરત સુતરીયા સામે કોંગ્રેસના જેનીબેન ઠુમ્મરનો મુકાબલો રહ્યો છે. આ બેઠકનું પરિણામ કદાચ ઉંધાચત્તુ થઇ શકે છે. આ જ રીતે બનાસકાંઠાની બેઠક પણ ભાજપને મળવા પર શંકા વ્યકત થવા લાગી છે. આ બેઠક પર કોંગ્રેસના ગેબીબેન ઠાકોર લડયા છે. તેઓએ ૫૩ચારની શરૂઆત વખતથી જ પ્રચંડ જોર કર્યું હતું. મહત્વની વાત એ છે કે સમગ્ર ગુજરાતમાં સરેરાશ મતદાનમાં પાંચ ટકાનો ઘટાડો થયો છે. ત્યારે એક માત્ર બનાસકાંઠાની બેઠકમાં મતદાનમાં વધારો નોંધાયો છે. સામાન્ય રીતે જેટલું મતદાન વધુ થાય એટલી સ્પર્ધા વધુ હોવાનું ગણાય છે. બનાસકાંઠામાં વધેલું મતદાન આ તર્કને આધારે પમ સૂચક છે.

અમરેલી તથા બનાસકાંઠામાં ગમે તે 'ઉંધુચતુ' થઇ શકવાનો મતઃ હવે વ્યકિતગત બેઠકોમાં પણ જંગી દાવ લાગવા માંડ્યાનો નિર્દેશ

સટ્ટાબજારમાં એવી વાત છે કે મતદાન પછી અમરેલી તથા બનાસકાંઠાની બેઠકના તારણો બદલાયા છે. અમરેલીમાં ભાજપના

સટ્ટાબજારમાં ભાજપની કુલ બેઠકો ૩૦૦થી નીચે ઉતરી

ભાજપને ૨૯૪ થી ૨૯૭, એનડીએને ૩૨૭ થી ૩૩૨ બેઠકોનું અનુમાનઃ કોંગ્રેસને ૬૫થી૬૭ બેઠકો મળી શકે

રાજકોટ તા.૮

દેશમાં અર્ધા કરતા વધુ બેઠકોમાં લોકસભાનું ચૂંટણી મતદાન ખત્મ થઈ ગયુ છે અને ભાજપની સંખ્યા ધીમી ગતિએ ઘટતી હોવાનું ચિત્ર સટ્ટાબજારમાં સર્જાયુ છે. ત્રીજા તબકકાના મતદાન બાદ ભાજપને એકલા હાથે મળવાની સંભવિત બેઠકોની સંખ્યા ૩૦૦થી નીચે ઉતરી ગઈ છે.

સટ્ટાબજારના સૂત્રોએ કહ્યું કે ત્રીજા તબકકાની ચૂંટણીના મતદાન બાદ હવે ભાજપને ૨૯૪ થી ૨૯૭ બેઠકો મળવાનુ અનુમાન દર્શાવવામાં આવી રહ્યું છે. ગત સમાહમાં આ સંખ્યા ૨૯૮ થી ૩૦૫ની હતી. આની સામે કોંગ્રેસને ૬૫થી૬૭ બેઠકો મળવાનું અનુમાન છે.

સટ્ટાબજારમાં રાજયવાર બેઠકોના આંકડાઓ પર પણ જંગી દાવ ખેલવામાં આવી રહ્યા છે. ગુજરાતની જેમ રાજસ્થાનમાં પણ ગત ટર્મમાં તમામ બેઠકો પર ભાજપની જીત થઈ હતી. આ વખતે ૨૫માંથી ભાજપને ૧૭થી૧૯ બેઠકોનું અનુમાન દર્શાવવામાં આવી રહ્યું છે. ભાજપને ૧૭ બેઠકોનો ભાવ ૫૫થી૭૦ પૈસા બોલાતો હતો જયારે ૧૮ બેઠકનો ભાવ ૯૦ પૈસાથી રૂા.૧.૨૦નો હતો.

હરિયાણામાં ૧૦માંથી ભાજપને ૫ બેઠક મળવાનું અનુમાન દર્શાવાય છે. પંજાબમાં ૧૩માંથી આપને ૬ તથા કોંગ્રેસને ૪થીપ તથા ભાજપને ૧થીર બેઠક મળવાનું અનુમાન મુકાય છે.

પાટનગર દિલ્હીમાં ભાજપને ૬ બેઠક મળવાનું દર્શાવાય છે. મધ્યપ્રદેશમાં ૨૯માંથી ભાજપને ૨૦થીર૮ બેઠક મળવાના ભાવ બોલાય છે. તેલંગાણામાં ૧૭માંથી ભાજપને ૬, ઉતરાખંડની પાંચેય બેઠક ભાજપને મળવાનું તારણ છે. છતીસગઢમાં ૧૧માંથી ભાજપને ૧૦ સીટ મળી શકે છે. ઝારખંડમાં ભાજપને ૧૦થી૧૨ તથા આંધ્રપ્રદેશમાં ૧થીર બેઠક મળશે. તામિલનાડુમાં ૩ બેઠક, કેરળમાં ૧થીર બેઠક હિમાચલમાં તમામ ૪ બેઠકનુ અનુમાન છે.

પશ્ચીમ બંગાળમાં ભાજપને ૧૮થી૨૦ તથા તૃણમુલ કોંગ્રેસને ૨૨થી૨૪ બેઠકનુ અનુમાન છે. મહારાષ્ટ્રમાં ૪૮માંથી ૨૪થી૨૬, ઉતરપ્રદેશમાં ૮૦માંથી ૬૬થી૬૮ બેઠક, બિહારમાં ૪૦માંથી ૨૫થી૨૭ બેઠક મળવાનુ અનુમાન છે. કર્ણાટકમાં ૨૮માંથી ૧૮થી૨૦ બેઠક ભાજપને અપાય રહી છે. સટ્ટાબજારના દાવા મુજબ આખા એનડીએની બેઠકો ૩૨૭થી૩૩૨ થઈ શકે છે.

ચૂંટણી ફરજનો થાક ઉતારતા સરકારી કર્મચારીઓઃ કચેરીઓ ખાલી ખમ્મ...

રાજકોટની દરેક સરકારી કચેરીઓમાં આજે સવારથી ઉડે-ઉડેનો માહોલઃ વહીવટી સહિતની કામગીરી બંધ



તસ્વીરઃ પંકજ શીશાંગીયા

રાજકોટ,તા.૮

રાજકોટ લોક સભાની ચૂંટણી ગઈકાલે શાંતિપૂર્ણ રીતે અને કોઈ અનિચ્છનિય બનાવ, વિના પૂર્ણ થઈ છે અને આ ચૂંટણી સુપેરે પાર પાડવામાં મહત્વનો ભાગ ભજવનાર પોલીસ ડિપાર્ટમેન્ટ, કલેકટર ઉપરાંત અનેક જુદા-જુદા સરકારી વિભાગોના હજારો કર્મચારીઓએ ગઈકાલે મોડીરાત સુધી ડિસ્પેસીંગ કામગીરી પૂરી કરી હતી.આથી આજે સવારથી જ ચૂંટણીમાં ફરજ બજાવનાર સરકારી કર્મચારીઓને તેની કચેરીઓમાં થાકી ઉતારવા રજા મળી હોય આજે રાજકોટની દરેક સરકારી કચેરીઓમાં ખાલીખમ્મનો અને ઉડે-ઉડનો માહોલ છવાયો હતો.બહુમાળી ભવન, કલેકટર, પ્રાંત, મામલતદાર કચેરીઓ તથા આર.એમ.સી.જિલ્લા-તાલુકા પંચાયતની કચેરીઓ આર.ટી.ઓ. કચેરી સહિતની કચેરીઓમાં આજે આખો દિવસ રજાનો માહોલ રહ્યો હતો.અત્રે ઉલ્લેખનિય છે કે રાજકોટ બેઠકની ચૂંટણીમાં ૧૩ હજાર જેટલા કર્મચારીઓએ ૨૨૩૬ બુથો ઉપર બે દિવસ ફરજ બજાવી હતી.

તા.૬નાં રોજ ચૂંટણી સામગ્રી સાથે બુથો ઉપર પહોંચી જઈ અને ગઈકાલે આખો દિવસ ચૂંટણી ફરજ બજાવનાર સરકારી કર્મચારીઓ ગઈકાલે મોડી રાત્રીનાં ફી થયા હતાં.રાત્રીનાં ઈ.વી.એમ.સહિતનું ચૂંટણી સાહિત્ય સ્ટ્રોગરૂમમાં જમા કરાવી મધરાત્રે ઘરે પહોંચનાર સરકારી કર્મચારીઓને આજે રજા હોય દરેક કચેરીઓ, ખાલીખમ્મ નજરે પડી હતી.દરમ્યાન પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરીના અધિકારીશ્રીઓ અને કર્મચારીગણનો પ્રીસાઈડીંગ ઓફિસર, પોલીંગ ઓફિસર-૧, મહિલા પોલીંગ ઓફિસર, પોલીંગ ઓફિસર તેમજ ચૂંટણી લક્ષી વહીવટી કામગીરી હેતું ફરજ સોંપાયેલ છે.

મતદાન પૂર્ણ થયા બાદ ફરજ પરના કર્મચારીઓ રિસિવિંગ સેન્ટર પર મોડી રાત્રે અથવા તો જો અંતર વધુ હોય તો બીજા દિવસે વહેલી પરોઢે મતદાન સામગ્રી પરત સોપવા માટે પહોંચતા હોય છે. આથી ચૂંટણી સ્ટાફના તેઓના ફરજ પરના પ્રમાણમાં લાંબા સમયગાળાને ધ્યાનમાં રાખી તેઓએ મતદાનના બીજા દિવસે કચેરીમાં હાજરી આપવાની જરૂર નથી અને તેઓને ફરજ પર હાજર ગણવામાં આવશે.

વધુમાં મતદાનના બીજા દિવસે એટલે કે આજે લાયસન્સ અને વાહન ૪.૦ સંબંધિત સંપૂર્ણ કામગીરી ચાલુ ન રહેતા આંશિક કામગીરી ચાલુ રહેશે. આથી અરજદારોને સહકાર આપવા પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીએ યાદીમાં જણાવેલ છે.

ફર્સ્ટ ટાઈમ વોટર હિટવેવમાં ઠંડા રહ્યા : વેકેશનની અસર : છેલ્લી બે કલાકમાં જમાવટ ન થઈ!

રાજકોટ લોકસભાની ચૂંટણીમાં શહેરની ચારે વિધાનસભા બેઠક પર એકંદરે એક સરખુ મતદાન : ટંકારા-પડધરી બેઠકના સૌથી ઉંચા મતદાનથી કોને ફાયદો? વાંકાનેરનું મતદાન પણ મહત્વનું : જસદણ વિસ્તાર પણ ઠંડો રહ્યો

પ્રથમ વખત મત આપવાની જવાબદારી નિભાવવામાં યુવા વર્ગ ઉણો ઉતર્યાની છાપ : ભાજપને પરંપરાગત મતદારો પર પુરો ભરોસો, ૪ લાખની લીડની વાતો : કોંગ્રેસને ગાબડુ પાડવાની આશા : મતદાનના દિવસે વિવાદો ન દેખાયા

રાજકોટ, તા. ૮

રાજકોટ લોકસભાની બેઠકની ચૂંટણી માટે ગઈકાલે ભારે ગરમી વચ્ચે મતદાન સંપન્ન થયું છે. અગાઉની ચૂંટણીની સરખામણીમાં મતદાનમાં સાડા ત્રણ ટકા જેવો ઘટાડો નોંધાયો છે. પરંતુ આ ચૂંટણીમાં મુખ્ય મુદ્દાઓ કરતા વિવાદો વધુ ચાલ્યા હોય, અમુક મત વિસ્તારના ભાગોનું મતદાન સસ્પેન્સભર્યુ બન્યું છે. હવે તા.૪ જુનના રોજ લોક ચૂકાદો જાહેર થાય ત્યારે મતદારોને કઇ બાબતમાં રસ પડયો અને કયા મુદ્દાઓમાં રસ ન પડયો તે પણ જાહેર થઇ જશે.

આ વખતે ચૂંટણી પર હિટવેવ હાવી રહ્યો હતો, જોકે પ્રથમ વખત મત આપનારા યુવા વર્ગની નિરસતા અને વેકેશનનો સમય પણ ખુબ સારા મતદાન આડે આવી ગયો તેવું પણ દેખાયું છે.

૨૦૨૪ની ચૂંટણીમાં વડાપ્રધાનથી માંડી ચૂંટણી પંચનું ધ્યાન પ્રથમ વખત મત આપતા ૧૮ વર્ષથી ઉપરના નવા મતદારો પર હતું પરંતુ આ વર્ગ મતદાનમાં એટલો બધો ઉત્સાહિત નહીં દેખાયાનું જાણકારોએ કહ્યું છે. તો દર વખતની જેમ પરંપરાગત અને વડીલોનું મતદાન રાબેતા મુજબ થયું હોય, ભાજપને છેલ્લી ચૂંટણી કરતા પણ વધુ લીડની આશા છે. તો બીજી તરફ કોંગ્રેસ સાંપ્રત પ્રશ્નો ઉપરાંત ભાજપના ઉમેદવાર સામેના વિરોધનો લાભ મળશે તેવી આશા ધરાવે છે. બંને પક્ષોએ જીતના દાવા કર્યા છે ત્યારે ક્ષત્રિય સમાજનું મતદાન પણ નિર્ણાયક બની શકે છે.

રાજકોટ લોકસભામાં ૭ મતક્ષેત્ર આવે છે. કુલ નોંધાયેલા ૨૧.૧૨ લાખ મતદારોમાંથી ૭.૦૪ લાખ પુરૂષો અને ૫.૫૪ લાખ મહિલાઓ મળી ૧૨.૫૮ લાખ નાગરિકોએ મતદાન કર્યુ છે. ગત વર્ષ કરતા ૩.૫૪ ટકા ઓછું એટલે કે ૫૯.૬૦ ટકા મતદાન નોંધાયું છે. આ ચૂંટણીમાં સૌપ્રથમ વખત રાજકોટમાંથી જિલ્લા

બહારના બંને ઉમેદવાર હતા. આ બંને ઉમેદવાર અમરેલીથી ચૂંટણી લડવા રાજકોટ આવ્યા હતા. એટલે શહેર અને જિલ્લાના મતદારો માટે તો બંને ઉમેદવાર બહારના હતા. ભાજપના ઉમેદવાર પરસોતમભાઇ રૂપાલાએ ક્ષત્રિય સમાજ પર કરેલી ટીપ્પણી બાદનું આંદોલન રાજયવ્યાપી બન્યું હતું તો કોંગ્રેસે પણ વાતાવરણનો લાભ લેવા અમરેલીથી પૂર્વ વિપક્ષી નેતા (વિધાનસભા) પરેશભાઇ ધાનાણીને તેડાવ્યા હતા. જેમાંથી મતદારોએ કોને પસંદ કર્યા તે ચર્ચાનો વિષય છે.

ભાજપ પાસે ગઢ ઉપરાંત નરેન્દ્રભાઇ મોદી અને દેશના વિકાસની વાત હતી. કોંગ્રેસે મોંઘવારી સહિતના મુદ્દા ઉઠાવ્યા હતા. આંદોલન કરનારા એક વર્ગે ભાજપ સામે કોંગ્રેસને સમર્થન પણ આપ્યું હતું.

રાજકોટ દાયકાઓથી ભાજપનો ગઢ રહ્યો છે. મહાનગરની ચાર બેઠકોની વાત કરીએ તો લગભગ તમામ જગ્યાએ સરખુ મતદાન થયું છે. છતાં આંકડાની દ્રષ્ટિએ જોઈએ તો ૫૭.૮૮ ટકા મત રાજકોટ-૬૮(પૂર્વ)ની બેઠક પર પડયા છે. રાજકોટ-૬૯માં ૫૭.૮૪, રાજકોટ ગ્રામ્યમાં ૫૮.૫૩ અને રાજકોટ દક્ષિણમાં ૫૭.૮૦ ટકા મતદાન થયું છે. આ રીતે રાજકોટ ગ્રામ્યનું મતદાન થોડુક આગળ રહ્યું છે.

ટંકારા-પડધરી વિસ્તાર કડવા પાટીદારોના પ્રભુત્વવાળો છે. અગાઉ મોહનભાઇ કુંડારીયાને અહીંથી જ મોટી લીડ મળી હતી. આ મતદારોનું વોટીંગ મહત્વનું છે. પુરા જિલ્લામાં સૌથી વધુ મતદાન ટંકારા બેઠકનું ૬૫.૮૮ ટકા છે. તો વાંકાનેર મત વિસ્તારમાંથી પણ ૬૪.૬૭ ટકા મતદાન નોંધાયું છે. આ વિસ્તાર ક્ષત્રિય, કોળી, મુસ્લિમ સહિતના મતદારોના પ્રભુત્વવાળો છે.

રાજકોટમાં રેલનગર, કાલાવડ રોડ પરની અમુક સોસાયટીમાં ક્ષત્રિય મતદારોની સંખ્યા વધુ છે. આ મતદાન કઇ તરફ ઢળ્યું તે મહત્વનું બનશે. રાજયના કેબીનેટ મંત્રી કુંવરજીભાઇ બાવળીયાના મત વિસ્તાર જસદણમાં પણ ૫૫.૬૯ ટકા જેવું સામાન્ય મતદાન થયું છે. ભારે ગરમીમાં આ મતદાન ઓછું ગણાવાતું નથી પરંતુ ભાજપની ધારણાથી થોડુ ઓછું જરૂર છે.

મતદાનમાં વધારો ન થવાનું એક મોટુ કારણ ગરમી ઉપરાંત વેકેશન અને રજાનો માહોલ પણ બંને પક્ષને લાગ્યો છે. સવારમાં પોશ એરીયામાં મતદારોની લાઇન લાગી હતી. પરંતુ બપોર બાદ આ વર્ગ બહુ ઓછો દેખાયો હતો. સામાન્ય રીતે દર વખતે છેલ્લી બે કલાકના મતદાનના આંકડા વધી જતા હોય છે. પરંતુ આ વખતે છેલ્લી બે કલાકમાં પણ મતદાને ગતિ પકડી ન હતી. અમુક વિસ્તારમાં કડવા અને લેઉવા સમાજના મતદારો સાથે બેસીને મત આપવા જતા પણ જોવા મળ્યા હતા. ઘણા વિસ્તારમાં માત્ર વડાપ્રધાન અને દેશની વાત થતી હતી. એટલે કે અમુક મુદ્દા લોકોને પ્રભાવિત કરી શકયા નથી અને સ્વતંત્ર વિચારોથી મતદાન કર્યુ છે. કોંગ્રેસ આ વખતે ભાજપના ગઢમાં ગાબડુ પાડવાની આશા રાખે છે તો પૂરા આત્મવિશ્વાસ સાથે ભાજપના ટોચના નેતાઓ તો ચાર લાખથી વધુ લીડની ગણતરી કરવા લાગ્યા છે.

રાજયમાં સરેરાશ ૫૯.૫૧% મતદાન નોંધાયું, ૨૦૧૯માં ૬૪.૫૧% હતું : ૫% ઓછા મત પડયા

ગુજરાતમાં ઓછા મતદાનથી કોને લાભ, કોને નુકસાન ? તર્ક-વિતર્કોનો દૌર

વલસાડમાં સૌથી વધુ ૭૨.૨૪ ટકા અને અમરેલીમાં સૌથી ઓછું ૪૯.૨૨ ટકા : એક માત્ર બનાસકાંઠામાં ૨૦૧૯ કરતા મતદાનની ટકાવારીમાં વધારો બાકીના તમામ મતક્ષેત્રોમાં મતદાન ઘટયું

રાજકોટ, તા. ૮

ગુજરાતમાં લોકસભાની ૨૫ બેઠકો પર યોજાયેલું ચૂંટણી મતદાન સરેરાશ ૫૯.૫૧ ટકા થયું છે. જે ૨૦૧૯ની તુલનાએ ૫ ટકા જેટલું નોંધપાત્ર પ્રમાણમાં ઓછું રહેતા રાજકીય પક્ષો અને વિશ્લેષકો સ્તબ્ધ બન્યા છે. ઓછા મતદાનથી કોને લાભ અને કોને નુકસાન ? તે વિશેની અટકળો જોર પકડવા લાગી છે. ભાજપ તમામ બેઠકો જીતવાની હેટ્રીક કરશે કે કોંગ્રેસ ગાબડુ પાડશે તે વિશે પણ તર્ક-વિતર્કો વ્યકત થવા લાગ્યા છે.

ગુજરાતની ૨૫ બેઠકોનું મતદાન શાંતિપૂર્ણ રીતે સંપન્ન થયું હતું. ચૂંટણી પંચ દ્વારા મોડી રાત્રે મતદાનનો આંકડાકીય રીપોર્ટ જારી કરવામાં આવ્યો હતો જે મુજબ રાજયમાં ૫૯.૪૯ ટકા મતદાન નોંધાયુ છે. રાજયમાં સૌથી વધુ ૭૨.૨૪ ટકા મતદાન વલસાડની બેઠક પર નોંધાયુ છે જયારે ઓછું સૌરાષ્ટ્રની અમરેલી બેઠકમાં થયું છે. જયાં આંકડો ૫૦ ટકાને પણ આંબી શકયો નથી.

ઓછા મતદાન પાછળ અનેકવિધ કારણોને જવાબદાર ગણવામાં આવી રહ્યા છે તેમાંથી સૌથી મોટુ કારણ પ્રચંડ ગરમી અને હિટવેવનું હોવાનું માની શકાય છે. રાજયના મોટા ભાગના વિસ્તારોમાં મંગળવારે મતદાનના દિવસે સૂર્યકોપ વરસ્યો હતો. રાજકોટ, અમદાવાદ સહિત મોટા ભાગના શહેરોમાં તાપમાન ૪૧ થી ૪૩ ડિગ્રીની રેન્જમાં રહ્યું હતું. અમદાવાદમાં તો પારો ૪૩ ડિગ્રીને પણ વટાવી ગયો હતો. આકરી ગરમીએ મતદાન પર મોટી અસર કરી હોવાનું માનવામાં આવી રહ્યું છે. રસપ્રદ વાત એ છે કે રાજકીય પક્ષો અને ચૂંટણી પંચના ભરચક પ્રયાસોના પગલે સવારથી જ મતદારો મતદાન માટે પહોંચી ગયા હતા. સવારે ૭ થી બપોરે ૧ વાગ્યા સુધીમાં ૩૭ ટકા જેવું મતદાન થઇ ગયું હતું પરંતુ ત્યારપછીની કલાકોમાં ૨૧ ટકા જ નોંધાયું હતું. આ સિવાય ક્ષત્રિય આંદોલન જેવા અન્ય કારણો પણ ઓછા મતદાન માટે જવાબદાર રહ્યા હોવાનું માનવામાં આવી રહ્યું છે. રાજયના મુખ્ય ચૂંટણી અધિકારી પી.ભારતીએ જણાવ્યું હતું કે અંતિમ આંકડામાં હજુ સામાન્ય ફેરફાર થઇ શકે છે.

આદિવાસી વસ્તીનું મોટુ પ્રમાણ ધરાવતા વલસાડ, ભરૂચ, બારડોલી, છોટા ઉદેપુર અને બનાસકાંઠામાં મતદાનમાં જોરદાર ઉત્સાહ માલુમ પડયો હતો અને સારા એવા પ્રમાણમાં મતદાન નોંધાયુ હતું.

ગુજરાતમાં છેલ્લી પાંચ લોકસભા ચૂંટણીની વિગત	વર્ષ	કુલ મતદારો	ઉમેદવારો	મતદાન
	૨૦૦૪	૩,૩૬,૭૫,૦૬૨	૧૬૨	૪૫.૧૬%
	૨૦૦૯	૨,૬૪,૮૪,૨૮૧	૩૫૯	૪૭.૮૯%
	૨૦૧૪	૪,૦૬,૦૩,૧૦૪	૩૩૪	૬૩.૬૬%
	૨૦૧૯	૪,૫૧,૫૨,૩૭૩	૩૭૧	૬૪.૫૧%
	૨૦૨૪	૪,૯૭,૬૮,૬૭૭	૨૬૬	૫૯.૪૯%

જોકે આ વિસ્તારોમાં પણ ૨૦૧૯ની સરખામણીએ પ્રમાણમાં મતદાન ઓછું જ રહ્યું છે. ખાસ કરીને સવારના ભાગોમાં મતદાનનો ઉત્સાહ ઘણો વધુ હતો અને મતદાન મથકોએ મતદારોની લાઇનો લાગી હતી.

રાજયમાં વલસાડમાં સૌથી વધુ ૭૨.૨૪ ટકા મતદાન નોંધાયું હતું ત્યાં ૨૦૧૯માં ૭૫.૪૮ ટકા મતદાન હતું. રાજયના લગભગ તમામ મતક્ષેત્રોમાં મતદાનની ટકાવારીમાં ઘટાડો નોંધાયો છે. સૌથી ઓછું મતદાન અમરેલીમાં ૪૯.૨૨ ટકા રહ્યું હતું. જયાં ૨૦૧૯માં ૫૫.૯૭ ટકા મતદાન નોંધાયુ હતું. રાજયના એક માત્ર સંસદીય ક્ષેત્રમાં ૨૦૧૯ કરતા વધુ મતદાન નોંધાયું હતું. બનાસકાંઠામાં ૨૦૧૯માં ૬૫.૦૩ ટકા મતદાન હતું જે આ વર્ષે વધીને ૬૮.૪૪ ટકા નોંધાયું છે.

લોકસભાની ૨૫ બેઠક પર દર ૨ કલાકે થયેલું સરેરાશ મદતદાન

કાળઝાળ ગરમીના કારણે સવારે બે-ત્રણ કલાક સુધી નોંધપાત્ર મતદાન થયા બાદ બપોરે મતદાન મથક ઉપર કાગડા ઉડતા રહ્યા હોય તેવી સ્થિતિ હતી. તેની વચ્ચે ગુજરાતના લોકોએ અટકી અટકીને મતદાન કર્યુ હતું તેમ તેમ ધીમી ગતિએ મતદાનનો આંકડો આગળ વધ્યો હતો. રાજયની તમામ ૨૫ બેઠકોમાં બે-બે કલાકના સ્લોટના મતદાનના આંકડા

બેઠક	૯ વાગ્યે	૧૧ વાગ્યે	૧ વાગ્યે	૩ વાગ્યે	૫ વાગ્યે	૬ વાગ્યે	બેઠક	૯ વાગ્યે	૧૧ વાગ્યે	૧ વાગ્યે	૩ વાગ્યે	૫ વાગ્યે	૬ વાગ્યે
કચ્છ	૮.૭૯	૨૩.૨૨	૩૪.૨૬	૪૧.૧૮	૪૮.૯૬	૫૫.૦૫	છોટા ઉદેપુર	૧૦.૨૭	૨૬.૫૮	૪૨.૬૫	૫૪.૨૪	૬૩.૭૬	૬૭.૭૮
બનાસકાંઠા	૧૨.૨૮	૩૦.૨૭	૪૬.૮૯	૫૫.૭૪	૬૪.૪૮	૬૮.૪૪	સુરેન્દ્રનગર	૯.૪૩	૨૨.૭૬	૩૩.૩૯	૪૦.૯૩	૪૯.૧૦	૫૪.૪૫
પાટણ	૧૦.૪૨	૨૩.૫૩	૩૬.૫૮	૪૬.૬૫	૫૪.૫૮	૫૭.૮૮	રાજકોટ	૯.૭૭	૨૪.૫૬	૩૭.૪૨	૪૬.૪૭	૫૪.૨૯	૫૯.૬૦
મહેસાણા	૧૦.૧૪	૨૪.૮૨	૩૭.૭૯	૪૮.૧૫	૫૫.૨૩	૫૯.૦૪	પોરબંદર	૭.૮૭	૧૯.૮૩	૩૦.૮૦	૩૭.૯૬	૪૬.૫૧	૫૧.૭૯
સાબરકાંઠા	૧૧.૪૩	૨૭.૫૦	૪૧.૯૨	૫૦.૩૬	૫૮.૮૨	૬૩.૦૪	જામનગર	૮.૫૫	૨૦.૮૫	૩૪.૬૧	૪૨.૫૨	૫૨.૩૬	૫૭.૧૭
ગાંધીનગર	૧૦.૩૧	૨૫.૬૭	૩૯.૨૩	૪૯.૦૦	૫૫.૬૫	૫૯.૧૯	જુનાગઢ	૯.૦૫	૨૩.૩૨	૩૬.૧૧	૪૪.૪૭	૫૩.૮૪	૫૮.૮૦
અમદાવાદ-પૂર્વ	૮.૦૩	૨૧.૬૪	૩૪.૩૯	૪૩.૫૫	૪૯.૯૫	૫૪.૦૪	અમરેલી	૯.૧૩	૨૧.૮૯	૩૧.૪૮	૩૭.૮૨	૪૫.૫૯	૪૯.૨૨
અમદાવાદ-પશ્ચિમ	૭.૨૩	૨૧.૧૫	૩૩.૨૯	૪૨.૨૧	૫૦.૨૯	૫૪.૪૩	ભાવનગર	૯.૨૦	૨૨.૯૩	૩૩.૨૬	૪૦.૯૬	૪૮.૫૯	૫૨.૦૧
આણંદ	૧૦.૫૩	૨૬.૮૮	૪૧.૭૮	૫૨.૪૯	૬૦.૪૪	૬૩.૯૬	ભરૂચ	૧૦.૭૮	૨૭.૫૨	૪૩.૧૨	૫૪.૯૦	૬૩.૫૬	૬૩.૭૫
ખેડા	૧૦.૨	૨૩.૭૬	૩૬.૮૯	૪૬.૧૧	૫૩.૮૩	૫૭.૪૩	બારડોલી	૧૧.૫૬	૨૭.૭૭	૪૧.૬૭	૫૧.૯૭	૬૧.૦૧	૬૪.૫૯
પંચમહાલ	૯.૧૬	૨૩.૨૮	૩૬.૪૭	૪૫.૭૨	૫૪.૦૦	૫૮.૬૫	નવસારી	૯.૧૫	૨૩.૨૫	૩૮.૧૦	૪૮.૦૩	૫૫.૩૧	૫૯.૬૬
દાહોદ	૧૦.૯૪	૨૬.૩૫	૩૯.૪૭	૪૬.૪૭	૫૪.૭૮	૫૮.૬૬	વલસાડ	૧૧.૬૫	૨૮.૭૧	૪૫.૩૪	૫૮.૦૫	૬૮.૧૨	૭૨.૨૪
વડોદરા	૧૦.૬૪	૨૦.૭૭	૩૮.૭૯	૪૮.૪૮	૫૭.૧૧	૬૧.૩૩							

રાજકોટમાં પત્નીની હત્યાનો પ્રયાસ કરી યુવકે પોતાના ગળામાં છરી ફેરવી

મવડીના ઉદયનગર વિસ્તારનો બનાવઃ મહેન્દ્રસિંહ જાડેજાએ તેમના સાસુના નામે લોન લીધા બાદ હપ્તો બાઉન્સ થતાં સાસુને જેલમાં જવાનો વારો આવ્યો

રાજકોટ. તા.૮

રાજકોટના મવડી વિસ્તારમાં આવેલ ઉદયનગર ૪૦ વર્ષીય યુવાને તેમની પત્ની ૩૭ વર્ષીય પત્નીને છરીના ત્રણ ઘા ઝીંકી હત્યાનો પ્રયાસ કરી પોતે પણ ગળાના ભાગે છરી ફેરવી આત્મહત્યાનો પ્રયાસ કરતાં બંનેને ગંભીર હાલતમાં સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. બનાવ અંગે માલવીયાનગર પોલીસ સિવિલ હોસ્પિટલે દોડી ગઈ હતી અને આત્મહત્યાનો પ્રયાસ કરનાર યુવાન મહેન્દ્રસિંહ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. ગઈકાલે ખેલાયેલા લોહિયાળ ખેલથી શહેરમાં વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી.

પ્રાપ્ત વિગત મુજબ, રાજકોટના મવડી વિસ્તારમાં ઉદયનગર શેરી નં.૧ માં રહેતાં મહેન્દ્રસિંહ તોગુભા જાડેજા (ઉ.વ.૪૦) ની પત્ની પ્રીતિબા (ઉ.વ.૩૯) બે દિવસથી માવતરે ઉદયનગર શેરી નં.૧૪ માં રહેતાં ચાલી જતાં તેમની સાથે સમાધાન કરી તેડવા ગયાં હતા ત્યારે દંપતી વચ્ચે ઉગ્ર ઝઘડો થતાં ઉશ્કેરાયેલા મહેન્દ્રસિંહે તેની પાસે રહેલ છરીથી પત્નીને ગળાના ભાગે, છાતીના ભાગે અને હાથમાં છરીના ત્રણ ઘા ઝીંકી દિધા હતાં. બાદમાં તેની પત્નીએ રાડારાડી કરતાં પોતે પણ ગળાના ભાગે છરી ફેરવી આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો.

બાદમાં પ્રીતિબા તેમની નાની બહેન સાથે માલવીયાનગર પોલીસ મથકે દોડી ગયાં હતા પરંતુ પોલીસ મથકના પગથિયાં પર જ તેઓ બેભાન થઈ પડ્યા હતાં. જેથી ૧૦૮ મારફતે તેણીને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. તેમજ સાસરિયાના ઘરે આત્મહત્યાનો પ્રયાસ કરનાર મહેન્દ્રસિંહ બેભાન થઈ જતાં તેઓને પાડોશીએ ૧૦૮ મારફતે સિવિલ હોસ્પિટલમાં ખસેડયા હતાં. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે માલવીયાનગર પોલીસને જાણ કરતાં એએસઆઈ કે.યુ.વાળા હોસ્પિટલે દોડી ગયાં હતાં અને આત્મહત્યાનો પ્રયાસ કરનાર મહેન્દ્રસિંહ વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

મવડી વિસ્તારમાં આવેલ ઉદયનગરમાં પત્નીની હત્યાનો પ્રયાસ કરી યુવાને પોતે પણ આત્મહત્યાનો પ્રયાસ કરતાં બંને ગંભીર હાલતમાં સારવાર લઈ રહેલાં તસવીરમાં નજરે પડે છે.

માલવીયાનગર પોલીસે આત્મહત્યાનો પ્રયાસ કરનાર મહેન્દ્રસિંહ જાડેજા વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ આદરી

જે બાદ દંપતી વચ્ચે ઝઘડો થતાં પત્ની પ્રીતિબા માવતરે ચાલી જતાં સમાધાન માટે સાસરિયાના ઘરે ગયેલા યુવાને પત્નીને ત્રણ છરીના ઘા ઝીંકી પોતે પણ આત્મહત્યાનો પ્રયાસ કર્યોઃ બંનેને બેભાન હાલતમાં સારવારમાં સિવિલે ખસેડાયા

વધુમાં ગંભીર હાલતમાં સારવારમાં રહેલ પ્રીતિબાના માતા રસીલાબેને જણાવ્યું હતું કે, તેમની પુત્રીના ૧૬ વર્ષ પહેલાં મહેન્દ્રસિંહ સાથે લગ્ન થયેલ છે. તેઓને સંતાનમાં એક પુત્ર-પુત્રી છે. મહેન્દ્રસિંહને ઉદયનગરમાં જ પાન બીડીનો થડો હતો. જે તેઓએ એક માસ પહેલાં પાંચ લાખ રૂપિયામાં વેંચી દિધો હતો. જે બાદ તે કોઈ કામ કરતો નહીં અને બે માસ પહેલાં મહેન્દ્રસિંહે તેમના નામની રૂ.૫૦ હજારની લોન લીધી હતી અને એક માસ પહેલાં પ્રીતિબાના નામે રૂ. બે લાખની લોન લીધી હતી. જે બાદ તેણીના નામની જે લોન મહેન્દ્રસિંહે ના ભરતાં હપ્તો બાઉન્સ થયો હતો. જેથી તેણીને જેલમાં જવાનો વારો આવ્યો હતો.

બાદમાં તેણીના પુત્રના મિત્ર વિકસીતે લોનનો હપ્તો અને પેનલ્ટી ભરી તેણીને જેલમાંથી છોડાવી હતી. જે બાદ વિકસીતે રૂપિયાની ઉઘરાણી બાબતે મહેન્દ્રસિંહને ફોન કરતાં તેને ફોન ન ઉપાડતાં વિકસીતે મહેન્દ્રસિંહની પત્ની પ્રીતિબાને ફોન કરી રૂપિયાની ઉઘરાણી કરી હતી. જેથી મહેન્દ્રસિંહે ચારિત્ર્યની શંકા કરી તેની પત્ની સાથે ઝઘડો કર્યો હતો. બાદમાં ગઈ તા.૦૬ ના પ્રીતિબા તેના બે સંતાનો સાથે નજીકમાં જ રહેતાં માવતરના ઘરે ચાલી આવી હતી. બાદમાં ગઈકાલે પાંચ વાગ્યે મહેન્દ્રસિંહ પોતાના સાસરિયે ગયો હતો અને તેની પત્ની પ્રીતિબાને શ્રીનાથજી સોસાયટીમાં તેમની બહેનના ઘરે સમાધાન કરવાં જવા માટે કહેતાં તેણીએ ત્યાં આવવાની ના પાડતા બંને વચ્ચે ઝઘડો થયો હતો. બાદમાં મહેન્દ્રસિંહે તેમની સાસુને બાઈકમાં બેસાડી તેમની બહેનના ઘરે સમાધાન માટે લઈ ગયો હતો. જ્યાં તેઓને ઉતાર્યા પોતે પ્રીતિબાને તેડવા જવાનું કહીં ફરીવાર સાસરિયે આવ્યો હતો. અને તેમની સાળી કવિતાને ઘર બહાર મોકલી ઉગ્ર ઝઘડો કર્યો હતો. બાદમાં તેની પાસે રહેલ છરીથી તેની પત્નીને છરીના ઘા ઝીંકી હત્યાનો પ્રયાસ કરી પોતે પણ આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. બનાવ અંગે પોલીસે પ્રીતિબાનું નિવેદન નોંધવા તજવીજ હાથ ધરી છે.

જમાઈ બેરોજગાર અને જુગાર રમતો, લોન લઈ હપ્તા ભરતો નહીં

રાજકોટ. તા.૦૮

રાજકોટના મવડી વિસ્તારમાં આવેલ ઉદયનગરમાં ગઈકાલે મહેન્દ્રસિંહે લોહિયાળ ખેલ ખેલ્યો હતો. જે બાબતે તેના સાસુ રસિલાબેને આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે, તેના જમાઈએ પાન-બીડીનો થડો પાંચ લાખમાં વેંચી દિધા બાદ તે જુગારના રવાડે ચડી ગયો હતો અને સાસુ અને પત્નીના નામે લોન લઈ હપ્તા ભરતો નહીં અને જેલમાં જવાનો વારો સાસુનો આવ્યો હતો.

હત્યા કોશિશના ગુનામાં સંડોવાયેલ આરોપીની રીવોલ્વર તથા હથિયાર લાયસન્સ પરત મળવાની માંગણી મંજુર

સિક્યુરિટી ગાર્ડને જાનથી મારી નાખવા ધમકી આપી હવામાં બે રાઉન્ડ ફાયરિંગ કર્યાં હોવાના આક્ષેપવાળી ફરિયાદ હાઈકોર્ટે અગાઉ રદ કરી હતી

સુરેશ ફળદુ એડવોકેટ

રાજકોટ, તા.૮

હત્યા કોશિશના ગુનામાં સંડોવાયેલ આરોપીની રીવોલ્વર તથા હથિયાર લાયસન્સ પરત મળવાની માંગણી સેસન્સ અદાલતે મંજુર કરી હતી.

કેસની વિગત મુજબ, અડબાલકા રોડ ઉપર આવેલ આર્યન બીટસ કારખાના પાસે ફરજ બજાવતા નાગરીક બેંકના સિક્યુરિટી ગાર્ડ અનિરુદ્ધસિંહ ખુમાનસિંહ જાડેજાએ પડધરીના મોવીયા ગામના રહીશ શૈલેષ હંસરાજ તળપદા તથા હરેશ નાથા ગંગા વિરૂધ્ધ પડધરી પોલીસ સ્ટેશનમાં એ મતલબની ફરીયાદ નોંધાવેલ કે, શૈલેષએ ફરીયાદીને જાનથી મારી નાખવાના ઈરાદે પોતાની રીવોલ્વરમાંથી બે ફાયરીંગ કરી બંને આરોપીઓએ મદદગારી કરી અપશબ્દો કહીં જાનથી મારી નાખવાની ધમકી આપેલ હતી. પોલીસે તપાસના અંતે ચાર્જશીટ કર્યા બાદ આરોપીએ ફરીયાદ રદ કરવા હાઈકોર્ટમાં અરજી કરી હતી. હાઈકોર્ટે ફરીયાદ રદ કરવાની અરજી મંજુર કરી હતી. જે પછી ગુનામાં કબ્જે થયેલ પરવાના વાળી રીવોલ્વર તથા તેનું અસલ પરવાના લાયસન્સ પરત મળવા અરજદાર શૈલેષ તળપદાએ રાજકોટની સેસન્સ અદાલતમાં અરજી કરી હતી. જેમાં શૈલેષના એડવોકેટ સુરેશ ફળદુએ દલીલો કરી હતી કે, હાઈકોર્ટે ફરિયાદ રદ કરી છે. કલેકટર સમક્ષ હથિયાર પરવાનો પુનઃસ્થાપિત કરાવવા કરેલ કાર્યવાહી મંજુર કરવામાં આવેલ. જેથી અસલ હથિયાર પરવાનો તથા રિવોલ્વર નાઝર કસ્ટડીમાં હોય, જેથી અરજી મંજુર કરી અસલ પરવાનો તથા હથિયાર બંને પડધરી પોલીસ સ્ટેશને મોકલી આપવામાં આવે તો જ અરજદારને તે મળી શકે તેમ છે. રજુઆત ધ્યાને લઈ કોર્ટે નાઝરે બંને મુદ્દામાલ પડધરી પોલીસ સ્ટેશને મોકલી આપવો અને પોલીસે ખરાય કરી અરજદારને સોંપી આપવા હુકમ કર્યો હતો. આ કેસમાં શૈલેષ તળપદા વતી એડવોકેટ સુરેશ ફળદુ, ભુવનેશ શાહી, કૃણાલ શાહી, રીપલ ગેવરીયા, પાર્થ સંઘાણી, મંથન વીરડીયા, કિશન માંડલીયા, ભાવિક ફેફર, મદદમાં યુવરાજ વેકરીયા, જય પીઠવા, નીરવ દોંગા, પ્રીન્સ રામાણી, આર્યન કોરાટ, ભાવિન ખુંટ રોકાયેલ હતા.

CAની પરીક્ષામાં નાપાસ થતા ૨૧ વર્ષીય માનસી ગઢિયાનો આપઘાત : સ્યુસાઈડ નોટ મળી આવી

રાજકોટના કોઠારીયા રોડ પર આવેલી તિરૂપતિ સોસાયટીનો બનાવ, હતાશા અને ડિપ્રેશનમાં ઘરના હોલમાં મોડી રાત્રે પંખા સાથે ચુંદડી બાંધી ગળાફાંસો ખાઈ લીધો

રાજકોટ,તા.૮

શહેરના કોઠારીયા રોડ પર તીરૂપતિ સોસાયટી શેરી નં.૧માં રહેતી માનસી રાજેશભાઈ ગઢીયા (ઉ.વ.૨૧) એ પોતાના ઘરે ગળાફાંસો લગાવી આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ હતી.યુવતીએ એક સ્યુસાઈડ નોટ લખી હતી. જેમાં માતા અને ભાઈની માફી માંગી છે.તેણી સીએની પરિક્ષામાં નપાસ થતા હતાશા અને ડીપ્રેશનમાં આવી પગલું ભરી લીધાનું તેની સ્યુસાઈડનોટ પરથી તારણ કાઢવામાં આવી રહ્યું છે.બનાવની પ્રાપ્ત વિગત મુજબ, માનસી ગઢીયા સીએની પરિક્ષા માટે તૈયારી કરતી હતી. ગઈકાલે રાત્રે ૧૨.૩૦ વાગ્યા સુધી તે વાંચન કરતી હતી.સુઈ જવાનું કહીં તેના માતા સુવા ચાલ્યા ગયા હતાં. પછી સવારે ઉઠીને જોયું તો માનસી ઘરના આગળના હોલમાં પંખા સાથે ગળાફાંસો ખાધેલી હાલતમાં ટીંગાતી જોવા મળી હતી.તેને નીચે ઉતારી ૧૦૮માં જાણ કરતાં ૧૦૮ના તબીબે મૃતજાહેર કરી હતી અને પોલીસને જાણ કરી હતી.પોલીસે ઘટના સ્થળે પહોંચી જરૂરી કાગળ કાર્યવાહી કરી હતી.પરિવારની પુછપરછ જાણવા મળેલ કે, પરિવારની આર્થિક સ્થિતિ નબળી હતી.છતાં દીકરીને સીએનું જણાવતા હતાં. મૃતકના પિતા રાજેશભાઈને ઘર પાસે જ પાનની દુકાન છે તેણી બે ભાઈ એક બહેનમાં નાની હતી.થોડા દિવસથી તે ડીપ્રેશનમાં રહેતી હતી.ડોકટરને બનાવતા તેણે ઓવરથીંકીંગ કરવાની ના કહી હતી. જો કે પરિક્ષાને લઈ માનસી સતત વિચારતી રહેતી હતી. પોલીસે ખાસ કરતા સ્યુસાઈડનોટ મળી હતી.સ્યુસાઈડનોટમાં લખ્યું છે કે, આઈએમસોરી, મને નથી ખબર હું આ કેમ કરું છું.પણ મારાથી નથી સહન થતું.મમ્મીએ દાદાએ મને આટલું ભણાવી આટલા સુધી હું પહોંચી શકી.પણ ઘણા સમયથી એવું લાગે છે કે, એમને મારા માટે વિચાર્યું એ મારાથી નથી થવાનું હું ઘણી મહેનત કરું છું.એક સામમાં હું ફેઈલ થઈ હતી. તો પણ મને ઘરેથી કોઈએ કંઈ કીધું નથી હું મગજથી થાકી ગઈ છું.એકસામ છે.એના માટે ખુબ મહેનત કરી છે. પણ આખો દિવસ એકલા રહીને હું ઓવરથિંકીંગ કરું છું.ફયુચરમાં કંઈ નહીં થાય મારાથી તો? એ વિચારીને બીક લાગે છે. મારી મમ્મી થાકી ગઈ છે હું આવી રીતે નથી જોઈ શકતી.એને, અને નથી હું આટલે સુધી પહોંચીને સીએ નથી મુકી શકતી મને કોઈ પરણેણે નથી કરાવતું.હું મારી મરજીથી જ કરું છું.આ બધુ મારા દાદા નથી તો કોઈ નથી એવું લાગે છે મને મારા બે ભાઈએ સપોર્ટ કર્યો છે.ભણવામાં મારા માટે જેટલું કરી શકાય એટલું કર્યું છે. મારી તબિયત ખરાબ થવા લાગી છે. આના લીધે મારાભાઈ અને મમ્મી સામે જોઈને અત્યાર સુધી મે કંઈ નહોતું કર્યું, પણ હવે મારાથી નથી.સહન થતું. આ ડીપ્રેશન છે કે,શું મને નથી ખબર પડતી. મે ઘણી ટ્રાઈ કરી કે હું આવું ન વિચારું મને લાગ્યું એવું કે હું ભાઈને આ બધું કહીં દઉં પણ હિમ્મત ન થઈ આઈ એમ સોરી મમ્મી, ભાઈ, ડેનિશ ભાઈ અને ડેનિશ હોય ત્યારે મને આવા કંઈ વિચાર નહોતા આવતા પણ મારા માટે હું ભાઈને ઘરે નથી બેસાડી શકતી.આમ હતાશા અને ડીપ્રેશનમાં આવી માનસી ગઢીયાએ પોતાના ઘરે ગળા ફાંસો ખાઈ અંતિમ પગલું ભરી લીધાનું તારણ છે પોલીસે મૃતદેહ પીએમ અર્થે ખસેડી જરૂરી કાર્યવાહી કરી હતી. બનાવના પગલે યુવતીના પરિવારમાં કલ્પાંત છવાયો હતો.એકની એક દીકરીના મોતથી પરિવારમાં ગમગીની છવાઈ છે.



સ્યુસાઈડ નોટમાં માનસીએ માતા અને ભાઈઓની માફી માંગી, પોતાની મરજીથી પગલું ભર્યાનું કથન : પરિવારમાં કલ્પાંત છવાયો

જાતિ પ્રત્યે અપમાનિત કરી માર મારવાના ગુનામાં ૭ આરોપીઓ જામીન પર મુક્ત

ફરિયાદી તથા આરોપીને ચાલુ વાહને હોર્ન વગાડવા બાબતે માથાકૂટ થઈ હતી, પછી ઓફિસમાં લઈ જઈ માર માર્યાનો આક્ષેપ થયો હતો

રાજકોટ, તા.૮

જાતી પ્રત્યે અપમાનિત કરી લાકડાના ધોકા વડે માર મારવાના ગુનાના આરોપસર પકડાયેલ, જેલમાં રહેલ આરોપી ઉદય અનક જળુ, કિશન હિતેષ ચૌહાણ, સ્મિત મુકેશ ઝીંઝુવાડિયા, શુભમ મહેશ સિદ્ધપુરા, બ્રિજેશ શૈલેષ ધાધલ, હાર્દિક રાજેશ પરમાર તથા યશરાજ શિવરાજ માંજરીયાએ જામીન અરજી કરતા સ્પે. કોર્ટ દ્વારા આરોપીઓને ૧૫-૧૫ હજારના જામીન ઉપર મુક્ત કરવાનો આદેશ ફરમાવેલ છે.

આ કેસની હકીકત એવી છે કે, હિમાંશુ મુકેશભાઈ મુલીયાનાઓએ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપેલ અને ફરિયાદની હકીકતમાં જણાવેલ કે, ફરિયાદી તથા આરોપીને ચાલુ વાહને હોર્ન વગાડવા બાબતે પ્રથમ ૩ સવારીમાં રહેલ મોટરસાયકલવાળા સાથે ઝઘડો તથા બોલાચાલી થયેલ બાદ પાછળથી આવેલ ફોર-વ્હીલમાં ૨ આરોપીએ સાથે મળી ફરિયાદી તથા સાહેદને ઉદય કન્સલ્ટન્ટ નામની ઓફિસમાં લઈ જઈ ફરિયાદી તથા સાહેદ અનિલભાઈ વઢેર તથા શૈલેષભાઈ વાઢેરને જાતિ બાબતે પુછી તમામ આરોપીઓએ ફરિયાદી તથા સાહેદોને લાકડાના ધોકા વડે હાથે, પગે તથા શરીરે ઈજાઓ કરેલ અને ફરિયાદીનો મોબાઈલ તોડી નાખેલ અને ગન જેવું હથિયાર બતાવી પોલીસમાં ફરિયાદ કરશો તો જાનથી મારી નાખશું તેવી ધમકી આપેલ તે મતલબની ફરિયાદ કરેલ હતી. જેમાં ૭ આરોપીઓની ધરપકડ થઈ હતી. જેલ હવાલે રહેલા આરોપીઓએ જામીન અરજી કરતા બચાવપક્ષના વકીલે એવી રજૂઆત કરેલ કે, પ્રથમ દર્શનીય રીતે એટ્રોસીટી એક્ટના કાયદાની જોગવાઈઓ મુજબ કોઈ તત્વો ફલિત થતા નથી, સામાન્ય બનાવને ગંભીર સ્વરૂપ આપવામાં આવેલ છે. દલીલોને ધ્યાનમાં લઈ સ્પે. કોર્ટ દ્વારા તમામ આરોપીઓને રૂ.૧૫-૧૫ હજારના જામીન ઉપર મુક્ત કરવાનો હુકમ કરવામાં આવેલ હતો. આ કેસમાં સાતેય આરોપીઓ વતી રાજકોટના એડવોકેટ પિયુષભાઈ એમ. શાહ, અશ્વિનભાઈ ગોસાઈ, નીવીદભાઈ પારેખ, નિતેષભાઈ કથીરિયા, જીતેન્દ્રભાઈ ધૂળકોટિયા, વિજયભાઈ પટગીર, હર્ષિલભાઈ શાહ, ચિરાગભાઈ શાહ તથા આસીસ્ટન્ટ તરીકે રવિરાજભાઈ વાળા રોકાયેલા હતા.

ડીગ્રી વગર તબીબી પ્રેકિટસ કરવાના બોગસ ડોકટરના ગુનામાં હિરેન કાનાબાર નિર્દોષ



રઘુવીર બસીયા એડવોકેટ

રાજકોટ, તા.૮

રાજકોટમાં મોરબી રોડ પર જકાતનાકાની સામે આવેલ જય જવાન જય કિશાન સોસાયટી મેઈન રોડ ઉપર રઘુવંશી કિલનિકના નામે કોઈપણ જાતની મેડીકલ ડીગ્રી વગર દવાખાનું ખોલી લોકોની સારવાર કરતા બોગસ ડોકટરને અદાલતે નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરેલ છે. આ બનાવની વિગત એવી છે કે, તા. ૨૫-૦૫-૨૦૨૧ના રોજ એસ.ઓ.જી.ને બાતમી મળેલ કે, જય જવાન જય કિશાન સોસાયટી મેઈન રોડ ઉપર મુન્નાભાઈ સિંધવની દુકાનમાં હિરેન મહેશભાઈ કાનાબાર નામનો માણસ કોઈપણ જાતની ડિગ્રી વગર બોગસ રીતે કલીનીક ખોલી દર્દીઓની સારવાર કરી લોકોના સ્વાસ્થય સાથે ચેડા કરે છે. રેડ કરતા આરોપી હિરેન કાનાબાર ડોકટરનુ રૂપ ધારણ કરી દર્દીઓની સારવાર કરતો આરોપી પકડાતા તેની ધરપકડ કરેલ હતી. આરોપી સામે ચાર્જશીટ કરેલ. જે અંગેનો કેસ કોર્ટમાં ચાલતા આરોપીના એડવોકેટે કરેલી દલીલ અને રજૂ રાખેલ ચુકાદા કોર્ટે ધ્યાને લઈ આરોપીને નિર્દોષ ઠરાવતો હુકમ કરેલ હતો. આ કેસમાં આરોપી વતી એડવોકેટ રઘુવીર આર. બસીયા તેમજ મહેન્દ્ર આર. ભાલુ રોકાયેલ હતા.

અવસાન નોંધ

રાજકોટઃ નિર્મળાબેન ચેતનભાઈ રામૈયા (રાયમગીયા) (ઉ.૭૪) તે ચેતનભાઈ પિતામ્બરભાઈ રામૈયાના ધર્મપત્ની તતા સ્વ. ચંદ્રેશભાઈ, અનિલભાઈ, ધર્મેશભાઈના માતુશ્રી તથા સ્વ. ઈશ્વરભાઈ, સ્વ. નવિનભાઈ, સ્વ. કમલેશભાઈ તથા ભુપતભાઈ રાજવીરના બહેનનું તા.૬ને સોમવારના રોજ અવસાન થયેલ છે. ઉઠમણું/પીયર પક્ષની સાદડી તા.૧૦ના સાંજે ૪-૩૦થી ૫-૩૦ કલાકે, શ્રી ધારેશ્વર મહાદેવ મંદિર, ભકિતનગર સર્કલ, રાજકોટ ખાતે રાખેલ છે.

ઉપલેટાઃ ઉપલેટા નિવાસી પાઠક દિનેશભાઈ ઓધવજીભાઈના ધર્મપત્નિ સ્વ. સરલાબેન પાઠક તે રાહુલભાઈ તથા નિકુંજભાઈ પાઠકના માતુશ્રીનું તા.૫ને રવિવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૯ને ગુરૂવારના રોજ સાંજના ૪-૩૦થી ૬-૩૦ દ્વમ્યાન વૃંદાવન પાર્ક, અમારા નિવાસસ્થાન ઉપલેટા મુકામે રાખેલ છે.

જુનાગઢઃ ગુ.મ.ક. દરજી જ્ઞાતિના સ્વ. પોપટલાલ ખોડાભાઈ ચાવડાના પુત્ર વિનોદરાય પોપટલાલ ચાવડા (ઉ.૭૩) તે જયસુખભાઈ, જનકભાઈ, પ્રફુલભાઈ, રાજેશભાઈના ભાઈ, જયેશકુમાર, શિલ્પાબેન, જાગૃતિબેનના પિતા તથા આશિષ (કેનેડા)ના દાદાનું તા.૭ના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા.૯ના સાંજે પથી ૭ સુરસંગમ રેસીડેન્સી, મલ્હાર ૨૦૩, અલકાપુરી જૂનાગઢ ખાતે રાખેલ છે.

રાજકોટઃ ગં.સ્વ. કંચનબેન શાંતિલાલ દામાણી તે સ્વ. શ્રેયસભાઈ, ભાવેશભાઈ (મસ્કત), મેહુલભાઈ (રીઝલ્ટ એડ.) પ.પૂ. મનસ્વીજી મહાસતીજી, અલ્કાબેન કમલેશભાઈ પરીખ (પ્રકાશ સ્ટોર), રૂપલબેન નરેશભાઈ ગોટેચા (પ્લાસ્ટીક હાઉસ)નાં માતુશ્રી, દિપાલીબેન અને હીરબેનનાં સાસુ, હસમુખભાઈ જમનાદાસ દામાણીનાં ભાભી અને કમલેશભાઈ દામાણીના કાકી, વંદીત, નિધી, કીશના દાદી તથા રીધ્ધી વિરભાઈ ખારા, ક્રિષ્ના અનુરાગ માલનીકા, રિશીતા, જય પરીખ, યશ ગોટેચાના નાની તેમજ ગોંડલ સંપ્રદાયના બા.બ્ર.પૂ. હિરાબાઈ મ.સ. તથા બા.બ્ર. જ્યોતિબાઈ મ.સ.નાં સંસારી ભાભી તા.૪ને શનિવારના રોજ અરીહંતશરણ પામેલ છે. સદગતનું ઉઠમણું તા.૯ને ગુરૂવારે સવારે ૯-૩૦ કલાકે સરદારનગર ઉપાશ્રય, ૯/૧૪ સરદારનગર રાજકોટ ખાતે અને પ્રાર્થનાસભા સવારે ૧૧થી પારસ હોલ, પારસ સોસાયટી, નિર્મલા રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

રાજકોટઃ મુળ હર્ષદ હાલ રાજકોટ નિવાસી સ્વ. ગીરધરભાઈ ધારશીભાઈ લાખાણી તથા સ્વ. ભાનુબેન ગીરધરભાઈ લાખાણીના પુત્ર સ્વ. નિલેશકુમાર ગીરધરભાઈ લાખાણી (ઉ.૫૨)નું તા.૭ને મંગળવારના રોજ અવસાન થયેલ છે. તે ચેતનાબેન લાખાણીના પતિ, રવી, રાજ, અક્ષયના પિતાશ્રી તથા ગોપીબેનના સસરા થાય. સદગતનું ઉઠમણું અને પીયર પક્ષની સાદડી તા.૯ના સાંજે પથી ૬ પંચનાથ મહાદેવ મંદિર, લીમડા ચોક નજીક, ગોંડલ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

રાજકોટઃ જયોત્સનાબેન કાચા તે યશવંતરાય દલસુખરાય કાચા (આરએમએસ)ના ધર્મપત્ની તા.૭ના મંગળવારના રોજ અક્ષર નિવાસી થયેલ છે. તેમનું બેસણું તા.૯ને ગુરૂવારના સાંજે ૫ થી ૬ કલાકે રામેશ્વર મહાદેવ મંદિર રામેશ્વર ચોક હંસરાજ નગર શેરી નં.૧માં રાખેલ છે.

રાજકોટઃ સ્વ.ભાવેશભાઈ જયવંતભાઈ મહેતા (સિદ્ધાર્થ પ્રિન્ટર્સ) (ઉ.વ.૪૩) તે જયવંતભાઈ રવિચંદ્રભાઈ મહેતા તથા બીનાબેન જયવંતભાઈ મહેતાના પુત્ર, હિતેષભાઈ મહેતા, ડિમ્પલબેન રાજેશભાઈ મહેતાના ભાઈ બિનલબેન મહેતાના પતિ, જયેશભાઈ પ્રાણલાલ ભાઈ કોઠારી, સુરેન્દ્રનગર વાળાના જમાઈ તા.૭ને મંગળવારના રોજ અવસાન થયેલ છે.સદ્ગતનું ઉઠમણું તથા પ્રાર્થના સભા તા.૯ને ગુરૂવારના રોજ સવારે ૧૦ વાગ્યે જૈન ભુવન સરવેશ્વર ચોક, યાજ્ઞિક રોડ રાજકોટ ખાતે રાખેલ છે.પિયર પક્ષનું બેસણું સાથે રાખેલ છે. હિતેષભાઈ ૯૮૯૮૯ ૨૧૫૪૦

રાજકોટઃ મૂળ વાંકાનેર નિવાસી હાલ રાજકોટ જીતેન્દ્ર હિરાચંદ સંઘવી (યુનાઈટેડ ઈન્ડીયા ઈન્સ્યુરન્સ કંપની) તે પ્રેમિલાબેનના પતિ, પારસ, મૌસમી વિશાલ કુમાર ગોડા-પ્રિયા કલ્પેશકુમાર શાહના પિતાશ્રી સ્વ.ચીમનલાલ મગનલાલ દેશાઈ (બોટાદ)ના મોટા જમાઈનું તા.૭ના રોજ અવસાન થયેલ છે.ઉઠમણું તા.૯ને ગુરૂવારના રોજ સવારે ૯.૩૦ વાગ્યે ૫, વૈશાલી નગર ઉપાશ્રયે (રાજકોટ) રાખેલ છે.લૌકીક વ્યવહાર બંધ રાખેલ છે.

રાજકોટઃ મુળ વસઈ હાલ સોડસલા નિવાસી સ્વ. કાંતિલાલ (ભિખુમારાજ) જગજીવન ભટ્ટના ધર્મપત્ની સવિતાબેન (ઉ .વ.૮૫) તે સ્વ. દિલીપભાઈ ભટ્ટ તથા દક્ષાબેન પ્રફુલભાઈ મહેતા (રાજકોટ)ના માતુશ્રી થાય.તેમજ રમેશભાઈ અમૃતલાલ ભટ્ટ તથા નવીનભાઈ અમૃતલાલ ભટ્ટના કાકી તા.૬ સોમવારનાં રોજ શ્રી રામ ચરણ પામેલ છે.સદ્ગતની પ્રાર્થના સભા તા.૯/૫/૨૦૨૪ને ગુરૂવારના રોજ સાંજે ૪:૩૦ થી ૫:૦૦ કલાકે રામમંદિર સોડસલા રાખેલ છે.

રાજકોટઃ મૂળ ગામ મોટી બાણુંગર, હાલ રાજકોટ અમરશીભાઈ માવજીભાઈ ચોટલીયાના ધર્મપત્ની રંજનબેન અમરશીભાઈ ચોટલીયા (ઉ.વ.૬૩) તે નેહાબેન અમરશીભાઈ ચોટલીયા તથા બિનીતાબેન શશીકાંતભાઈ પ્રજાપતિના માતૃશ્રી તથા સ્વ.માવજીભાઈ ગંગદાસભાઈ ચોટલીયાના પુત્રવધુ તા.૬ને સોમવારના રોજ અવસાન થયેલ છે.બેસણું તા.૯ને ગુરૂવારે સાંજે ૪.૩૦ થી ૬.૩૦ કલાકે સ્થળઃ રાષ્ટ્રીય શાળા પ્રાર્થના ખંડ, રાજકોટ ખાતે રાખેલ છે.

ભાવનગરના નગરસેવિકા ગોમીબેન પરમારનું અવસાન

ભાવનગર : ગોમીબેન આતુભાઈ પરમાર ઉ.વ.૯૦, (પુર્વ નગરસેવીકા, કોંગ્રેસ) તા.૬ને સોમવારના રોજ વૈકુંઠવાસ પામેલ છે.તે અશોકભાઈ પરમાર, જગદીશભાઈ પરમાર, રેખાબેન તથા ભારતીય જનતા પાર્ટીના મહિલા મોરચાના ઉપાધ્યક્ષા બિન્દુબેન પરમારના માતુશ્રી તથા હંસાબેન, જગદીશભાઈના સાસુમા તેમજ દિપિકાબેન, કોમલબેન, હેપીબેન, મોનાબેન, ક્રિષ્નાબેન, રોહનભાઈ અને બ્રિજેશભાઈના દાદીમાં, તથા મનીષભાઈ, મનીષાબેન અને રાજનભાઈના નાનીમાં થતા હતા.સદ્ગત નું બેસણું તા.૯ને ગુરૂવાર સાંજે ૪ થી ૬ દરમ્યાન લેઉવા પાટીદાર જ્ઞાતિની વાડી, કણબીવાડ ભાવનગર ખાતે રાખેલ છે.



રાજકોટઃ યશ દિપક ભાઈ જૈસૂર (ઉ.વ. ૧૮) તે અલકા બેન અને દિપકભાઈ ના પુત્ર તથા જ્યોત્સના બેન,કમલેશભાઈ પારુલબેન , રાજેશભાઈ, ના ભત્રીજા, માનસી, બંસી, કાજલ ના ભાઈ નું તા. ૭ ના રોજ અવસાન થયેલ છે. બેસણું તા. ૯ ના રોજ ગુરુવારે સાંજે ૫ થી ૬ નિવાસસ્થાને છત્રપતિ શિવાજી ટાઉનશીપ ના ગાર્ડનમાં, ૧ bhk, પોપટ પરા આવાસ યોજના રેલ નગર, રાજકોટ ખાતે રાખેલ છે.'

અરિહંતશરણ ઉઠમણું - પ્રાર્થનાસભા

સ્વ. શ્રી કંચનબેન શાંતિલાલ દામાણી

અરિહંતશરણ

૪-૫-૨૦૨૪, શનિવાર

અમારા પરિવારનાં ગં.સ્વ. કંચનબેન શાંતિલાલ દામાણી તે ભાવેશભાઈ (મસ્કત), મેહુલભાઈ (રીઝલ્ટ એડ.) બા.બ્ર.પ.પૂ. મનસ્વીજી મ.સ., અલ્કાબેન કમલેશભાઈ પરીખ (પ્રકાશ સ્ટોર), રૂપલબેન નરેશભાઈ ગોટેચા (પ્લાસ્ટીક હાઉસ)નાં માતુશ્રી તેમજ દિપાલીબેન અને હીરબેનનાં સાસુશ્રી તેમજ હસમુખભાઈ જમનાદાસ દામાણીનાં ભાભીશ્રી અને કમલેશભાઈ દામાણીનાં કાકી તે ગ

રાજકોટ લોકસભા બેઠકનાં મતદાનમાં ૩.૫૪% નો ઘટાડો: ૫૯.૬૦% વોટીંગ

સૌ પ્રથમવાર ભાજપ-કોંગ્રેસ દ્વારા જીલ્લા બહારના ઉમેદવાર મુકાતા કેન્દ્રીયમંત્રી રૂપાલા અને ધાનાણી વચ્ચે કસોકસનો ખેલાયો ચૂંટણી જંગઃ ક્ષત્રિય આંદોલન અને આકરા તાપની મતદાન પર અસરઃ ટંકારામાં સૌથી વધુ ૬૫.૮૮ ટકા અને રાજકોટ સાઉથમાં સૌથી ઓછુ ૫૭.૮૦ ટકા મતદાનઃ હવે તા.૪ ના મત ગણતરી થતા સસ્પેન્સ ખુલશે

રાજકોટ તા.૮

રાજયભરમાં ક્ષત્રિય આંદોલનના એપી સેન્ટર એવા રાજકોટની લોકસભાની બેઠકની ચૂંટણીમાં ગઈકાલે સવારનાં ૭ થી સાંજના ૬ વાગ્યા સુધીમાં ૫૯.૬૦ ટકા મતદાન થવા પામેલ છે.



રાજકોટ લોકસભાની બેઠક ઉપર આ વખતે સૌ પ્રથમવાર ભા.જ.પ અને કોંગ્રેસ દ્વારા જીલ્લા બહારનાં ઉમેદવારો મુકાયા હતા. જેમાં ભા.જ.પ.નાં ઉમેદવાર અને કેન્દ્રીય મંત્રી પરસોતમ રૂપાલા અને કોંગ્રેસનાં પરેશ ધાનાણી વચ્ચે કસોકસનો જંગ ખેલાયો હતો.

જોકે ક્ષત્રિય આંદોલન અને ગરમીનો પારો ગઈકાલે ૪૨ ડીગ્રીએ પહોંચતા તેની મતદાન પર અસર થવા પામી છે.મતદાન બાદ પરિણામ અંગે સસ્પેન્સ રહેલુ છે ત્યારે હવે મતપેટીઓનાં પટારા ખુલતાં સસ્પેન્સ પરથી પરદો ઉંચકાશે.

રાજકોટ બેઠક પર ૫૯.૬૦ ટકા થયેલા મતદાનમાં સૌથી વધુ મતદાન ટંકારા વિધાનસભા વિસ્તારમાં ૬૫.૮૮ ટકા થવા પામેલ છે. જ્યારે સૌથી ઓછુ મતદાન ૫૭.૮૦ ટકા મતદાન રાજકોટ સાઉથમાં થયેલ છે. જ્યારે વાંકાનેરમાં ૬૪.૬૭ ટકા રાજકોટ ઈસ્ટમાં ૫૭.૮૮ ટકા રાજકોટ વેસ્ટમાં ૫૭.૮૪ ટકા રાજકોટ રૂરલમાં ૫૮.૫૮ ટકા અને જસદણમાં ૫૫.૬૯ ટકા મતદાન થવા પામેલ છે.

ગત લોકસભાની ચૂંટણીમાં ૬૩.૧૪ ટકા મતદાન થવા પામેલ હતું. તેની સાપેક્ષમાં આ વખતે ૫૯.૬૦ ટકા મતદાન થતાં મતદાનની ટકાવારી ૩.૫૪ ટકાનો ઘટાડો થવા પામેલ છે.રાજકોટ લોકસભા બેઠક પર પુરૂષોનું ૬૪.૪૨ ટકા મહીલા મતદારોનું ૫૪.૪૩ ટકા અને અન્ય મતદારોનું ૧૯ ટકા મતદાન થવા પામેલ હતું.

જેમાં નોંધાયેલા પુરુષ મતદારો ૧૦,૯૩,૬૨૬માંથી ૭,૦૪,૫૦૪ મતદારોએ (૬૪.૪૨ ટકા) મતદાન કર્યું છે. તો નોંધાયેલા મહિલા મતદારો ૧૦,૧૮,૬૧૧માંથી ૫,૫૪,૩૯૪ (૫૪.૪૩ ટકા) મહિલાઓએ મતદાન કર્યું છે. જ્યારે નોંધાયેલા અન્ય ૩૬ મતદારોમાંથી સાત મતદારો (૧૯ ટકા)એ મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.

જેમાં ૬૬-ટંકારા વિધાનસભા મત વિસ્તારમાં ૧૨૯૯૮૫ પુરુષ મતદારો, ૧૨૨૩૭૦ મહિલા મતદારો તેમજ ૦ અન્ય મતદારો મળીને કુલ ૨૫૨૩૫૫ નોંધાયેલા છે. જેમાંથી ૯૧૮૮૨ પુરુષ મતદારો, ૭૪૩૫૮ મહિલા મતદારો મળીને કુલ ૧૬૬૨૪૦ મતદાન કર્યું છે. આમ પુરુષોનું ૭૬.૬૯ ટકા, સ્ત્રીઓનું ૬૦.૭૬ ટકા મળીને કુલ ૬૫.૮૮ ટકા મતદાન થયું છે.

૬૭-વાંકાનેર વિધાનસભા મત વિસ્તારમાં ૧૪૮૪૨૧ પુરુષ મતદારો, ૧૩૯૧૩૬ મહિલા મતદારો તેમજ ૨ અન્ય મતદારો મળીને કુલ ૨૮૭૫૫૯ મતદારો નોંધાયેલા છે. જેમાંથી ૧૦૨૬૪૦ પુરુષ મતદારો, ૮૩૩૩૪ મહિલા મતદારો તેમજ અન્ય બે મતદાર મળીને કુલ ૧૮૫૯૭૬ મતદારોએ મતદાન કર્યું છે. આમ પુરુષોનું ૬૯.૧૫ ટકા, સ્ત્રીઓનું ૫૯.૮૯ ટકા, અન્યનું ૧૦૦ ટકા મળીને કુલ ૬૪.૬૭ ટકા મતદાન થયું છે.

૬૮-રાજકોટ પૂર્વ વિધાનસભા મત વિસ્તારમાં ૧૫૯૫૭૫ પુરુષ મતદારો, ૧૪૪૩૧૩ મહિલા મતદારો તેમજ ૯ અન્ય મતદારો મળીને કુલ ૩૦૩૮૯૭ મતદારો નોંધાયેલા છે. જેમાંથી ૯૯૮૫૧ પુરુષ મતદારો, ૭૬૦૫૫ મહિલા મતદારો અને અન્ય બે મળીને કુલ ૧૭૫૯૦૮ મતદારોએ મતદાન કર્યું છે. આમ પુરુષોનું ૬૨.૫૭ ટકા, સ્ત્રીઓનું ૫૨.૭૦ ટકા, તથા અન્યના ૨૨ ટકા મળીને કુલ ૫૭.૮૮ ટકા મતદાન થયું છે.

૬૯-રાજકોટ પશ્ચિમ વિધાનસભા મત વિસ્તારમાં ૧૮૩૧૮૩ પુરુષ મતદારો, ૧૭૮૧૦૨ મહિલા મતદારો તેમજ ૦૪ અન્ય મતદારો મળીને કુલ ૩૬૧૨૮૯ મતદારો નોંધાયેલા છે. જેમાંથી ૧૧૩૧૨૦ પુરુષ મતદારો, ૯૫૮૪૯ મહિલા મતદારો તથા અન્ય એક મળીને કુલ ૨૦૮૯૭૦ મતદારોએ મતદાન કર્યું છે. આમ પુરુષોનું ૬૧.૭૫ ટકા, સ્ત્રીઓનું ૫૩.૮૨ ટકા તથા અન્યના ૨૫ ટકા મળીને કુલ ૫૭.૮૪ ટકા મતદાન થયું છે.

૭૦- રાજકોટ દક્ષિણ વિધાનસભા મત વિસ્તારમાં ૧૩૩૦૦૫ પુરુષ મતદારો, ૧૨૫૬૩૯ મહિલા મતદારો તેમજ ૧૩ અન્ય મતદારો મળીને કુલ ૨૫૮૬૫૭ મતદારો નોંધાયેલા છે. જેમાંથી ૮૪૧૬૫ પુરુષ મતદારો, ૬૫૩૪૬ મહિલા મતદારો તથા અન્ય બે મળીને કુલ ૧૪૯૫૧૩ મતદારોએ મતદાન કર્યું છે. આમ પુરુષોનું ૬૩.૨૮ ટકા, સ્ત્રીઓનું ૫.૦૧ ટકા તથા અન્યના ૧૫ ટકા મળીને કુલ .૫૭.૮૦ ટકા મતદાન થયું છે.

૭૧-રાજકોટ ગ્રામ્ય વિધાનસભા મત વિસ્તારમાં ૨૦૨૬૪૯ પુરુષ મતદારો, ૧૮૩૦૨૪ મહિલા મતદારો તેમજ ૦૮ અન્ય મતદારો મળીને કુલ ૩૮૫૬૮૧ મતદારો નોંધાયેલા છે. જેમાંથી ૧૨૯૮૬૪ પુરુષ મતદારો, ૯૬૦૬૮ મહિલા મતદારો મળીને કુલ ૨૨૫૯૩૨ મતદારોએ મતદાન કર્યું છે. આમ પુરુષોનું ૬૪.૦૮ ટકા, સ્ત્રીઓનું ૫૨.૪૯ ટકા મળીને કુલ ૫૮.૫૮ ટકા મતદાન થયું છે.

૭૨-જસદણ વિધાનસભા મત વિસ્તારમાં ૧૩૬૮૦૮ પુરુષ મતદારો, ૧૨૬૦૨૭ મહિલા મતદારો તેમજ ૦ અન્ય મતદારો મળીને કુલ ૨૬૨૮૩૫ મતદારો નોંધાયેલા છે. જેમાંથી ૮૨૯૮૨ પુરુષ મતદારો, ૬૩૩૮૨ મહિલા મતદારો મળીને કુલ ૧૪૬૩૬૬ મતદારોએ મતદાન કર્યું છે. આમ પુરુષોનું ૬૦.૬૬ ટકા, સ્ત્રીઓનું ૫૦.૨૯ ટકા મળીને કુલ ૫૫.૬૯ ટકા મતદાન થયું છે. હવે આગામી તા.૪ના મત ગણતરી થતા પરિણામના સસ્પેન્સ પરથી પડદો ઉંચકાશે.

રાજકોટ બેઠકના મતદાનની ફાઈનલ ટકાવારી

વિધાનસભા મત વિસ્તારનો નંબર અને નામ	મતદારો				થયેલ મતદાન				ટકાવારી			
	પુરૂષ	સ્ત્રી	અન્ય	કુલ	પુરૂષ	સ્ત્રી	અન્ય	કુલ	પુરૂષ	સ્ત્રી	અન્ય	કુલ
૬૬-ટંકારા	૧૨૯૯૮૫	૧૨૨૩૭૦	૦	૨૫૨૩૫૫	૯૧૮૮૨	૭૪૩૫૮	૦	૧૬૬૨૪૦	૭૦.૬૯	૬૦.૭૬	૦	૬૫.૮૮
૬૭-વાંકાનેર	૧૪૮૪૨૧	૧૩૯૧૩૮	૨	૨૮૭૫૫૯	૧૦૨૬૪૦	૮૩૩૩૪	૨	૧૮૫૯૭૬	૬૯.૧૫	૫૯.૮૯	૧૦૦	૬૪.૬૭
૬૮-રાજકોટ ઈસ્ટ	૫૯૫૭૫	૧૪૪૩૧૩	૯	૩૦૩૮૯૭	૯૯૮૫૧	૭૬૦૫૫	૨	૧૭૫૯૦૮	૬૨.૫૭	૫૨.૭૦	૨૨	૫૭.૮૮
૬૯-રાજકોટ વેસ્ટ	૧૮૩૧૮૩	૧૭૮૧૦૨	૪	૩૬૧૨૮૯	૧૧૩૧૨૦	૯૫૮૪૯	૧	૨૦૮૯૭૦	૬૧.૭૫	૫૩.૮૨	૨૫	૫૭.૮૪
૭૦-રાજકોટ સાઉથ	૧૩૩૦૦૫	૧૨૫૬૩૯	૧૩	૨૫૮૬૫૭	૮૪૧૬૫	૬૫૩૪૬	૨	૧૪૯૫૧૩	૬૩.૨૮	૫૨.૦૧	૧૫	૫૭.૮૦
૭૧-રાજકોટ રૂરલ	૨૦૨૬૪૯	૧૮૩૦૨૪	૮	૩૮૫૬૮૧	૧૨૯૮૬૪	૯૬૦૬૮	૦	૨૨૫૯૩૨	૬૪.૦૮	૫૨.૪૯	૦	૫૮.૫૩
૭૨-જસદણ	૧૩૬૮૦૮	૧૨૬૦૨૭	૦	૨૬૨૮૩૫	૮૨૯૮૨	૬૩૩૮૪	૦	૧૪૬૩૬૬	૬૦.૬૬	૫૦.૨૯	૦	૫૫.૬૯
કુલ મતદારો	૧૦૯૩૬૨૬	૧૦૧૮૬૧૧	૩૬	૨૧૧૨૨૩૭	૭૦૪૫૦૪	૫૫૪૩૯૪	૭	૧૨૫૮૯૦૫	૬૪.૪૨	૫૪.૪૩	૧૯	૫૯.૬૦

ગરમીએ રેકોર્ડ તોડ્યોઃ વર્ષ ૨૦૨૪માં એપ્રિલ માસ ઈતિહાસનો સૌથી ગરમ મહિનો નોંધાયો

યુરોપિયન યુનિયનની ક્લાઈમેટ મોનિટરિંગ સર્વિસનો અહેવાલ

દિલ્હી, તા ૮

વાતાવરણમાં વધી રહેલા કાર્બન ઉત્સર્જનને કારણે પૃથ્વીનું સરેરાશ તાપમાન વધી રહ્યું છે. તેની સીધી અસર ક્લાઈમેટ ચેન્જ પર જોવા મળી રહી છે. ગ્લોબલ વોર્મિંગના કારણે ગ્લેશિયર્સ પીગળી રહ્યા છે, દરિયાની સપાટી વધી રહી છે, જૈવવિવિધતાને નુકસાન થઈ રહ્યું છે, હવામાન ચક્રમાં ફેરફાર વગેરેને કારણે અનેક કુદરતી સમસ્યાઓ સર્જાઈ રહી છે. આ કારણોસર, વિશ્વના વિવિધ વિસ્તારોમાં રેકોર્ડ ગરમી નોંધાઈ છે, કેટલીક જગ્યાએ પૂર છે અને એવા સ્થળોએ દુષ્કાળ છે જ્યાં લાંબા સમયથી હરિયાળી હતી.

આ દરમિયાન, યુરોપિયન યુનિયન ક્લાઈમેટ મોનિટરિંગ સર્વિસે તેનો રિપોર્ટ જાહેર કર્યો છે. રિપોર્ટ અનુસાર એપ્રિલ ૨૦૨૪નો મહિનો અત્યાર સુધીનો સૌથી ગરમ મહિનો તરીકે નોંધવામાં આવ્યો છે. આ રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે એપ્રિલ મહિનાનું સરેરાશ તાપમાન ૧૫.૦૩ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. (૧૯૯૧ થી ૨૦૨૦) આ મહિનો આ ત્રણ દાયકા કરતાં ૦.૬૭ ડિગ્રી સેલ્સિયસ વધુ ગરમ હતો. ઉલ્લેખનિય છે કે ૨૦૧૬ના એપ્રિલની સરખામણીએ આ વર્ષે એપ્રિલ મહિનો ૦.૧૪ ડિગ્રી સેલ્સિયસ વધુ ગરમ છે. અગાઉ એપ્રિલ ૨૦૧૬નો મહિનો સૌથી ગરમ એપ્રિલ મહિનો તરીકે નોંધાયો હતો. ૧૮૫૦-૧૯૦૦ જે ઔદ્યોગિકીકરણનો પ્રારંભિક સમયગાળો હતો. આ એ સમય હતો જ્યારે વાતાવરણમાં ઘણી ગ્રીન હાઉસ ગેસ ન હતા. એપ્રિલ ૨૦૨૪નો મહિનો ૧૮૫૦-૧૯૦૦ના સરેરાશ તાપમાન કરતાં ૧.૫૮ ડિગ્રી સેલ્સિયસ વધુ ગરમ થઈ ગયુ છે.

યુરોપિયન યુનિયનની ક્લાઈમેટ મોનિટરિંગ સર્વિસના વૈજ્ઞાનિકોના જણાવ્યા અનુસાર આ વર્ષની શરૂઆતમાં અલ નીનો તેના સર્વોચ્ચ સ્તરે પહોંચી ગયો હતો. હવે પૂર્વીય ઉષ્ણકટિબંધીય પેસિફિક મહાસાગરની સપાટીનું તાપમાન તટસ્થ સ્થિતિમાં જઈ રહ્યું છે.

વૈજ્ઞાનિકોએ એમ પણ કહ્યું છે કે અલ નીનો એક કુદરતી ઘટના છે, જેના કારણે તાપમાન સતત વધતું-ઘટતું રહે છે. તે જ સમયે, વાતાવરણમાં ફસાયેલા ગ્રીનહાઉસ વાયુઓ એક વધારાનું પરિબળ બની રહ્યા છે, જેના કારણે વૈશ્વિક તાપમાનમાં રેકોર્ડ વધારો જોવા મળી રહ્યો છે.

કોંગ્રેસના વારસા કરના સૂચન પર અર્થશાસ્ત્રી ગૌતમ સેન શું કહે છે?

જો ભારતમાં વારસા કર લાગુ કરવામાં આવે તો અર્થ વ્યવસ્થા ઠપ્પ થઈ જાયઃ અર્થશાસ્ત્રી

નવીદિલ્હી તા.૮

લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસના ઘોષણાપત્રમાં આર્થિક અને જાતિગત સર્વે કરવાની વાત છે તેને લઈને ભાજપે આરોપ લગાવ્યો છે કે કોંગ્રેસ સતામાં આવશે તો દેશવાસીઓની સંપત્તિનો સર્વે કરશે.

આ મામલે દેશના અર્થશાસ્ત્રી ગૌતમ સેને જણાવ્યું હતું કે સંપત્તિના ભાગલાની યોજના ભારતમાં કામ ન કરી શકે તેમણે જણાવ્યું હતું કે માત્ર ૧૨ કરોડ લોકો પાસે ૧૦૨ કરોડથી વધુ સંપત્તિ છે અને આ બધી સંપત્તિ તેમણે પોતાના વ્યવસાયોમાં રોકી છે. જેથી સંપત્તિના ભાગલાના કારણે દેશના ૯૮થી ૯૯ ટકા લોકોની જીંદગી પર ખરાબ અસર પડશે.

ગૌતમ સેને જણાવ્યું હતું કે મોદી સરકારે ગરીબોની જિંદગી બહેતર બનાવી છે. દેશમાં ૨૫ કરોડથી વધુ લોકો ગરીબી રેખામાંથી બહાર આવ્યા છે. તેમણે જણાવ્યું હતું કે સંપત્તિના ભાગલાથી દેશના ૯૮થી ૯૯ ટકા લોકોની જિંદગી પર ખરાબ અસર પડશે. જો વારસા કર લાગુ પડે તો અર્થ વ્યવસ્થા રોકાઈ જાય.

ભારતમાં માત્ર ૧૨ કરોડ લોકો પાસે ૧૦૨ કરોડથી વધુ સંપત્તિ છે અને તે પણ વ્યવસાયોમાં રોકાયેલી છેઃ સેન

EDની તપાસ વચ્ચે, શિલ્પા શેટ્ટીએ કામાખ્યા મંદિરના દર્શન કર્યા

પરિવાર સાથેનો ગ્રુપ ફોટો સોશિયલ મીડિયા પર શેર કર્યોઃ વિધિવત પૂજા કરી

નવી દિલ્હી, તા ૮

બોલિવૂડ અભિનેત્રી શિલ્પા શેટ્ટી વૈભવી જીવનશૈલી જીવવાની સાથે સાથે ધાર્મિકતા માં પણ ખૂબ આસ્થા ધરાવે છે. તે દરેક પરંપરાને ખુલ્લેઆમ માણે છે અને તેને સંપૂર્ણ ભક્તિ સાથે ઉજવે છે.

સિલ્વર સ્ક્રીન પર પોતાની અભિનય પ્રતિભા બતાવનાર શિલ્પા શેટ્ટી સાંસ્કૃતિક અને આધ્યાત્મિક બાબતોમાં પાછળ નથી. તે અવારનવાર પોતાના વ્યસ્ત કાર્યક્રમમાંથી સમય કાઢીને મંદિરની મુલાકાત લે છે. આ વખતે તે તેની માતા સુનંદા શેટ્ટી સાથે કામાખ્યા મંદિર ગઈ હતી. અભિનેત્રીએ અહીંથી કેટલીક સુંદર તસવીરો શેર કરી છે.

શિલ્પા શેટ્ટીએ કામાખ્યા મંદિરમાં ખાસ પ્રકારની પૂજા પણ કરી હતી. અભિનેત્રી શિલ્પાએ તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં તેની તસવીરો શેર કરી છે, જેમાં તે પ્રાર્થના કરતી જોવા મળી રહી છે. તેની માતા અને અન્ય કેટલીક મહિલાઓ પણ તેની સાથે છે. માતા ની ચુનરી પહેરીને અને કપાળ પર ચંદન લગાવીને શિલ્પાએ મંદિરની બહાર પોતાના ગ્રુપ સાથે પોઝ પણ આપ્યો છે.

શિલ્પા શેટ્ટીની કેટલીક અન્ય તસવીરો સોશિયલ મીડિયા પર સામે આવી છે. એક ફોટોમાં તે રિવાજ મુજબ પૂજા કરતી જોવા મળી રહી છે. તેણે મંદિરના અધિકારીઓ સાથેની તસવીર પણ ક્લિક કરી અને પોસ્ટ કરી. જોકે આ બધામાં તેના પતિ અને બિઝનેસમેન રાજ કુન્દ્રા દેખાતા નથી. બિટકોઈન કેસમાં EDએ તેની સંપત્તિ જપ્ત કરી ત્યારથી તે લાઈમલાઈટથી દૂર છે.

ઈ-સિગરેટ પર પ્રતિબંધ છે, તો ઓનલાઈન પર કેવી રીતે મળે છે?

યુજીસીએ તમામ યુનિવર્સિટીઓ અને કોલેજોને સ્પેશ્યલ ડ્રાઈવ ચલાવવા અને તપાસ કરવા જણાવ્યું હતું

નવી દિલ્હીઃ યુજીસીએ પત્ર લખીને તમામ યુનિવર્સિટીઓ અને કોલેજો સમક્ષ એક મોટો પ્રશ્ન ઉઠાવ્યો છે કે પ્રતિબંધ હોવા છતાં વિદ્યાર્થીઓને ઈ-સિગારેટ અને આવી અન્ય પ્રોડકટસ સરળતાથી કેવી રીતે ઉપલબ્ધ છે?યુજીસીએ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓને સ્પેશ્યલ ડ્રાઈવ ચલાવીને ઓચિંતી તપાસ કરવા પણ કહ્યું છે અને વિદ્યાર્થીઓ માટે જાગૃતિ અભિયાન ચલાવવાનો પણ નિર્દેશ આપ્યો છે. યુજીસીએ કહ્યું છે કે વિદ્યાર્થીઓને ઈ-સિગારેટના જોખમો વિશે જાણ કરવી જોઈએ અને એ પણ સુનિશ્ચિત કરવું જાઈએ કેમ્પસમાં તેના ઉપયોગની મંજુરી ન હોય દેશની તમામ કોલેજોના કુલપતિઓ અને પ્રિન્સીપાલોને પત્ર લખીને જરૂરી માર્ગદર્શિકા જારી કરી છે.

દેશમાં ઈ-સિગારેટ પર પ્રતિબંધ ૨૦૧૯થી અમલમાં છે અને તે સમયે આ કાયદો લાવવામાં આવ્યો હતો. આ જ અધિનિયમને ટાંકીને, યુજીસીએ કહ્યું છે કે કેન્દ્ર સરકારે ઈ-સિગારેટ અને તેના જેવા ઉત્પાદનોના વેચાણ, સંગ્રહ અને જાહેરાત પર પ્રતિબંધ મુકયો છે, પરંતુ તે તેના ધ્યાનમાં આવ્યું છે કે તે ઓનલાઈન સ્ટોર્સ અને સ્થાનિક વિક્રેતાઓ દ્વારા ઉપલબ્ધ છે.

યુજીસીના પત્રની અસર કેવી પડશે?

નિષ્ણાંતો કહે છે કે ઘણા ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓની આસપાસના વિદ્યાર્થીઓ માટે ઈ-સિગારેટ અને અન્ય નશો સરળતાથી ઉપલબ્ધ છે. હવે યુજીસીના પત્રમાં પણ આ અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. એવું નથી કે શૈક્ષણિક સંસ્થાઓને આ અંગે બિલકુલ જાણ નથી, પરંતુ આ મુદ્દે કડક પગલાં લેવાતા નથી. યુજીસીના પત્ર બાદ યુનિવર્સિટી વહીવટીતંત્ર સ્થાનિક પોલીસ સાથે વાત કરીને આ સમસ્યાનો ઉકેલ લાવવાનો પ્રયાસ કરશે તેવી અપેક્ષા રાખવી જોઈએ.

શેરબજારમાં સતત મંદીઃ સેન્સેક્સ ૧૧૩ પોઈન્ટ ડાઉનઃ મેટલ શેરોમાં કરંટ

રાજકોટ, તા.૮

મુંબઇ શેરબજારમાં આજે મંદીનો ઝોક યથાવત રહ્યો હતો. હેવીવેઇટ શેરોમાં દબાણ રહેતા સેન્સેક્સમાં ૧૧૩ પોઇન્ટનો ઘટાડો હતો. જો કે રોકડાના શેરો ઝળકયા હતા.

શેરબજારમાં આજે શરૂઆત જ નેગેટીવ ટોને હતો. વિશ્વબજારોના નબળા ટોને, વિદેશી નાણાં સંસ્થાઓની એકધારી આક્રમક વેચવાલી વચ્ચે લોકસભાની ચૂંટણી સંબંધી સાવચેતી હતી. વોલાટીલીટી ઇન્ડેક્સ ઉંચો જવા લાગ્યો હોવા પર ધ્યાને કેન્દ્રીત થવા લાગ્યું હતું. જાણીતા શેરબ્રોકરોના કહેવા પ્રમાણે લોકસભા ચૂંટણીમાં ભાજપને અપેક્ષિત બેઠકો નહીં મળવાની આશંકા વ્યક્ત થવા લાગતા થોડી સાવચેતી હતી. ભલે બહુમતી સાથે સરકાર ભાજપની જ બનવાના સ્પષ્ટ તારણો હોવાં છતાં આંકડો ગત ટર્મ જેટલો નહીં થઇ શકવાની અટકળો હતી. આ કારણોસર માનસ સાવચેતીનું થવા લાગ્યાની છાપ હતી.

શેરબજારમાં આજે ૧૧૩ પોઇન્ટનો ઘટાડો હતો અને ૭૩૩૯૮ સાંપડ્યો હતો જે ઉંચામાં ૭૩૬૮૪ તથા નીચામાં ૭૩૦૭૩ હતો. નેશનલ સ્ટોક એક્સચેંજનો નિફટી ૩૦ પોઇન્ટના ઘટાડાથી ૨૨૨૭૨ હતો તે ઉંચામાં ૨૨૩૬૮ તથા નીચામાં ૨૨૧૮૫ સાંપડ્યો હતો. મુખ્ય શેરોમાં આઇસીઆઇસીઆઇ બેંક, ઇન્ડુસઇન્ડ બેંક, ઇન્ફોસીસ, ટીસીએસ, ટાઇટન, એશિયન પેઇન્ટસ, બજાજ ફાઇનાન્સ, એચસીએલ ટેકનો, એચડીએફસી બેંક, ડો. રેડ્ડી, શ્રીરામ ફાઇનાન્સમાં ઘટાડો હતો. જેએસડબલ્યુ સ્ટીલ, લાર્સન, મારૂતી, એનટીપીસી, પાવર ગ્રીડ, રીલાયન્સ, સ્ટેટ બેંક, ટાટા મોટર્સ, ટીસ્કો, ભારતી એરટેલ, ભારત પેટ્રોલીયમ, કોલ ઇન્ડિયા, આરઇસીમાં

શું શરદ પવારની એનસીપી કોંગ્રેસમાં ભળી જશે? વરિષ્ઠ નેતાએ આપ્યા સંકેત

લોકસભા ચૂંટણી બાદ અનેક પ્રાદેશિક પક્ષોનો કોંગ્રેસમાં વિલય થશેઃ પવાર

મુંબઈ તા.૮

લોકસભા ચૂંટણી ૨૦૨૪ બાદની રાજનીતિક તસવીરને લઈને વરિષ્ઠ નેતા શરદ પવારે મોટી ભવિષ્યવાણી કરી છે. તેમની આ ભવિષ્યવાણીએ પોતાની પાર્ટી એનસીપી શરદચંદ્ર પવારની કોંગ્રેસમાં વિલયના સંકેત પણ શરદ પવારે જણાવ્યું હતું કે સામાન્ય ચૂંટણી બાદ અનેક ક્ષેત્રિય દળો કોંગ્રેસની નજીક આવશે. આ ઉપરાંત કેટલાક દળો કોંગ્રેસમાં વિલય પણ કરી શકે છે. જ્યારે શરદ પવારને પૂછવામાં આવ્યું કે શું આ વાત તેમની પાર્ટી અને એનસીપી શરદચંદ્ર પવારને પણ લાગુ પડે છે. ત્યારે તેમણે કહ્યું હતું કે કોંગ્રેસ અને મારી પાર્ટીમાં કોઈ અંતર મને નથી દેખાતું. વૈચારિક રીતે અમે અમને ગાંધી અને નહેરૂની લાઈનના જ માનીએ છીએ. હું હાલ તો કંઈ ન કરી શકું. સાથીઓ સાથે વાત કર્યા વિના કંઈ ન કહેવું જોઈએ. વૈચારિક રીતે અમે કોંગ્રેસની નજીક છીએ. આગળની રણનીતિ કે નિર્ણય સામૂહિક રીતે જ લેવાશે.

જોઈએ છે ૨ થી ૩ વર્ષનો અનુભવ

લેસર મેટલ કટીંગ મશીન ઓપરેટર

ઓટોકેડના જાણકાર

:: રૂબરૂ મળો (સવારે ૧૦ થી ૧) ::

પ્રતિનિધિ ઈન્ડસ્ટ્રીઝ

વેરાવળ (શાપર ચોકડી) રાજકોટ. મો. ૯૯૦૪૨ ૨૪૪૯૦

ખંભાળિયાના જૂની પેઢીના સેવાભાવી તબીબના રૂબરૂ હાવભાવ પુછતા પરિમલ નથવાણી

ખંભાળિયાના મૂળ વતની અને રાજ્યસભાના સાંસદ પરિમલભાઈ નથવાણીને દાયકાઓ પછી પણ તેમના વતન ખંભાળિયા પ્રત્યે આદર તેમજ લાગણી જળવાઈ રહી છે. તેઓ હજુ પણ જુના સંબંધોને યાદ કરી ખંભાળિયાવાસીઓ પ્રત્યે આદર તેમજ પ્રેમની લાગણી વ્યક્ત કરે છે.ખંભાળિયાના જૂની પેઢીના પીઢ અને સેવાભાવી તબીબ ડો. એન.ડી. ચોકસીની તબિયત છેલ્લા કેટલાક સમયથી નાદુરસ્ત હોવાથી આ અંગે ગઈકાલે મંગળવારે અત્રે આવેલા પરિમલભાઈ નથવાણીને જાણ થતા તેઓ ખાસ તેમના નિવાસ્થાને ગયા હતા અને તેમની તબિયતના ખબર અંતર પૂછી, વહેલી તકે તેઓ સંપૂર્ણપણે સ્વસ્થ થાય તેવી શુભકામનાઓ પાઠવી હતી.

સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે.પ્રિન્સીપાલ સીની. સીવીલ જજ **શ્રી.પી.જે.ચૌધરી સાહેબ**ની કોર્ટ સમક્ષ દિ.પ.અ.નં.૧૦૬૬/૨૦૨૪ના અરજદારો **(૧) ચંદ્રકાંતભાઈ ઘનશ્યામભાઈ દલ તથા (૨) મનિષભાઈ ઘનશ્યામભાઈ દલ,** બંને રહે.રાજકોટે **ગુજ.ઘનશ્યામભાઈ ગોરધનભાઈ દલ**ની ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટ, સબ-ડીસ્ટ્રીકટ રાજકોટ, રાજકોટ શહેરમાં બેડીનાકા રોડ ઉપર કરશનજી મુળચંદના નામથી ઓળખાતી શેરીમાં મેતા વિઠ્ઠલ વેલજીના મકાનથી બાઈ ગીરજાગૌરી કરૂણાશંકર દવે તથા બાઈ જડાવ રામકૃષ્ણ દવે ખોખરીવાળા પાસેથી ડેલી બંધ જમીન ચો.વા.આ.૧૨૨૪-૧-૧૩૭ તથા ચાલ માટેની જમીન ચો.વા.આ.૧૪-૬-૮ મળી કુલ જમીન ચો.વા.આ.૧૨૩૮-૮-૧ માંહેથી જમીન ચો.વા.આ.૧૬૦-૨-૩૧॥ ઉપર આવેલ ઉભા ઈમલા ઈમારત સહિતનું મકાન ગુજ.ઘનશ્યામભાઈ ગોરધનભાઈ દલએ રજી.વે.દ.ખત્યુ.નં.૨૮૩૧, તા.૦૧/૧૧/૧૯૭૩ જેના ૧ નંબરની બુકના નં.૨૮૩૧, તા.૦૩/૧૧/૧૯૭૩ના રોજથી છગનલાલ ગંગારામ જસાણી પાસેથી ખરીદ કરેલ. ત્યારથી સદરહું મિલ્કત ગુજ.ઘનશ્યામભાઈ ગોરધનભાઈ દલની સ્વતંત્ર માલીકી, કબ્જા ભોગવટાની આવેલ તે મિલ્કતનું વારસાસર્ટીફિકેટ મેળવવા માટે તેમના વકિલ **શ્રી અતુલ એમ.મહેતા, પ્રતિક ડી.રાજપરૂ તથા ભાવિન એન.ભુ મારફત** અત્રેનીટ કોર્ટ સમક્ષ ઉપરોકત નંબરથી અરજી દાખલ કરેલ છે. તે સંબંધે જે કોઈ વ્યકિતને વાંધો તકરાર હોય તો તેઓએ મુદત તારીખ ૧૯/૦૬/૨૦૨૪ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે અત્રેની કોર્ટ સમક્ષ વાંધા રજુ કરવા, ગેરહાજર રહ્યે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની આથી સ્પષ્ટ નોંધ લેશો. આજ તારીખ ૦૮/૦૫/૨૦૨૪ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

તૈયાર કરનાર (જી.બી.લકુમ) કલાર્ક

હુકમથી જે.જે.ચાવડા રજીસ્ટ્રાર

રાજકોટ શહેરના મહાનગર પાલીકાની હદમાં રૈયા રોડ રઝાનગર તરીકે ઓળખાતા વિસ્તારમાં રાજકોટના રે.સર્વે નં.૪૬૨ પૈકી પ્લોટસ પૈકી નં.૪૦ પૈકીની ઉતર તરફની જમીન ચો.મી.આ. ૪૭-૮૫ જમીન અંગે રદ ન થઈ શકે તેવું જનરલ પાવર ઓફ એટર્ની-કુલમુખત્યારનામું આપવામાં આવેલ તે અંગે

જાહેર નોટીસ

આથી જહેર જનતાને જાણ કરી જણાવવામાં આવે છે કે, રાજકોટમાં રૈયા રોડ તરીકે ઓળખાતા વિસ્તારમાં રઝાનગર તર

ગુજરાતના ૧૮૨ ઉમેદવાર તેમાંથી ૯૪ સૌરાષ્ટ્રના: તમામનો પાટનગરમાં કેમ્પ

ગુજરાતની સહકારી લડાઇ દિલ્હી પહોંચી: કાલે ભાજપના જ નેતાઓના 'બળાબળ'ના પારખા

ભાજપે સત્તાવાર ઉમેદવાર બીપીન પટેલને જીતાડવા કમર કસી: મત આપવા તમામ મતદારોને સુચનારૂપી સંદેશો

ઇફ્કોમાં સતત ત્રીજી ટર્મમાં પોતે જ જીતશે; જયેશ રાદડીયાનો હુંકાર: પાટનગરમાં જબરા કાવાદાવા

'સહકારી યુધ્ધ'ની લોકલ રાજકારણમાં પણ અસર થવાની સહકારી નેતાઓને આશંકા: મતદારોની હાલત કફોડી

રાજકોટ, તા.૮

ગુજરાતમાં લોકસભાની ચૂંટણી ખત્મ થવા સાથે જ હવે સહકારી યુદ્ધના મંડાણ થઇ ગયા છે. ઇફ્કોની કાલે યોજાનારી ચૂંટણીમાં ભાજપના જ ત્રણ સહકારી નેતાઓ મેદાને પડ્યા હોવાથી જબરી ઉત્તેજના પ્રવર્તવા લાગી છે. સહકારી લડાઇ દિલ્હી પહોંચી હોય તેમ મતદારોને પાટનગર લઇ જનિ કેમ્પમાં રાખવામાં આવ્યા છે. ત્રણેય ઉમેદવારો દ્વારા અંતિમ ઘડીના કાવાદાવા થવાનું સ્પષ્ટ છે.

રાજકોટના સહકારી નેતા અને ધારાસભ્ય જયેશ રાદડીયાએ જીત મેળવવાનો વિશ્વાસ દર્શાવ્યો છે.

ઇફ્કોમાં ગુજરાતની ગ્રામ્ય મંડળીની બેઠક પર જંગ છે. ભાજપ દ્વારા સત્તાવાર ઉમેદવારનો મેન્ડેટ બીપીન પટેલ (ગોતા)ના નામનો જારી કરવામાં આવ્યો હોવા છતાં જયેશ રાદડીયા તથા મહેસાણાના પંકજ પટેલે ઉમેદવારી નોંધાવી હતી અને 'લડી લેવાનો' મિજાજ દર્શાવ્યો હતો. ઇફ્કોમાં સમગ્ર ગુજરાતના ૧૮૨ મત છે તેમાંથી ૯૪ સૌરાષ્ટ્રના મત છે. ભાજપના જ સહકારી નેતાઓ વચ્ચે વ્યકિતગત ધોરણે બળાબળના પારખા થવાનું નિશ્ચિત ગણવામાં આવી રહ્યું છે.

ઇફ્કોના બોર્ડમાં છેલ્લા બે ટર્મથી ડાયરેક્ટર રહેલા જયેશ રાદડીયાનો સંપર્ક કરતાં તેઓએ કહ્યું કે પોતે અગાઉ જ ફોર્મ ભરી દીધું હતું અને હવે આવતીકાલે 'લડી લેવાશે'. મતદારોએ દિલ્હીમાં જ મુકામ કર્યો છે. બહુમતી મતદારોનું સમર્થન હોવાથી જીતનો વિશ્વાસ છે. પાર્ટીનો મેન્ડેટ બીપીન પટેલના નામનો જારી થયો છે. સહકારી રાજકારણમાં મેન્ડેટ હોતો નથી છતાં ભાજપ દ્વારા અપાયો છે. ગુજરાતની એક માત્ર બેઠક પર જ કેમ મેન્ડેટ અપાયો તે પણ સવાલ છે. આ જ મુદ્દે ભાજપના જ સહકારી નેતા દિલીપ સંઘાણીએ ઉઠાવ્યો હતો. તેનો રાદડીયાએ પુર્નોચ્ચાર કર્યો હતો.

બીજી તરફ ભાજપ દ્વારા જેમનો સત્તાવાર ઉમેદવાર જાહેર કરાયા છે તેવા બીપીન પટેલની તરફેણમાં મતદાન કરવા પાર્ટી તરફથી મતદારોને સંદેશા પાઠવવામાં આવી રહ્યા છે. સ્થાનિક ભાજપ સંગઠનના સૂત્રોએ કહ્યું છે કે પ્રદેશ નેતાગીરીની સુચના પ્રમાણે સંબંધિત જીલ્લાના તમામ મતદારોને બીપીન પટેલને મત આપવાની ટેલીફોનિક સુચના આપી દેવામાં આવી છે. મતદારો હવે પાર્ટી લાઇનમાં રહે છે કે વ્યકિતગત રીતે પોતાના નેતાને મત આપે છે. તેના પર મીટ છે. મતદારોની હાલત કફોડી બન્યાનું એક આગેવાને કહ્યું હતું.

ભાજપના સહકારી વોકના આંતરિક બળાબળના પારખામાં કોણ મેદાન મારી જાય છે તે આવતીકાલે સાંજ સુધીમાં સ્પષ્ટ થઇ જશે. કાલે સવારે આઠ વાગ્યાથી મતદાન શરૂ થશે અને તે પૂર્ણ થયા બાદ મતગણતરી કરીને જાહેર કરી દેવામાં આવશે. સહકારી આગેવાનો એવો દાવો કરી રહ્યા છે કે ઇફ્કોના જંગ બાદ તેના પ્રત્યાઘાતો ભાજપના આંતરિક રાજકારણમાં પણ પડી શકે છે. ભાજપ સહકારી ચૂંટણી પણ પાર્ટીના ધોરણે જ લડતું રહ્યું છે. ઇફ્કોમાં પણ બીપીન પટેલને મેન્ડેટ આપીને પ્રણાલી જાળવી રાખી હતી. પાર્ટીના આદેશ છતાં મેદાને પડેલા જયેશ રાદડીયા તથા પંકજ પટેલે બળવો કર્યાનું ગણાશે કે કેમ? અને તે સંજોગોમાં પાર્ટીનું વલણ કેવું રહેશે સહિતના મુદ્દાઓ આવતા દિવસોમાં ચર્ચાની એરણે ચડી શકે છે. આવતા દિવસોમાં લોકલ સ્તરે પણ સહકારી ચૂંટણીઓ થવાની છે અને તેમાં પણ પ્રત્યાઘાતો પડી શકે છે.

શાબાશ રાજકોટ પોલીસ: ડીજીપીએ અભિનંદન પાઠવ્યા

મતદાન વખતે રાજકોટ રાજ્યની હોટ સીટ રહી, ડીજીપી વિકાસ સહાય સતત સીપી ભાર્ગવના સંપર્કમાં રહ્યા : પળેપળની માહિતી મેળવી'તી

પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવ, એડી.સીપી વિધિ ચૌધરી અને ટીમે આંદોલનના દાવાનળ વચ્ચે સુચારૂ આયોજન કરી શહેરમાં કાયદો અને વ્યવસ્થા જાળવી રાખી: લોકોએ લોકશાહીના પર્વની સુરક્ષિત ઉજવણી કરી

ક્ષત્રિય સમાજના આંદોલનની શરૂઆતથી જ દરરોજ પોલીસ કમિશ્નર પાસેથી ડીજીપી અપડેટ મેળવતા'તા: શહેર પોલીસની જાંબાઝ ટીમે ચૂંટણી સમયગાળા દરમિયાન એક પણ કાંકરીચાળો ન થવા દીધો

રાજકોટ, તા.૮

રાજકોટ સહીત રાજ્યભરમાં લોકસભા ચૂંટણીનું ગઈકાલે શાંતિપૂર્ણ મતદાન યોજાઈ ગયું હતું. જેમાં રાજ્યભરમાં એકાદ અપવાદને બાદ કરી કાયદો અને વ્યવસ્થા જાળવવામાં પોલીસ એક તબક્કે સફળ નીવડી છે. ત્યારે રાજ્યની હોટ અને સંદનસીલ કહેવાતી રાજકોટ લોકસભામાં મતદાન નિર્વિઘ્ને પૂર્ણ થતાં ડીજીપી વિકાસ સહાયએ શહેર પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગને શાબાશી સાથે અભિનંદન પાઠવ્યા હતાં.

રાજુ ભાર્ગવ (શહેર પોલીસ કમિશ્નર

વિકાસ સહાય (રાજ્ય પોલીસ વડા)

દેશભરમાં લોકસભા ચૂંટણીની જાહેરાત બાદ આદર્શ આચારસંહિતા લાગું પડી હતી અને અલગ અલગ પક્ષોના ઉમેદવારો જોરશોરથી પ્રચાર-પ્રસારમાં લાગી ગયાં હતાં. દરમિયાન રાજકોટ લોકસભા સીટના ભાજપના ઉમેદવારે ચૂંટણી પ્રચાર દરમિયાન એક વિવાદિત ટીપ્પણી કરતાં ક્ષત્રિય સમાજ નારાજ થયો હતો અને આંદોલનના મંડાણ થયાં હતાં. આ સ્થિતિ ચૂંટણી અને મતદાન દરમિયાન વણસે નહીં તેની જવાબદારી રાજકોટ શહેર પોલીસની હતી. તેમજ શહેરની નજીક રનતપરમાં ક્ષત્રિય સમાજનું મહાસંમેલન મળ્યાં બાદ આગળ જતાં સ્થિતિ ગંભીર બનશે તેવી દહેશતથી ગૃહ વિભાગ પણ સક્રિય થઈ ગયો હતો.

ખાસ રાજ્ય પોલીસ વડા વિકાસ સહાય આ બાબતે ગંભીર બની જે દિવસથી આંદોલનના મંડાણ થયાં ત્યારથી સતત દરરોજ પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવના સંપર્કમાં હતાં અને શહેરની ગ્રાઉન્ડ ઝીરોની માહિતી સાથે અપડેટ થતાં હતાં. ગૃહવિભાગ અને ડીજીપી માટે રાજ્યમાંથી કપરા ચઢાણ વાળી સીટ રાજકોટ લોકસભાની હતી. જે બાબતે શહેર પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવ, એડી. પોલીસ કમિશ્નર વિધી ચૌધરી સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓએ રાજકોટ લોકસભા સીટની ચૂંટણી મતદાન સહિત શાંતિથી કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે બીડું ઝડપી લીધું હતું અને શહેરના તમામ પોલીસ મથકોના પીઆઇ સહિતના સ્ટાફ સાથે સંકલન કરી ચૂંટણી દરમિયાન કાંકરીચાળો પણ ન થાય તે માટે સુચારૂ આયોજન કર્યું હતું.

દરમિયાન શહેરમાં ગઈકાલે યોજાયેલ મતદાનના દિવસે શાંતીપૂર્ણ કોઈ કાંકરીચાળો થયાં વગર લોકશાહીનો પર્વ યોજાઈ અને મતદાનમાં કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવના માર્ગદર્શન હેઠળ શહેર પોલીસ સજ્જ થઈ હતી અને મતદાનના આગલા દિવસથી જ પોલીસે શહેરભરમાં કોમ્બીંગ કર્યું હતું. તેમજ મતદાનના દિવસે ચુસ્ત બંદોબસ્ત ગોઠવી ખુદ પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવ મેદાનમાં રહ્યા હતાં અને જ્યાં ક્ષત્રિય સમાજનું સંમેલન મળ્યું હતું ત્યાં મતદાન મથક પર પોતે જ વોચ રાખી હતી અને શાંતિપૂર્ણ મતદાન પુરું થતાં શહેર પોલીસની ટીમે રાહતનો શ્વાસ લીધો હતો.

રાજકોટ લોકસભા સીટ બાબતે ડિજીપી પોતે ગંભીર હતાં. ત્યાં કોઈપણ વિઘ્ન અને કાંકરીચાળો થયાં વગર મતદાન પુરૂ થતાં મોડી રાતે પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવને ફોન કરી શાબાશી સાથે શહેર પોલીસની ટીમને અભિનંદન પાઠવ્યા હતાં.

સીપી, એડી.સીપી, ડીસીપી, એસીપી અને અલગ અલગ પોલીસ મથકના પીઆઇ તેમજ પોલીસ સ્ટાફની જહેમત રંગ લાવી

રાજકોટમાં લોકશાહીનો પર્વ શાંતિથી ઉજવાઈ તે માટે પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ અને એડી. પોલીસ કમિશ્નર વિધિ ચૌધરી, ડીસીપી ઝોન -૧ સજનસિંહ પરમાર, ડીસીપી ઝોન -૨ સુધીરકુમાર દેસાઈ, ડીસીપી ક્રાઈમ ડો.પાર્થરાજસિંહ ગોહિલ, ડીસીપી ટ્રાફિક પૂજા યાદવના માર્ગદર્શન હેઠળ એસીપી બી.વી. જાધવ, રાધિકા ભારાઇ, આર.એસ.બારીયા, બી.જે. ચૌધરી, એસીપી ક્રાઈમ બી.બી. બસીયા, એસીપી ટ્રાફિક જે.બી. ગઢવી, હેડ ક્વાર્ટર એસીપી એમ.આઇ. પઠાણ, ક્રાઈમ બ્રાંચ પીઆઈ એમ.આર. ગોંડલીયા, એસઓજી પીઆઈ જે.એમ. કૈલા, તેમજ અલગ અલગ પોલીસ મથકના પીઆઈ વી.આર.પટેલ, આર.જી.બારોટ, એસ.એમ.જાડેજા, એન.જી.વાઘેલા, એમ.એમ.સરવૈયા, જે.આર.દેસાઇ, બી.એમ.ઝણકાટ, બી.ટી.અકબરી, ડી.એમ.હરિપરા, વી.આર.રાઠોડ, આઇ.એન.સાવલીયા, એન.આઇ. રાઠોડ, એ.બી. જાડેજા, જે.એસ. ગામીત, એસ.કે.જાડેજા, બી.બી. જાડેજા, બી.પી. રજયા, એમ.જી. વસાવા, એમ.એ.ઝણકાટ, કે.જે.મકવાણા, એમ.ડી.ગઢવી તેમજ એલસીબી ઝોન-૧ પીએસઆઈ બોરીસાગર, એલસીબી ઝોન -૨ પીએસઆઈ આર.એચ. ઝાલા સહિત પીએસઆઈઓની ફૌજ અને સ્ટાફે કુનેહપૂર્વકની કામગીરી કરી હતી.

મતદાન કરતો વિડીયો ઉતારી વાયરલ કરનાર મવડીના વેપારી સામે ગુનો નોંધાયો

મવડીની આંગણવાડીમાં આવેલા બુથ નં.૭૫ માં વિડીયો ઉતારી દિશાંત પડારીયાએ વાયરલ કર્યો 'તો: એસઓજીએ કાર્યવાહી કરી

રાજકોટ. તા.૦૮

લોકસભા ચૂંટણીનું ગઈકાલે થયેલ મતદાન વખતે કલેક્ટરના જાહેરનામાનો ભંગ કરી મવડી વિસ્તારમાં આવેલ મતદાન મથકમાં મતદાન કરતો વિડીયો ઉતારી વાયરલ કરનાર મવડીના વેપારી સામે એસોજીની ટીમે તાલુકા પોલીસ મથકમાં ગુનો નોંધાવ્યો હતો.

લોકસભાની ચૂંટણીને અનુલક્ષીને પોલીસ સોશિયલ મીડીયા પર સતત વોચમાં હતી ત્યારે સાયબર ક્રાઇમ પીઆઈ જે.એમ.કૈલાની રાહબરીમાં કોન્સ્ટેબલ જયવીરસિંહ ઝાલાને એક વીડીયો જોવા મળ્યો હતો. જેમાં એક યુવાને ઈવીએમનું બટન દબાવતી વખતે તેનો વીડીયો પોતાના મોબાઈલ ફોનમાં ઉતારી લીધો હતો. એટલું જ નહીં તે વીડીયોને પોતાના મિત્રોના ગ્રૂપમાં શેર પણ કર્યો હતો. સાયબર ક્રાઈમ પોલીસની ટીમે તપાસ કરતા જાણવા મળ્યું કે, આ વીડીયો મવડીની આંગણવાડીમાં આવેલા બુથ નં.૭૫ નો છે. જ્યારે વીડીયો બનાવનારનું નામ દિશાંત મહેશભાઈ પડારીયા (ઉ.વ.૨૪) છે. જે મવડીની રાજદિપ સોસાયટી શેરી નં.૨માં રહે છે. જ્યાં તેના વિરૂધ્ધ કલેકટરના જાહેરનામાના ભંગનો ગુનો રાજકોટ તાલુકા પોલીસમાં દાખલ કર્યો હતો. નિયમ મુજબ તેને નોટીસ આપી હતી.ઉલ્લેખનીય છે કે, કલેકટરના જાહેરનામા અનુસંધાને મતદાન મથકોમાં મોબાઈલ લઈ જવા પર મનાઈ ફરમાવવામાં આવી હતી. જો કે આ નિયમનું અમુક મતદાન મથકોએ પાલન થયું હતું જ્યારે કેટલાય મતદાન મથકોએ મોબાઈલ લઈ જવા દેવામાં આવ્યા હોવાની ચર્ચાયું હતું.

માધાપર પાસે બ્રિજ નીચે સુતેલા પ્રૌઢ પર કાર ચઢાવી દેતા ગંભીર રીતે ઘવાયા

મોડી રાતે અઢી વાગ્યા આસપાસ કારચાલકે જોયા વગર બ્રિજ નીચે કાર પાર્ક કરવા જતા ઘટના ઘટી: બંને ઈજાગ્રસ્તને સારવારમાં ખસેડાયા: અકસ્માત સર્જી કારચાલક ફરાર થઈ જતાં ગાંધીગ્રામ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી

રાજકોટ.તા.૮

જામનગર રોડ પર માધાપર ગામમાં પેટ્રોલ પંપ પાસે બ્રિજ નીચે સુતેલા પ્રૌઢ પર બ્રિજ નીચે કાર પાર્ક કરવા આવેલા શખ્સે કાર માથે ચડાવી દીધી હતી. પ્રૌઢને ઈજા પહોંચતા સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ અંગે પ્રૌઢના ભાઈની ફરિયાદ પરથી પોલીસે અજાણ્યા કારચાલક સામે ગુનો નોંધી તેને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે.

બનાવની વિગતો મુજબ, જામનગર રોડ પર માધાપર ગામમાં માધાપર ચોકડી નજીક શક્તિ હોટલથી નજીક માધાપર પેટ્રોલ પંપની સામે આવેલા બ્રિજ નીચે સુતેલા રમેશભાઈ બેચરભાઈ વાઘેલા (ઉ.વ.૫૨) નામના પ્રૌઢ સુતા હતાં. દરમિયાન રાત્રિના અઢી વાગ્યા આસપાસ ફોરવ્હીલ ચાલક ગાડી બ્રિજ નીચે પાર્ક કરવા જતા રોડ પર ગાડી ચડાવી દીધી હતી. જેથી પ્રૌઢને માથામાં તથા હાથ અને પગના ભાગે ઈજા પહોંચી હતી. બાદમાં તેમને ૧૦૮ મારફત તેમને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

અકસ્માતની આ ઘટના અંગે સરિતા વિહાર પાસે મફતિયાપરા વિસ્તારમાં રહેતા અને કડિયાકામ કરનાર પ્રૌઢના નાનાભાઈ હેમંત બેચરભાઈ વાઘેલા(ઉ.વ.૪૧) ની ફરિયાદ પરથી ગાંધીગ્રામ પોલીસે અજાણ્યા વાહન ચાલક સામે ગુનો નોંધી તેને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે.

૧૨ વર્ષની બાળકી પર દુષ્કર્મના કેસમાં આરોપી અલ્પેશ પાતરને જીવે ત્યાં સુધી જેલ કેદની સજા

ફરિયાદી અને ભોગબનનાર બંને હોસ્ટાઈલ થયા, સરકારી સાહેદો અને મેડિકલ પુરાવાના આધારે રાજકોટ પોક્સો કોર્ટના જજ બી.બી. જાદવે મહત્વનો ચુકાદો આપ્યો: ખોટો પુરાવો આપવા બદલ ભોગબનનારના ફરિયાદી ભાઈને કોર્ટે કારણદર્શક નોટિસ ફટકારી : આરોપીને ૭૨ હજારનો દંડ

રાજકોટ, તા.૮

૧૨ વર્ષની બાળકી પર દુષ્કર્મ ગુજાર્યાના કેસમાં આરોપી અલ્પેશ પાતર(રહે. બીલીયાળા, તા.ગોંડલ)ને જીવે ત્યાં સુધી જેલ કેદની સજા કોર્ટે ફટકારી છે. ફરિયાદી અને ભોગબનનાર બંને હોસ્ટાઈલ થયા હતા પણ સરકારી સાહેદો અને મેડિકલ પુરાવાના આધારે રાજકોટ પોક્સો કોર્ટના જજ બી.બી. જાદવે મહત્વનો ચુકાદો આપવા સાથે ખોટો પુરાવો આપવા બદલ ભોગબનનારના ફરિયાદી ભાઈને કોર્ટે કારણદર્શક નોટિસ ફટકારી છે. સજા સાથે આરોપીને ૭૨ હજારનો દંડ પણ ફટકાર્યો છે.

મૂળ મધ્યપ્રદેશના રહેવાસી ફરિયાદી પોતાના પરિવાર તથા ભોગ બનનાર નાનીબહેન સાથે રાજકોટ મૂકામે ૨૦૨૨ની સાલમાં મજૂરી કામ માટે આવેલા.તે સમયે આ આરોપી અલ્પેશ જેન્તિભાઈ પાતર (રહે બીલીયાડા, તા.ગોંડલ) પણ ભોગે બનનાર તથા ફરી યાદી જે જગ્યાએ મંજુરી કામ કરવા જતા હતા. ત્યા મંજુરી કામ અર્થે આવતો ડોટા, ભોગ બનનારને પોતાની વાતોમાં ભોળવી અને પ્રેમ સંબંધ રાખવા માટે તેમજ વાતચીત કરવા માટે મોબાઈલ ફોન લઈ આવેલો ભોગ બનનાર સાથે સંબંધ કેળવી લગ્નની લાલચ આપી. ચોટીલા જૂનાગઢ, ધોરાજી, અલગ અલગ જગ્યાએ લઈ ગયેલ અને અલગ અલગ જગ્યાએ એકથી વધુ વખત શરીર સંબંધ બાંધી દુષ્કૃત્ય કરેલ જે અંગેની ફરીયાદ ભોગ બનનારના ભાઈએ યુનિવર્સિટી

આબિદ સોસન સરકારી વકીલ

પોલીસ મથકમાં કરતા પોલીસે આરોપી તથા ભોગ બનનારની તપાસ કરી આરોપી વિરૂદ્ધ પોકસો કોર્ટમાં આઈપીસી કલમ ૩૬૩, ૩૬૬ તથા ૩૭૬ (એ)(બી) અને પોકસો કલમ ૬ મુજબનું ચાર્જશીટ કર્યું હતું.કેસ પોકસો કોર્ટમાં ચાલવા ઉપર આવતા મદદનીશ સરકારી વકીલ આબિદ સોસને હાજર રહી અંદાજીત ૨૩થી વધુ દસ્તાવેજી પુરાવાઓ રજૂ રાખેલા અને ૧૦ થી વધુ સાહેદોની જુબાની નોંધવામાં આવેલી.આ કેસમાં મહત્વની હકીકત એ છે કે કેસને સમર્થન કરતા મહત્વના સાહેદ એવા ભોગ બનનાર અને ફરીયાદીએ બનાવને સમર્થન આપેલ ન હતું.પરંતુ ફરીયાદ પક્ષે રજૂ રાખવામાં આવેલ ભોગ બનનારના મેડીકલ તપાસણી દરમ્યાન ભોગ બનનારને ૧૭ અઠવાડીયાનો ગર્ભ હોવાનું માલૂમ પડેલ.જે અંગે મેડીકલ ઓફીસરે બનાવને સંપૂર્ણ સગર્થન આપેલ.તેમજ તપાસનીશ અધિકારીએ બનાવને સમર્થન આપેલું તેજ રીતે ભોગ બનનાર જયારે મેડીકલ ચકાસણી સમયે ગર્ભના ડીએનએ માટેના જે સેમ્પલો ડોકટરે મેળવીને પરીક્ષા ગાંધીનગર મોકલવામાં આવેલા તે સેમ્પલો પણ પ્રિઝર્વેટિવ રાખવામાં આવેલા આમ ફરીયાદ પક્ષે સરકારી સાહેદો તેમજ દસ્તાવેજી પુરાવાઓને ધ્યાનમાં રાખીને પોકસો કોર્ટના જજ બી.બી.જાદવે જયારે ફરીયાદી તથા ભોગ બનતા રે બનાવને સમર્થન આપેલ ન હોવા છતા મેડીકલ એવીડેન્સને ધ્યાનમાં રાખીને આ આરોપી અલ્પેશ પાતરને આજીવન જીવે ત્યાં સુધી કેદની સજા તથા રૂા.૩૨૦૦૦નો દંડ, ફટકારેલો. ફરીયાદીને સીઆરપીસી કલમ ૩૪૪ મુજબ ખોટો પુરાવા આપવા માટે કારણ દર્શક નોટીસ ઈસ્યુ કરી પોકસો કોર્ટના સ્પે.જજ બી.બી.જાદવે નોંધપાત્ર હુકમ ફરમાવેલો છે.આ કેસમાં સરકાર તરફે મદદનીશ સરકારી વકીલ આસિદ સોસન રોકાયેલ હતાં.

અવસાન નોંધ

રાજકોટ: જયશ્રીબેન દીપકભાઈ ટાંક તે ડી.એચ.ટાંક (ટેકનિકલ હાઈસ્કૂલ-ધોરાજી તથા સરકારી એન્જિનિયરિંગ કોલેજના નિવૃત કર્મચારી)ના ધર્મપત્નીનું તા. ૬ના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા.૯ને ગુરૂવારના રોજ સાંજે ૪ થી ૬ તેમના નિવાસ સ્થાને કિશાનપરા શેરી નંબર-૧, શ્રીમદ પેલેસ એપાર્ટમેન્ટ ખાતે રાખેલ છે. ઉત્તરક્રિયા ૧૭ પના રોજ રાખેલ છે.

રાજકોટ: પ્રશ્નોરા નાગર સ્વ. હરિવલ્લભ નારાણજી વૈદ્ય અને સ્વ. કુસુમલક્ષ્મી હરિવલ્લભ વૈદ્યના જ્યેષ્ઠ પુત્ર (જબલપુર નિવાસી) કૃષ્ણદેવભાઈ હરિવલ્લભભાઈ વૈદ્ય (ઉ.વ.૯૩) તે ઉપાદેવી વૈદ્યના પતિ, જયેશના પિતા, શિવાની જયેશભાઈ વૈદ્યના સસરા, શર્મિષ્ઠાના દાદા, નિરંજનભાઈ, સ્વ. જયપ્રકાશભાઈ, સ્વ. દેવેન્દ્રભાઈ, ઓમપ્રકાશભાઈ અને ગં.સ્વ.શાંતિદેવી રશ્મિકાંતભાઈ વૈદ્યના મોટાભાઈ, સ્વ. મહાસુખરાય ઈચ્છાશંકર પટ્ટણીના જમાઈ તા.૫ને રવિવારે રાજકોટ મુકામે અવસાન થયેલ છે. ઉઠમણું તા.૯ને ગુરૂવારે સાંજે પથીદ કલાકે, અજમેરા ટાઉનશીપ, શાસ્ત્રીનગર બગીચા સામે, નાના મવા રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

સ્વ. જાગૃતિબેન જગદીશભાઈ બગડાઇ
(ઉ.વ. ૫૩) તા.૮-૫-૨૪
બુધવાર ચૈત્રવદ-અમાસ

દુઃખદ અવસાન-બેસણું

રાજકોટ: પ્રભુદાસભાઈ પરસોતમભાઈ બગડાઇ, શ્રી સુરેશભાઈ, સ્વ. દિનેશભાઈના નાનાભાઈ જગદીશભાઈ પ્રભુદાસ બગડાઇના **ધર્મપત્ની જાગૃતિબેન જગદીશભાઈ બગડાઇ** (ઉ.વ. ૫૩)નું તથા દિવ્યાબેન, પ્રિયંકાબેન તથા ભરતભાઈના માતુશ્રીનું દુઃખદ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા.૯-૫-૨૪ના ગુરૂવારે સાંજે ૪ થી ૬, સ્થળ: રામેશ્વર મંદિર ખાતે રાખેલ છે.

બગડાઇ પરિવારના જય શ્રીકૃષ્ણ
મો.નં. ૯૯૨૫૭ ૭૦૪૯૫
૯૧૭૩૯ ૮૯૫૮૫

દારુના દૂષણે યુવકનો ભોગ લીધો

લોધેશ્વર સોસાયટીનો સુનિલ જરિયા બેભાન થઈ ઢળી પડ્યો: સારવારમાં દમ તોડી દીધો

રાજકોટ તા.૭

દારુના દૂષણે યુવકનો ભોગ લીધો હતો. લોધેશ્વર સોસાયટીનો યુવક બેભાન થઈ ઢળી પડ્યો હતો. યુવકનું સારવારમાં મોત નિપજ્યું હતું.

બનાવની વિગત અનુસાર સુનિલભાઈ ઉમેશભાઈ જરિયા (ઉ.વ.૩૪ રહે. લોધેશ્વર સોસાયટી, ગોંડલ રોડ) ગત રાત્રીના પોતાનાં ઘરે હતો ત્યારે બેભાન થઈ જતાં તાકીદે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યો હતો. યુવક મજુરી કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતો હતો. મૃતકને કીડની અને લીવરની બીમારી હતી. તેઓ એક ભાઈ અને એક બહેનમાં વચેટ હતો. યુવકને દારુ પીવાની કુટેવ હતી. યુવક અંતે જીંદગીનો જંગ હારી ગયો.બનાવ અંગે મૃતકના પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે.

શ્વાન બાંધીને રાખતાં જાવ કહી યુવક પર છરી વડે હુમલો

કોઠારિયા સોલવન્ટનો રાજેશ હેડંબા તેનાં બહેનના ઘરે જમવા ગયો હતો: જ્યાં કાળું નામનાં યુવક પાછળ શ્વાન દોડતાં ઉશ્કેરાયો હતો: ઉશ્કેરાયેલા કાળું સહિત સાત શખ્સોએ રાજેશ પર હુમલો કર્યો

રાજકોટ તા.૮

કૂતરું બાંધીને રાખતાં જાવ કહી યુવક પર છરી વડે હુમલો કરી ઈજા પહોંચાડી હતી. કોઠારિયા સોલવન્ટનો રાજેશ હેડંબા તેનાં બહેનના ઘરે જમવા ગયો હતો. જ્યાં કાળુ નામનાં યુવક પાછળ કૂતરું દોડતાં ઉશ્કેરાયો હતો. અને કુતરું બાંધીને રાખતાં જાવ કહી રાજેશ પર કાળુ સહીત સાત શખ્સોએ હુમલો કર્યો હતો.

બનાવની વિગત મુજબ કોઠારિયા સોલવન્ટ શેરી નં- ૩૦માં રહેતો રાજેશ પરસોતમભાઈ હેડંબા (ઉ.વ.૩૬) નામનાં યુવક પર સાત શખ્સોએ હુમલો કરી ઈજા પહોંચાડી હતી. બાદ યુવકને ઈજાગ્રસ્ત હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આ અંગે તેનાં પરિવારજનોએ જણાવ્યું કે ગઈ કાલે રાજેશ શિવ સાગર સોસાયટી શીતળા મંદિર પાસે તેના બહેનના ઘરે જમવા ગયો હતો. બાદ બધા શેરીમાં બહાર બેઠાં હતાં. ત્યારે તે જ વિસ્તારમાં રહેતો કાળુ બાઈક લઈને નીકળ્યો ત્યારે તેની બાઈક પાછળ કૂતરું દોડતાં કાળું ગુસ્સે થયો હતો. કૂતરું બાંધીને રાખતાં જાવ કહી ત્યાં બેઠેલ રાજેશ અને તેનાં બહેનના પરિવાર સાથે ઝઘડો કર્યો હતો. બાદ થોડી વાર બાદ કાળુ અને અન્ય શખ્સોએ રાજેશ પર છરી વડે હુમલો કર્યો હતો. બાદ ઈજાગ્રસ્ત હાલતમાં યુવકને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. તેઓને સંતાનમાં બે દીકરા અને એક દિકરી છે. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે શાપર વેરાવળ પોલીસને જાણ કરી હતી.

લગ્નની લાલચે દુષ્કર્મ ગુજાર્યાના ગુનામાં શિક્ષક સુરેશ આંધાણીના આગોતરા જામીન નામંજુર

મૂળ વિંછીયા પંથકની રાજકોટ રહેતી યુવતીએ ફરિયાદ નોંધાવી હતી

બિનલ રવેશીયા એડવોકેટ

રાજકોટ, તા.૮

લગ્નની લાલચે દુષ્કર્મ ગુજાર્યાના ગુનામાં વિંછીયા તાલુકાના કડુકા ગામના સરકારી શિક્ષક સુરેશ ધનજી આંધાણીના આગોતરા જામીન નામંજૂર થયા છે.

કેસની વિગત મુજબ, વિંછીયા પંથકની અને રાજકોટમાં ભૂતખાના ચોક વિસ્તારમાં રહેતી યુવતીએ તા.૧/૪/૨૦૨૪ના રોજ રાજકોટના એ. ડિવિઝન પોલીસ મથકમાં આઈપીસી ૩૭૬(૨)(એન) તથા એટ્રોસિટી એકટની કલમો મુજબ ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, ફરિયાદી અને આરોપી મૂળ એક જ ગામના હોય, આરોપીએ તા.૨૭/૫/૨૦૨૨થી તા.૧૩/૧૧/૨૦૨૩ દરમિયાન અવાર નવાર લગ્નની લાલચ આપી દુષ્કર્મ આચર્યું હતું. આરોપીએ અલગ અલગ હોટલ અને ગામડે આરોપીના નવા બનાવેલ મકાનમાં લઈ જઈ શરીર સંબંધ બાંધેલ. ભોગબનનારના નિવેદન બાદ આરોપીએ આગોતરા જામીન અરજી કરી હતી. જેમાં સરકાર પક્ષે સરકારી વકીલ બિનલબેન રવેશીયાએ વાંધા રજૂ કરી દલીલો કરી હતી. ઉપરાંત ફરિયાદ પક્ષે આરોપીને બીજી સ્ત્રી સાથે સંબંધ હોવાના ફોટોગ્રાફ રજૂ કરેલા. દલીલો - પુરાવા ધ્યાને લઈ ન્યાયાધીશ એચ. એચ. વર્માએ આરોપીની આગોતરા જામીન અરજી નામંજૂર કરતો હુકમ કર્યો હતો. આ કેસમાં સરકાર પક્ષે મદદનીશ સરકારી વકીલ બિનલબેન રવેશીયા રોકાયેલા હતા.

આંબેડકર નગરની પરિણીતાએ ફિનાઈલ પીધું, સારવારમાં

જેઠાણીના ત્રાસથી દેરાણીએ ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ કર્યો હોવાનું પરિવારજનોનું રટણ

રાજકોટ તા. ૭

આંબેડકર નગરની પરિણીતાએ ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. પરિણિતાએ જેઠાણીના ત્રાસથી કંટાળી આ પગલું ભર્યું હોવાનું પરિવારજનોએ જણાવ્યું હતું. બનાવની વિગત મુજબ આંબેડકર નગર એસટીવર્ક શોપ પાછળ રહેતી હેમાબેન દિનેશભાઈ વાઘેલા (ઉ.વ.૨૫) નામની પરિણિતાએ ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. આ

રાજકીય પક્ષો અને ઉમેદવારો જ ચૂંટણી લડતા હતા પ્રજાને ભાગ્યે જ રસ હતો

ઓછું મતદાનઃ હીટવેવ નાનુ ફેકટર; કોઈ મુદા નહી તે મોટું કારણ

૨૦૧૯ની સરખામણીમાં દેશની પેટર્ન પર ગુજરાતમાં પણ ઓછું મતદાન દર્શાવે છે કે ૨૦૧૪-૨૦૧૯માં જે મુદા હતા તે આ ચૂંટણીમાં જોવા મળ્યા નથી

રાજયમાં ૨૬ બેઠકો પર હેટ્રીક અને પાંચ લાખની લીડના નેરેટીવનો ભાજપે ઓવરડોઝ આપ્યોઃ લોકો તો ઠીક કાર્યકર્તાઓ પણ પક્ષ જીતી ગયો છે તેવું સમજીને મહેનતથી દુર રહ્યાની ખુદ ભાજપમાં ચર્ચા

મંગળસૂત્ર-મુસલમાન-ભેસના ભાગલા અને અનામત જેવા મુદાઓથી ગુજરાત ઘણું આગળ ચાલ્યુ ગયુ છે તે ભાજપ સમજી શકયો નહી અને તેનાથી લોકોને નેગેટીવ ફિલીંગ થઈ

રાજકોટઃ લોકસભા ચૂંટણીમાં ગુજરાતની ૨૫ બેઠકો પર ગઈકાલે 'હીટ-વેવ'ની સ્થિતિ વચ્ચે થયેલા મતદાનથી હવે પરિણામનું સસ્પેન્સ અપાવી દીધુ છે અને આગામી તા.૪ના રોજ મતગણતરી સમયે આ ઓછા મતદાનની અસરથી કોઈ અપસેટ સર્જાતો કે પછી ભાજપની હેટ્રીક જ જોવા મળશે તે ચર્ચા છે એ વાસ્તવિકતા છે કે ૨૦૧૯ કરતા રાજયમાં મતદાન ટકાવારી ઘટી છે.

કોંગ્રેસમાં પક્ષ નહી ઉમેદવાર ચૂંટણી લડી રહ્યા હોય તેવી સ્થિતિ જ નથીઃ પક્ષ માહોલ સર્જી શકયો નહીઃ મુદાઓમાં ફકત મોદી હટાવના જ એજન્ડાઃ અનેક બેઠકો પર ટોકન ફાઈટ જેવા ઉમેદવાર મુક્તા મતદારો નિરાશ થયા

પાંચ વર્ષ પુર્વેની લોકસભા ચૂંટણીમાં ૬૪.૫૧% મતો પડયા હતા અને તેઓ ભાજપે તમામ ૨૬ બેઠકો પર મોટી લીડથી વિજય મેળવ્યો હતો. તે સમયે આ ચૂંટણીમાં ઓછુ મતદાન એ ભાજપ માટે પણ ચિંતા છે. જો કે આ પક્ષના નેતાઓ દાવો કરે છે કે અમારા કમીટેડ મતદારો ઉપરાંત વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ફરી વડાપ્રધાન બનાવવા માટે જેઓ ઈચ્છે છે તેઓએ મતદાન કર્યુ છે અને વિપક્ષો નબળા હતા તેથી તેઓ મતદાન કરાવી શકયા નહી તેથી મતદાન પર અસર પડી છે.

ગુજરાતમાં મતદાન સમયે હીટવેવ હશે તે આગાહી લાંબા સમય પુર્વે થઈ હતી અને તેમાં ભાજપે વહેલા મતદાન માટે તેના જે બૂથ મેનેજમેન્ટની ચિંતા કરી હતી તે કારગર નિવડી નહી હોવાનું પક્ષના સૂત્રો સ્વીકારી રહ્યા છે જે રીતે મતદાન મથકો આસપાસ 'ટેબલ' ગોઠવવા જોઈએ કે સોસાયટી અને ચોકકસ પોકેટના મતદારોનું વોટીંગ થવું જોઈએ તેનો સવારથી જ અભાવ જણાતો હતો અને બપોર થતા જ મતદાનનો પ્રવાહ ઘટવા લાગ્યો હતો અને પછી સાંજે આખરી કલાકોમાં પણ તે જોર પકડી શકયો નહી તે વાસ્તવિકતા છે.

મુદાઓનો અભાવ

દેશમાં લોકસભા ચૂંટણી ફકત ફરી મોદી કે મોદી નહી તેવા જ મુદા પર ચાલી ગઈ છે અને સ્થાનિકથી લઈને રાષ્ટ્રીય મુદાઓનો અભાવ જોવા મળ્યો હતો. સૌથી મહત્વનું એ છે કે રાજયમાં એક માત્ર બનાસકાંઠા બેઠક પર જ ૨૦૧૯ કરતા વધુ મતદાન થયુ તેમાં હવે ઉમેદવારોની ભૂમિકા મહત્વની બની હોવાનું માનવામાં આવે છે. લોકસભા ચૂંટણીમાં જે રીતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની છ રેલીઓ પર જ ભાજપ કોઈ મુદા સર્જવા આધારીત હતો અથવા મોદીને ફરી વડાપ્રધાન બનાવવા માટે મત માંગ્યા હતા. ભાજપે આ ચૂંટણીના પ્રારંભે જ જે રીતે ત્રીજી ટર્મ નિશ્ચિત હોવાનો નેરેટીવ બનાવ્યો અને ફકત ૪૦૦ને પાર માટે જ અને પાંચ લાખની લીડ જ જોઈએ તે નેરેટીવ બનાવ્યો પછી કોઈ એવા મુદા મુકયા નહી કે લોકોને તે માટે મતદાન કરવા માટે પણ પ્રેરણા મળે. આ માટે રસપ્રદ વિશ્લેષણમાં એવું કહેવાયું કે જેમાં એવું માનવા લાગ્યા કે મોદી ફરી આવવાના જ છે તેઓમાં એક વર્ગ મતદાનથી દુર રહ્યો. આપણા પક્ષની જરૂર નથી તે ભાવ પણ થોડો કામ કરી ગયો તો બીજો વર્ગ એ કે જેઓ નેગેટીવ હતા કે આપણા મતથી હારવાનો નથી તેથી મત આપવા ગયા નહી તે પણ ઓછા મતદાનનું એક કારણ છે. ભાજપે તેનો ૪૦૦ પાર પાંચ લાખની લીડનો જે નેરેટીવ ઓવર ચગાવ્યો તે પણ લોકોને નિરઉત્સાહ કરી ગયો તો તેના કારણે કાર્યકર્તાઓની આક્રમકતા ઘટી ગઈ હતી અને તેમાં કોંગ્રેસ પાસે અનેક બેઠકો પર ફકત ટોકન ફાઈટ આપી નહી હોવા જેવા જ ઉમેદવાર મૂકયા હતા તે પણ એક કારણ બની રહ્યું હોવાનું માનવામાં આવે છે તો ભાજપમાં જે રીતે પેરેશુટ ઉમેદવાર મુકાયા કે મોદીના નામે કમળ પર મત પડશે તેવું નિશ્ચિત કરીને જેઓ પ્રજા સાથે સંપર્ક નહીવત હોય તેવા ચહેરાને ઉમેદવાર બનાવ્યા તેનાથી પણ મતદાનનો ઉત્સાહ ઘટયો. ઉમેદવારને ચુંટવા નહી પણ મોદીને હરાવવા કે જીતાડવા જ મતદાન કરાયુ હતું. ગુજરાતમાં મંગળસૂત્ર કે ભેસ જેવા મુદા અથવા તો અનામત- હિન્દુ મુસ્લીમ જેવા મુદાઓ ગુજરાતમાં અસરકારક નિવડતા નથી અને રામમંદિર એ ઘસાઈ ગયેલો મુદો છે તેવું રાજકીય વિશ્લેષણ થયું છે અને ગુજરાત નવી સમૃદ્ધિ, નવા પ્રોજેકટ ઈચ્છે છે પણ તેવું કંઈ પ્રેઝન્ટેશન ભાજપ મતદારો સમક્ષ કરવામાં નિષ્ફળ રહ્યા છે.

ક્રીમ બેઠકો પર મતદાન ઘટયું

વડાપ્રધાન નરેન્દ્ર મોદી કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના પ્રભાવવાળા મતક્ષેત્ર ગાંધીનગર-અમદાવાદ પુર્વ અને પશ્ચીમ મતદાન પથી ૬% ઘટયુ છે અને ખાસ કરીને અમદાવાદમાં જે રીતે ઘાટલોડીયા સહિતના મતવિસ્તારોમાં મતદાન ઘટયું તેનો ભાજપ પાસે પણ જવાબ નથી. આ તમામ બેઠકો પર જીત નિશ્ચિત છે અને મોદી-શાહ-ભુપેન્દ્ર પટેલના મતક્ષેત્રોના મતદારો પુરી રીતે પણ બહાર આવ્યા નહી.

કોંગ્રેસ ફેકટર

ભાજપથી સાવ ઉંધુ કોંગ્રેસમાં પક્ષ નહી ઉમેદવાર ચૂંટણી લડી રહ્યા હોય તેવું દ્રશ્ય હતું અને તેથી બનાસકાંઠા જયાં સૌથી વધુ મતદાન ૨૦૧૯ કરતા વધુ થયુ તે કોંગ્રેસની આક્રમકતા ને કારણે હોવાનું માનવામાં આવે છે. ભરૂચમાં ૨૦૧૯ના ૭૭.૫૫% મતદાન સામે આ ચૂંટણીમાં ૬૮.૫૫% મતો પડયા તેમાં આ બેઠક

ભરૂચ-ભાવનગર જેવી બેઠકોમાં સમજુતી છતાં 'આપ' એકલી જ લડી રહી હોય તેવા માહોલ પણ મતદાન ઘટાડી ગયો

લોકોને ચૂંટણીમાં રસ ઘટી ગયો છેઃ ડો. કાનાબાર

અમરેલીમાં સૌથી ઓછુ મતદાનઃ ઉમેદવારથી લઈ અનેક ફેકટરો જવાબદાર

ભાજપે સૌને ચોંકાવે તેવા ચહેરાને ચૂંટણી લડવા પસંદ કર્યાઃ કોંગ્રેસ પક્ષે જેનીબેન ઠુમરને તેમની તાકાત પર ચુંટણી લડવા કહ્યું

રાજકોટઃ સૌરાષ્ટ્રમાં અને સમગ્ર ગુજરાતમાં અમરેલી લોકસભા બેઠક પર રાજયમાં સૌથી ઓછું મતદાન ભાજપમાં પણ ચર્ચાનું કારણ બની ગયું છે અને ખાસ કરીને આ બેઠક પર લોકલ ફેકટરની ભૂમિકાની ચર્ચા છે. સૌ પ્રથમ તો આ બેઠક પરના ઉમેદવાર જાહેર કરવામાં ભાજપે વિલંબ કર્યો હતો અને અંતે જીલ્લા પંચાયતના પ્રમુખ ભરતભાઈ સુતરીયાને ટિકીટ આપી સમગ્ર અમરેલી પંથકમાં આંચકો આપ્યો હતો. પક્ષના સિનીયર નેતા અને અમરેલી વિસ્તારમાં જાણીતા ડો. ભરતભાઈ કાનાબાર કહે છે કે લોકો કોના માટે મતદાન કરે તે પ્રશ્ન હતો અને જે મતદાન થયુ છે તે મોદી માટે હતું. ગરમી ફેકટરની ભૂમિકા હતી પણ તે પાછળ ઓછું મતદાન કરાવી શકે તેટલી પ્રભાવી ન હતી. બન્ને ઉમેદવારો ચૂંટણીનો માહોલ સર્જી શકયા નહી અને કોઈ મોટી સભા કે રેલી કે કોઈ સ્ટાર પ્રચારક પણ નહી આવતા ચૂંટણી રસહીન બની ગઈ હતી. તેઓએ એક ચોંકાવનારા વિધાનમાં કહ્યું કે લોકોને ચૂંટણીમાં રસ ઘટી રહ્યો છે તે ચિંતાજનક છે. એક તબકકે સુરતમાં ભાજપને બિનહરીફ બેઠક મળતા હવે અમરેલીમાંથી જે સુરતમાં સ્થાયી થયા છે તેઓ હવે આ જીલ્લા અને ભાવનગરમાં પ્રચાર માટે આવશે તેવા સંકેત હતા પણ તેવું કઈ થયુ નહી અને અગાઉ સુરતથી બસો ભરીને અમરેલી ભાવનગરમાં જે રીતે પહોંચતા હતા તેવું થયું નથી અને સૌથી મોટુ આ બેઠક પર પક્ષના જૂના જોગીઓની જે અવગણના થઈ તે પણ ભૂમિકા ભજવી ગયું છે. દિલીપ સંઘાણી જેવા લોકસભા અને રાજયસભામાં પ્રતિનિધિત્વ કરી ચૂકેલા નેતાઓને પણ છેલ્લા દિવસ સુધી તેઓ અમરેલીમાં હોવા છતાં પ્રચારમાં કે લોકસંપર્કમાં પણ બોલાયા ન હતા તેવી ચર્ચા ભાજપમાં થઈ છે. આ જ રીતે ડો. કાનાબાર સહિતના અનેક નેતાઓની પણ અવગણના થઈ કે જેઓ લોકમિજાજ પારખતા હતા જયારે રૂપાલા કેમ્પ પુરેપુરી રીતે રાજકોટમાં પહોંચી ગયું અને તેના કારણે પણ મતદાન પર અસર પડી હતી. કોંગ્રેસ પક્ષ તેના કાયમના દર્દથી પીડાય છે. પક્ષ અહી ભાગ્યે જ ચૂંટણી લડતો હતો અને જેનીબેન ઠુમર અને વિરજીભાઈ ઠુમર એ તમામ તાકાત લગાવી પરંતુ જે રીતે ભાજપ અગાઉ અમરીશ ડેર સહિતના અગ્રણીઓ ભાજપમાં જોડાઈ ગયા તેના કારણે કોંગ્રેસને જીલ્લામાં નેતૃત્વની જે ખોટ થઈ છે તે ચૂંટણીમાં નજરે ચડી હતી.

કોઈ સ્ટાર પ્રચારક નહીઃ ફી થયેલા સુરતની ઈફેકટ પણ અમરેલીમાં ન દેખાઈ

દિલીપ સંઘાણી સહિતના નેતાઓની ઉપેક્ષાઃ રૂપાલા જૂથ પુરેપુરુ રાજકોટમાં ખડકાઈ ગયુ

પર 'ઈન્ડી' ગઠબંધનની સમજુતીના ભાગરૂપે આમ આદમી પાર્ટીને લડવા અપાઈ હતી જયાં ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા ઉમેદવાર હતા પણ કોંગ્રેસ પક્ષ છેલ્લે સુધી તેને સાથ આપતો હોય તેવું ચિત્ર ન હતું.

પ્રિયંકા ગાંધી પણ આવ્યા તો પણ આ ક્ષેત્રમાં નહીં વલસાડમાં ગયા અને જેનીબેન માટે બનાસકાંઠામાં પ્રચાર કર્યો. ભાવનગરમાં પણ કોંગ્રેસ પક્ષ જે રીતે પ્રચારમાં જોડાવાથી દુર રહ્યો છે તે પણ એક કારણ ગણાય છે.

ક્ષત્રિય ઈફેકટ

રાજયમાં ચૂંટણી સમયે જ સર્જાયેલા ક્ષત્રિય વિવાદમાં અનેક બેઠકો પર ક્ષત્રિયોના સામુહિક મતદાનના દ્રશ્યો જોવા મળ્યા. ભાજપે ક્ષત્રિય સમાજમાં ભાગલા પાડવા પ્રયાસો કર્યા છતાં આક્રમક મતદાન થયુ છે કે કેમ તે પ્રશ્ન છે. હવે આ સમુદાયનું મતદાન કેટલું અસરકારક બની શકે છે તે પ્રશ્ન છે તો તેની સામે કોઈ બેઠક પર પાટીદાર કે અન્ય સમાજ તેટલો આક્રમક ન હતો. વલસાડમાં મતદાન હતા. ચૂંટણીમાં સૌથી વધુ થયુ તેમાં આ બેઠક પર ભાજપ માટે 'જોખમ' વધ્યુ છે. અહી ૨૦૧૯ના ૭૫.૪૮% સામે આ વખતે ૭૨.૨૪% થયુ છતા પુરા રાજયમાં તે સૌથી વધુ રહ્યું તે નોંધ લેવી પડે એકંદરે આ ચૂંટણી રાજકીય પક્ષો અને ઉમેદવાર લડી રહ્યા હતા તે માહોલ મતદારોને નિરૂત્સાહી કરી ગયો હોવાનું માનવામાં આવે છે.

અમદાવાદ-ગાંધીનગર-મહેસાણા સહિતની અનેક બેઠકો પર ભાજપના કમીટેડ મતદારો નિકળ્યા તે સ્વીકાર્ય પણ રાજયભરમાં આ ફોર્મ્યુલા લાગુ પાડી શકાય નહી

વલસાડમાં ગત ચુંટણી કરતા ઓછું છતાં ૭૦% પ્લસ મતદાન- બનાસકાંઠામાં ગત ચૂંટણી કરતા વધુ મતદાનથી રસપ્રદ સ્થિતિઃ વિપક્ષને આ પોકેટમાંજ આશા

ગરમી છતા ભાજપનું બુથ મેનેજમેન્ટ તે રીતે ગોઠવાયુ નહી, કાર્યકર્તાઓને સતત ઓવરકોન્ફીડન્સનો ડોઝ અપાતા તેઓ પણ મતદારોને ખેચી શકયા નહી

ઈવીએમમાં 'ખેલ' પાડી વધુ વોટ અપાવીશઃ સેનાના જવાને નેતા પાસે અઢી કરોડ માગ્યા!

મહારાષ્ટ્રના શિવસેના (યુબીટી)ના નેતાએ જવાનના દાવા મામલે પોલીસમાં ફરિયાદ કરતા ધરપકડઃકરજ ઉતારવા તરકટ રચ્યાનો ખુલાસો

સંભાજીનગર (મહારાષ્ટ્ર) તા.૮

ઈવીએમમાં ચેડા થઈ શકે છે, હેક થઈ શકે છે તેવા ઈવીએમ સામે અનેક લોકો આરોપ લગાવે છે પણ આ મામલે ચૂંટણીપંચે અને સુપ્રીમ કોર્ટે પણ જાહેર કર્યુ છે કે આવું કંઈ થતું નથી ત્યારે સંભાજીનગરમાં ઈવીએમ હેક કરવાને બહાને શિવસેના (ઉધ્ધવ બાલ ઠાકરે)ના એક નેતા પાસેથી અઢી કરોડ ખંખેરવાનો કારસો સેનાના એક જવાને કર્યો હતો પણ નેતાએ આ મામલે પોલીસમાં ફરિયાદ કરતા પોલીસે સેનાના જવાનની ધરપકડ કરવામાં આવી છે. કરજમાં ડૂબેલા આ જવાને બાદમાં એવી કબુલાત કરી હતી કે તે ઈવીએમ બાબતે કંઈ જાણતો નથી.

આ અંગે વધુમાં જાણવા મળતી વિગત મુજબ સેનાના જવાન માફતિ ધાક (૩.૪૨)એ શિવસેના (યુબીટી)ના નેતા અને મહારાષ્ટ્ર વિધાન પરિષદના વિપક્ષી નેતા અંબાદાસ દાનવે સમક્ષ માફતિએ દાવો કર્યો હતો કે તે ઈવીએમમાં ખેલ (હેક) કરીને કોઈ ઉમેદવારને વધારે વોટ અપાવી શકે છે. આ માટે માફતિએ અઢી કરોડ રૂપિયાની માંગ કરી હતી. અંબાદાસ દાનવેએ આ મામલે પોલીસને જાણ કરતા પોલીસે છટકુ ગોઠવીને માફતીની ધરપકડ કરી હતી. પોલીસની પૂછપરછમાં તેણે જણાવ્યું હતું કે તે કરજમાં ડૂબેલો છે તેને ઈવીએમની કોઈ જાણકારી નથી. કરજ ઉતારવા તેણે આ ચાલ ચાલી હતી.

નીરવ મોદીની જામીન અરજી પમી વખત ફગાવીઃ લંડન કોર્ટે કહ્યું- જો જામીન આપવામાં આવે તો તે તપાસ અને સાક્ષીઓને પ્રભાવિત કરી શકે

લંડનઃ PNB કૌભાંડ કેસના મુખ્ય આરોપી ભાગેડુ નીરવ મોદીની જામીન અરજી ફગાવી દેવામાં આવી છે. તેણે ૧૬ એપ્રિલ ૨૦૨૪ના રોજ લંડનની વેસ્ટમિન્સ્ટર મેજિસ્ટ્રેટ કોર્ટમાં ૫ વખત અરજી કરી હતી

નીરવ છેલ્લા પાંચ વર્ષથી જેલમાં છે. લાંબી જેલની સજાને ટાંટીને તેણે પાંચમી વખત અરજી કરી હતી. તેમની અગાઉની અરજી સાડા ત્રણ વર્ષ પહેલા ફગાવી દેવામાં આવી હતી.

સુનાવણી દરમિયાન ડિસ્ટ્રિક્ટ જજ જોન જાનીએ કહ્યું કે જામીન સામે પૂરતા આધાર છે. જો તેને જામીન મળે તો તે તપાસ અને સાક્ષીઓને પ્રભાવિત કરી શકે છે.જજે કહ્યું કે નીરવ સામે છેતરપિંડીનો મોટો આરોપ છે. આ મામૂલી કેસ નથી જેમાં જામીન આપી શકાય. કોર્ટમાં સુનાવણી દરમિયાન નીરવ પોતે હાજર થયો ન હતો. જોકે, તેમનો પુત્ર અને બે પુત્રીઓ ગેલેરીમાં હાજર હતા.નીરવ મોદી પર PNB પાસેથી

લોન લઈને લગભગ ૧૪ હજાર કરોડ રૂપિયાની છેતરપિંડીનો આરોપ છે. કૌભાંડ પ્રકાશમાં આવ્યા બાદ તે જાન્યુઆરી ૨૦૧૮માં દેશ છોડીને ભાગી ગયો હતો. નીરવની ૧૯ માર્ચ ૨૦૧૯ના રોજ દક્ષિણ-પશ્ચિમ લંડનમાંથી ધરપકડ કરવામાં આવી હતી.

ED-CBIની સંયુક્ત ટીમ સુનાવણી માટે લંડન પહોંચી હતી : ભારતમાં નીરવ વિરુદ્ધ છેતરપિંડીના ત્રણ કેસ છે. પંજાબ નેશનલ બેંક (PNB) સાથે છેતરપિંડીનો CBI કેસ છે તો બીજું, પીએનબી કેસ મની લોન્ડરિંગનો કેસ છે અને ત્રીજું, સીબીઆઈની કાર્યવાહીમાં પુરાવા અને સાક્ષીઓ સાથે છેડછાડનો કેસ છે.

ED-CBIએ પણ નીરવના જામીન પર પોતાનું વલણ રજૂ કર્યું હતું. બંને એજન્સીઓની સંયુક્ત ટીમ લંડનની વેસ્ટમિન્સ્ટર કોર્ટ પહોંચી હતી. સત્તાધીશોએ જામીનનો વિરોધ કર્યો હતો.

ઉનાળામાં ગરમી-લુથી બચવા તમારે ક્યાં ફળો ખાવા જોઈએઃ સમજવા જેવી વાત

તરબુચ, દ્રાક્ષ, કાકડી, ટમેટા, નારંગી જેવા ફળો ઉનાળામાં શરીરમાં પાણીનો વધારો કરે છે જે મુખ્ય છે

અત્યારે સખ્ત ગરમી અને લુને કારણે બહાર નીકળવું મુશ્કેલ બન્યું છે. ખાસ કરીને નાના બાળકોનું ધ્યાન રાખવું જરૂરી છે. અત્યારે જ્યારે ધૂપમાં અને ખાસ કરીને 'લુ' વખતે બહાર હો, ત્યારે જે ફળોમાં વધુને વધુ પાણીનો ભાગ હોય અને જે વિટામીન્સ પણ આપે તેવો ફળોનો ઉપયોગ વધુ કરવો જોઈએ. આ ફળો તમને હાઈડ્રેટેડ રહેવામાં મદદ કરે છે. સાથે સાથે શરીરમાં ઠંડક આપે છે અને તમને તાજા રાખે છે.

★ તરબૂચ અને તરબૂચમાં ૮૦ થી ૯૦ ટકા પાણી હોય છે. આ ખાવાથી માત્ર હાઈડ્રેટેડ રહેવામાં જ મદદ નથી થતી, પરંતુ તે શરીરને ઠંડુ અને તાજુ પણ રાખે છે. આ ફળો હાઈ બીપીને કંટ્રોલ કરવા ઉપરાંત હૃદયને પણ સ્વસ્થ રાખે છે. તેમાં મળી આવતા પોષક તત્વો શરીરને અનેક રીતે લાભ આપે છે.

★ ૧૦૦ ગ્રામ તરબૂચમાં પાણીનું પ્રમાણ ૯૦.૧૫ ટકા છે. તરબૂચમાં વિટામીન એ અને સી હોય છે. આ ખાવાથી આંખોની રોશની મજબૂત થાય છે.

★ દ્રાક્ષમાં લાઈકોપીન હોય છે જે તત્વચાને અલ્ટ્રાવાયોલેટ કિરણોની હાનિકારક અસરોથી બચાવે છે. ૧૦૦ ગ્રામ દ્રાક્ષમાં ૮૪.૨૯ ગ્રામ પાણી હોય છે. દ્રાક્ષમાં વિટામિન સી હોય છે, જે રોગપ્રતિકારક શક્તિ વદારવામાં મદદ કરે છે તે મદદરૂપ છે.

★ કાકડીઓ લગભગ ૯૬% પાણીથી બનેલી હોય છે. તેમાં કેલરી પણ ઓછી હોય છે અને તે વિટામિન અને ફાઈબરની સ્ત્રોત છે. ટામેટા લગભગ ૯૫% પાણીથી બનેલા હોય છે. ટામેટા પણ વિટામિન એ નો સારો સ્ત્રોત છે જે તમારી ત્વચા, આંખો અને રોગપ્રતિકારક શક્તિને સ્વસ્થ રાખવા માટે મહત્વપૂર્ણ છે.

★ નારંગીમાં ૮૬% પાણી હોય છે. તેમાં વિટામિન સી મળી આવે છે. તે એક એન્ટીઓક્સિડન્ટ છે. જે સ્નાયુઓ, હાડકા, કરોડરજ્જુ, ધમનીઓ અને ત્વચાની સંભાળ રાખવામાં અત્યંત મદદરૂપ સાબિત થાય છે.

મંગળવારે જંગલમાં વધુ ૬૮ આગના બનાવો

ઉતરાખંડમાં દાવાનળના કહેરથી ચિંતા વધીઃ સીએમના કાર્યક્રમો સ્થગીત, આજે સમીક્ષા બેઠક

જંગલમાં આગ લગાડનાર અરાજક તત્વો સામે કઠોર પગલા લેવામાં આવશેઃ મુખ્યમંત્રી

દહેરાદૂન તા.૮

ઉતરાખંડના જંગલોમાં દાવાનળનો દોર ગઈકાલે પણ ચાલુ રહ્યો હતો. એક દિવસમાં અહી જંગલમાં આગ લાગવાની ૬૮ જેટલી ઘટનાઓ બની હતી. અત્યાર સુધીમાં ૧૩૧૬ હેકટર જંગલ આગની ઝપટમાં આવી ચૂકયા છે. જંગલના આગની વધતી ઘટનાઓને જોતા સીએમ ધામીએ આજે બેઠક કરી હતી.

મુખ્યમંત્રી ધામીએ જણાવ્યું હતું કે રાજય સરકાર જંગલમાં આગ લગાવનાર અરાજક તત્વોની સામે કઠોર કાર્યવાહી કરશે. વનાગ્નિ પર કાબુ પામવા

માટે દરેક મોરચે કામ થઈ રહ્યું છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે સેનાની સહાયની સાથે સાથે અધિકારીઓને પણ ગ્રાઉન્ડ ઝીરો પર જઈને આગ પર નિયંત્રણ કરવાના નિર્દેશ અપાયા છે.

તેમણે જણાવ્યું હતું કે જંગલની આગ અમારા માટે પડકાર છે. આગ બુઝાવવાના બધા વિકલ્પ પર અમે કામ કરી રહ્યા છે.

ગુજરાતમાં કુલ મતદાન ૫૯.૪૯%, મોડી રાત્રે આંકડા જાહેર કરતું ચૂંટણી પંચ : ૨૦૧૯માં ૬૪.૫૧% હતું

સૌથી વધારે મતદાન વલસાડમાં, સૌથી ઓછું અમરેલીમાં

બેઠક -	૨૦૨૪ મતદાન - (૨૦૧૯)
કચ્છ -	૫૫.૦૫% (૫૮.૭૧%)
બનાસકાંઠા -	૬૮.૪૪% (૬૫.૦૩%)
પાટણ -	૫૭.૮૮% (૬૨.૪૫%)
મહેસાણા -	૫૯.૦૪% (૬૫.૭૮%)
સાબરકાંઠા -	૬૩.૦૪% (૬૭.૭૭%)
ગાંધીનગર -	૫૯.૧૯% (૬૬.૦૮%)
અમદાવાદ પૂર્વ -	૫૪.૦૪% (૬૧.૭૬%)
અમદાવાદ પશ્ચિમ -	૫૪.૪૩% (૬૦.૮૧%)
સુરેન્દ્રનગર -	૫૪.૪૫% (૫૮.૪૧%)
રાજકોટ -	૫૯.૬૦% (૬૩.૪૯%)
પોરબંદર -	૫૧.૭૯% (૫૭.૨૧%)
જામનગર -	૫૭.૧૭% (૬૧.૦૩%)
જુનાગઢ -	૫૮.૮૦% (૬૧.૩૧%)
અમરેલી -	૪૯.૨૨% (૫૫.૯૭%)
ભાવનગર -	૫૨.૦૧% (૫૯.૦૫%)
આણંદ -	૬૨.૯૬% (૬૭.૦૪%)
ખેડા -	૫૭.૪૩% (૬૧.૦૪%)
પંચમહાલ -	૫૮.૬૫% (૬૨.૨૩%)
દાહોદ -	૫૮.૬૬% (૬૬.૫૭%)
વડોદરા -	૬૧.૩૩% (૬૮.૧૮%)
છોટા ઉદેપુર -	૬૭.૭૮% (૭૩.૯૦%)
ભરૂચ -	૬૮.૭૫% (૭૩.૫૫ %)
બારડોલી -	૬૪.૫૯% (૭૩.૮૯%)
નવસારી -	૫૯.૬૬ % (૬૬.૪૦%)
વલસાડ -	૭૨.૨૪ % (૭૫.૪૮%)

૨૬ બેઠકમાંથી માત્ર બનાસકાંઠા બેઠક પર ૨૦૧૯ કરતા મતદાન વધુ થયું

મિલ્કતોના જીઓ ટેગીંગની કામગીરીમાં ગોટાળા : રી-સર્વેના આદેશો

એજન્સીએ સુપ્રત કરેલા લીસ્ટમાંથી ૫૯ હજારથી વધુ પ્રોપર્ટી રીજેક્ટ : ૧.૯૭ લાખ ડેટા માન્ય : હજુ ૧.૮૩ લાખનું કામ બાકી : મનપા જાતે વેરીફીકેશન કરશે

રાજકોટ, તા. ૮

રાજકોટ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા પુરા શહેરની મિલ્કતોના જીઓ ટેગીંગ કરવાની કામગીરી એજન્સી મારફત ચાલી રહી છે. ભુતકાળની જેમ આ મિલ્કતોની વિગતો ગુગલ મેપ સાથે ઓનલાઇન પર લેવા માટેની કામગીરીમાં ક્ષતિ હોવાની ફરિયાદો ચાલુ રહી છે. તાજેતરમાં રીજેક્ટ થયેલી મિલ્કતોનું લીસ્ટ કમિશ્નર પાસે મુકવામાં આવતા તેમને આવી મિલ્કતોના ફરી સર્વે માટે આદેશ આપ્યા છે.

મનપાએ ખાનગી એજન્સીને સાડા ચાર લાખ જેટલી પ્રોપર્ટીની યાદી આપી છે તેમાંથી બે લાખ જેટલી મિલ્કતોનું કામ ઓકે થયું છે. તો ૬૦ હજાર જેટલી મિલ્કતમાં ફરી કામ કરવા જણાવાયું છે.

મનપાની ટેક્સ બ્રાંચમાંથી મળતી વિગતો મુજબ કોર્પોરેશનના આઇટી વિભાગ હેઠળ રાજકોટની તમામ મિલ્કતોના જીઓ ટેગીંગનું કામ કરાઇ રહ્યું છે. આ મિલ્કતોની ભૌગોલિક સ્થિતિ, બાકી કરવેરાઓ, પાઇપલાઇન સહિતની જુદી જુદી સુવિધાઓ સાથેના મેપ બનાવવામાં આવી રહ્યા છે. આ ડેટા તૈયાર થાય એટલે માત્ર એક કલીક પર રાજકોટની કોઇ પણ મિલ્કતની હિસ્ટ્રી મનપા પાસે રહેશે.

મ્યુનિ. કોર્પોરેશને રાજકોટના જુદા જુદા ૧૮ વોર્ડની ૪૪૦૪૯૨ મિલ્કતોનું લીસ્ટ ખાનગી સર્વે એજન્સીને આપ્યું હતું. આ પૈકી થયેલી કામગીરીમાંથી ૧૯૭૬૨૨ મિલ્કતોની જીઓ ટેગીંગની કામગીરી માન્ય રાખવામાં આવી છે તો ૫૯૫૧૭ પ્રોપર્ટીના ડેટા રીજેક્ટ કરવામાં આવ્યા છે. વોર્ડ નં.૮માં સૌથી વધુ ૧૬૩૬૬ મિલ્કતનો ડેટા અમાન્ય કર્યો છે. અમીન માર્ગ, કાલાવડ રોડ સહિતના પોશ એરીયા આ વોર્ડ નં.૮માં આવે છે તે ઉલ્લેખનીય છે.

આ સિવાય રેલનગર, પોપટપરા સહિતના વોર્ડ નં.૩માં ૮૭૮૮, જુના રાજકોટના વેપારી વિસ્તાર સહિતના વોર્ડ નં.૭માં ૫૪૮૮, ૧૫૦ ફુટ રોડ પર લાગુ સાધુ વાસવાણી રોડ સુધીના વોર્ડ નં.૯માં ૪૮૨૬, કેનાલ રોડ, ગુંદાવાડી, સોરઠીયાવાડી સહિતના વોર્ડ નં.૧૪માં ૪૭૧૩, આજી નદી કાંઠા આજુબાજુના વોર્ડ નં.૧૫માં ૪૧૨૧ મિલ્કતનો ડેટા અમાન્ય રહ્યો છે.

આમ જુદા જુદા ૧૮ વોર્ડમાં કુલ ૫૯ હજાર જેટલી મિલ્કતોનો રીપોર્ટ રીજેક્ટ થતા તેના ફરીથી ટેગીંગની કામગીરી કરવા સુચના આપવામાં આવી છે. હજુ ૧૮૩૮૦૩ મિલ્કતોની કામગીરી તો સંપૂર્ણપણે બાકી જ છે. ભુતકાળમાં કાર્પેટ એરીયા મુજબ કરવામાં આવેલી પ્રોપર્ટી સર્વેની મોટી કામગીરીમાં પણ અનેક ક્ષતિઓ સામે આવી હતી. તે વખતે પણ ફરી સર્વે થયા હતા. એજન્સીના કામ ઉપર મનપા જાતે ક્રોસ કામગીરી કરતી હતી. હવે જીઓ ટેગીંગનો ડેટા ગુગલ મેપ સાથે જોડવાનો હોય, આ કામગીરી પણ મનપા ચોકસાઇથી કરે અને ક્રોસ કામગીરી પણ કરે તેવી વ્યવસ્થાઓ કરવામાં આવી છે.

કયા વોર્ડમાં કેટલી પ્રોપર્ટી રીજેક્ટ

વોર્ડ નં.	સંખ્યા
૩	૮૭૮૮
૪	૪૬૪
૫	૧૮૦૧
૭	૫૪૮૮
૮	૧૬૩૬૬
૯	૪૮૨૬
૧૦	૨૪૬૯
૧૨	૩૨૯૬
૧૩	૧૦૪
૧૪	૪૭૧૩
૧૫	૪૧૨૧
૧૬	૩૪૪૭
૧૭	૧૭૪૯
૧૮	૧૮૮૫
કુલ	૫૯૫૧૭

રાહુલ ગાંધીએ હવે ઈટાલી ચાલ્યા જવું જોઇએ : અમિત શાહ

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ અમેઠી છોડીને વાયનાડ બેઠક પર ચૂંટણી લડવાનો નિર્ણય લીધો અને રાયબરેલી પણ ન આવ્યા તેના પર કટાક્ષ કરતા ભાજપના વરિષ્ઠ નેતા અમિત શાહે કહ્યું કે રાહુલ ગાંધીએ હવે ઇટાલીમાં જ વસી જવું જોઇએ.

મોદી હવે તેના મિત્રો પર હુમલો કરે છે તે પરાજયની નિશાની : ખડગે

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જે રીતે અદાણી-અંબાણી મુદ્દે રાહુલ ગાંધીને આડે હાથે લીધા તેના પર પ્રતિભાવ આપતા કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે જે રીતે વડાપ્રધાન હવે તેમના મિત્રો ઉપર પર પ્રહાર કરવા લાગ્યા છે તે દર્શાવે છે કે ત્રણ તબક્કા બાદ ભાજપની ચિંતા વધી ગઇ છે તેઓ પરાજીત થઇ રહ્યા છે.

રાજકોટ લોકસભા બેઠકની છેલ્લી ત્રણ ચૂંટણીમાં સૌથી ઓછુ મતદાન

વર્ષ ૨૦૧૪માં ૬૩.૮૯ ટકા, ૨૦૧૯માં ૬૩.૧૫ ટકા થયેલા મતદાન બાદ ૨૦૨૪માં ૫૯.૬૦ ટકા મતદાન થતાં ગાબડુ

રાજકોટ, તા.૮

રાજકોટ લોકસભા બેઠકની છેલ્લી ત્રણ ચૂંટણીઓમાં આ વખતે સૌથી ઓછુ મતદાન થવા પામ્યું છે. જો કે તેની પાછળ કાળઝાળ ગરમી, મતદારોની નિરસતા, ક્ષત્રિય આંદોલન સહિતના અનેક ફેક્ટર ભાગ ભજવી ગયા છે.

રાજકોટ લોકસભા બેઠકની વર્ષ ૨૦૧૪ની ચૂંટણીમાં ૬૩.૮૯ ટકા, ૨૦૧૯ની ચૂંટણીમાં ૬૩.૧૫ ટકા અને આ વખતે એટલે કે વર્ષ ૨૦૨૪ની ચૂંટણીમાં મતદાનની ટકાવારી ઘટીને ૫૯.૬૦ ટકા થવા પામી છે.

વર્ષ ૨૦૧૪ની રાજકોટ લોકસભા બેઠકની ચૂંટણીમાં ભાજપના મોહનભાઇ કુંડારીયા અને તેની સામે કોંગ્રેસ તરફથી કુંવરજીભાઇ બાવળીયા મેદાનમાં ઉતર્યા હતાં. જ્યારે ૨૦૧૯ની ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર મોહન કુંડારીયા સામે કોંગ્રેસના લલિત કગથરા વચ્ચે કસોકસનો જંગ ખેલાયો હતો. જ્યારે આ વખતની ચૂંટણીમાં ભાજપના પરસોતમ રૂપાલા સામે કોંગ્રેસના પરેશ ધાનાણી મેદાનમાં ઉતરતાં અમરેલીના આ બંને ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ ખેલાયો હતો. જો કે આ વખતે ક્ષત્રિય આંદોલનનું ફેક્ટર મહત્વનો ભાગ ભજવી ગયો હોય હવે ચૂંટણીના પરિણામો તરફ સૌની મીટ મંડાયેલી છે. વર્ષ ૨૦૧૪ રાજકોટની બેઠકની ચૂંટણીમાં ૬૩.૫૯ ટકા મતદાન થવા પામેલ હતું જેમાં ટંકારામાં ૬૫.૪૮, વાંકાનેરમાં ૬૪.૧૫, રાજકોટ ઈસ્ટમાં ૬૪.૩૦, રાજકોટ વેસ્ટમાં ૬૪.૫૪, રાજકોટ સાઉથમાં ૬૪.૫૨, રાજકોટ રૂરલમાં ૫૯.૬૮ અને જસદણ વિધાનસભા વિસ્તારમાં ૬૨.૬૩ ટકા મતદાન થવા પામેલ હતું.

ત્યારે ૨૦૧૯ની ચૂંટણીમાં ૬૩.૧૫ મતદાન થવા પામેલ હતું. જેમાં ટંકારામાં ૬૭.૬૪, વાંકાનેરમાં ૬૬.૦૯, રાજકોટ ઈસ્ટમાં ૬૩.૭૪, રાજકોટ વેસ્ટમાં ૬૪.૭૦, રાજકોટ સાઉથમાં ૬૩.૭૩, રાજકોટ રૂરલમાં ૬૧.૪૭ અને જસદણમાં ૫૪.૩૫ ટકા મતદાન થવા પામેલ હતું. જ્યારે આ વખતે ૫૯.૬૦ ટકા મતદાન થતાં છેલ્લા ત્રણ વર્ષની ચૂંટણીના મતદાનની ટકાવારીની સાપેક્ષમાં ખાસ્સું ગાબડું પડી જવા પામેલ છે. અહીં ઉલ્લેખનીય છે કે રાજકોટ લોકસભા બેઠકની આ વખતે તૈયાર થયેલી મતદાર યાદીમાં અનેકક્ષતિઓ થવાની ફરિયાદો પણ ઉઠવા પામેલ છે. જેમાં દિવગંત મતદારો અને રાજકોટ લોકસભા બેઠક વિસ્તારમાંથી અન્ય સ્થળો પર સ્થળાંતર કરી ગયેલા મતદારોના નામો કમી કરાયા ન હોવાનું ખુલ્યું છે.

બોયફ્રેન્ડ સાથેના શરીર સંબંધથી રહેલા ગર્ભને પાડવા યુવતીએ દવા પીધી, તબિયત લથડતા ઝનાનામાં દાખલ

તબિયત બગડી એટલે પરિવારને સત્ય હકીકત જાણ થઈ, પણ ફરિયાદ ન નોંધવા પોલીસને નિવેદન આપ્યું

૨૦ વર્ષીય યુવતીને રાત્રે દોઢ વાગ્યે અચાનક દુઃખાવો ઉપડતા ઝનાના હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી

રાજકોટ, તા.૮

રાજકોટમાં રહેતી એક ૨૦ વર્ષની યુવતીને બોય ફ્રેન્ડ સાથેના શરીર સંબંધથી ગર્ભ રહી ગયો હતો. પરિવારને જાણ થઈ જશે. તેવા ડરથી આ ગર્ભ પાડવા યુવતીએ બજારમાંથી લીધેલી દવા પીધી હતી. જેથી અચાનક તબિયત લથડતા ઝનાના હોસ્પિટલમાં દાખલ કરાઈ હતી. સૂત્રોએ જણાવ્યું કે, તબિયત બગડી એટલે પરિવારને સત્ય હકીકત જાણ થઈ હતી. પણ ફરિયાદ ન નોંધવા પોલીસને નિવેદન આપ્યું છે. આ ૨૦ વર્ષીય યુવતીને રાત્રે દોઢ વાગ્યે અચાનક દુઃખાવો ઉપડતા ઝનાના હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.

બનાવની વિગત મુજબ, શહેરના ગાંધીગ્રામ વિસ્તારમાં આવેલી એક સોસાયટીમાં રહેતી ૨૦ વર્ષીય યુવતીને ગત રાત્રે દોઢેક વાગ્યે રાજકોટ સિવિલ હોસ્પિટલની ઝનાના હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. આ યુવતીને સતત માસિક સાવની જેમ ગુમ ભાગમાંથી લોહી વહી રહ્યું હતું. સાથે આવેલા પરિવારે જણાવ્યું કે, તેને ખૂબ દુઃખાવો ઉપડ્યો છે. ઝનાના હોસ્પિટલના તબીબોને કેસ શંકાસ્પદ લાગતા પોલીસને જાણ કરી હતી. પોલીસે દોડી આવી જાણકારી મેળવતા ખ્યાલ આવ્યો હતો કે, ૨૦ વર્ષીય યુવતીએ તેના બોય ફ્રેન્ડ સાથે ત્રણેક માસ પહેલા શરીર સંબંધ બાંધ્યો હતો. જે પછી અઢી માસનો ગર્ભ થયા બાદ યુવતીને જાણ થઈ હતી. તેણે પોતાના બોય ફ્રેન્ડને વાત કરી હતી. પરિવારમાં જાણ થશે તો બંને માટે અઘરું થઈ જશે. એવા ડર બાદ બજારમાંથી ગર્ભ પાડવાની દવા લીધી હતી. યુવતીએ આ દવા પીધી હતી. જે પછી અચાનક ગત રાત્રે દુઃખાવો ઉપડતા પરિવારે હોસ્પિટલમાં દાખલ કરી હતી. પરિવારને પણ અંતે જાણ થઈ હતી. જોકે, આ બાબતે યુવતી અને તેના પરિવારે કોઈ પણ પ્રકારની પોલીસ ફરિયાદ કરવાની ના પાડી દેતા પોલીસે માત્ર તેમના નિવેદન લીધા હતા.

જસદણ પાલિકાના ચાર કર્મીને કાયમી કરવા હુકમ

નોકરીના ૨૪૦ દિવસ પુરા થયા હોવા છતાં કાયમી કર્મચારીને મળતા લાભો અપાયા નહોતા

રાજકોટ, તા.૮

જસદણ નગરપાલિકામાં વર્ષોથી રોજમદાર તરીકે કામ કરતા કર્મચારી અશ્વિનભાઇ શુક્લ, ચાંપરાજભાઇ તથા માણસુરભાઇ, વિનુભાઇને કાયમી કરવામાં આવતા ન હતા અને કાયમી કર્મચારીને મળતાં લાભો આપવામાં આવતા ન હતા. જેથી આ કર્મચારીઓએ રાજકોટના સિનિયર એડવોકેટ જી.આર. ઠાકરનો સંપર્ક કરી તેમને થતાં અન્યાય વિશે માહિતગાર કરેલ. જેથી આ કર્મચારીઓને ન્યાય અપાવવા માટે ઔદ્યોગીક ન્યાયપંચ, રાજકોટ સમક્ષ ડીમાંડ કેસ દાખલ કરી આ કર્મચારીઓને ૨૪૦ દિવસ પુરા થયા હોય ત્યારથી કાયમી કર્મચારીને મળતા તમામ લાભો અપાવવાની માંગણી કરેલ હતી.

આ કર્મચારીઓનો આ ડીમાન્ડ કેસ ઔદ્યોગીક ન્યાયપંચ, રાજકોટ સમક્ષ ચાલવા ઉપર આવતા કર્મચારીઓ તરફે રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓ તથા જુબાનીઓને એડવોકેટની લંબાણપૂર્વકની દલીલોને ધ્યાને લઇ ઔદ્યોગીક ન્યાયપંચ દ્વારા આ ચાર કર્મચારીઓને કાયમી કરવાનો તથા તેના હોદાને સંલગ્ન પગારધોરણમાં સમાવેશ કરી પગાર ચુકવવાનો ચુકાદો આપેલ છે. આ ચાર કર્મચારીઓ વતી એડવોકેટ જી.આર. ઠાકર તથા ગાર્ગીબેન ઠાકર, મિલનભાઇ દુધાત્રા, કૃપાલ ઠાકર રોકાયેલ હતાં.

તાલાલા પંથકમાં ચાર મીનીટમાં ભૂકંપના બે આંચકાઃ લોકો ભયભીતઃ ૩.૭ અને ૩.૪ની તીવ્રતા

રાજકોટ, તા.૮

કચ્છ, રાજકોટ નજીક શાપર તથા તાલાલા પંથકમાં વારંવાર ધરતી ધ્રુજવાનો સીલસીલો ચાલુ રહ્યો હોય તેમ આજે બપોરે તાલાલા પંથકમાં માત્ર ચાર જ મીનીટમાં ભૂકંપના બે આંચકા અનુભવાતા ભયનો માહોલ સર્જાયો હતો. ભૂકંપનો પ્રથમ આંચકો ૩.૭ની તીવ્રતાનો હતો અને તેના ચાર મીનીટ પછી ફરી વખત ૩.૪ની તીવ્રતાનો આંચકો અનુભવાયો હતો. માત્ર ચાર મીનીટમાં જ બે-બે વખત ધરતીની ધણધણાટીથી લોકો ભયભીત બન્યા હતા અને ઘરની બહાર નીકળી ગયા હતા.

એડવાન્સ વેરાની આવક ૧૦૩ કરોડને વટાવી ગઈ : ૬૯ કરોડ ઓનલાઇન જમા : પ્રમાણિકોને ૧૧ કરોડનું વળતર

ગત વર્ષ કરતા કરદાતાની સંખ્યામાં ૯ હજારનો વધારો : વેબસાઈટ પર પણ વેરાની આવક ૧૦ કરોડ વધી

રાજકોટ, તા. ૮

રાજકોટ મ્યુનિ. કોર્પોરેશનની એડવાન્સ વેરા વળતર યોજનાનો પ્રમાણિક મતદારો રીબેટ મેળવવા સાથે ઉત્સાહથી લાભ લઇ રહ્યા છે ત્યારે ગત વર્ષની સરખામણીએ આ વર્ષે ટેક્સની આવક ૧૪ કરોડ જેટલી આગળ ચાલી રહી છે. ઓનલાઇન વેરાની આવકમાં પણ ૧૦ કરોડ જેટલો વધારો નોંધાયો છે.

ટેક્સ બ્રાંચના સુત્રોએ આપેલી વિગતો મુજબ ગત તા. ૧-૪-૨૩થી તા.૭-૫-૨૩ના દિવસોમાં મનપાને ટેક્સની ૮૯.૯૦ કરોડ જેવી આવક થઇ હતી. આ સમયગાળા દરમ્યાન ૧૫૫૬૧૦ મતદારોએ એડવાન્સ વેરો ભર્યો હતો અને ૯.૩૬ કરોડનું વળતર મેળવ્યું હતું. આ વર્ષમાં આ સમયગાળા દરમ્યાન ૯.૩ કરોડની રકમ ચેકથી જમા થઇ હતી અને ૨૨.૫૧ કરોડ રોકડથી જમા થયા હતા. તો ૫૮.૦૮ કરોડની આવક વેબસાઇટ પરથી થઇ હતી.

ચાલુ ૨૦૨૪ વર્ષના આ પ્રથમ સવા મહિનાની વાત કરીએ તો આજ સુધીમાં ૧૬૪૪૪૯ કરદાતાએ ૧૦૩.૩૭ કરોડનો વેરો ભરીને ૧૧.૨૧ કરોડનું ડિસ્કાઉન્ટ મેળવ્યું છે. તેમાં ૬૮.૭૬ કરોડ જેટલી આવક તો ઓનલાઇન આવી છે. એટલે કે આટલી રકમ ભરનારા કરદાતાએ સિવિક સેન્ટર કે વોર્ડ ઓફિસની પણ મુલાકાત લેવી પડી નથી. ઓનલાઇન વેરો ભરનારા કરદાતાની સંખ્યા દર વર્ષે વધતી જાય છે.

આ વર્ષમાં ચેકથી ૧૨.૮૨ કરોડની આવક થઇ છે અને ૨૧.૭૭ કરોડની રકમ રોકડથી જમા થઇ છે. ગત વર્ષ કરતા આ વર્ષે ૯ હજાર કરદાતા વધ્યા છે અને આવકમાં ૧૪ કરોડનો વધારો થયો છે. હજુ ચાલુ મે મહિનાના અંત સુધીમાં પુરૂષ મિલ્કત ધારકને ૧૦ ટકા અને મહિલા મિલ્કતધારકને ૧૫ ટકા વળતર ચાલુ રહેશે તે ઉલ્લેખનીય છે.

ગુજરાતમાં ટુંકમાં જ પ્રિમોન્સૂન એકટિવીટી શરૂ થશે

૧૦ થી ૧૪મે વચ્ચે પંચમહાલ, સાબરકાંઠા, ખેડા, વડોદરા, અમદાવાદમાં ગાજવિજ સાથે વરસાદ !

રાજયમાં ચોમાસુ વ્હેલુ શરૂ થશેઃ હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલની આગાહી

અમદાવાદ,તા.૮

અંબાલાલ પટેલે આગાહી કરી છે કે, પંચમહાલ, સાબરકાંઠા ,વડોદરા, ખેડા,અમદાવાદ સહિતના ભાગોમાં ગાજવીજ સાથે વરસાદ પડી શકે છે.રાજયમાં આગામી દિવસોમાં પ્રી મોનસૂન એક્ટિવીટી થશે શરૂ થઈ જશે. આ આગાહી હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલે કરી છે. અંબાલાલ પટેલના મતે આરબ દેશમાંથી આવતું ધૂળકટ પાકિસ્તાન, કચ્છ, સૌરાષ્ટ્ર અને ગુજરાતનાં અન્ય ભાગોને પ્રભાવિત કરશે અને ૧૦થી ૧૪ મે વચ્ચે ભારે પવન અને ગાજવીજ સાથે વરસાદ વરસી શકે છે.પંચમહાલ, સાબરકાંઠા ,વડોદરા, ખેડા,અમદાવાદ સહિતના ભાગોમાં ગાજવીજ સાથે વરસાદનું અંબાબાલ પટેલનું અનુમાન છે. સાથે જ મે અને જૂન માસમાં સાગરકાંઠે ચક્રવાતો સાથે પવનના દબાણો વધશે. ૧૬ મે બાદ બંગાળનાં ઉપસાગરમાં ચક્રવાતો સર્જાશે અને અંદમાન નિકોબાર ટાપુ પર ચોમાસાની શરૂઆત થશે. આ વર્ષે ગુજરાતમાં ચોમાસાની શરૂઆત વહેલી થવાની શક્યતા છે. ૧૭ જૂન પછી ભારે ગાજવીજ અને પવનના તોફાનો સાથે વરસાદ પડશે. આ વર્ષે ચોમાસામાં રાજ્યમાં ભારે વરસાદ રહેશે.

મતદાન પુર્ણ થતા જ બુટલેગરો સક્રીય થયા

પીઠડીયા ટોલનાકા પાસે કારમાંથી દારૂની ૬૨૯ બોટલ સાથે જુનાગઢના ચાર શખ્સો ઝડપાયા

રાજકોટથી જુનાગઢ તરફ દારૂ ભરી જતી કારને ઝડપી રૂા.૪.૦૨ લાખનો મુદામાલ કબ્જે કર્યોઃ રૂરલ એલસીબી પીઆઈ વિજય ઓડેદરાની રાહબરીમાં પીએસઆઈ ડી.જી.બડવા અને ટીમની કામગીરી

રાજકોટ તા.૮

મતદાન પુર્ણ થતા જ બુટલેગરો ફરી સક્રીય થયા હોય તેમ દારૂની હેરાફેરી શરૂ કરી દીધી છે. રૂરલ એલસીબીની ટીમે પીઠડીયા ટોલનાકા પાસેથી રાજકોટથી જુનાગઢ તરફ જતી દારૂ ભરેલ કારને પકડી શરાબની ૬૨૯ બોટલ સાથે જુનાગઢના ચાર શખ્સોને પકડી પાડી રૂા.૪.૦૨ લાખનો મુદામાલ કબ્જે કર્યો હતો.

દરોડાની વિગત મુજબ, રૂરલ એલસીબી પીઆઈ વિજય ઓડેદરાની રાહબરીમાં પીએસઆઈ ડી.જી.બડવા ટીમ સાથે પેટ્રોલીંગમાં હતો ત્યારે તેની સાથેના કોન્સ્ટેબલ અબ્બાસ ભારમલને રાજકોટ તરફથી દારૂ ભરેલ કાર જુનાગઢ તરફ જઇ રહી હોવાની મળેલ ચોકકસ બાતમીના આધારે સ્ટાફે પીઠડીયા ટોલનાકા પાસે વોચમાં રહી ત્યાંથી પસાર થતી કાર નં. જીજે ૦૧ આરજી ૧૫૪૯ને અટકાવી તપાસ કરતા કારની પાછળના ભાગે અને આગળ બોનેટ નીચેથી છુપાવેલ દારૂની

૬૨૯ બોટલ દારૂ મળી આવતા કારમાં સવાર મીલન ખોડા પટોળીયા સતીષ શીશકાંત કયાડા, સોનીક ભીમજી પોશીયા અને નરેન્દ્ર દેવજી ચાંડેગરા (રહે. તમામ જોષીપરા, જુનાગઢ)ની ધરપકડ કરી કાર અને શરાબ મળી રૂા. ૪.૦૨ લાખનો મુદામાલ કબ્જે કર્યો હતો.

દારૂનો જથ્થો ક્યાંથી લઇ આવ્યા અને ક્યાં સપ્લાય કરવાનો તે અંગે આરોપીની એલસીબીની ટીમે પુછતાછ હાથ ધરી હતી.

ઉલ્લેખનીય છે કે દારૂના જથ્થા સાથે પકડાયેલ સતીષ અગાઉ પણ દારૂના ગુનામાં જુનાગઢમાંથી પકડાયો હતો. જોગાનુજોગ ત્યારે ત્યાં પણ એલસીબી પીએસઆઇ તરીકે ડી.જી.બડવા જ હતા.

વૃક્ષમાંથી લીંબુ તોડતી વખતે કુવામાં પડી જતા પારડીના જયાબેન ઘરડુંસીયાનું મોત

૬૮ વર્ષીય વૃદ્ધા પોતાની વાડીએ હતા ત્યારે બનેલો બનાવ, ફાયર બ્રિગેડે મૃતદેહ કુવામાંથી બહાર કાઢ્યો

રાજકોટ, તા.૮

રાજકોટની ભાગોળે પારડી ગામ વાડી વિસ્તારમાં વૃક્ષમાંથી લીંબુ તોડતી વખતે કુવામાં પડી જતા પારડીના જયાબેન શંભુભાઈ ઘરડુંસીયા(ઉ.વ.૬૮)નું મોત થયું હતું. ૬૮ વર્ષીય વૃદ્ધા પોતાની વાડીએ હતા ત્યારે બનાવ બન્યો હતો. રાજકોટથી દોડી ગયેલી ફાયર બ્રિગેડની ટીમે મૃતદેહ કુવામાંથી બહાર કાઢ્યો હતો.

બનાવની વિગત મુજબ, પારડી ગામ વાડી વિસ્તારના એક કૂવામાં એક વૃદ્ધા પડી ગયા હોવાની જાણ થતાં રાજકોટ મહાનગર પાલિકા સંચાલિત મવડી ફાયર સ્ટેશનેથી સ્ટેશન ઓફિસર યોગેશ જાની તેમજ જયેશભાઈ ડાભી, કિશોરભાઈ વડેખણીયા, અજયભાઈ મકવાણા, કીશોરસિંહ સહિતનો સ્ટાફ દોડી ગયો હતો. કુંવામાંથી વૃદ્ધાને બેભાન હાલતમાં બહાર કાઢતા હાજર ૧૦૮ એમ્બ્યુલન્સના ઈએમટીએ જયાબેન ઘરડુંસિયાને મૃત જાહેર કર્યા હતા. શાપર પોલીસને જાણ થતાં હેડ કોન્સ્ટેબલ મુકેશભાઈ ડાભી સ્ટાફ સાથે સ્થળ પર પહોંચ્યા હતા. પૂછપરછમાં જાણવા મળેલ કે, મૃતક અને તેનો પુત્ર બંને આજે સવારે પોતાની વાડીએ ગયા હતા. પુત્ર અત્રે વાડીના કામમાં લાગી ગયો હતો. જ્યારે માતા જયાબેન કૂંવા પાસે આવેલી લીંબુડીમાંથી લીંબુ તોડતા હતા. લીંબુ તોડતી વખતે અચાનક પગ લપસતા કે અન્ય કોઈ આકસ્મિક રીતે જયાબેન કૂંવામાં પડી ગયા હતા. પુત્રને જાણ થતાં તુરંત આસપાસના લોકો અને ફાયરબ્રિગેડને જાણ કરી હતી. જોકે, કૂંવામાંથી વૃદ્ધાનો મૃતદેહ જ નીકળ્યો હતો. શાપર પોલીસે મૃતદેહ પીએમ અર્થે ખસેડી જરૂરી કાગળ કાર્યવાહી કરી હતી. બનાવથી પરિવારમાં શોક છવાયો હતો.

સામ પિત્રોડાના વિધાનોથી કોંગ્રેસ બેકફુટ પર : સાથી પક્ષો પણ નારાજ

પિત્રોડાના વિધાનોને અંગત ગણાવતા જયરામ રમેશ : પ્રિયંકાએ કીધુ દરેક વિધાનો સાથે કોંગ્રેસને જોડવાની જરૂર નથી

નવી દિલ્હી, તા. ૮

ઓવરસીસ ફ્રેન્ડસ ઓફ કોંગ્રેસના નેતા અને જાણીતા ટેકનોક્રાફ્ટ સામ પિત્રોડાએ જે રીતે ભારતીયોની તુલના ચાઇનીઝ અને આફ્રિકા સાથે કરી એક તરફ ભાજપનું આક્રમણ સહન કરી રહેલી કોંગ્રેસ બેકફુટમાં આવી ગઇ છે. જયરામ રમેશે સોશ્યલ મીડિયામાં એક પોસ્ટમાં પિત્રોડાના વિવાદોને દુર્ભાગ્યપૂર્ણ અને અસ્વીકાર ગણાવ્યા હતા અને કોંગ્રેસ તેની સાથે સંમત નહીં હોવાનું જણાવ્યું હતું તો બીજી તરફ કોંગ્રેસના અનેક નેતાઓ પિત્રોડાના વિધાનો પર અફસોસ દર્શાવ્યો છે તો શિવસેનાના ઉધ્ધવ ઠાકરે જુથના પ્રવકતા પ્રિયંકા ચતુર્વેદીએ પણ તેમના વિધાનો સાથે શિવસેના સંમત નહીં હોવાનું જણાવ્યું છે. ડીએમકે પણ આ વિધાનોનો પણ વિરોધ કર્યો છે. તો કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધીએ પણ પિત્રોડાના વિધાનોને અંગત ગણાવ્યા હતા અને કહ્યું કે દરેક વિધાનને કોંગ્રેસ સથે જોડવાની જરૂર નથી.

આખુ ભાજપ રાહુલ અંગે જુઠાણા ફેલાવવામાં વ્યસ્ત છે : પ્રિયંકા

કોંગ્રેસના મહામંત્રી પ્રિયંકા ગાંધી ફરી એક વખત તેમના ભાઇ રાહુલ ગાંધીના બચાવમાં આવી ગયા છે અને કહ્યું કે આખુ ભાજપ રાહુલ સામે જુઠાણા ફેલાવવામાં વ્યસ્ત છે. તેમણે ઇન્દીરાને યાદ કરતા કહ્યું કે ઇન્દીરાજીની નીતિ પસંદ ન હતી તો તેમને પણ પરાજીત કરાયા હતા. પણ ઇન્દીરાએ કદી ગુસ્સો કર્યો નહીં આત્મનિરીક્ષણ કર્યુ અને ફરી લોકોએ તેમને ચૂંટી કાઢયા. આ જ વાત રાયબરેલીના લોકો પણ સમજશે.

તેલંગાણામાં સવારની સભામાં વિશાળ હાજરીથી મોદી પ્રભાવિતઃ ગુજરાતમાં પણ કદી સવારે ૧૦ વાગ્યે આટલી મેદની હું ન કરી શકું

અદાણી-અંબાણી પાસેથી કેટલો 'માલ' લીધોઃ મોદીનો રાહુલને તીખો સવાલ

હમણા કેમ આ ઉદ્યોગપતિઓને ગાળો દેવાનું બંધ કર્યુંઃ શું સોદો થયો છેઃ પ્રથમ વખત વડાપ્રધાને રાહુલ સામે અદાણી-અંબાણી મુદ્દો ઉપાડયો

નવી દિલ્હી તા.૮

સંસદથી લઈને ચુંટણીના મેદાનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામે સતત અદાણી મુદ્દે પ્રહાર કરી રહેલા કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધી સામે પ્રથમ વખત વડાપ્રધાને આકરો હુમલો કરતા કહ્યું હતું કે કોંગ્રેસના રાજકુમારે અદાણી અને અંબાણી પાસેથી કેટલો 'માલ' લીધો છે. શ્રી મોદીએ કહ્યું કે હું કોંગ્રેસના શાહજાદાને પડકાર કરું છું કે તેઓએ અદાણી અને અંબાણી પાસેથી કેટલો ભંડોળ મેળવ્યું છે તે જાહેર કરે અને હવે અચાનક જ કેમ તેને ગાળો દેવાનું બંધ કર્યુ છે તે પણ જાહેર કરે. શ્રી મોદીએ આ રીતે પ્રથમ વખત દેશના બે ટોચના ઉદ્યોગપતિઓના નામ લઈને રાહુલ ગાંધી પર વળતો પ્રહાર કર્યો છે. તેલંગાણામાં એક ચુંટણીસભાને સંબોધન કરતા મોદીએ કોંગ્રેસ અને રાહુલ ગાંધીને સીધા અને આકરા પ્રશ્નો પૂછયા હતા અને કહ્યું કે કોંગ્રેસના આ શાહજાદા બતાવે કે આખરે તેઓએ અંબાણી અને અદાણીથી કેટલુ દાન મેળવ્યું છે અને કોંગ્રેસ એ આ લોકો સાથે શું સોદો કર્યો છે. તમોએ તેને હવે અચાનક જ ગાળો દેવાનું કેમ બંધ કર્યુ તે પણ જાહેર કરે. મોદીએ હાલમાં જ જે રીતે કાળા નાણાના કરોડો રૂપિયા ઝડપાઈ રહ્યા છે તે અંગે પ્રશ્ન ઉઠાવતા કહ્યું કે કાળા નાણાના કેટલા ઠેલા ભર્યા છે, કોંગ્રેસ પક્ષને ચુંટણી માટે આ ઉદ્યોગપતિઓ પાસેથી કેટલી રકમ મળી છે તે પણ જાહેર કરે. આમ ચુંટણીમાં હવે ભાજપે જ અદાણી-અંબાણીને એન્ટ્રી આપી દીધી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેલંગાણામાં ભારતીય રાષ્ટ્રીય સમીતી અને પુર્વ મુખ્યમંત્રી એન. ચંદ્રશેખરરાવ પર પણ હુમલો કર્યો હતો અને કહ્યું કે ભ્રષ્ટાચાર એક ફેવિકોલ છે જેમાં કોંગ્રેસ અને બીઆરએસ એ કોમન કેરેકટર છે અને આ બંને એકબીજા પર ભ્રષ્ટાચારના આરોપ લગાવે છે પરંતુ બંને કરપ્શનની સીન્ડીકેટના એક ભાગ જ છે. બીઆરએસ વાળા કોંગ્રેસ પર કેસ ફોર વોટનો આરોપ લગાવે છે પણ જયારે તેઓ સતામાં હતા તો કદી તપાસ કરાવી હતી. કોંગ્રેસ જયારે વિપક્ષમાં હતા ત્યારે બીઆરએસ એ કાલેશ્વરમ ગોટાળાનો આરોપ લગાવ્યો હતો. પરંતુ આજે કોંગ્રેસ સતામાં છે તો શા માટે તેની તપાસ કરાવતી નથી. શ્રી મોદીએ કહ્યું કે ભાજપની રાષ્ટ્ર પ્રથમ નીતિ છે જયારે કોંગ્રેસ પરિવાર પ્રથમની નીતિ પર ચાલે છે. ત્યાં સુધી કે જયારે પુર્વ વડાપ્રધાન પી.વી.નરસિમ્હરાવનું નિધન થયું તો તેમના પાર્થિવદેહને કોંગ્રેસના કાર્યાલયમાં લાવવા દેવામાં આવ્યો ન હતો અને અમારી સરકારે પી.વી.નરસિમ્હરાવને ભારત રત્નનો ખિતાબ આપ્યો. શ્રી મોદીએ ગુજરાતનો પણ ઉલ્લેખ કરતા કહ્યું કે મે ઘણા વર્ષો સુધી ગુજરાતમાં કામ કર્યુ અને ત્યાં તમામ ચુંટણીઓ જીતી જતો હતો. પરંતુ ગુજરાતમાં પણ હું કદી સવારે ૧૦ વાગ્યે મોટી સભા કરી શકતો ન હતો પરંતુ અહી આજે ૧૦ વાગ્યે જે પ્રકારે રેલીમાં ઉપસ્થિત રહ્યા છો તે મારા માટે ગૌરવ છે.



પાંચ વર્ષ કોંગ્રેસના રાજકુમાર રાત-દિવસ પાંચ ઉદ્યોગપતિ- અદાણી-અંબાણીની માળા જપતા હતા હવે કેમ ચૂપઃ કેટલી ગુણીઓ ભરીને રૂપિયા મળ્યા છેઃ જબરો તોપમારો

તેલંગાણામાં કોંગ્રેસ અને બીઆરએસ બંને ભ્રષ્ટાચારના ફેવીકોલઃ સતા પર ન હોય ત્યારે એકબીજા પર આક્ષેપ કરે છે અને સતા મળે તો તપાસ કરાવતા નથી

રાહુલ ગાંધીએ સંસદથી લઈને સડકો પર અદાણી મુદ્દે વડાપ્રધાન મોદી પર પ્રહાર કર્યા હતાઃ હવે જવાબ આપવો પડશે

ગૌત્તમ અદાણી અને મોદીના વિમાની પ્રવાસની તસ્વીર સંસદમાં રજૂ કરી હતીઃ મિત્ર ઉદ્યોગપતિઓને રૂ.૧૬.૫૦ લાખ કરોડ માફ કર્યાનો પણ આક્ષેપ કર્યો હતો

નવી દિલ્હી, તા.૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે પ્રથમ વખત અદાણી અને અંબાણીનું નામ લેવાનું પસંદ કર્યું તે પણ સૂચક છે. લાંબા સમયથી રાહુલ ગાંધી અને કોંગ્રેસ પક્ષ ઉપરાંત વિપક્ષો અદાણી મુદ્દે વડાપ્રધાન પર પ્રહાર કરી રહ્યા છે અને ખાસ કરીને લોકસભામાં રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અદાણી સાથેની વિમાનમાં પ્રવાસ કરતાં હોય તેવી તસ્વીર દર્શાવીને જબરી ધમાલ મચાવી દીધી હતી. મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા તે સમયે તેઓએ આ પ્રવાસ કર્યો હોવાનું માનવામાં આવે છે અને વારંવાર રાહુલ ગાંધી એવો આક્ષેપ કરી રહ્યા છે કે મોદીએ તેમના મિત્ર ઉદ્યોગપતિઓના રૂ.૧૬.૫૦ લાખ કરોડ માફ કરી દીધા છે. જો કોંગ્રેસ સરકાર આવશે તો તેમાંથી વસૂલાશે. આમ અદાણી મુદ્દે સતત આક્રમક રહેલા રાહુલ ગાંધીને પ્રથમ વખત હવે જવાબ આપવાનો સમય આવી ગયો છે અને કેટલા નાણાં અદાણી અને અંબાણી પાસેથી મેળવ્યા તે અંગે મોદીએ પડકાર કરતાં હવે રાહુલ આ નામ લેવાનું ભૂલી જાય તેવા સંકેત છે.

લોકસભા ચૂંટણીમાં મતદાન પુર્વે જ રાજકીય ઉથલ પાથલ

હરિયાણામાં રીવર્સ ઓપરેશન કમલમઃ ભાજપ સરકાર લઘુમતીમાંઃ ત્રણ અપક્ષોએ ટેકો પાછો ખેંચ્યો

પુર્વ નાયબ મુખ્યમંત્રી ચૌટાલા પણ કોંગ્રેસની મદદેઃ સૈની સરકારના વિશ્વાસ મતની માંગણીઃ પુર્વ સીએમ ખટ્ટરની ચેતવણીઃ કોંગ્રેસ તેનું ઘર સલામત રાખેઃ નહીતર નુકશાન તેને જ છે

ચંદીગઢઃ દેશમાં લોકસભા ચૂંટણીના ગરમાગરમ વાતાવરણ વચ્ચે જ ઓચિંતા પાટનગર દિલ્હીના પાડોશી રાજ્ય હરિયાણામાં રાજકીય સંકટ પેદા થયુ છે અને નેતૃત્વ પરિવર્તન બાદની ભાજપની નાયબસિંહ સૈનીના નેતૃત્વની સરકારને ટેકો આપતા ત્રણ અપક્ષોએ હવે સરકાર સાથે છેડો ફાડીને કોંગ્રેસને ટેકો જાહેર કરતા જ સૈની સરકાર લઘુમતીમાં મુકાઈ ગઈ છે અને હાલમાં જ સરકારથી અલગ થયેલા પુર્વ નાયબ મુખ્યમંત્રી દુષ્યંત ચોટાલાએ પણ વિપક્ષોને ટેકો આપીને સરકારના વિશ્વાસ મતની માંગણી કરી છે. એક તરફ હજુ રાજ્યમાં લોકસભા ચૂંટણીમાં તમામ ૧૦ બેઠકો પર મતદાન બાકી છે અને ભાજપ માટે હવે મહત્વનો તબકકો શરૂ થાય છે તે સમયે જ આ રાજ્યમાં ભાજપને માટે રીવર્સ ઓપરેશન કમલમ થયુ છે. હરિયાણામાં આ વર્ષના અંત પુર્વે જ ધારાસભા ચૂંટણીઓ યોજાઈ રહી છે. ગઈકાલે ત્રણ અપક્ષોએ પુર્વ મુખ્યમંત્રી ભુપીન્દરસિંહ હુડાની હાજરીમાં સરકારને ટેકો પાછો ખેંચી લઈને કોંગ્રેસની સાથે જવાની જાહેરાત કરી હતી. રાજ્યની સૈની સરકાર માટે ૮૮ સભ્યોની વિધાનસભામાં ૪૫ ધારાસભ્યોના ટેકાની જરૂર છે જેમાં બે ધારાસભ્યો ઘટે છે અને તેથી હવે ફલોર ટેસ્ટમાં તે ટકી શકે કે કેમ તે પ્રશ્ન છે. જો કે હાલમાં જ નવા મુખ્યમંત્રી તરીકે સૈનીએ શપથ લીધા છે અને તેથી વિધાનસભા અધ્યક્ષે હાલ કોઈ ફલોર ટેસ્ટની જરૂર નહી હોવાનો દાવો કર્યો છે. હવે ભાજપ શું વળતો ખેલ નાખે છે તેના પર સૌની નજર છે. રાજ્યના પુર્વ મુખ્યમંત્રી મનહરલાલ ખટ્ટરે કોંગ્રેસને તેના ધારાસભ્યોને 'સાચવવા' સલાહ આપી છે. જો સરકાર સામે અવિશ્વાસ પ્રસ્તાવ લાવશે તો તૂટશે તો કોંગ્રેસ જ તેની પણ ચીમકી ઉચ્ચારી છે. જો કે હવે રાજ્યપાલને મળીને વિપક્ષ સરકાર પર દબાણ લાવશે.

તમે જો એવું માનતા હો કે સરકાર સત્તા પર બેસાડી કે ઉતારી શકો છો તો તે ભુલ છે : મુસ્લિમ સમાજને મોદીની ચોખ્ખી વાત

તમે જાવ અને ભાજપ કાર્યાલય જઈને બેસો કોઈ તમને કાઢશે નહીં : કોંગ્રેસ શાસનમાં તમે વોટબેંક જ બની રહ્યા હતા : પ્રથમ વખત મોદીએ વોટબેંક અંગેના પ્રશ્નનો જવાબ આપ્યો

નવી દિલ્હી, તા. ૮

લોકસભા ચૂંટણીના પ્રથમ ત્રણ તબકકામાં મુસ્લિમ અનામત હું જીવતો છું ત્યાં સુધી નહીં આવવા દઉં તેવા વિધાનો કરનાર વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ઉતરપ્રદેશ સહિતના રાજ્યોમાં મતદાનની ઘડી આવી રહી છે તે સમયે હવે મુસ્લિમ સમુદાયને આત્મમંથન કરવા સલાહ આપી છે અને જો તમે એવું માનતા હો કે અમે સતા પર બેસાડી શકીએ છીએ અને ઉતારી પણ શકીએ છીએ તો તમે તમારા બાળકોનું ભવિષ્ય ખરાબ કરી રહ્યા છો. મોદીએ કે ટીવી ચેનલને મુલાકાત આપતા કહ્યું કે અત્યાર સુધી હું મુસ્લિમ વોટબેંકની વાત કરતો ન હતો.

મુસ્લિમ સમુદાયને આત્મમંથન કરવા સલાહ આપું છે. જો તમે કોઈને સતા પર બેસાડશો કે ઉતારી શકશો તો તે ભુલ હશે. ભાજપને મુસ્લિમ મતો મળતા નથી તે સંદર્ભમાં વડાપ્રધાનની આ ટીપ્પણી મહત્વ બની જાય, મુસ્લિમ વોટબેંકના પ્રશ્નના જવાબમાં કહ્યું કે હું મુસ્લિમ સમાજ અને તેના ભણેલા ગણેલા લોકોને કહેવા માંગુ છું કે તમારે હવે વિચારવાની જરૂર છે, દેશ આગળ વધી રહ્યો છે કોંગ્રેસના શાસનમાં સરકારની વ્યવસ્થાનો લાભ શા માટે તમને ન મળ્યો અને તમે સતત દુર્દશાનો શિકાર થતા આવ્યા છો કારણ કે તમને વોટબેંકની નજરે જોવાયા છે. હું મુસ્લિમ દેશોમાં જવું છું તો પણ મને સન્માન મળે છે ભારતને સન્માન મળે છે અહીં વિરોધ થાય છે. ત્યારે હવે તમે ફકત વોટબેંકની રાજનીતિ બનીને રહી ગયા છો.

હું નથી ઈચ્છતો કે તમે બંધવા મજદુરની જેમ કામ કરતા રહો, તમને જો ભાજપવાળાથી ડર લાગતો હોય તો ૫૦ લોકો ભાજપ કાર્યાલય પર જાવ એક દિવસ બેસો ત્યાં શું ચાલી રહ્યું છે. તમે જો ભાજપ કાર્યાલય ન જાવ અને કબજો ન કરો તો તમને આ સ્થિતિમાં જ રહેવાનું છે. તમને કોઈ રોકતું નથી ફકત તમારે વિચારવાની જરૂર છે કે આત્મમંથન કઈ રીતે થઈ શકે છે.

પતંજલિને ફટકાર લગાવ્યા બાદ...

હવે સુપ્રીમ કોર્ટે આઈએમએના પ્રમુખને પણ આડે હાથ લીધાઃ અદાલતમાં રજૂ થવા નોટિસ

જો એ લોકો ભ્રામક વિજ્ઞાપન ચલાવે છે તો તમે શું કરો છો? તમારા ડોકટરો દર્દીઓને મોંઘી દવા લખી દે છેઃ જજઃ બાબા રામદેવ-આચાર્ય બાલકૃષ્ણને પણ સુનાવણીમાં હાજરીથી છુટ આપવાનો ઈન્કાર

નવી દિલ્હી તા.૮

ભ્રામક વિજ્ઞાપનોને મામલે સુપ્રીમ કોર્ટે તાજેતરમાં પતંજલીને ફટકાર લગાવ્યા બાદ સુપ્રીમ કોર્ટે હવે આઈએમએ (ઈન્ડીયન મેડીકલ એસોસીએશન)ના પ્રમુખ ડો. આરવી અશોકનને પણ આડે હાથ લીધા હતા. સુપ્રીમકોર્ટના જસ્ટીસ હિમા કોહલી અને અહસાનુદ્દીન અમાનુલ્લાહની પીઠે ફટકાર લગાવતા આઈએમએ પ્રમુખને કહ્યું હતું કે આપે આપની પીઠ થાબડવાની જરૂર નથી.

પીઠે આઈએમએના વકીલને કહ્યું હતું કે આપ જ છો, જેમાણે બીજા પક્ષ માટે કહ્યું કે તે ભ્રામક વિજ્ઞાપન ચલાવી રહ્યા છે તો તમે શું કહી રહ્યા છો? (અદાલતની કાર્યવાહી પર ટિપ્પણીને લઈને કહ્યું) આ મામલે આઈએમએ તરફથી હજુ વરિષ્ઠ વકીલ સુપ્રીમ કોર્ટમાં જણાવ્યું હતું કે આઈએમએના અધ્યક્ષ મોટાભાગે નિર્ણયની પ્રશંસા કરી રહ્યા છે. કોર્ટે તેમને ટાંકતા કહ્યું કે તેમાણે પોતાની પીઠ થાબડવાની જરૂર નથી.

સુનાવણી દરમિયાન કોર્ટે આઈએમએને સલાહ આપતા કહ્યું હતું કે, આપે આપના ડોકટરોના બારામાં પણ વિચાર કરવો જોઈએ. તેઓ દર્દીઓને હંમેશા મોંઘી અને બિનજરૂરી દવાઓ લખી દે છે. કોર્ટે એમ પણ કહ્યું હતું કે જો આપ કોઈની તરફ આંગળી ચીંધો છો તો બાકીની આંગળી આપની તરફ ચિંધાય છે.

સુપ્રીમકોર્ટે આગામી સુનાવણીમાં પતંજલીના બાબા રામદેવ અને વ્યવસ્થાપક આચાર્ય બાલકૃષ્ણને રજુ થવામાં છૂટ આપવાનો ઈન્કાર કર્યો હતો. સુપ્રીમે આઈએમએ પ્રમુખને પણ હાજર થવા તેડુ મોકલ્યું છે.

ઉલ્લેખનીય છે કે આઈએમએના અધ્યક્ષ ડો. આરવી અશોકને સુપ્રીમ કોર્ટની ટિપ્પણીઓ પર સવાલ ઉઠાવ્યા હતા અને કહ્યું હતું કે આ ભાષા બરાબર નથી. આઈએમએ અધ્યક્ષના આ નિવેદન પર સુપ્રીમ કોર્ટે વાંધો ઉઠાવ્યો હતો.

ક્ષત્રિય આંદોલનની અસરઃ મોટા વાગુદળમાં પાંચ કલાક સુધી એક પણ મત ન પડયો

ગામના અગ્રણી રાજભાની મધ્યસ્થી બાદ મતદાનની પ્રક્રિયા થઈ હતી શરૂ

જામનગર તા.૮

જામનગરના ધ્રોલ તાલુકાના ક્ષત્રિય સમાજની વસ્તી ધરાવતા અને ભાજપા સાથે પ્રથમથી જ જોડાયેલા મોટા વાગુદળ ગામે ભાજપાની અનફેવરમાં મતદાન નિવારવા ગ્રામજનોએ સવારથી મતદાનનો બહિષ્કાર જાહેર કર્યો હતો. બાદમાં ફરી મતદાન કરવા નક્કી થતાં સવારે ૧૧:૩૦ વાગ્યે ગામમાં પ્રથમ મત પડયો હતો.

ક્ષત્રિય આંદોલન બાદ હાલારમાં જ્યાં પ્રથમ વખત ૧૦ ગામના ક્ષત્રિય સરપંચ-ઉપસરપંચની ઉપસ્થિતિમાં ભાજપાની સાથે રહેવા નિર્ણય લેવાયો હતો. તેવા ૧૨૦૨ મતોમાંથી ૮૦૦થી વધુ ક્ષત્રિય વોટ ધરાવતા મોટા વાગુદળ ગામે સવારથી મતદાનનો બહિષ્કાર સર્જાયો હતો. આ ગામ વર્ષોથી ભાજપા સાથે જોડાયેલું છે અને ભાજપાની અનફેવરમાં મતદાન ન થાય તેવો બહિષ્કારનો હેતુ હોવાનું પ્રથમ સામે આવ્યું હતું. બાદમાં ગામના યુવાનો અને લોકોએ સંયુકત રીતે મતદાન કરવા નિર્ણય કરતાં ગામમાં પ્રથમ મત ૧૧:૩૦ વાગ્યા આસપાસ પડયો હતો. ગામમાં મતદાન માટે યુવાનો સમુહમાં નીકળ્યા હતા. જેનો વીડીયો પણ વાયરલ થવા પામ્યો છે. આમ ૧૨૦૨ મતો ધરાવતા ગામમાં મતદાન શરુ થયાના સાડાપાંચ કલાક પછી પ્રથમ મત નોંધાયો હતો. ગ્રામજનોએ કોને મત આપ્યો છે તે તો મત ગણતરી વખતે ઈવીએમ ખુલશે ત્યારે નક્કી થશે.

આ ગામે સાડાપાંચ કલામ મોડું મતદાન શરુ થયું હતું તે હકીકત છે. ગામમાં જય ભવાનીના નારા બોલતા યુવાનો નીકળી પડયાનો વીડીયો પણ બાદમાં વાયરલ થયો હતો. આ ઘટનાક્રમ અંગે ધ્રોલ એસડીએમને પુછતાં તેઓએ જણાવ્યું હતું કે, મતદાન લોકો ગામે ત્યારે કરે પરંતુ તંત્રએ તો ચુંટણી પંચના નિયમ મુજબ મતદાન માટે વ્યવસ્થા તૈયાર જ રાખી હતી.

હૈદરાબાદમાં અચાનક જ ભારે વરસાદઃ સાતના મોત

હૈદરાબાદ તા.૮

લોકસભા ચૂંટણી પુર્વે જ હૈદરાબાદમાં અચાનક જ ભારે વરસાદના કારણે વિજ સહિતની સેવાઓ ખોરવાઈ હતી અને એક નિર્માણાધીન ઈમારત તૂટી પડતા સાત લોકો માર્યા ગયા હતા ગઈકાલે સાંજથી હૈદરાબાદમાં ભારે વરસાદ શરુ થયો હતો અને રાતભર તે ચાલુ રહ્યો હતો જેના કારણે મોટાભાગના વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા અને ભારે પવનને કારણે વીજસેવા પણ ખોરવાઈ ગઈ હતી. રાતોરાત ડિઝાસ્ટર મેનેજમેન્ટ ટીમને પણ હૈદરાબાદમાં ઉતારવામાં આવી છે અને રાહત બચાવ કાર્ય પણ શરુ કરવામાં આવ્યું હતું તેમજ રાજ્ય સરકારે આજે રજા જાહેર કરી છે.

ગુજરાતમાં ઓછા મતદાનથી ભાજપ ટેન્શનમાં? કમલમમાં મોડી રાત્રે અમિત શાહે કરી બેઠક : કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહે દિલ્હી જવાનું ટાળીને ગાંધીનગરમાં કમલમ ખાતે તાબડતોબ બેઠક કરી હતી. ચર્ચા છે કે આ બેઠકમાં પરિણામ અંગે ચર્ચા થઈ હતી

પગમાં ફ્રેક્ચર હોવા છતાં મતદાન કર્યું : ગેલેક્સી સિનેમા વાળા રશમિકાંતભાઈ ભાલોડીયા અને તેમના પત્ની સુનીતબેન ગઈકાલ બપોર બાદ મતદાન કરવા પહોંચ્યા હતા. ઉલ્લેખનીય છે કે સુનિતાબેન રશ્મિકાંત ભાલોડીયાને પગમાં ફ્રેક્ચર હોવા છતાં મતદાન કરીને પોતાની ફરજ નિભાવી હતી.

શુ કહ્યુ હતું સામ પિત્રોડાએ !

સામ પિત્રોડાનું વધુ એક વિવાદાસ્પદ વિધાનઃ પુર્વ ભારતના લોકો ચીની જેવા અને દક્ષિણના લોકો આફ્રિકી લાગે છે

ભારતની વિવિધતાનો ઉલ્લેખ કરતા કોંગ્રેસ માટે મુશ્કેલી બને તેવા વિધાનો કર્યાઃ ઉતરના લોકો ગોરા અને પશ્ચિમના લોકો અરબી લાગે છે

નવી દિલ્હી તા.૮

લોકસભા ચૂંટણી પુર્વે જ વારસદાર ટેક્ષ અંગે વિવાદાસ્પદ વિધાનો કરીને કોંગ્રેસને મુશ્કેલીમાં મુકનાર પક્ષના ઓવરસીઝ એકમના વડા સામ પિત્રોડાએ ફરી એક વખત વિવાદાસ્પદ વિધાનો કરતા કોંગ્રેસ માટે ફરી જવાબ દેવાનો સમય આવે તેવા સંકેત છે. તેઓએ ભારતની વિવિધતા પર વાત કરતા કહ્યું કે ભારતમાં ઉતર પુર્વના લોકો ચીની (ચીનના નાગરિકો) જેવા લાગે છે જયારે દક્ષિણના લોકો આફ્રિકા જેવા લાગે છે અને પુર્વમાં રહેતા લોકો અરબી જેવા લાગે છે. અંગ્રેજી અખબાર ધ સ્ટેટસમેનને આપેલા એક ઈન્ટરવ્યુમાં તેઓએ ભારતની વિવિધતાને આ રીતે મુલવી હતી અને કહ્યું કે પુર્વના લોકો જ ચીની જેવા, પશ્ચિમના અરબી જેવા, ઉતરના ગોરા જેવા અને દક્ષિણ ભારતીયો આફ્રિકા જેવા લાગે છે જો કે બીજા જ શબ્દોમાં કહ્યું કે તેનાથી કોઈ ફર્ક પડતો નથી અને તમામ ભાઈ-બહેન જ છે. તેઓએ કહ્યું કે ભારતમાં અલગ અલગ ભાષાઓ, ધર્મ, ખાનપાન વગેરે છે પરંતુ તમામ એક છે.



હું ઉતર પુર્વથી છું પણ ભારતીય જેવો લાગુ છુંઃ પિત્રોડાને હેમંત બિશ્વ શર્માનો જવાબ

નવી દિલ્હી તા.૮

અગાઉ વારસદાર ટેક્ષ મુદ્દે શામ પિત્રોડાના વિધાનો પર ભાજપે કોંગ્રેસને ભીડવ્યા બાદ હવે ભારતની વિવિધતા અંગે કરેલા વિધાનોમાં ભાજપે વળતો પ્રહાર શરુ કરી દીધો છે. આસામના મુખ્યમંત્રી હેમંત બિશ્વ શર્માએ સોશ્યલ મીડીયા પર એક પોસ્ટમાં કહ્યું કે સેમભાઈ, હું ઉતરપુર્વથી છું અને હું ભારતીય જેવો લાગુ છું અને આપણે એક વિવિધતાભર્યા દેશમાં છીએ ભલે અલગ અલગ દેખાતા હોય પરંતુ આપણે બધા એક છીએ. આપણા દેશને થોડું તો સમજી લો કહીને પિત્રોડા પર કટાક્ષ કરતા કહ્યું.

રાજકોટના બજાર ભાવ

તેલ (૧૫ કિલો)	ભાવ
સીંગતેલ તેલ (નવા ડબ્બા)	૨૫૪૫-૨૫૯૫
સીંગતેલ (જૂના ડબ્બા)	૨૪૯૫-૨૫૪૫
કપાસીયા તેલ (નવા ડબ્બા)	૧૭૦૫-૧૭૩૫
કપાસીયા તેલ (જૂના ડબ્બા)	૧૬૫૫-૧૬૮૫
પામોલીયન તેલ	૧૪૯૦-૧૪૯૫
મસ્ટર્ડ તેલ	૧૬૧૦-૧૬૪૦
સનફ્લાવર તેલ	૧૫૨૦-૧૫૪૦
મકાઈ તેલ	૧૫૨૦-૧૫૪૦
વનસ્પતિ ઘી	૧૬૯૦-૧૭૩૦
કોપરેલ	૨૪૦૦-૨૪૫૦
દિવેલ	૨૦૧૦-૨૦૩૦



સોનુ-ચાંદી

સોનુ (૧૦ ગ્રામ) ૭૩૮૦૦(-૨૦૦)

ચાંદી ૮૩૯૫૦(-૩૫૦)

ભારત વિકાસ પરિષદ દ્વારા બે દિવસીય રીજીયોનલ વર્કશોપ યોજાશે

ગુજરાત-મહારાષ્ટ્ર અને ગોવાના પશ્ચિમ ક્ષેત્રોના ૧૦ પ્રાંતના પદાધિકારીઓ ઉપસ્થિત રહેશે

તસ્વીરઃ પંકજ શીશાંગીયા

સતત બે દિવસ બેઠકોમાં પરિષદના કાર્યો આગામી આયામોની ચર્ચા વિચારણા થશે

રાજકોટઃતા ૮

ભારત વિકાસ પરિષદનો રીજયોનલ વર્કશોપ આગામી તા.૧૦/૫/૨૦૨૪ થી ૧૨/૫/૨૦૨૪ ના દિવસે રાજકોટની સુવિખ્યાત આધ્યાત્મિક સંસ્થા આર્ષ વિધામંદિર - મુંજકા ખાતે યોજાશે. પરિષદનું નાનામાં નાનું એકમ એટલે બ્રાન્ચ (શાખા) ત્યારબાદ પ્રાંત, રીજીયન અને નેશનલ. આ મુજબ સંસ્થા તેના બંધારણ મુજબ દરેક શરૂ થતાં નવા વર્ષે નેશનલ વર્કશોપ, રીજીયોનલ વર્કશોપ, પ્રાંતિય વર્કશોપ એમ ક્રમાનુસાર વર્કશોપનું આયોજન કાર્યકર્તાઓના ઘડતર માટે કરે છે. જેમાં નવનિયુક્ત જવાબદારી સંભાળનાર પદાધિકારીઓનું ઘડતર કરવામાં આવે છે.

ભારત વિકાસ પરિષદની ૧૫૦૦ થી વધુ જેટલી શાખાઓ સમગ્ર દેશમાં ફેલાયેલી છે. આ શાખાઓને ૧૦ રીજીયન અને ૭૯ પ્રાંતમાં વહેચવામાં આવેલ છે. જે પૈકી વેસ્ટ રીજીયન (પશ્ચિમ ક્ષેત્ર) માં કુલ ૩ રાજ્યો ગુજરાત, મહારાષ્ટ્ર અને ગોવાના ૧૦ પ્રાંતના રીજીયનના અધિકારીઓ, દરેક પ્રાંતના અધ્યક્ષ, મહાસચિવ, કોષાધ્યક્ષ, ઉપાધ્યક્ષ, સંગઠનમંત્રી અને મહિલા સંયોજિકા આ વર્કશોપમાં ઉપસ્થિત રહેશે.

આ અભ્યાસ વર્ગમાં પશ્ચિમ ક્ષેત્ર રીજીયોનલ પ્રમુખ શ્રીલક્ષ્મીનિવાસ જાજુ, જનરલ સેક્રેટરી વિનોદભાઈ લાઠીયાના માર્ગદર્શન હેઠળ જુદા જુદા ૧૨ થી ૧૫ સત્રોમાં વકતાઓ દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે. આ આયોજન અંતર્ગત વિનોદભાઈ લાઠીયા, પ્રફુલભાઈ ગોસ્વામી, નરેન્દ્રભાઈ ભાડલીયા, જેઠસુરભાઈ ગુજરીયા, કરશનભાઈ મેતા, દિવ્યેશભાઈ સતાસીયા, પ્રવિણપુરી ગોસ્વામી, બકુલભાઈ દુધાગરા, મનોજભાઈ પુરોહિત, અશ્વિન કથરોટીયા, દિપક ભાઈ ગોસાઈ, સુખદેવ ભાઈ અગ્રાવત, શોભતા બેન ભાડલીયા એ સાંજ સમાચાર ની મુલાકાત લીધી હતી.

શહેર યુવા ભાજપ વોર્ડ નં.૧૪ પ્રભારી જય ગજજરનો આજે જન્મદિવસ

રાજકોટ,તા.૮

જય ગજજર આજે રોજ ૨૫માં વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહ્યા છે ખુબજ નાની ઉંમરમા મોટી લોક ચાહના પ્રાપ્ત કરનાર તેમજ છેલ્લા ૭ વર્ષથી યુવા ભાજપની જવાબદારી નિષ્ઠા પૂર્વક નિભાવી છે રાજકોટ શહેર યુવા ભાજપ વોર્ડ નં.૧૨ મંત્રી ત્યારબાદ શહેર યુવા મોરચામાં સોશીયલ મીડીયા ઈન્ચાર્જ તેમજ હાલ વોર્ડ નં.૧૪માં પ્રભારી છે. ત્યારે પરષોત્તમભાઈ રૂપાલા, ભાનુબેન બાબરીયા, પ્રમુખ મુકેશભાઈ દોશી, મોહનભાઈ કુંડારીયા, રામભાઈ મોકરિયા, ભરતભાઈ બોઘરા, રમેશભાઈ ટીલાળા, ઉદયભાઈ કાનગડ, દર્શિતાબેન શાહ, ડો.પ્રદીપભાઈ ડવ, કમલેશભાઈ મીરાણી, અને અન્ય રાજકીય આગેવાનોની પ્રેરણા થી આટલી નાની ઉંમરમાં ખુબજ મોટી સિદ્ધિ હાંસલ કરેલ છે.આજ રોજ તેમના જન્મદિવસ પર બહોળા મિત્ર વર્ગ, રાજકીય, સામાજીક સમર્થકોની અભિનંદન વર્ષા થઈ રહી છે...

આજે વિશ્વ થેલેસેમીયા દિવસ નિમિત્તે બડા બજરંગ ફાઉન્ડેશન દ્વારા લોકોને રકતદાનની અપીલ

રાજકોટમાં ૭૫૦ થી પણ વધુ બાળકોને થેલેસેમીયાઃ૧૮ થી ૬૦ વર્ષના લોકોએ અવશ્ય રકતદાન કરવું

રાજકોટઃતા ૮

તા.૮ મે વિશ્વ થેલેસેમીયા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. થેલેસેમીયા વિશ્વની સૌથી મોટી ભયંકર બીમારીમાની એક છે. થેલેસેમીયા એક બાળકના માતા-પિતાના કારણે તેના બાળકને આવે છે. રાજકોટમાં ૭૫૦ થી પણ વધુ થેલેસેમીયા ભુલકાઓ છે.

થેલેસેમીયા મેજરને દર ૧૫ દિવસે રકતની જરૂર પડતી હોય છે અને રકત ફકત માનવ શરીર દ્વારા જ પ્રાપ્ત કરી શકાય છે અને આ બાળકોનું જીવન સમાજ ઉપર હોય છે. જયા સુધી સમાજના લોકો રકતદાન કરતા રહેશે ત્યા સુધી આ બાળકો ને મુશ્કેલી નહીં રહે પરંતુ અછત હોય જયારે રકતની ત્યારે આમની હાલત અત્યંત દયનીય થઈ જાય છે.

આજરોજ વિશ્વ થેલેસેમીયા દિવસ નિમિતે શ્રી બડા બજરંગ ફાઉન્ડેશન રકતદાતા ગ્રુપ (સીવીલ થેલેસેમીયા સોસાયટી) અને થેલેસેમીક ભુલકાઓ આજરોજ સાથે મળીને સમાજને રકતદાન કરવા અપીલ કરી છે તેઓ જણાવે છે કે દિકરા કે દિકરી ૧૮ વર્ષના થઈ જાય ત્યારે તેનો થેલેસેમીયા ટેસ્ટ અવશ્ય કરાવી લેવું. જે વ્યકિત ૧૮ થી ૬૦ વર્ષની છે અને વજન ૫૦ કિ.ગ્રા.થી વધુ છે તે વ્યકિત પુરૂષ દર ૯૦-દિવસે અને બહેનો ૧૨૦ દિવસે રકતદાન જરૂર કરે. શાળા-કોલેજો, સોસાયટી ઈન્ડસ્ટ્રીઝમાં થેલેસેમીયા રોકવા માટે અવેરનેસ કાર્યક્રમો કરવામાં આવે અને સાથે રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવે. શાળા-કોલેજ સોસાયટી, ઈન્ડસ્ટ્રીઝમાં અવેરનેસ કેમ્પ અને રકતદાનનુ આયોજન કરવા બડા બજરંગ રકતદાતા ગ્રુપ-મો. ૯૪૨૬૫૦૯૯૯૬ (વિજયભાઈ) તથા મો.નં. ૮૧૨૮૮ ૮૮૮૩૫ (કલ્પેશભાઈ) નો સંપર્ક કરવો

સોમવારે નેશનલ યુથ પ્રોજેકટ દ્વારા સુવર્ણપ્રાશન કેમ્પનું આયોજન

નેશનલ યુથ પ્રોજેકટ દ્વારા નિઃશુલ્ક સુવર્ણ પ્રાશન કેમ્પનું સ્વ.ડો.એસ.એન. સુબ્બારાવની સ્મૃતિમાં રાજેશ ભાતેલીયાના માર્ગદર્શન હેઠળ આગામી તા.૧૩ મે ને સોમવારના રોજ સવારે ૧૧:૩૦ થી બપોરે ૧૨:૩૦ સુધી અને સાંજના ૬:૩૦ થી ૭:૩૦ વાગ્યા સુધી ડો.એલ.બી.રાવલને ત્યાં આર.એન.ડી આયુર્વેદિક સ્ટોર્સ, ગાયત્રીનગર મેઈન રોડ, જીવરાજ હોસ્પિટલની બાજુમાં, પેરેગોન પ્લાસ્ટિકની સામે, કેશર ડેરીની બાજુમાં, રાજકોટ ખાતે આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમને સફળ બનાવવા માટે નેશનલ યુથ પ્રોજેક્ટના સચુ એસ. તન્ના, દર્શિત આર. ભાતેલીયા, અમિત આર. ચૌહાણના માર્ગદર્શન હેઠળ કાર્યકરો જહેમત ઉઠાવી રહ્યા છે.

લોકસેવા સમાજ ટ્રસ્ટ સંચાલિત છાત્રાલયોમાં વિદ્યાર્થીઓને નિઃશુલ્ક પ્રવેશ

લોકસેવા સમાજ ટ્રસ્ટ રાજકોટ સંચાલીત સંસ્થાઓમાં અનુ.જાતિ અનુ.જનજાતિ તથા બક્ષીપંચ અને અતિ પછાત જાતિઓના વિદ્યાર્થી ભાઈઓ અને બહેનો માટે ૫ સ્ટાર સગવડો સાથે વિનામૂલ્યે પ્રવેશ મળશે.

જેમાં આશ્રમ શાળા માલીયાસણ ધો.૧થી ૮ કુમાર અને કન્યા ૯૭૨૪૧ ૨૩૧૦૧, કુમાર છાત્રાલય માલીયાસણ ધો.૯થી ૧૨ મો. ૯૩૭૫૭ ૦૧૫૩૭ ડાલીબાઈ કન્યા છાત્રાલય રાજકોટ ધો.૮થી ૧૨ મો. ૯૨૨૮૭ ૪૮૦૮૯ પર પ્રવેશ મેળવવવા સંપર્ક કરવો.

આજે ધુન-ભજનનો કાર્યક્રમ

પુનિત સદગુરૂ ભજન મંડળ દ્વારા આજે તા.૮ને બુધવારના રોજ રાત્રે ૯-૩૦ કલાકે અશોકભાઈ રતિલાલ ઘેલાણીના નિવાસસ્થાન આશીર્વાદ એપાર્ટમેન્ટ, ન્યુ કોલેજવાડી, મેઈન રોડ, કેકેવી ચોકથી આગળ શ્રીજી હોટલવાળી શેરી ખાતે સ્વ. દિનેશભાઈના જયશ્રીકૃષ્ણ બોલાવવા ધૂન ભજનનું આયોજન કરવામાં આવ્યું છે.

લોકશાહી પર્વ નિમિતે એકરંગ સંસ્થાની મનોદિવ્યાંગ દિકરીઓએ બેનર દ્વારા મતદાન જાગૃતિ અભિયાન ચલાવ્યું

રાજકોટ,તા.૮

ગઈકાલ તા.૭ને મંગળવારના રોજ ગુજરાતભરમાં લોકશાહી પર્વ ઉત્સવ તરીકે ઉજવવામાં આવ્યું હતું. એકરંગ સંસ્થાની મનોદિવ્યાંગ દિકરીઓ સંસ્થાના પ્રમુખ દિપીકાબેન પ્રજાપતિ સાથે મતદાન કરીને આપણા સમાજના સામાન્ય નાગરિકોને લોકશાહી પર્વ અવસર નિમિતે પોતાના મત આપવાના અધિકાર પ્રત્યે જાગૃતિ લાવવા માટે ઠેર ઠેર સ્ટોલ રાખીને નારા તથા બેનર દ્વારા સમાજના ૧૮ વર્ષથી ઉપરના નાગરિકોને મત આપવા માટે જાગૃત કરવામાં આવ્યા હતા. મનોદિવ્યાંગ દિકરીઓ સવારના ૭ વાગ્યાથી સાધુવાસવાણી રોડ પર રાજપેલેસ ચોક પાસે, યુનિવર્સિટી રોડ પર એચ. પી. પેટ્રોલ પંપ પાસે, તેમજ રૈયા રોડ પર આલાપ ગ્રીન સિટી પાસે સ્ટોલ રાખી હાથમાં બેનર રાખી અને સુત્રોચ્ચાર કરી પશ્ચિમ રાજકોટના સામાન્ય નાગરિકોને મતદાન કરવા પ્રેરણા મળે તે માટે જાગૃતિ અભિયાન ચલાવવામાં આવ્યું હતું. એકરંગ સંસ્થાની દિકરીઓએ સામાન્ય નાગરિકોને મતદાન મથકએ જઈ પવિત્ર ફરજ બજાવવા માટે જાગૃતિ અભિયાન ચલાવી સમાજમાં અસામાન્ય દિકરીઓ દ્વારા સામાન્ય નાગરિકોને જાગૃતિ લાવવા માટે સમાન્ય જનતા સુંધી નોંધપાત્ર સંદેશ પહોંચાડયો છે.

ગીતા વિદ્યાલય ટ્રસ્ટ દ્વારા સંચાલિત છાશ કેન્દ્રનો થયો પ્રારંભઃ ૫૨ માં વર્ષમાં મંગલ પ્રવેશ

રાજકોટમાં જંકશન પ્લોટ ખાતે ગીતા વિદ્યાલય ટ્રસ્ટ દ્વારા ઈ.સ.૧૯૭૩માં નિઃશુલ્ક ઉનાળુ છાશ કેન્દ્રનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. છેલ્લા પર વર્ષોથી આ સંસ્થા દ્વારા ઉનાળામાં અઢી માસ સુધી છાશ કેન્દ્રનું સંચાલન થાય છે. જેમાં પ્રતિદિન ૨૦૦ જેટલા પરિવારોને સવા લીટર પૌષ્ટિક છાશનું નિઃશુલ્ક વિતરણ કરવામાં.આવે છે. આ વર્ષે છાશ કેન્દ્રના પર માં વર્ષનો રામનવમીએ શુભારંભ થયો છે. દર વર્ષે ઉનાળાના પ્રારંભે રામનવમીએ છાશ કેન્દ્રનો પ્રારંભ થાયછે અને જુન માસમાં વરસાદ થઈ જાય ત્યારે છાશ કેન્દ્રનું સમાપન થાય છે. આ સેવાયજ્ઞમાં વિવિધ દાતાઓનો સહયોગ મળેલ છે.

જૈન અગ્રણી કિશોરભાઈ કોરડીયાનું જીવદયાના કાર્યોમાં રૂા.૩ લાખનું

શ્રી સિદ્ધચક્ર તપગચ્છ શ્વે.મૂ.જૈન સંઘના મેનેજીંગ ટ્રસ્ટી, જૈન અગ્રણી, જીવદયા પ્રેમી કિશોરભાઈ કોરડીયાએ જીવદયાના કાર્યોમાં રૂા.૩ લાખનું દાન કરેલ છે જેમાં 'પ્રભુજીનો આશરો' માનસિંગ વિકલાંગ સંસ્થાને રૂા.૧ લાખ, શંખેશ્વર પાર્શ્વનાથ જૈન ટ્રસ્ટને રૂા.૧ લાખ તથા 'બળદનો આશ્રમ' સંસ્થાને રૂા.૧ લાખનો ચેક આપવામાં આવેલ.

આ પ્રસંગે પૂર્વ કેન્દ્રીય મંત્રી ડો. વલ્લભભાઈ કથિરીયા, ગોવિંદભાઈ પટેલ, ખોડલધામ ટ્રસ્ટના ટ્રસ્ટી કાંતિભાઈ પટેલ, 'સાંજ સમાચાર'ના વરિષ્ઠ પત્રકાર વિમલભાઈ ધામી, રાજકોટ મહાજન પાંજરાપોળના યોગેશભાઈ શાહ વગેરેની ઉપસ્થિતિમાં સંસ્થાઓને ચેક અર્પણ કરાયા હતા તથા વિજયભાઈ ડોબરીયા, વિજયસિંહ જાડેજા, યુવરાજસિંહ જાડેજા, નિતાબા જાડેજા વગેરેએ ચેકનો સ્વીકાર કર્યો હતો. આ પ્રસંગે મહેશભાઈ મહેતા, વિનુભાઈ કોરડીયા, મહેન્દ્રભાઈ શાહ, ગૌરવભાઈ ધ્રુવ, દિનેશભાઈ બોરડીયા, મિતેષભાઈ શાહ વગેરેએ જહેમત ઉઠાવી હતી ઉપરોકત તસ્વીર કાર્યક્રમની છે.

ઉત્સાહ અને ઉમંગભેર મતદાન કરવા બદલ મતદાતાઓનો આભાર વ્યકત કરતા ચેતન રામાણી

રાજકોટઃતા ૮

ગુજરાત પ્રદેશ ભાજપ અગ્રણી તેમજ સૌરાષ્ટ્રના ખેડૂત આગેવાન ચેતનભાઈ રામાણી જણાવે છે કે, વિશ્વની સૌથી મોટી અને શકતીશાળી લોકશાહી ભારતની ચુંટણી પ્રક્રીયા ચાલુ છે. જેમા ગઈ કાલે તા.૭/૫/૨૩ ના રોજ ત્રીજા તબક્કાના મતદાનમા ૧૧ રાજયો અને કેન્દ્રશાસીત પ્રદેશો સામેલ હતા જેમા લોકપ્રીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનુ ઘર અને ભારતીય જનતા પાર્ટીનો ગઢ ગણાતા ગુજરાતની પણ ૨૫ બેઠકો પર મતદાન યોજાયુ હતુ. કેન્દ્રમાં સતત ત્રીજીવાર નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ૪૦૦થી વધુ બેઠકો સાથે એનડીએની સરકાર રચવા રાજકોટ જિલ્લા ના પ્રજાજનોએ જે મતદાન કર્યું છે તે બદલ તેમને કોટી કોટી વંદન કરી દિલ થી આભાર વ્યકત કરુ છુ.

રાજકોટ બેઠકના ઉમેદવાર અને કેન્દ્રીય મંત્રી પરસોત્તમભાઈ રૂપાલાના સમર્થનમા ભારતીય જનતા પાર્ટી ના તમામ જિલ્લાઓના તેમજ દરેક મંડલના આગેવાનો, હોદ્દેદાર ઓ, ચુંટાયેલા પ્રતિનિધીઓ, સરપંચ ઓ, બુથ પ્રમુખ ઓ, દેવ દુર્લભ કાર્યકર્તાઓ એ અપેક્ષા વગર તનતોડ મહેનત કરી છે સાથે સોસાયટીઓ, ફ્લેટ વાસીઓ ઢોલ નગારા ની સાથે નાચ ગાન કરી રાષ્ટ્રહીત માટે મતદાન કરવા ખુબ આનંદ, ઉત્સાહ અને ઉમંગભેર મતદાન મથક પહોંચયા હતા.

રઘુવંશી ચિલ્ડ્રન સોસાયટી દ્વારા ટેલેન્ટ શો યોજાયો

રઘુવંશી ચિલ્ડ્રન સોસાયટી દ્વારા બાળ ટેલેન્ટ શો યોજાયો હતો. જેમાં રામાયણના પાત્રોમાં સ્નેહા તન્ના પ્રથમ, હિતાર્થ બદીયાણી દ્વિતીય અને નિરાલી બદીયાણીએ તૃતીય ક્રમે, નૃત્યમાં પ્રાંશી આદરાણી પ્રથમ, ધૈર્ય માણેક દ્વિતીય, હિન્દા ઉનડકટ તથા ધૈર્ય વસાણી તૃતીય ક્રમે તેમજ જનરલ ટેલેન્ટમાં ઉર્વી મજેઠીયા પ્રથમ, વિહા મૃગ દ્વિતીય અને પ્રિયાંક શીંગાળા તૃતીય ક્રમે વિજેતા થયા હતા.

રવિવારે રાજકોટ મોચી જ્ઞાતિ કર્મચારી પ્રગતિ મંડળની સામાન્ય સભા

રાજકોટ,તા.૮

રાજકોટ મોચી જ્ઞાતિ કર્મચારી પ્રગતિ મંડળની સામાન્ય સભાનું આગામી તા.૧૨ને રવિવારના રોજ સાંજે ૪ વાગ્યે મોચી મંદિર, હરિશ્ચંદ્ર ટોકીઝ સામે, રાજકોટ ખાતે આયોજન કરવામાં આવ્યું છે.જેમાં વર્ષ ૨૦૨૨-૨૩ અને વર્ષ ૨૦૨૩-૨૪ ના નાણાંકીય હિસાબો રજુ કરવા અને આગામી બે વર્ષ (૨૦૨૪-૨૫ અને વર્ષ ૨૦૨૫-૨૬) માટે પ્રમુખ અને હોદ્દેદારોની વરણી કરવામાં આવશે.

જાગૃત મતદારો યશવંત જનાણી અને એચ. એ. નકાણીનું મતદાન

રાજકોટ,તા.૮

મહાન લોકશાહી પર્વની ઉજવણી નિમિતે અને લોકશાહી મૂલ્યોની જાળવણી માટે રાજકોટ લોકસભાની બેઠક ઉપર જાગૃત મતદારો યશવંત જનાણી અને એચ. એ. નકાણીએ પ્રથમ મતદાન કરી પોતાની રાષ્ટ્રીય ફરજ બજાવેલ.સમાજ સેવા સંગઠક યશવંત જનાણીએ વોર્ડ નં. ૧૦ ના આત્મીય કોલેજના બુથ ઉપર પ્રથમ મતદાન કરેલ. આ તકે પ્રિસાઈડીંગ ઓફીસર દ્વારા પ્રથમ મતદાન કરવા બદલ યશવંત જનાણીનું બુકે આપીને સન્માન કરવામાં આવ્યુ હતું. શૈક્ષણિક અગ્રણી એચ. એ. નકાણીએ વોર્ડ નં. ૧૬ ના પ્રાથમીક શાળા નં. ૮૦ ઉપર મતદાન કરેલ.

ભાજપનાં સહકાર સેલનાં સંયોજક અશોકભાઈ ડાંગરનું પરીવાર સાથે મતદાન

રાજકોટ,તા.૮

ગઈ કાલે ચૂંટણીઓ મહા પર્વ ઉજવાયો હતો. લોકોએ વહેલી સવારથી જ મતદાન માટે મથકો પર પહોંચી ગયા હતા. બહોળી સંખ્યામાં લોકો એ મતદાન કર્યું હતું. ત્યારે આ મહાપર્વ માં પોતાનું યોગદાન આપવા રાજકોટ શહેર ભાજપ નાં સહકાર સેલ નાં સંયોજક અશોકભાઈ ડી ડાંગર એ પરીવાર સાથે મતદાન કર્યું હતું.

રઘુવંશી અગ્રણી કિરીટભાઈ કેસરીયાનો જન્મદિવસ

રાજકોટ, તા.૮

રઘુવંશી અગ્રણી કિરીટભાઈ કેસરીયાનો આવતીકાલ તા. ૯ નાં રોજ જન્મદિવસ છે. તેઓએ યશસ્વી જીવનના ૭૦ વર્ષ પૂર્ણ કરી ૭૧માં વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે.

કિરીટભાઈ કેસરીયા લોહાણા જ્ઞાતિનો વિકટ પ્રશ્ન બની ગયેલ દિકરા દિકરીનાં વેવિશાળના મુદ્દે કાર્યરત છે. સમગ્ર ભારતમાં વોટસએપ દ્વારા ૭૦ ગ્રુપની શરૂઆત કરી હજારો દિકરા-દિકરીઓની માહિતી ઘેર બેઠા પરસ્પર મળી રહે તે માટે બાયોડેટાની આપ-લે કરી નવતર પ્રયાસ કર્યો છે, રાજકોટના નામાંકિત રઘુવંશી અગ્રણીઓ, વેપારીઓ, ઉદ્યોગપતિઓ કિરીટભાઈની આ સેવાનો લાભ લેવા સદા તત્પર હોય છે અને તે લોકોની પ્રશંસાપાત્ર બની ગયેલ છે. આ ઉપરાંત અનેક મેરેજ બ્યુરોમાં પોતાની નિઃસ્વાર્થ સેવા આપી રહ્યા છે. લોહાણા મહાપરિષદ મેરેજ બ્યુરો કમિટી, અખિલ ગુજરાત લોહાણા સમાજ, અખિલ સૌરાષ્ટ્ર-કચ્છ રઘુવીર સેના, રઘુવંશી પરિવાર સહિતની જ્ઞાતી સંસ્થાઓમાં સતત સક્રિય છે. તેમના જન્મદિન નિમિત્તે મો.નં. ૯૮૨૪૨ ૨૪૨૭૦ પર શુભેચ્છાઓ મળી રહી છે.

શનિવારે પૂ.શ્રી રણછોડદાસ બાપુ આશ્રમનો ૭૯માં વર્ષમાં મંગલ પ્રવેશઃ વિવિધ ધાર્મિક અનુષ્ઠાનો

શનિવારે પતિતપાવન ભગવાનનું ષોડશોપચાર પૂજન, હોમાત્મક યજ્ઞ, સમૂહ આરતીઃ નીજ મંદિર હોલમાં ૭૯ દીવડાની આરતીઃ રામચરિતમાનસજીના અખંડ પાઠ તથા રાત્રે આશ્રમને દીવડાથી સજાવાશે

રાજકોટ તા.૮

શ્રી રણછોડદાસજી બાપુ દ્વારા સન ૧૧/૦૫/૧૯૪૬માં સંસ્થાપિત શ્રી સદગુરૂ સદન ટ્રસ્ટ (પ.પૂ.શ્રી રણછોડદાસજી બાપુ આશ્રમ) પૂ.શ્રી સદગુરૂદેવ રણછોડદાસજી બાપુએ માનવ સેવાની જયોત હંમેશા પ્રજ્જવલિત રહે અને રામનામનો પ્રચાર થાય અને સમગ્ર માનવજાતને સેવા મળી રહે એ ઉદ્દેશ સાથે સદગુરૂ સદન ટ્રસ્ટ (પૂ. રણછોડદાસજી બાપુ આશ્રમ), રાજકોટની સ્થાપના કરવામાં આવી હતી. આ સ્થાપના દિવસ નિમિત્તે સમૂહ આરતી, અખંડ શ્રી રામાયણજી પાઠ દ્વારા ધાર્મિક રીતે ઉજવવામાં આવશે. તથા આશ્રમનાં સ્થાપના દિવસ નિમિતે જે પતિ પાવન ભગવાનનું જાપયજ્ઞ અનુષ્ઠાન ચાલી રહ્યું હતું, તેની પૂર્ણાહુતિ કરવામાં આવશે, આ અનુષ્ઠાનમાં ભારતભરમાંથી લોકો જોડાયેલ હતા અને જાપ કરીને સહભાગી થયા હતા, પૂર્ણાહુતિ તા.૧૧ના હોમાત્મક યજ્ઞ, પુજા દ્વારા કરવામાં આવશે.

જેમાં વહેલી સવારે ૩-૩૦થી ૫ વાગ્યા સુધી પતિત પાવન ભગવાનનું ષોડશોપચાર પુજન તથા સવારે ૫ વાગ્યે હોમાત્મક યજ્ઞનો પ્રારંભ, બીડું હોમવાનો સમય સવારે ૯-૩૦ વાગ્યા તથા આશ્રમનાં સ્થાપના દિવસ નિમિતે સમૂહ આરતી, નિજ મંદિર હોલમાં ૧૦ વાગ્યે થશે.

ડોકટર સ્ટાફ તથા ગુરૂભાઈ-બહેનો અને ગુરૂભાઈ-બહેનો દ્વારા નિજ મંદિર હોલમાં ૭૯ આરતીનાં દિવ્ય શણગાર સાથે સમુહ આરતી સવારે ૧૦ કલાકે કરવામાં આવશે તથા શ્રી રામચરિત માનસજીનાં અખંડ પાઠ, શ્રી ગુરૂમઢીમાં સવારે ૬ વાગ્યે કરવામાં આવશે તથા રાત્રે ૮ વાગ્યે આશ્રમને દિવડાઓના ઝગમગાટ કરવામાં આવશે તેમ ટ્રસ્ટી પ્રવીણભાઈ વસાણીએ જણાવેલ છે.

રવિવારથી રેસકોર્સ ખાતે નિઃશુલ્ક પાણીના પરબનો પ્રારંભ

ભારત સેવક સમાજ તથા યુથ હોસ્ટેલ્સ - રાજકોટના સંયુકત ઉપકમે દર વર્ષની જેમ રેસકોર્સની મુલાકાતે આવતા વડીલો/બાળકો માટે વિનામૂલ્યે પાણીના પરબનો પ્રારંભ આગામી તા.૧૨ને રવિવારથી રેસકોર્સ ખાતે કરવામાં આવશે. જેમાં ઉનાળુ વેકેશન દરમિયાન દર રવિવારે સાંજે ૬ થી ૭:૫૦ સુધી ઠંડા પાણીની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

બામણબોરમાં સત્યાપીર દાદાનો તિથી મહોત્સવ, નવચંડી હવન અને ભવ્ય લોકડાયરો યોજાયો

રાજકોટ, તા.૮

રાજકોટ જિલ્લાના બામણબોર ગામે સત્યાપીરની ૨૩મી જાગૃતિ તિથિ મહોત્સવ હિંગળાજ માતાજીનો નવચંડી હવન અને ભવ્ય લોક ડાયરો યોજાઈ ગયો. આ પ્રસંગે સોનલબેન ઠાકોર, અલ્પાબેન પરમાર, જ્યોતિદાન ગઢવી વગેરે કલાકારોએ ભજનની રમઝટ બોલાવી હતી અને વાસલ સાઉન્ડના સથવારે અને ભક્તિ સ્ટુડિયો ચોટીલા દ્વારા લાઈવ ભજનની રમઝટ બોલાવી હતી. સમસ્ત બામણબોર ગામ દ્વારા ભજન અને ભોજન સંતોની હાજરીમાં મોટી સંખ્યામાં લોકોએ મહાપ્રસાદ અને ભજનની મોજ માણી હતી સમસ્ત બાવળિયા પરિવાર દ્વારા લાભ લીધો હતો. **(તસવીર : બાબુભાઈ ડાભી)**

આઈશ્રી જાહલમાઁ મોગલ ધામ આશ્રમ-ખરેડા આયોજીત, ગૌમાતાના લાભાર્થે

કાલથી માખાવડના પાટીયે રામકથાનો પ્રારંભ

આઈશ્રી જાહલમાઁના સાંનિધ્યમાં રામકથાનું આયોજનઃકાલે પૂ.મોરારીબાપુના હસ્તે દીપ પ્રાગટયઃ કથાના દિવસો દરમ્યાન દરરોજ આઠથી દસ હજાર લોકો મહાપ્રસાદનો લાભ લેશેઃ રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમોઃ તૈયારીઓનો ધમધમાટ



રાજકોટ તા.૮

લોધીકા તાલુકાના આઈશ્રી જાહલમાઁ મોગલધામ આશ્રમ-ખરેડા દ્વારા ગૌધામ, માખાવડનું પાટીયું, રીબડા-લોધીકા મેઈન રોડ ખાતે આવતીકાલ તા.૯થી તા.૧૭ સુધી રામચરિત માનસ કથાનું દિવ્ય આયોજન કરવામાં આવેલ છે. વકતાપદે ડો. મહાદેવપ્રસાદ મહેતા બિરાજીને સંગીતમય સૂરો સાથે કથાનું રસપાન કરાવશે. કથાનું આયોજન ગૌશાળાના લાભાર્થે કરવામાં આવેલ છે. ગૌશાળામાં લુલી લંગડી, નિરાધાર ગાયોની સાર સંભાળ લેવામાં આવે છે.

આવતીકાલથી શરૂ થતી રામકથાનો સમય સવારના ૯થી ૧૨-૩૦નો રાખવામાં આવેલ છે. કથાના દિવસો દરમ્યાન આઠથી દસ હજાર લોકો મહાપ્રસાદનો લાભ લેશે.

કાલે સવારે ૭ વાગે હાથીની અંબાડીએ, ઘોડા ગાડી, ખુલ્લી જીપો, મોટરકાર, બાઈક સહિત ઢોલ નગારા, બેન્ડના સૂરો સાથે ભવ્ય પોથીયાત્રા નીકળશે. વિશ્વ વિખ્યાત કથાકાર પૂ. મોરારીબાપુના વરદ હસ્તે દીપ પ્રાગટય થશે.

આઈશ્રી જાહલમાઁના સાંનિધ્યમાં કથાનું ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવેલ છે.

કથા દરમ્યાન ઉત્તરપ્રદેશના રાજયપાલ આનંદીબેન પટેલ, રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ, ગૃહમંત્રી હર્ષ સંઘવી, કેન્દ્રીય મંત્રી પરસોતમભાઈ રૂપાલા, કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયા, પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, નાયબ દંડક જગદીશભાઈ મકવાણા, ભાજપ અગ્રણી ચેતન રામારી સહિત સાંસદો, ધારાસભ્યો, તાલુકા, જીલ્લાના આગેવાનો ઉપસ્થિત રહેશે.

તદ્ ઉપરાંત ખોડલધામના પ્રમુખ નરેશ પટેલ, રાજકોટ પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવ, રેન્જ આઈજી અશોક યાદવ, કલેકટર પ્રભવ જોશી, મ્યુ.કમિશ્નર આનંદ પટેલ, ડીવાયએસપી જયપાલસિંહ રાઠોડ વગેરે ઉપસ્થિત રહેનાર છે.

કથા દરમ્યાન પૂ.મહંતશ્રી શેરનાથ બાપુ, શ્રી ઈન્દ્રભારતી બાપુ, અમદાવાદથી અખિલેશ્વરદાસજી બાપુ, કબરાઉ ધામના મહંત, શ્રી કરશનદાસ બાપુ, શ્રી રાજેન્દ્રદાસ બાપુ, શ્રી નિર્મળા બા (પાળીયાદ) જયારે સ્વામિનારાયણ સંપ્રદાયના પૂ.રાધારમણ સ્વામી, બાલાજી હનુમાનજી મંદિરના મહંત શ્રી વિવેકસાગર સ્વામી, ભકિત સ્વામી, શ્રીજીપ્રકાશ સ્વામી, આર્યન ભગત (ગઢપુર ધામ) વગેરે હાજરી આપશે.

સાંસ્કૃતિક કાર્યક્રમ

કથા દરમ્યાન રાત્રીના સાંસ્કૃતિક કાર્યક્રમોના આયોજનો કરવામાં આવ્યા છે.

કાલે તા.૯મીના મોગલધામ રામા મંડળ ખરેડા દ્વારા કાર્યક્રમ, તા.૧૦મીના શુક્રવારે લોકડાયરો વનીતાબેન પટેલ, તા.૧૧ના દાંડીયા રાસ (ઉમેદ ગઢવી), તા.૧૨ના દાંડીયા રાસ (મુનમબેન, ગોવિંદભાઈ ગઢવી), તથા તા.૧૩ના દાંડીયા રાસ (કુલદીપદાન ગઢવી), આમ ત્રણ દિવસ રાસ ગરબાનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે.

જયારે તા.૧૪ના વિશ્વ વિખ્યાત માયાભાઈ આહિરનો લોકડાયરો તથા હાસ્ય દરબારનું આયોજન કરવામાં આવેલ છે.

કથા સ્થળ પર બાળકો માટે લોકમેળાનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે.

કથામાં તા.૧૦મીના શિવ વિવાહ, તા.૧૧ના રામ જન્મોત્સવ, તા.૧૩મીના રામ વિવાહ, તા.૧૬ના સુંદરકાંડના પાઠ તથા તા.૧૭ના રામ રાજયાભિષેક સાથે કથાનું સમાપન થશે. દરેક પ્રસંગો ભવ્ય રીતે ઉજવાશે. આયોજકો દ્વારા તૈયારીઓ પુરજોશમાં ચાલી રહી છે.

ઉપરોકત કથાની માહિતી આપવા 'સાંજ સમાચાર' કાર્યાલય પર કિશોરભાઈ ગજેરા, હરિકૃષ્ણ રામાણી તથા વેલજીભાઈ દોંગા વગેરે આવેલ હતા.

શુક્રવારે વિષ્ણુના છઠ્ઠા અવતાર ભગવાન પરશુરામ જન્મોત્સવ ઉજવવાનો બ્રહ્મસમાજમાં અનેરો થનગનાટ

ભૂદેવ સેવા સમિતિ દ્વારા અખાત્રીજના ભગવાન પરશુરામ જન્મોત્સવ ભવ્ય રીતે ઉજવાશે

રાજકોટ, તા. ૮

આગામી તા. ૧૦ના શુક્રવારે અખાત્રીજનો પરમ પવિત્ર દિવસ છે. ભુદેવ સેવા સમિતિ દ્વારા ભગવાન વિષ્ણુના છઠ્ઠા અવતાર ભગવાન પરશુરામજીનો જન્મોત્સવ ભવ્ય રીતે ઉજવવામાં આવનાર છે.

રાજકોટ તથા સૌરાષ્ટ્ર-કચ્છના ભુદેવો ભકિતભાવથી પરશુરામ જયંતીની ઉજવણી કરશે. ગામોગામ અલગ-અલગ બ્રહ્મ સંસ્થાઓ દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો, યજ્ઞો, પૂજન અર્ચન સાથે પરશુરામ જન્મોત્સવ ઉજવાશે.

ભુદેવ સેવા સમિતિના સ્થાપક બ્રહ્મ યુવા અગ્રણી તેજસ ત્રિવેદી જણાવે છે કે મહાવૈરાગી અકિંચન બ્રાહ્મણ એવા પરશુરામે ૨૧ વખત જીતેલી પૃથ્વીને પોતાના ગુરૂ ઋષિ કશ્યપને દાન કરી દીધુ હતું અને પોતે તપ કરવા મહેન્દ્ર પર્વ પર ચાલ્યા ગયા હતા. ભગવાન પરશુરામ માતૃ-પિતૃ આજ્ઞા પાલનનું શ્રેષ્ઠ ઉદાહરણ છે તેમજ ભિષ્મ દ્રોણ તથા કર્ણ જેવા મહારથીઓના ગુરૂ પરશુરામ હતા. જે શૌર્ય અને જ્ઞાનના પ્રતિકનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. વિષ્ણુ પુરાણમાં જણાવ્યા અનુસાર અખાત્રીજના ઉપવાસ કરવાથી મૃત્યુ ઉપરાંત બ્રહ્મલોકમાં સ્થાન મળે છે અને પરિભ્રમણ થતા રામ સમાન સુખ મળે છે. પરશુરામ ભગવાનનો જન્મોત્સવ અખાત્રીજના દિવસે હોવાથી બ્રહ્મસમાજમાં અનેરો ઉત્સાહ અને ઉમંગ હોય અલગ અલગ પરશુરામ ભગવાનના પંડાલોનું સ્થાપન કરવામાં આવતું હોય છે. તા.૧૦ના અખાત્રીજના પરંપરાગત ગામોગામ નીકળતી શોભાયાત્રામાં બ્રહ્મ પરિવારો એક બની સમાજને મજબુત અને સંગઠીત બનાવી સૌ સાથે મળી ભગવાન પરશુરામના જન્મોત્સવની ઉજવણી કરશે.

કરિયાણાના ધંધાર્થીએ ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો

રાજકોટ તા.૮

કરિયાણાના ધંધાર્થીએ ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે યુનિવર્સિટી પોલીસને જાણ કરી હતી. બનાવની વિગત મુજબ દેવશી વેલજીભાઈ સનેરવા (ઉ.વ.૩૫ રહે. મનહરપુર-૧ દ્વારકાધીશ પેટ્રોલ પંપ સામે) નામનાં યુવકે ગઈ કાલે રાત્રિના પોતાનાં ઘરે ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો.

દેવશીભાઈને કરિયાણાની દુકાન છે. તેની સામે રમેશભાઈને પણ કરિયાણાની દુકાન છે. જેથી બંને વચ્ચે ધંધાની હરીફાઈમાં માથાકૂટ થતી હતી. જેથી માથાકુટના ત્રાસથી કંટાળી દેવશીભાઈએ ગઈ કાલે રાત્રિના પોતાનાં ઘરે ઝેરી દવા પી લીધી હતી. બાદ યુવકને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. તેઓને સંતાનમાં બે પુત્ર હોવાનું પરિવારજનોએ જણાવ્યું હતું.

આજે સાંજે રકતદાન કેમ્પનું આયોજન

પરશુરામ જન્મોત્સવ અંતર્ગત બ્રહ્મ દેવ સમાજ દ્વારા અને શ્રીમદ્ રાજચંદ્ર ફાઉન્ડેશનના સહયોગથી આજે સાંજે ૫ થી ૯, બહુમાળી ભવન ચોક, રેસકોર્ષ ખાતે રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

સાંઢીયા પુલ તોડવા રેલ્વેમાં અરજી કરતું કોર્પોરેશનઃ આવતા મહિનેથી બ્રિજ તોડવાનું શરૂ થવાના નિર્દેશ

૬૩ કરોડના ખર્ચે નવા બનનારા ફોરલેન બ્રિજ માટે હજુ ચાલતો પત્ર વ્યવહાર : ડાયવર્ઝનનું કામ પણ ચાલુ

રાજકોટ, તા. ૮

જામનગર રોડ પરથી પ્રવેશદ્વાર જેવા સાંઢીયા પુલને તોડવા માટેની કામગીરીના હજુ કોઈ ઠેકાણા નથી ત્યારે હવે થોડા દિવસો બાદ પુલ તોડવાનું કામ શરૂ થઈ શકે છે. આ પુલ તોડવા હવે અરજી કરીને રેલ્વે તંત્રની મંજુરી માંગવામાં આવી છે.

તસ્વીરઃ પંકજ શીશાંગીયા

મ્યુનિ. કોર્પોરેશનના સુત્રોમાંથી મળતી વિગત મુજબ સાંઢીયા પુલ તોડીને નવો બનાવવા માટેનું ખાતમુહૂર્ત લોકસભાની ચૂંટણી જાહેર થતા પૂર્વે મુખ્યમંત્રીના હસ્તે કરવામાં આવ્યું હતું. ચૂંટણીના દિવસોમાં જ આ પુલ તોડવાનું કામ શરૂ થશે તેવું લાગતું હતું પરંતુ પુલ તોડવા માટે મનપાએ અરજી જ નહીં કર્યાની વિગતો ધ્યાન પર આવી હતી. આ બાદ તાજેતરમાં રાજકોટ રેલ્વે ડિવીઝનમાં ડિમોલીશનના ડ્રોઈંગ સાથેની વિસ્તૃત અરજી કરવામાં આવી છે. આ છ દાયકા જુનો બ્રીજ કઈ રીતે તોડવામાં આવશે અને કેટલો સમય કામ ચાલશે તેની વિગતો આ સાથે જોડવામાં આવી છે. છેલ્લી અરજી પરથી ચાલુ મહિનના અંત સુધીમાં પુલ તોડવાની મંજુરી મળી જાય તેવી આશા છે. આમ પણ આ પુલના બદલામાં શરૂ થનારા રસ્તે ડાયવર્ઝનનું કામ હજુ ચાલી રહ્યું છે. આ કામ પણ થોડા દિવસોમાં પુરૂ થશે તેવું ઈજનેરો કહે છે. આ અરજી મંજુર થતા કામ શરૂ થઈ જશે.

૬૩ કરોડના ખર્ચે આ જગ્યાએ નવો ફોરલેન ફ્લાયઓવર બનવાનો છે. જોકે સંપૂર્ણ પ્રોજેકટ પુરો થવામાં ઓછામાં ઓછો બે વર્ષ જેટલો સમય થશે. આથી આ પુલના કામમાં ઓછામાં ઓછા બે ચોમાસા નીકળી જશે તે નકકી છે.

રૂપાલાના વળતા જવાબમાં ક્ષત્રિય સંકલન સમિતિની પક્ષકાર પરિષદ

રૂપાલાની માફી રાજકીય હતીઃ ક્ષત્રિય સમાજની અસ્મિતા ખરડાઈઃ દેવેન્દ્રસિંહ જાડેજા

સંકલન સમીતીની મીટીંગ બાદ આગળની રણનીતિ ઘડાશે

રાજકોટ તા.૮

ગઈકાલે ચૂંટણી શાંતિપૂર્ણ સંપન્ન થયા બાદ આજરોજ ભાજપ ઉમેદવાર પરસોતમ રૂપાલાએ પ્રેસ કોન્ફરન્સ કરી ફરી ક્ષત્રિય સમાજની માફી માંગી હતી અને ઘટીત થયેલ ઘટના અંગે દુઃખ વ્યક્ત કર્યુ હતું ત્યારે તેના વળતા જવાબમાં ક્ષત્રિય સંકલન સમીતીના સભ્ય દેવેન્દ્રસિંહ જાડેજા, ક્ષત્રિય મહિલા અગ્રણી ભાર્ગવીબા ગોહિલ દ્વારા પત્રકાર પરિષદ યોજી હતી.

આ પત્રકાર પરિષદમાં દેવેન્દ્રસિંહ ગોહેલ જણાવે છે કે, અત્યાર સુધી ક્ષત્રિય સમાજની સંકલન સમીતી દ્વારા શાંતિપૂર્વક જ લડાઈ લડી હતી. ક્ષત્રિય સમાજના એક પણ સ્થળે માફી માંગી નથી. આથી પરસોતમ રૂપાલાને માફી આપવાનો સવાલ જ નથી. તેઓએ હંમેશા મીડીયા અને મધ્યસ્થ કાર્યાલય

થકી માફી માંગી છે. આજસુધી માંગેલી માફી રાજકીય સાથે તોલી હતી. આથી માફી પણ રાજકીય હતી. તેઓએ એક બહેનોને માફી માંગી નથી. આથી માતૃશક્તિની માફી કયારેય મળશે નહી. આગામી સમયમાં સંકલન સમીતીની બેઠક મળશે અને આગામી કાર્યક્રમોની રણનીતિ જાહેર કરવામાં આવશે. આજની માફી માત્ર વોટીંગ વર્ગ માટેની માફી હતી. ક્ષત્રિય સમાજના નામે ગંદી રાજનીતિ કરે છે. ક્ષત્રિય સમાજના નાનામાં નાનો માણસ પોતાની ધ્યાન રાખે છે. અત્યાર સુધી સંયમથી જ કામ કર્યુ છે. પરસોતમ રૂપાલા અને તેમના અંગત લોકો દ્વારા અમને ઉશ્કેરવા ઘણા પ્રયાસો કરવામાં આવ્યા તેના સબુત અમારી પાસે છે.

ક્ષત્રિય સમાજની અસ્મીતા પર પ્રહાર થયો છે. અગાઉ પરસોતમ રૂપાલા સાથે બે બેઠક થઈ હતી. હવે કોઈ બેઠક થશે નહીં.

શાંતિ, સંયમ અને શિસ્તપૂર્વક લડત લડાશે

અત્યારે માત્ર અલ્પવીરામ પુર્ણવિરામ નથીઃ લડત ચાલુ રહેશેઃ ભાર્ગવીબા ગોહિલ ક્ષત્રિય મહિલા અગ્રણી ભાર્ગવીબા ગોહિલ પત્રકાર પરિષદ સંબોધતા જણાવે છે કે, અમારી માંગને રાજકીય રીતે લઈ જવાય છે. અમારી નાની માંગ હતી જે માફી માંગવામાં આવી તે રાજકીય હતી. આગામી સમયમાં જે લડત થશે તે શાંતિ, સંયમ અને શીસ્તપૂર્વક જ થશે અને માઈક્રોપ્લાનીંગથી કામ કરાશે. અત્યારે માત્ર અલ્પવિરામ છે, પુર્ણવિરામ નથી. લડત ચાલુ રહેશે. એકતાની શક્તિને ઉંડા બંધારણમાં ઘડવાની નીતી થઈ રહી છે. મનોમંથન બાદ નિર્ણય લેવાશે.

શુક્રવારે સમસ્ત જૈન સમાજમાં વર્ષીતપના આરાધકો કરશે વર્ષીતપના પારણા

વર્ષીતપ એટલે એક વર્ષ સુધી કરવામાં આવતું વિશિષ્ટ તપ

ફાગણ સુદ આઠમથી વર્ષીતપનો પ્રારંભ તથા અક્ષય તૃતીયાના દિવસે તપનું સમાપનઃપ્રભુ મહાવીર કહે છે : તપસ્યા એટલે કર્મો બાળવાની ભઠ્ઠી

જૈન દર્શન તીર્થંકર ચરિત્ર મુજબ ત્રીજા આરાના અંતમાં ચૌદમાં કુલકર શ્રી નાભિરાજાના કૂળે રત્નકુક્ષીણી માતા મરૂદેવાની કુક્ષીએ શ્રી આદિનાથ ઋષભદેવ ભગવાનનો જન્મ થયો હતો.



બળદ આદિ પશુઓના ભોજન સમયે મુખ ઉપર જે છીકલી બાંધેલી છે તે ઉતારી લેજો આ વાત કહેવાની ઋષભદેવને સ્મરણમાં ન આવી. ઋષભદેવ પ્રભુને લાભાંતરાય કર્મના ઉદયને કારણે ચારસો દિવસ સુધી આહાર - પાણી મળ્યાં ન હતાં.

પર્વ વિશેષ : આલેખન :

મનોજ ડેલીવાળા
રાજકોટ
મો. ૯૮૨૪૧ ૧૪૪૩૯

અખાત્રીજના દિવસે ઋષભદેવ ભગવાનનું પારણું થયેલું,ત્યારથી વર્ષીતપ કરવાની પરંપરા શરૂ થઈ છે.

જૈન શાસ્ત્રોમાં તપને અનેરૂ અને આગવું મહત્વ આપવામાં આવ્યું છે. જૈનાગમ શ્રી ઉત્તરાધ્યયનજી સૂત્રમાં ૩૦મું 'તપો માર્ગ' નામનું એક આખું અધ્યયન આપેલું છે તેમાં કહ્યું છે.. કરોડો ભવોના બાંધેલા કર્મો તપથી ખરી અને નિર્જરી જાય છે.

તપના બાર પ્રકાર છે, તેમાં છ આભ્યંતર અને છ બાહ્ય

વર્ષી તપની બાહ્ય તપમાં ગણના થાય છે.વર્ષી તપ એ ૪૦૦ દિવસ સુધી કરવામાં આવતું વિશિષ્ઠ તપ રહેલું છે.વર્ષી તપના તપસ્વીઓ ઉપકારી પૂ.ગુરૂવર્યો, પૂ.સાધુ-સાધ્વીજીઓના શ્રી મુખેથી ફાગણ વદ આઠમના તપના પચ્ચખાણ અંગીકાર કરી મંડાણ કરે છે અને વૈશાખ સુદ ત્રીજ એટલે કે અક્ષય તૃતીયાના દિવસે તપની પૂર્ણાહૂતિ થાય છે. અમુક તપસ્વીઓ અખાત્રીજથી પણ તપના મંડાણ કરે છે. અખાત્રીજ સર્વ શ્રેષ્ઠ મુહૂર્ત પણ ગણાય છે.અક્ષય એટલે જેનો ક્ષય ન થાય તે. અખાત્રીજને યુગાદિ તિથિ અને લોકબોલીમાં અખાત્રીજ કહેવાય છે.

વર્ષીતપની શરૂઆત સંદર્ભે એક પ્રસંગ સંકળાયેલો છે

આ યુગના પ્રથમ તીર્થંકર શ્રી આદિનાથ-ઋષભદેવ ભગવાને સંયમનો સ્વીકાર કર્યો ત્યારે તેઓને છઠ્ઠ-બે ઉપવાસ હતાં.પારણાને દિવસે પ્રભુ ગોચરી-પાણી માટે નગરમાં નીકળ્યા પરંતુ નગરજનો સાધુની આહાર વિધી-નિયમોથી અજાણ હોવાથી તેઓ પ્રભુને હાથી, ઘોડા, હીરા, માણેક, મોતી, વસ્ત્ર અને પોતાની કન્યાઓ ઋષભદેવને ધરવા લાગ્યાં.આવું બે-ચાર દિવસ નહીં પરંતુ ચારસો દિવસ સુધી ચાલ્યું,છતાં પરમાત્મા ચિત્ત પ્રસન્ન રહેતાં. સમતા ભાવે ભૂખ - તરસને સહન કરતાં. પ્રભુ ગ્રામાનુગ્રામ વિહાર કરતાં ૪૦૦ દિવસ પછી હસ્તિનાપુર પધાર્યા. મહેલના ઝરૂખામાં બેસીને નગર નિરીક્ષણ કરતાં શ્રેયાંસ કુમાર પ્રભુને જોઈને ચિંતને ચડ્યા કે..

આવા સાધુને મેં ક્યાંક જોયાં છે,ચિંતન-મનન કરતાં તેઓને જાતિ સ્મરણ જ્ઞાન થાય છે તથા પૂર્વ ભવમાં જૈન સાધુને આપેલો આહાર તથા વિધી-નિયમો યાદ આવી જાય છે અને અતિ હર્ષિત થઈ સાત-આઠ ડગલા પ્રભુની સમીપે જઈ કહે છે...

પધારો ભગવંત...પધારો...

ગોચરી, પાણીનો લાભ આપો. ઋષભદેવ પ્રભુને નિર્દોષ ઈક્ષુ રસ-શેરડીના રસથી ભરેલા ઘડામાંથી અહોભાવથી ઈક્ષુ રસ વ્હોરાવે છે.પ્રભુ પોતાના કરપાત્રથી પારણું કરતાં જ

'અહો દાનમ...મહા દાનમ'ની ઉદઘઘોષણા થાય છે તેમજ પંચ દિવ્યો પ્રગટ થાય છે.

પ્રભુ આદિનાથ ઋષભદેવના પારણાનો દિવસ એટલે વૈશાખ સુદ ત્રીજ.

આ તપને સંવત્સર તપ પણ કહે છે.

અમુક તપસ્વીઓ ૪૦૦ દિવસને બદલે એક વર્ષ સુધી પણ તપ કરતાં હોય છે.

અમુક આરાધકોથી ઉપવાસ ન થઇ શકતો હોય તો એકાસણા, આયંબિલ વગરે નાની-મોટી તપશ્ચર્યા કરી વર્ષી તપની આરાધના કરતાં હોય છે. પ્રભુ પ્રત્યેના ભક્તિભાવથી તેઓએ કંડારેલી તપરૂપી કેડીને વર્ષી તપની પરંપરાને જૈન, અજૈન સૌ અનુસરી તપ માર્ગને આગળ ધપાવે છે.

જૈન અગ્રણી શૈલેષભાઈ માંઉ પરિવારે મતદાન કર્યુ

શેઠ ઉપાશ્રય જૈન સંઘના અગ્રણી, જૈન અગ્રણી શૈલેષભાઇ માંઉ પરિવારે ૧૦૦ ટકા મતદાન કરીને રાષ્ટ્ર ધર્મ અદા કર્યો હતો.

રાજકોટના જાગૃત મતદારોનો આભાર માનતા મેયર સહિતના પદાધિકારીઓ

રાજકોટ, તા. ૮

દુનિયાના સૌથી મોટા લોકશાહી દેશ ભારતમાં ચૂંટણી પર્વ ઉજવાઇ રહ્યું છે. ગઇકાલે ગુજરાતમાં મતદાન થયું હતું. તેમાં રાજકોટના મતદારોએ અદા કરેલી જવાબદારી બદલ મહાપાલિકાના પદાધિકારીઓએ જાગૃત નગરજનોને અભિનંદન આપ્યા છે.

ગઇકાલે લોકસભા સામાન્ય ચૂંટણીના લોકશાહીના પર્વમાં રાજકોટ લોકસભાના મતદારોએ પોત પોતાના કામ, ધંધા, રોજગાર બંધ રાખી ઉત્સાહભેર અંદાજીત ૫૯.૬૦% જેટલું મતદાન કર્યુ છે. મેયર શ્રીમતિ નયનાબેન પેઢડીયા, ડે. મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટે. કમિટી ચેરમેન જયમીન ઠાકર, શાસકપક્ષ નેતા લીલુબેન જાદવ, દંડક મનીષભાઈ રાડીયાએ રાજકોટ લોકસભા બેઠકના તમામ મતદારોએ લોકશાહીના પર્વમાં પોતાની નૈતિક જવાબદારી અદા કરી મતદાન કરેલ છે તે બદલ તમામ મતદારોનો આભાર વ્યકત કરેલ છે.

સ્વામિનારાયણ મુખ્ય મંદિરે બિરાજતા

ઘનશ્યામ મહારાજને મોગરાના ફૂલોનો નયનરમ્ય શ્રૃંગાર

રાજકોટ,તા.૮

રાજકોટ શહેરમાં શ્રી સ્વામિનારાયણ મુખ્યમંદિર ખાતે બદ્રી વૃક્ષ (પ્રસાદીની બોરડી) અને શ્રી લક્ષ્મીનારાયણ દેવના સાનિધ્યમાં પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજના રૂડા આર્શીવાદથી અક્ષર નિવાસી શાસ્ત્રી સ્વામી શ્રી ભગવતચરણ દાસજી સ્વામીના દિવ્ય આર્શીવાદથી મંદિરના મહંત શાસ્ત્રી પૂ.રાધારમણદાસજી સ્વામીના માર્ગદર્શન હેઠળ મંદિરમાં બિરાજતા વ્હાલા વ્હાલા ઘનશ્યામ મહારાજને ગરમીની સીઝનમાં જેમ માણસને પણ ગરમી ઠંડીનો અહેસાસ થાય એમ ભગવાનને પણ આ ગરમીની સિઝનમાં ઠંડક અને શીતળતા મળી રહે એવા એક હૃદયના ભાવ સાથે મોગરાના ફુલોના દિવ્ય શ્રૃંગાર કરવામાં આવ્યા છે જેના દર્શન કરી હરિભકતો ભાવવિભોર થયા છે અને મહારાજના દિવ્ય દર્શન કરી ધન્યતાની અનુભૂતિ કરી છે અહીં અગિયારસને ભાવિકોની ભારે ભીડ જોવા મળે છે અહીં કો.પૂ.રાધારમણ સ્વામીના માર્ગદર્શન હેઠળ વિવિધ ઉત્સવોનું આયોજન કરવામાં આવે છે ,અહીં પ્રસાદીની બોરડીની પ્રદક્ષિણાનું અનેરું મહત્વ છે અહીં કોઈ પ્રદક્ષિણાની માનતા કરે છે તેમની મનોકામના પુર્ણ થાય છે.

કેરીની દુકાનો-લારીઓમાંથી ઝબલા જપ્ત કરવા દરોડા

બે દિવસમાં સોલીડ વેસ્ટ મેનેજમેન્ટની ટીમે ૧૧૩ આસામી પાસેથી ૬.૫ કિલો પ્લાસ્ટીક જપ્ત કર્યુ : ગંદકી બદલ ૩૦ હજારનો દંડ

જુદી જુદી દુકાનો અને ફ્રુટની લારીઓમાં પણ ઝબલાના ઉપયોગ અંગે ચેકીંગ ચાલી રહ્યું છે.(તસ્વીર : પંકજ શીશાંગીયા)

રાજકોટ, તા. ૮

મનપાના ત્રણેય ઝોનમાં સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાની તથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં તા. ૬ અને ૭ના રોજ કુલ ૧૧૩ આસામીઓ પાસેથી ૬.૫૦ કિલો પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૩૦૦૮૪નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

જુદી જુદી દુકાનો ઉપરાંત ખાણીપીણી બજાર, ફ્રુટની લારીઓ, હોકર્સ ઝોનમાં પણ આ અંગેના ચેકીંગ ચાલી રહ્યા છે. ઉનાળામાં ધુમ વેચાતી કેરીના ધંધાર્થીઓને ત્યાં પણ ચેકીંગ ચાલી રહ્યું છે.

સેન્ટ્રલ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૩૬ આસામીઓ પાસેથી ૮૦૦ ગ્રામ પ્લાસ્ટીક જપ્ત કરી ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૬૭૦૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે. વેસ્ટ ઝોનમાં ૪૯ આસામીઓ પાસેથી પાંચ કિલો પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૧૬૫૫૦નો વહીવટી ચાર્જ વસુલાયો હતો. જયારે ઈસ્ટ ઝોનના ૨૮ આસામીઓ પાસેથી ૭૦૦ ગ્રામ પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૬૮૩૪નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

આ કામગીરી મ્યુનિ. કમિશનર આનંદ પટેલની સુચનાથી પર્યાવરણ વિભાગની ટીમ કરી રહી છે.

જૂના ટીનમાં તેલ ભરવા પર પ્રતિબંધની કડક અમલવારી શા માટે ?

ફૂડ સેફટી વિભાગના પરિપત્ર સામે રાજય ખાદ્યતેલ અને તેલિબિયા સંગઠનની નારાજગીઃ નવા ટીનમાં તેલ ભરવાનો કાયદો બિનજરૂરી

સીઝનમાં ખાલી નવા ડબાની ઉપલબ્ધી શકય નથીઃ જુના ડબામાં અંદર કોઈ દિવસ કાટ લાગતો નથીઃ કાયદાનો કડક અમલ ટાળવા રજૂઆત

રાજકોટ,તા.૮

રાજયના ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા જૂના ડબ્બામાં ખાદ્યતેલ ભરવાનું અટકાવવા માટે પરિપત્ર બહાર પાડી કાયદેસરની કાર્યવાહી કરવાની ઓફિસરોને સુચના આપતા આ બાબતે રાજય ખાદ્યતેલ અને તેલિબિયા સંગઠનના સમીર શાહે ફુડ સેફટી વિભાગના કમિશ્નરને પત્ર પાઠવી આ પરિપત્રના કડક અમલ પૂર્વે એસો.સાથે બેસી સર્વમાન્ય નીતિ ઘડી તબક્કાવાર અમલ કરવા અને હાલના તબકકે આ કડક કાર્યવાહી અટકાવવા માંગણી કરી છે.ગુજરાત રાજય ખાદ્યતેલ અને તેલિબિયા સંગઠનના પ્રમુખ સમીર શાહે ફુડ સેફટી વિભાગના કમિશનરને પાઠવેલ પત્રમાં જણાવ્યા મુજબ ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા જુના ડબામાં ખાદ્યતેલ ભરાતુ અટકાવવા ઓફિસરોને સુચના આપી કડક કાર્યવાહીની સુચના આપી છે. ત્યારે ખાદ્યતેલ નવા ડબાઓમાં જ પેક કરવું જોઈએ તેવો કાયદો બિનજરૂરી છે. નાના એકમો રિસાઈકલ્ડ ટીનમાં ખાદ્યતેલ ચોકસાઈ રાખીને પેક કરે છે. કયારેક ખાલી ડબા પર કાટ દેખાય તો તે માત્ર બહારની આઈડ જ હોઈ અંદરના ભાગમાં એકવાર તેલનો સંપર્ક થયો હોવાથી કાટ લાગવાની શકયતા નહીવત છે. ફરસાણ બનાવનાર હોટલો રેસ્ટોરન્ટ વિ.માં.જુના ડબા તુરત જ ખાલી થતા હોવાથી તેલની ગુણવતા સમયગાળે ઘટવાની શકયતા નથી માટે તાત્કાલીક અસરથી રિસાઈકુલ્ડ ટીનનો ઉપયોગ બંધ કરવો બિનજરૂરી છે.૧૨ માસ શીંગતેલ ભરવાની મોસમ સમયે ખાલી નવા ડબા યુનિટો ઓર્ડર મુજબ પુરા પાડવામાં સક્ષમ નથી આવા એકમો વધુ ઉત્પાદત લેવાની લ્હાયમાં ફીટીંગની જરૂરી ચોકસાઈ રાખતા નથી માટે આવા જડ નિયમો કડક અમલ શકય નથી ડબાની બિનઉપલબ્ધીને કારણે ખાદ્યતેલનું વેંચાન ખોરવાઈ જવાની શકયતા છે. જુના ડબામાં મળતુ તેલ નવા ડબાની કિંમત કરતા રૂા.૫૦ થી ૭૦ સસ્તુ મળે છે. ઘર વપરાશમાં ખાલી થતા ડબાના રૂા.૨૫ થી ૩૦ મળે છે જો રિસાઈકલ્ડ ટીનનો વપરાશ અટકી જાય તો આ ખાલી ડબાનો વપરાશકારોને કોઈ ભાવ જ આવે આમ વપરાશકારોને બેવડો માર પડે આ કાયદાનો કડક અમલ કરાવતા પહેલા એસો સાથે બેસી ઉદ્યોગ વિભાગના અધિકારીઓને સાથે રાખી સર્વમાન્ય નીતિ ઘડી તબકકાવાર અમલ કરવા અને હાલના તબકકે આ કાયદાનું પાલન થતું અટકાવવા અંતમાં સંગઠત પ્રમુખ સમીર શાહે માંગણી ઉઠાવી છે.

ગુજરાતી સિનેમાના રૂપેરી પડદે ફરીવાર લાગશે ચારચાંદ

શુક્રવારે રિલીઝ થશે એકશન, કોમેડીથી ભરપુર ગુજરાતી ફિલ્મ "S2G2- અ રોમેન્ટિક મિશન"

ફિલ્મનું શૂટિંગ અમદાવાદમાંઃ એક્ટર મૌલિક ચૌહાણ દ્વારા ફિલ્મમાં અપાશે સાઉથના ફિલ્મની એકશનની ઝલક

રાજકોટ, તા.૮

હાલ બોલિવુડ ફિલ્મની સાથોસાથ ગુજરાતી ફિલ્મોનો પણ દર્શકો વર્ગ દિન પ્રતિદિન વધતો જતો જોવા મળી રહ્યો છે. ત્યારે વધુ એક "S2G2- અ રોમેન્ટિક મિશન" ગુજરાતી સિનેમાના રૂપેરી પડદે એક્શન, રોમાન્સ અને કોમેડીથી ભરપુર ફિલ્મ આવી રહી છે. આગામી તા.૧૦ મે ને શુક્રવારના રોજ આ ગુજરાતી ફિલ્મ સિનેમાઘરોમાં રિલીઝ થશે.

"S2G2- અ રોમેન્ટિક મિશન" ફિલ્મના એક્ટર મૌલિક ચૌહાણ અને એક્ટ્રેસ કથા પટેલ આજરોજ 'સાંજ સમાચાર' ની મુલાકાતે આવ્યા હતા અને ફિલ્મ વિશે રસપ્રદ વાતો કરી હતી. એક્ટર મૌલિક ચૌહાણ અને એક્ટ્રેસ કથા પટેલએ ફિલ્મ વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે, રાકેશ શાહ દ્વારા દિર્ગદર્શિત આ ફિલ્મ એક રોમેન્ટિક કોમેડી ફિલ્મ છે જેમાં હાસ્ય, એક્શન બધું જ છે. ફિલ્મનું શૂટિંગ અમદાવાદમાં ૨૫ દિવસમાં પૂરું કરવામાં આવ્યું હતું સાથોસાથ ગુજરાતના મહત્વ સુંદર રમણીય સ્થળોને ફિલ્મમાં આવરી લેવામાં આવ્યા છે. જેના લીધે દર્શક મિત્રોને આપણા ગુજરાત રાજ્યની વિશેષતાઓ વિશે માહિતી મળશે.

વધુમાં એક્ટર મૌલિક ચૌહાણે જણાવ્યું હતું કે, હાલ દર્શકોને સાઉથની ફિલ્મોમાં દેખાડવામાં આવતા એક્શન સીન સૌથી વધુ ગમતા હોય છે. આથી મારા દ્વારા આ ફિલ્મમાં સાઉથની ફિલ્મ જેવા એક્શન સીન કરવાના પ્રયાસો કરવામાં આવ્યા છે. જેથી દર્શકો ગુજરાતી ફિલ્મમાં પણ સાઉથની ફિલ્મો જેવું એક્શન માણી શકે. આ એક્શન સીન માટે ૪ થી ૫ દિવસની ભરપુર ટ્રેનિંગ આપવામાં આવી હતી. એક્ટ્રેસ કથા પટેલ સાથે વાતચીત કરતા જણાવે છે કે, આ ફિલ્મ પૂરેપૂરી એક કાઠિયાવાડી થાળી જેવી છે. જેમ કાઠિયાવાડી થાળીમાં તીખી, મીઠી, ખાટી સહિતની દરેક વસ્તુ આવરી લેવામાં આવે છે તેવી જ રીતે આ ફિલ્મ પણ એક્શન, કોમેડી, લવ સ્ટોરી, ઇમોશનલ તેમજ ખાસ કરીને પરિવાર સાથે બેસીને જોઈ શકાય તેવી છે. વધુમાં ગુજરાતી સિનેમા વિશે વાત કરતા કહે છે કે, આજે ગુજરાતી સિનેમાનો ગ્રાફ ઘણો વધ્યો છે અને દર્શકોને અલગ-અલગ વિષયવસ્તુ ધરાવતી ફિલ્મો પસંદ આવી રહી છે. આ ફિલ્મ દર્શકોને ડિલાઈટફુલ રોમેન્ટિક એક્સપિરિયન્સ આપવાનું સંપૂર્ણ વચન આપે છે.

આ ફિલ્મમાં મુખ્ય બે ગીતમાં પ્રખ્યાત બોલીવુડ સિંગર જાવેદ અલી અને સંદીપ કુલકર્ણીના અવાજમાં સ્વરબદ્ધ ગીતો છે. ગીતમાં કચ્છના મનમોહક દ્રશ્યો જોવા મળશે. એક ફિલ્મમાં વિવેક (મૌલિક ચૌહાણ) એક ફોટોગ્રાફર છે જે એક મિશન પર નીકળે છે પણ આ મિશન શું અને અને તેને આમ સફળતા મળે છે કે નહીં તે તો આ ફિલ્મમાં જ જોવા મળશે. ડાયરેક્ટર રાકેશ શાહ તેમજ અન્ય પ્રોડ્યુસર્સમાં મૌલિક પટેલ અને ધવલ પટેલ છે. આ ફિલ્મમાં મુખ્ય ભૂમિકામાં મૌલિક ચૌહાણ, કથા પટેલ, શ્રેય મારડિયા, પ્રિયલ ભટ્ટ, અર્ચન ત્રિવેદી, કલ્પેશ પટેલ, સ્પંદન કુમાર અને ચંદ્રેશ કેરલીયા જેવાં જાણીતા કલાકારોએ અદભૂત કામગીરી દર્શાવી છે. ફિલ્મનું લેખન કાર્ય મિરલ શાહ દ્વારા કરાયું છે.

ચારધામ જવા યાત્રીકોનો ધસારો; મે-જૂનમાં હરિદ્વારની સાપ્તાહિક ટ્રેનો ફુલ

દર સપ્તાહે દોડતી ઓખા-દહેરાદુન વાયા રાજકોટ ટ્રેનોમાં મોટું વેઈટીંગઃ સ્લીપર, એસી વર્ગની કન્ફર્મ ટિકિટ મળવી મુશ્કેલઃ તત્કાલ બુકિંગ સિવાય કોઈ વિકલ્પ નહીંઃ ઉતરાંચલ એકસપ્રેસ ટ્રેનોમાં વધારે કોચ જોડવા મુસાફરોની માંગ

રાજકોટ તા.૮

ઉનાળુ વેકેશન પડતાની સાથે યાત્રીકોનો મોટા પ્રવાહ આ વર્ષે હરીદ્વાર ચાર ધામની યાત્રાએ જવા ઉત્સુક બનતા મે-જુન માસમાં હરીદ્વાર જતી સામાહિક એકસપ્રેસ ટ્રેનમાં કન્ફર્મ ટીકીટ મળવી મુશ્કેલ છે બે માસ પૂર્વે જ તમામ શ્રેણીની ટીકીટો બુક થઈ જતા રાજકોટ-હરીદ્વાર ઉતરાંચલ એકસપ્રેસ ટ્રેનમાં ટીકીટ મેળવવા હવે તત્કાલ બુકિંગ સિવાય કોઈ વિકલ્પ નથી.

રાજકોટથી હરીદ્વાર દહેરાદુન જવા માટે દર સપ્તાહે ઓખા દહેરાદુન ઉતરાંચલ એકસપ્રેસ દોડી રહી છે. આ ટ્રેનમાં મે, જૂન માસમાં તમામ શ્રેણીની ટીકીટો બુક થતા ટ્રેનોમાં મોટું વેઈટીંગ જોવા મળી રહ્યું છે. સ્લીપર અને એસી શ્રેણીમાં મોટું વેઈટીંગ છે.

ઉનાળુ વેકેશનમાં આ વર્ષે રાજકોટ સહિતના સૌરાષ્ટ્રવાસી યાત્રીકોએ હરીદ્વાર અને ચાર ધામ જવા ઉત્સુક બન્યા છે. ગત એપ્રિલ માસથી રાજકોટ- હરીદ્વારની સામાહિક ટ્રેનો કુલ થઈ હતી. મે અને જૂન એમ બે માસ સુધી આ સામાહિક ટ્રેનમાં સ્લીપર એસટી શ્રેણીમાં કન્ફર્મ ટીકીટ ઉપલબ્ધ નથી. ૫૦થી ૧૦૦ને પાર વેઈટીંગ રહ્યીં છે હાલના દિવસોમાં હરીદ્વાર જતા યાત્રીકોને તત્કાલ ટીકીટ પર આધાર રાખવો પડે છે. રાજકોટ ઉપરાંત અમદાવાદથી ડેઈલી ઉપડતી હરીદ્વારની ટ્રેનમાં પણ ૧૦૦ને પાર વેઈટીંગ જોવા મળી રહ્યું છે. આ વર્ષે યાત્રીકોનો મોટો પ્રવાહ હરીદ્વાર તરફ જવા રવાના થઈ રહ્યો છે.

રાજકોટથી હરીદ્વાર જવા માટે સામાહમાં એક જ ટ્રેન હોવાથી તે ફુલ દોડી રહી છે હરીદ્વાર જવા સ્પે. ટ્રેનો દોડાવવા મુસાફર વર્ગની માંગણી ઉઠી છે. સામાહિક ટ્રેનમાં પણ વધારે કોચ જોડવા માંગણી ઉઠી છે.

રાજકોટ-હરિદ્વાર (ઉતરાંચલ એકસપ્રેસ) સામાહિક ટ્રેનોમાં વેઈટીંગ

માસ તારીખ	સ્લીપર વેઈટીંગ	થ્રી-ટાયર એસી વેઈટીંગ	ટુ-ટાયર એસી વેઈટીંગ
૭ મે	૧૧૪	૧૧૬	૪૧
૧૭ મે	૧૩૬	૧૦૬	૩૮
૨૪ મે	૧૪૦	૯૨	૨૫
૩૧ મે	૧૦૧	૭૪	૧૮
૭ જુન	૭૩	૫૧	૨૨
૧૪ જુન	૫૯	૩૮	૧૩
૨૧ જુન	૫૭	૧૨	૯
૨૮ જુન	૩૪	૧૨	૪

પાર્થપોલી વુવેન પ્રા.લી. જૂનાગઢ દ્વારા

સરધારમાં ખેડુતો માટે માર્ગદર્શન સેમિનાર યોજાયો

ધોરાજી તા.૮

પાર્થ પોલી વુવેન પ્રા.લી. જુનાગઢ દ્વારા સરધારની ગોકુલ નર્સરી ખાતે ખેડુતો માટે માહિતી સેમીનારનું આયોજન કરવામાં આવેલ હતુ. જેનો બહોળી સંખ્યામાં ખેડુતોએ લાભ લીધેલ હતો અને માહિતી મેળવી હતી. સરધાર ખાતે ગોકુલ નર્સરી-નવાગામ અને પાર્થ પોલી વુવેન પ્રા.લી. જુનાગઢ દ્વારા ખેડુતો માટે યોજાયેલી આ માહિતી સેમીનારમાં ગોકુલ નર્સરી દ્વારા રોપા વિશે માર્ગદર્શન અને પાર્થ કેપની દ્વારા મલ્ચીંગ કોપ-કવર અને અન્ય પ્રોડકટની માહિતી આપવામાં આવી હતી. સેમીનારમાં મુખ્ય અતિથિ તરીકે અનીલભાઈ વધાસીયા

(એસટુએસ) તરફથી ખેડુતોને ખેતીમાં આવતી તકલીફો વિશે નીરાકરણ અંગે માર્ગદર્શન આપવામાં આવેલ હતુ. તેમજ અરવિંદભાઈ પટેલ (નીલકંઠ હાઈટેક નર્સરી હળવદ), નર્સરી તથા રોપા વિશે માહિતી આપવામાં આવેલ હતી. આમ પાર્થ પોલી વુવેન પ્રા.લી. તરફથી નવનીતભાઈ, ઉત્કર્ષભાઈ સીરોયાએ માહિતી આપી હતી.

મતદાન કરી લોકશાહીનું મહાપર્વ ઉજવતા જામકંડોરણાના જાગૃત નાગરિકો

જામકંડોરણા,તા.૮

જામકંડોરણા ખાતે વ્રજ ઈન્ફાસ્ટ્રકચરના એમ.ડી. મનસુખભાઈ સાવલીયા, જીતુભાઈ સાવલીયા તથા સંદીપભાઈ સાવલીયાએ મતદાન કરી લોકશાહી પર્વની ઉજવણી કરી હતી.

લોકશાહીનો મહાપર્વ ઉજવાયો ત્યારે જાગૃત નાગરીક તરીકે વહેલી સવારે જામકંડોરણા ખાતે મતદાન કર્યું હતું.આ તકે વ્રજ ઈન્ફાસ્ટ્રકચરના એમ.ડી. મનસુખભાઈ સાવલીયા, જીતુભાઈ સાવલીયા, સંદીપભાઈ સાવલીયા લોકશાહીના પર્વની

ટ્રાન્સપોર્ટના ધંધાર્થી વિજયભાઈ શાહનું બીમારી સબબ મોત

બજરંગ વાડીના પ્રૌઢ રાત્રે સૂતા બાદ સવારે ઉઠયાં જ નહીંઃ બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવતાં સારવારમાં દમ તોડયો

રાજકોટ, તા.૮

ટ્રાન્સપોર્ટનો ધંધાર્થી રાત્રે સૂતા બાદ સવારે ઉઠયો જ નહીં. બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવતાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતાં.

બનાવની વિગત મુજબ વિજયભાઈ વીરચંદભાઈ શાહ (ઉ.વ.૫૨ રહે. પુનીતનગર મેઈન રોડ ફળેશ્વર મંદિરની સામે બજરંગ વાડી) નામનાં પ્રૌઢ ગત રોજ સાંજે સૂતા બાદ સવારે ઉઠયાં જ નહી. પરિવારજનોએ જગાડવાનો પ્રયાસ કર્યો છતાં પણ ન જાગતા પ્રૌઢને બેભાન હાલતમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા. પ્રૌઢને કીડનીની બીમારીની સારવાર શરૂ હતી. તેઓ ટ્રાન્સપોર્ટનો બિઝનેસ કરતાં હતાં. પ્રૌઢ ત્રણ ભાઈ અને પાંચ બહેનમાં સૌથી નાનાં હતાં. તેમજ તેઓને સંતાનમાં એક દિકરી હોવાનું પરિવારજનોએ જણાવ્યું હતું.

સરકારી પ્રેસમાં જયરાજ સોલંકી પર હુમલો

મહિલા સહિત ૩ લોકોએ હુમલો કર્યાનો આક્ષેપ, ઈજાગ્રસ્ત સિવિલમાં દાખલ

રાજકોટ, તા.૮

શહેરના રેસકોર્સ રિંગ રોડ નજીક આવેલા સરકારી પ્રેસમાં કોન્ટ્રાકટ બેઈઝ પર નોકરી કરતા જયરાજ સુરેશ સોલંકી(ઉ.વ.૨૩, રહે. પરસાણાનગર, શેરી નં.૧૧) ઉપર હુમલો થતા તે ઈજાગ્રસ્ત હાલતમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ થયો હતો. તેણે કરેલા આક્ષેપ મુજબ, તે બપોરે ૨ વાગ્યા આસપાસ સરકારી પ્રેસમાં હતો ત્યારે રમેશ, મનોજ અને તોરલે ઝઘડો કરી, ઢીકા પાટુનો માર મારતા માથે-શરીરે ઈજા થઈ હતી. પોલીસને જાણ થતાં નિવેદન લેવા તજવીજ હાથ ધરી હતી.

બજરંગ ગ્રુપ દ્વારા સંચાલિત તમામ પ્રવૃતિઓ રવિવારે બંધ રહેશે

બજરંગ ગ્રુપ દ્વારા દર રવિવારની તમામ પ્રવૃતિઓ સવારે ૧૦ થી ૧૨ દર રવિવારે નિઃશુલ્ક કુંડા વિતરણ, ૪ થી ૭ લોહાણા સમાજ વેવિશાળ કેન્દ્ર અનિવાર્ય સંજોગોને કારણે તા.૧૨-૫-૨૪ રવિવારના રોજ બંધ રહેશે. રાબેતા મુજબ તા.૧૯ મે ૨૦૨૪ રવિવારના રોજ ચાલુ રહેશે.

મહિલા અંડરબ્રિજ પાસે પુરપાટ ઝડપે આવતી કાર ડિવાઈડર સાથે અથડાઈઃ કારચાલકને ઈજા

રાજકોટ,તા.૦૯

ગઈ રાતે મહિલા અંડરબ્રિજ પાસે પુરપાટ ઝડપે આવતી કારના ચાલકે સ્ટેરિંગ પરનો કાબૂ ગુમાવતાં કાર ડિવાઈડર સાથે ધડાકાભેર અથડાઈ હતી. કાર અથડાતાં ડિવાઈડરનો સોથ વળી ગયો હતો અને કારમાં પણ મોટી નુકશાની થઈ હતી. બનાવમાં કારચાલકની માથાના ભાગે ઈજા પહોંચતા સારવારમાં ખસેડવામાં આવ્યાં હતાં. બનાવમાં કારચાલકે આરએમસીને થયેલ નુકશાનીની ભરપાઈ કરી આપવાનું કહેતાં કોઈ પોલીસ ફરીયાદ નોંધાઈ ન હતી.

બે મહિનાના બાળકને પેટમાં દુઃખાવો થયાં બાદ મોત

રાજકોટ,તા.૮

બે મહિનાના બાળકને પેટમાં દુઃખાવો થયાં બાદ મોત નિપજ્યું હતું. બાળકના મોતથી મૃતકના પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યુ છે.

પ્રાપ્ત વિગત મુજબ બિપીન વિજયભાઈ પરિયાર (ઉ.વ.૨ મહિના રહે. કાલાવાડ રોડ, મોટાં મવા) નામના બાળકને પેટમાં દુઃખાવો થતાં આજે સવારે ઝનાના હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કરતા તેઓનાં પરિવારમાં ગમગીનીં છવાઈ ગઈ છે.

EVM-વીવીપેટ

(છેલ્લા પાનાનું ચાલું)

હાઈસ્કૂલ (ગોંડલ), જેતપુર સેન્ટ ફ્રાન્સીસ સ્કૂલ અને ધોરાજી ભગવતસિંહજી હાઈસ્કૂલના સેન્ટર પર ૨૩૮ ઝોનલ રૂટ પરથી લવાયા હતા.

જે બાદ ત્યાંથી ઈવીએમ અને વીવીપેટ (વોટીંગ મશીનો)ને રાજકોટની સરકારી ઈજનેરી કોલેજના સ્ટ્રોંગ રૂમમાં સુરક્ષા દળોના બંદોબસ્ત હેઠળ લવાયા બાદ તેને ઉમેદવારોની હાજરીમાં સીલ કરી દેવામાં આવેલ છે.

આ સરકારી ઈજનેરી કોલેજના સ્ટ્રોંગ રૂમ પર અર્ધલશ્કરી દળનો ચોકીપહેરો મુકી દેવામાં આવેલ છે. હવે આગામી તા.૪ જુનના મત ગણતરી થનાર હોય કણકોટની આ સરકારી ઈજનેરી કોલેજના મત ગણતરીના કેન્દ્રો પર વોટીંગ મશીનનો પટારો ખુલતા જનાદેશ જાહેર થશે. રાજકોટ લોકસભા બેઠકની આ ચૂંટણી જીલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર પ્રભવ જોશીના માર્ગદર્શન હેઠળ શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થતા વહીવટી તંત્રે રાહતનો દમ લીધો છે. રાજકોટ લોકસભા બેઠક વિસ્તારમાં ૨૨૩૬ મતદાન બુથો પર ચૂંટણી ફરજ પર ૧૩૦૦૦ જેટલા કર્મચારીઓને રોકવામાં આવેલ હતા. આ વખતે ઝડપી વોટીંગ થાય તે માટે એકસ્ટ્રા કર્મચારીઓને પણ ફરજ સોંપવામાં આવી હતી. પરંતુ કાળઝાળ ગરમી સહિતના પરીબળોના પગલે મતદારોમાં નિરૂત્સાહ રહેતા મતદાન પર તેની અસર થવા પામી છે.

લાઈવ સ્ટ્રીમીંગ

(પહેલા પાનાનું ચાલું)

છે' તેવા સમગ્ર કૃત્યને 'ઈન્સ્ટાગ્રામ' પર લાઈવ કર્યું હતું. આ ઘટનાનો રીપોર્ટ મંગાવ્યો છે. ભાજપ નેતાના પુત્ર સહિત બે શખ્સોની અટકાયત કરીને ધનિષ્ટ પૂછપરછ હાથ ધરવામાં આવી છે.

આ ચોંકાવનારી ઘટના વિશે બહાર આવેલી વિગતો પ્રમાણે દાહોદ સંસદીય મતક્ષેત્રમાં સંતરામપુર તાલુકાના પરથમપુર ગામના મતદાન બુથમાં ત્રાટકીને ભાજપ નેતાના પુત્રએ બોગસ વોટીંગ કરવા સાથે બૂથ કેપ્ચરીંગનો પ્રયાસ કર્યો હતો. ભાજપના પૂર્વ તાલુકા પ્રમુખના પુત્ર વિજય ભાભોર સહિત બે શખ્સોના નામ બહાર આવ્યા છે.

પરથમપુરના મતદાન મથકમાં ઘુસેલા વિજય ભાભોરે બુથ કેપ્ચરીંગ કર્યા બાદ પોતાના સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર સમગ્ર ઘટનાને લાઈવ પણ કરી હતી એટલું જ નહીં અન્ય લોકો સાથે મળીને ભાજપના ઉમેદવારની તરફેણમાં બોગસ વોટીંગ પણ કર્યું હતું.

આ સમગ્ર ઘટના લાઈવ થતા અને વીડીયો વાઈરલ થતાં કોંગ્રેસના ઉમેદવાર ડો. પ્રભાબેન તાવિયાડે ચૂંટણી અધિકારી સમક્ષ ફરિયાદ કરી હતી અને તેના આધારે સમગ્ર બનાવનો ખુલાસો થયો હતો.

વાઈરલ વીડિયોમાં ભાજપ નેતાના પુત્ર એવું બોલતા પણ સંભળાય રહ્યા છે કે 'ઈવીએમ તો આપણા બાપનું છે'.

દાહોદમાં બૂથ કેપ્ચરીંગના બનાવ અંગે મહી સાગર જીલ્લા કલેક્ટરે જણાવ્યું કે વીડિયોમાં બોગસ વોટીંગ થઈ રહ્યાનુ પણ માલુમ પડ્યું છે. વીડિયોમાં બે શખ્સો દેખાય રહ્યા છે. પોલીસે તેઓની અટક કરી લીધી છે અને ફરિયાદ નોંધવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

યુરોપમાંથી વેકસઝેવરીયા પાછી ખેંચાશેઃ પમી માર્ચે જ દરખાસ્ત કરી દીધી હતી, ૭મેએ મંજુરી મળી

કોવિશીલ્ડ

(પહેલા પાનાનું ચાલું)

કંપની દ્વારા એવૂ જાહેર કરવામાં આવ્યું હતું કે માર્કેટમાં જરૂરીયાત કરતાં વધુ માત્રામાં વેકસીન ઉપલબ્ધ છે. એટલે કંપની દ્વારા રસી પાછી ખેંચી લેવાનો નિર્ણય લેવાયો છે.વેકસીન પાછી ખેંચી લેવા માટે ગત ૫ મી માર્ચે જ દરખાસ્ત સોંપવામાં આવી હતી અને ૭ મેથી તેનો અમલ શરૂ કરી દેવાયો છે. કંપનીએ વેકસીનને કારણે અમુક જ કેસોમાં ખતરનાક સાઈડ ઈફેક્ટની વાત સ્વીકારતા તીવ્ર પ્રત્યાઘાતો પડયા હતા. કંપનીએ કહ્યું કે યુરોપમાંથી પણ વેકસઝેવીરીયા વેકસીન પાછી ખેંચી લેવામાં આવશે.એસ્ટ્રાજેનેકાએ એવુ જાહેર કર્યું હતું કે દુનિયાભરમાં કોવીડની અનેક અપડેટેડ રસી ઉપલબ્ધ છે જરૂરીયાત કરતા પણ વધુ માત્રામાં સ્ટોક છે. સામે ડીમાંડ ઘટી ગઈ છે યુરોપને લાગેવળગે છે ત્યાં સુધી યુરોપમાં વેંચાયેલી વેકસઝેવીરીયાનું ઉત્પાદન અને સપ્લાય અટકાવવામાં આવી જ હતી અને હવે પડતર જથ્થો પણ પાછો ખેંચી લેવામાં આવશે.કંપનીએ સીરમ ઈન્સ્ટીટયુટ મારફત ભારતમાં કોવીશીલ્ડનું વેચાણ કર્યું હતું. કોરોનાકાળમાં કેન્દ્ર સરકાર દ્વારા જ નાગરીકોને કોવીશીલ્ડના ડોઝ આપવામાં આવ્યા હતા બે ડોઝ ફરજીયાત કરાયા હતા અને પછી બુસ્ટર ડોઝ પણ આપવામાં આવ્યો હતો તે પણ લાખો લોકોએ લીધો હતો.આરોગ્ય મંત્રાલયમાં આંકડાકીય રીપોર્ટ પ્રમાણે ભારતમાં કોવીશીલ્ડનાં ૨૨૦ કરોડથી વધુ ડોઝ આપવામાં આવ્યા હતા.

રમેશભાઈ

(છેલ્લા પાનાનું ચાલું)

વધુમાં મૃતક વેપારી હતાં અને ચાર ભાઈ ત્રણ બહેનમાં નાના અને સંતાનમાં એક પુત્ર પુત્રી છે. બનાવથી પરીવારમાં કાળો કલ્પાંત છવાયો હતો.

બીજા બનાવમાં મહીકા ગામમાં રહેતા વિજયાબેન મનસુખભાઈ સાગઠીયા ઉ.વ.૪૨ ગઈ રાત્રીનાં પોતાના ઘરની બાજુમાં જમણવાર હોય ત્યાં જમવા માટે ગયા હતાં. જ્યાં પોતે થાળી હાથમાં રાખી જમતા હતા ત્યારે તેમને હાર્ટએટેક આવતા તેઓ ત્યાં જ બેભાન થઈ ગયા હતાં. જેમને સારવારમાં ખસેડાતાં ફરજ પરનાં તબીબોએ તેમને તપાસી મૃત જાહેર કર્યા હતા. બનાવ અંગે સીવીલ ચોકીનાં સ્ટાફે આજીડેમ પોલીસને જાણ કરી હતી.

વધુમાં મૃતક પોતે છુટક મજુરી કામ કરે છે અને સંતાનમાં બે પુત્ર એક પુત્રી છે. બનાવથી પરીવારમાં શોક છવાયો હતો.

ત્રીજા બનાવમાં દેવપરામાં આવેલ મેહુલનગર શેરી નં.૫ માં રહેતા જાગૃતિબેન જગદીશભાઈ બગડાઈ ઉ.વ.૫૩ ગઈકાલે રાત્રે ૧.૩૦ વાગ્યે પોતાના ઘેર હતા ત્યારે છાતીમાં દુઃખાવો ઉપડતા સારવારમાં અત્રેની સીવીલ હોસ્પીટલે ખસેડાયા હતા. પરંતુ સારવાર કારગત નીવડે તે પહેલાં જ તેમનુ મોત નીપજયુ હતું. બનાવ અંગે સીવીલ ચોકીનાં સ્ટાફે ભકિતનગર પોલીસને જાણ કરી હતી. વધુમાં મૃતકને ૧૦ દિવસ પહેલા ઢાંકણીનુ ઓપરેશન કરાવ્યુ હતું જે બાદ ગઈરાત્રે તે બાથરૂમ ગયા બાદ તે સેટી પર બેસી તેમના પતિને પાણી આપવા માટે કહ્યા બાદ અચાનક જ ઢળી પડયા હતા. મૃતક ત્રણ બહેન બે ભાઈમાં નાના અને સંતાનમાં એક પુત્ર-પુત્રી છે તેમના પોતાને માર્કેટ યાર્ડમાં શાકભાજીનો થડો છે બનાવથી પરીવારમાં કલ્પાંત છવાયો હતો.

ચોથા બનાવમાં પોપટપરા શેરી નં.૧૦ માં રહેતાં કાળુ નારણભાઈ ચૌહાણ (ઉ.વ.૬૫) ગઈકાલે બપોરે સાયકલ લઈ મોરબી હાઉસ તરફ ભીસ્તીવાડમાં જતાં હતાં ત્યારે અચાનક જ ચાલું સાયકલ બેભાન થઈ ઢળી પડ્યા હતાં. જેમને સારવારમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવતાં ફરજ પરના તબીબોએ તેમને તપાસી મૃત જાહેર કર્યા હતાં. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે બી.ડિવિઝન પોલીસને જાણ કરી હતી. બનાવથી પરિવારમાં શોક છવાયો હતો.

સામ પિત્રોડા

(પહેલા પાનાનું ચાલું)

ઉલ્લેખ કરતા કહ્યું કે દેશના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુનો ચામડીનો રંગ કાળો છે તેથી તે શું આફ્રિકન છે! અને શું કોંગ્રેસ પક્ષે તેમની ચામડીના રંગ કાળો હતો તેથી તેને હરાવવા માંગતા હતા! મોદી અહીથીજ અટકયા ન હતા. ચામડીનો રંગ ગમે તે હોય અહી કૃષ્ણની પૂજા કરવાવાળા લોકો છે જેથી ચામડીનો રંગ કાળો હતો. મોદીએ કહ્યું કે કોઈ મને ગાળો આપો તો વાંધો નથી પણ મારા દેશવાસીઓને ગાળો આપો નહી. બંધારણને માથા પર રાખીને નાચનારા હવે ચામડીના રંગ પર દેશના લોકોનું અપમાન કરે છે.

વિજય ભાભોરે સોશ્યલ મીડીયા પ્લેટફોર્મ પરથી વીડીયો ડીલીટ કર્યો

કાયદા કે ચૂંટણી પંચનો કોઈ ખોફ ન હોય તેમ ભાજપ નેતાના પુત્રએ મતદાન મથકને હાઈજેક કરીને બોગસ વોટીંગનું ઈન્સ્ટાગ્રામ પર લાઈવ સ્ટ્રીમીંગ કર્યું હતું. આ વીડીયો સોશ્યલ મીડીયામાં વાઈરલ થતાં વિજય ભાભોરે સોશ્યલ મીડીયા પરથી વીડીયો ડીલીટ કરી નાખ્યો હતો.

છે.

સમગ્ર મામલે ચૂંટણી પંચ દ્વારા રીપોર્ટ મંગાવવામાં આવ્યો છે. આખરી નિર્ણય ચૂંટણી પંચ જ લેશે.

સમગ્ર રાજયમાં શાંતિપૂર્ણ બનેલા મતદાનમાં દાહોદની આ ઘટનાથી સનસનાટી મચી ગઈ છે. કોઈ અનિચ્છનીય બનાવો ન બને તે માટે ચૂંટણી પંચ દ્વારા રાજયભરમાં ચૂસ્ત સુરક્ષા પણ રાખવામાં આવી હતી. પરંતુ ભાજપ નેતાના પુત્રએ બેખોફ બનીને આ કૃત્ય આચર્યું હતું. મતદાન મથકમાં મોબા

ઉત્સાહ, જનજાગૃતિ, વિવાદો પર ગરમી ભારે પડી : સૌરાષ્ટ્ર-કચ્છમાં મતદાનમાં ગાબડુ

હિટવેવ વચ્ચે ગત વખત કરતા મતદાનમાં ૪% જેવો ઘટાડો : મોદીની સભા સિવાય ક્યાંય મોટો પ્રચાર ન દેખાયો : ભારે તાપમાં ચોકકસ વર્ગ મત આપવા ન પહોંચતા રાજકીય પક્ષોમાં ચિંતા : પોરબંદર વિધાનસભામાં ૫૭.૬૦ અને માણાવદર વિધાનસભામાં ૫૮.૮૭ ટકા જેવું મતદાન

રાજકોટ, તા. ૮

સૌરાષ્ટ્ર-કચ્છની લોકસભાની આઠ બેઠકની ચૂંટણી કાળઝાળ ગરમી વચ્ચે પ્રમાણમાં ઠંડી રહી છે. મતદાન માટેના ઉત્સાહ, જનજાગૃતિ માટે લાખ પ્રયાસો અને ક્ષત્રિય સમાજના વિરોધ સહિતના વિવાદો હીટવેવમાં ભારે પ્રભાવિત થયા છે. ગુજરાતની જેમ સૌરાષ્ટ્ર-કચ્છની આઠ બેઠકો પર ગત લોકસભાની ચૂંટણી કરતા ચાર ટકા જેવું મતદાન ઘટના હવે ૨૭ દિવસ રાજકીય પક્ષો માટે સસ્પેન્સભર્યા બની રહેશે.

સૌરાષ્ટ્ર માં પોરબંદર વિધાનસભાની પેટા ચૂંટણી માટે ૫૭.૬૦ ટકા અને માણાવદર વિધાનસભા બેઠક પર ૫૮.૮૭ ટકા જેવું મતદાન નોંધાયું હતું.

સૌરાષ્ટ્ર-કચ્છમાં થયેલું મતદાન

બેઠક	ટકાવારી
રાજકોટ	૫૯.૬૦
જામનગર	૫૭.૬૯
જુનાગઢ	૫૮.૮૭
અમરેલી	૫૦.૦૭
પોરબંદર	૫૧.૭૬
સુરેન્દ્રનગર	૫૪.૩૩
ભાવનગર	૫૩.૭૩
કચ્છ	૫૫.૩૩
પોરબંદર વિધાનસભા	૫૭.૬૦
માણાવદર વિધાનસભા	૫૮.૮૭

સૌરાષ્ટ્ર-કચ્છમાં વિધાનસભાવાઈઝ મતદાન

કચ્છ જિલ્લો

અબસાડા	૫૫.૩%
માંડવી	૬૨.૫૩%
ભૂજ	૫૩.૭૩%
અંજાર	૫૫.૫%
ગાંધીધામ	૪૯.૪૨%
રાપર	૪૭.૮%
મોરબી	૫૮.૨૬%

જામનગર જિલ્લો

કાલાવડ	૪૭.૬૮%
જામનગર ગ્રામ્ય	૬૦.૭૮%
જામનગર ઉત્તર	૫૯.૩૪%
જામનગર દક્ષિણ	૫૮.૫%
જામજોધપુર	૫૭.૬૫%
ખંભાળીયા	૫૫%
દ્વારકા	૫૨.૪૬%

સુરેન્દ્રનગર જિલ્લો

વિરમગામ	૫૬.૪૧%
ધંધુકા	૫૦.૬%
દસાડા	૫૬.૮%
લીંબડી	૫૩.૧૯%
વઢવાણ	૫૪.૩૧%
ચોટીલા	૫૪.૧૭%
ધ્રાંગધ્રા	૫૫.૪૮%

જુનાગઢ જિલ્લો

જુનાગઢ	૫૪.૫%
વિસાવદર	૪૬.૫૮%
માંગરોળ	૬૨.૯%
સોમનાથ	૬૯.૬૫%
તાલાલા	૬૦.૦૭%
કોડીનાર	૬૦.૭૧%
ઉના	૫૮.૧૭%

રાજકોટ જિલ્લો

ટંકારા	૬૫.૮૮%
વાંકાનેર	૬૪.૬૭%
૬૮-રાજકોટ	૫૭.૮૮%
૬૯-રાજકોટ	૫૭.૮૪%
૭૦-રાજકોટ	૫૭.૮%
૭૧-રાજકોટ	૫૮.૫૮%
જસદણ	૫૫.૬૯%

અમરેલી જિલ્લો

ધારી	૪૬.૦૮%
અમરેલી	૪૬.૪%
લાઠી	૪૯.૫%
સાવરકુંડલા	૪૫.૫%
રાજુલા	૫૧.૪૬%
મહુવા	૫૮.૨૨%
ગારીયાધાર	૪૭.૨%

ભાવનગર જિલ્લો

તળાજા	૪૯%
પાલીતાણા	૪૯.૨%
ભાવનગર ગ્રામ્ય	૫૪.૧૧%
ભાવનગર પૂર્વ	૫૬.૪૩%
ભાવનગર પશ્ચિમ	૫૫.૨%
ગઢડા	૪૪%
બોટાદ	૫૫.૫%

પોરબંદર જિલ્લો

ગોંડલ	૫૨.૨૪%
જેતપુર	૫૧.૨૪%
ધોરાજી	૫૧.૮૮%
પોરબંદર	૫૭.૯૯%
કુતિયાણા	૪૭.૫૫%
માણાવદર	૫૩.૯૩%
કેશોદ	૪૭.૦૩%

રાજકોટમાં પરસોતમ રૂપાલા અને પોરબંદરમાં ડો. મનસુખ માંડવીયા એમ બે કેન્દ્રીય મંત્રીએ ચૂંટણી લડી છે. અમરેલી જિલ્લામાં પૂરા રાજયનું સૌથી નીચુ મતદાન થયું છે. તો પોરબંદરમાં પણ પ્રમાણમાં સામાન્ય મતદાન રહ્યું છે.

સૌરાષ્ટ્ર અને કચ્છની ૮ બેઠકોનું મતદાન એકંદરે સાધારણ રહ્યું હતું કુલ ૧૨ જિલ્લાઓની રાજકોટ,જામનગર, અમરેલી, પોરબંદર, જુનાગઢ, સુરેન્દ્રનગર, કચ્છ અને ભાવનગર ૮ બેઠકો પર ગત સાંજે છ વાગ્યા સુધીમાં એકંદરે સરેરાશ અને અંદાજિત ૫૪.૯૪ ટકા મતદાન થયું છે જે ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ૫૮.૯૪ ટકા કરતા ૪ ટકા ઓછુ છે. સૌરાષ્ટ્રમાં કૂલ ૧.૫૦ કરોડ મતદારોમાં ૮૨.૫૦ લાખ નાગરિકોએ મતાધિકારનો ઉપયોગ કર્યો છે જ્યારે ૬૭.૫૦ લાખ મતદારોએ ગરમી કે નિરાશા કે અન્ય કોઈ પણ કારણોસર મતદાન કરવાનું ટાળ્યું છે.

વડાપ્રધાનની જ્યાં સભા થઈ હતી અને ક્ષત્રિય આંદોલનની અસર ઓછી હતી તે જુનાગઢમાં સૌથી વધારે ૫૮.૮૭ ટકા અને બીજા નંબરે જામનગર કે જ્યાં ક્ષત્રિય આંદોલનની અસર હતી ત્યાં ૫૭.૬૭ ટકા મતદાન થયું છે જે સરેરાશ કરતા ૪ ટકા જેટલું વધારે છે. પરંતુ, સુરેન્દ્રનગર કે જ્યાં પહેલેથી જ ક્ષત્રિય આંદોલન વધુ તેજ બન્યું હતું ત્યાં માત્ર ૫૨.૨૨ ટકા મતદાન થયું છે.

અમરેલીમાં રાજ્યનું સૌથી ઓછું મતદાન માત્ર ૫૦.૦૭ ટકા થયું છે. પક્ષપલ્ટાને કારણે જ્યાં ચૂંટણી આવી પડી તે માણાવદરમાં પણ ૫૩.૯૩ ટકા જેવું પાંખુ મતદાન રહ્યું છે.

સૌરાષ્ટ્રમાં ગત ધારાસભા-૨૦૨૨ની ચૂંટણીમાં ભાજપ,કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે ત્રિપાંખિયો જંગ હતો ત્યારે આ વખતે ભાવનગરમાં ભાજપ અને આપ વચ્ચે તથા અન્ય તમામ બેઠકો પર ભાજપ-કોંગ્રેસ વચ્ચે સીધો જંગ હતો. કુલ ૯૨ ઉમેદવારોનું રાજકીય ભાવિ આજે ઈ.વી.એમ.માં સીલ થયું છે.

આ ચૂંટણીમાં વિકાસની વાતો, લોક સમસ્યા કરતા ક્ષત્રિય સમાજના આંદોલન, પક્ષપલ્ટા, ઉમેદવારો સામે છુપી નારાજગી, આયાતી ઉમેદવારોના મુદ્દા હોટ ટોપીક બની રહ્યા હતા. તો વડાપ્રધાનની સભા સિવાય કોઈ મોટા પ્રચાર પણ થયા ન હતા.

પૂર્વ રાજવી જામસાહેબે ભારે ગરમી અને નાદુરસ્ત તબિયત હોવા છતાં કર્યું મતદાન

જામનગર તા.૮: ગુજરાતની ૨૬ પૈકી ૨૫ બેઠકોમાં જામનગર લોકસભા બેઠક ઉપર પણ ગઈકાલે યોજાયેલા મતદાનમાં અનેક ક્ષેત્રના આગેવાનોએ મતદાનની પવિત્ર ફરજ બજાવી હતી. ગઈકાલે સાંજે જામનગરના પૂર્વ રાજવી જામસાહેબે પણ મતદાન કર્યુ હતું.

જામનગર લોકસભા બેઠક ઉપર ગઈકાલે સરેરાશ ૫૭.૬૭ ટકા મતદાન થયું હતું જેમાં જામનગર શહેરનું મતદાન ૫૯ ટકા જેટલું રહ્યું હતું. જામનગર શહેરમાં ગઈકાલે ધારાસભ્યો, સાંસદ, જામનગર મહાનગરપાલિકાના પદાધિકારીઓ, ભાજપ-કોંગ્રેસના આગેવાનો, કોર્પોરેટરો ઉપરાંત સંતો-મહંતોએ મતદાન બપોર પહેલા જ કરી લીધુ હતું.આ ઉપરાંત ગઈકાલે સાંજે ૫ વાગ્યે જામનગરના પૂર્વ રાજવી જામસાહેબ શત્રુશલ્યસિંહ જાડેજાએ પોલીસ હેડ ક્વાર્ટર્સ ખાતે આવેલ શાળા નં.૧૧ પ્રવિણભાઈ નરભેરામ મહેતા પ્રાથમિક શાળા ખાતેના મત કેન્દ્ર ઉપર મતદાન કર્યુ હતું. નાદુરસ્ત તબિયત અને તિવ્ર ગરમી હોવા છતા તેઓએ વ્હીલચેરમાં બેસીને મતદાન કર્યુ હતું.

જસદણ શહેરમાં સરેરાશ ૫૬.૩૭ ટકા મતદાન નોંધાયું

લોહિયાનગરમાં સૌથી વધુ તથા મણિનગરમાં સૌથી ઓછું મતદાન

(ધર્મેશ કલ્યાણી) જસદણ તા.૮

લોકસભાની ચૂંટણીમાં જસદણ વિધાનસભા મત વિસ્તારમાં ૫૫.૬૯ ટકા મતદાન નોંધાયું છે જ્યારે જસદણ શહેરમાં ૫૬.૩૭ ટકા મતદાન નોંધાયું છે.

જસદણ શહેરના તમામ બુથના મળીને કુલ ૧૯૩૬૪ પુરુષ તથા ૧૮૩૪૪ સ્ત્રી મતદારો મળીને કુલ ૩૭૭૦૮ મતદારોમાંથી ૧૨૦૭૦પુરુષ મતદારો તથા ૯૨૧૩ સ્ત્રી મતદારો મળીને કુલ ૨૧૨૮૩ મતદારોએ મતદાન કર્યું હતું. આમ જસદણ શહેરનું સરેરાશ મતદાન ૫૬.૩૭ ટકા નોંધાયું હતું.

મતદાન મથક નંબર ૧૩૨ જસદણ - ૧૫ નામના લોહિયાનગર પ્રાથમિક શાળા રૂમ નંબર ૨ ના મતદાન મથકમાં જસદણ શહેરનું સૌથી વધુ મતદાન ૬૨.૭૦ ટકા મતદાન નોંધાયું હતું. આ મતદાન મથકમાં લોહિયાનગર વિસ્તારના મતદારોનું મતદાન છે. જ્યાં ૪૫૧ પુરુષ, ૪૩૯ સ્ત્રી મળીને કુલ ૮૯૦ મતદારોમાંથી ૨૯૫ પુરુષ, ૨૬૩ સ્ત્રી મળીને કુલ ૫૫૮ મતદારોએ મતદાન કર્યું હતું.

જ્યારે સૌથી ઓછું મતદાન મતદાન મથક નંબર ૧૨૯ જસદણ ૧૨ નામના કન્યાતાલુકા શાળાના મતદાન મથકમાં નોંધાયું હતું. આ મતદાન મથકમાં ગઢડીયા રોડ, સૂર્યવંશના સોસાયટી, ગાંડીવાડી વિસ્તાર, મણિનગર વિસ્તાર, વેણીલાલ સ્કૂલ આસપાસના વિસ્તારના મતદારોનું મતદાન છે. જ્યાં ૫૮૦ પુરૂષ મતદારો, ૫૩૦ સ્ત્રી મતદારો મળી કુલ ૧૧૧૦ મતદારોમાંથી ૨૮૭ પુરુષ મતદારો, ૧૫૬ સ્ત્રી મતદારો મળીને કુલ ૪૪૩ મતદારોએ મતદાન કર્યું હતું આમ આ બૂથમાં સૌથી ઓછું મતદાન ૩૯.૧૨ ટકા લોહિયા નગરના મતદાન મથકમાં નોંધાયું હતું. ૨૦૧૯ માં જસદણ શહેરમાંથી ભાજપને ૬૫૭૬ મતની લીડ મળી હતી.

વાંકાનેર વિસ્તારમાં ૬૪.૬૭ ટકા મતદાન

(લિતેશ ચંદારાણા દ્વારા) વાંકાનેર,તા.૮

રાજકોટ લોકસભા બેઠક પર ગઈકાલે લોકશાહીના મહાપર્વની ઉજવણીમાં વહેલી સવારથી જ મતદારો કતાર લગાવી મતદાન કર્યું હતું. જેમાં સવારે સાતથી સાંજે છ વાગ્યા સુધી ચાલેલા મતદાનમાં રાજકોટ લોકસભા બેઠક હેઠળ આવતા વાંકાનેર - કુવાડવા વિધાનસભા વિસ્તારમાં સરેરાશ ૬૪.૬૭ ટકા મતદાન નોંધાયું છે.વિગતવાર આંકડાઓ જોઈએ તો વાંકાનેર બેઠક પર અત્યાર સુધીમાં કુલ ૧,૪૮,૪૨૧ પુરૂષ મતદારોમાંથી ૧,૦૨,૬૪૦ મતદારો એટલે કે ૬૯.૧૫ ટકા પુરૂષ અને ૧,૩૯,૧૩૬ મહિલા મતદારો માંથી ૮૩,૩૩૪ મતદારો એટલે કે ૫૯.૮૯ ટકા મહિલાઓનું મતદાન કર્યું હતું. જેમાં સરેરાશ વાંકાનેર બેઠક પર સરેરાશ ૬૪.૬૭ ટકા મતદારોએ મતાધિકારનો ઉપયોગ કર્યો છે

આઈપીએલ ચાલુ હોવા છતાં રવિન્દ્ર જાડેજાએ જામનગરમાં કર્યું મતદાન

જામનગર તા.૮: લોકસભા ઈલેક્શન ૨૦૨૪ના ત્રીજા તબક્કામાં ગઈકાલે ગુજરાતની લોકસભાની ૨૫ બેઠક પર મતદાન હતું. જેમાં સામાન્ય માણસથી લઈ સેલિબ્રિટી સુધીના તમામ લોકોએ મતદાન કર્યું હતું. આ દરમિયાન આઈપીએલની ચાલતી સીઝન વચ્ચે પણ ભારતીય ક્રિકેટર રવિન્દ્ર જાડેજાએ જામનગરમાં મતદાન કર્યું હતું. આઈપીએલના વ્યસ્ત સ્કેડ્યુઅલ વચ્ચે પણ જામનગરની પંચવટી કોલેજ ખાતે રવિન્દ્ર જાડેજા પોતાની પત્ની રિવાબા જાડેજા સાથે મતદાન મથક પર મતદાન કરવા પહોંચ્યા હતા. મતદાન સમયે ક્રિકેટર રવિન્દ્ર જાડેજાએ પીળુ ટિશર્ટ પહેર્યું હતું અને માથે ટોપી પહેરી હતી. રવિન્દ્ર જાડેજા સાથે તેમના પત્ની અને ધારાસભ્ય રિવાબા જાડેજા પણ મતદાન મથકે તેમના મતાધિકારનો ઉપયોગ કરવા પહોંચ્યા હતા. આ દરમિયાન રવિન્દ્ર જાડેજા એ જામનગર વાસીઓને મોટી સંખ્યામાં મતદાન કરવા માટે અપીલ કરી હતી અને તેઓએ જણાવ્યું હતું કે મતદાન કરવુંએ તમામની ફરજ અને અધિકાર છે આથી તમામ લોકોએ મતદાન કરવું જોઈએ.

મતદાન બાદ જામનગર બેઠક ઉપર પરિણામ અંગે મંથનનો દોર

જ્ઞાતિ સમીકરણો, ક્ષત્રિય આંદોલનની અસર અને કમિટેડ મતબેંકમાં ગાબડાથી સરસાઈ સાંકડી રહેવાના એંધાણ

જામનગર લોકસભા બેઠકમાં સમાવિષ્ટ થતી સાત વિધાનસભા બેઠકો ઉપર થયેલ મતદાનના આંકડા જાહેર થયા બાદ ભાજપ અને કોંગ્રેસના રાજકીય પંડિતો ગણતરી માંડવામાં જોતરાયાઃ શરત બજારમાં મતદાન પછી પણ પૂનમબેન માડમ હોટફેવરીટઃ જામનગર ગ્રામ્ય, કાલાવડ અને જામજોધપુર વિધાનસભા બેઠકમાં ધીંગી સરસાઈની અપેક્ષાએ કોંગ્રેસ જીત માટે આશાવાદીઃ ભાજપની જીતનો મદાર અન્ય બેઠકો ઉપર પરંતુ જામનગર શહેરની બે વિધાનસભા બેઠકો બનશે નિર્ણાયક

(ડોલરરાય રાવલ)

જામનગર તા.૮:

જામનગર લોકસભા બેઠક ઉપર ગુજરાતની અન્ય ૨૪ બેઠકોની સાથે ગઈકાલે યોજાયેલા મતદાનમાં ૫૭.૬૭ ટકા મતદાન યોજાયું છે. આ ચૂંટણીમાં જ્ઞાતિવાદે અજગરી ભરડો લીધો હતો. જ્ઞાતિ સમીકરણો અને રાજકીય પક્ષોની સામસામી મત મેળવવાની ગોઠવણો જોતા જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લા વચ્ચેની મતોની ખાઈ એવી રહેશે કે, જેમાં ખાસ કરીને ભાજપ માટે જીતનો મદાર જામનગર શહેર ઉપર રહેશે. જામનગર ગ્રામ્ય, કાલાવડ અને જામજોધપુર બેઠક ઉપર તેમજ દેવભૂમિ દ્વારકા જિલ્લાની દ્વારકા અને ખંભાળિયા વિધાનસભા બેઠક ઉપર જ્ઞાતિ સમીકરણોના આધારે મતદાન કરાવવા બન્ને પક્ષે પ્રયાસ થયા હતા. ભાજપ માટે થોડી ચિંતાનો વિષય એ છે કે, દ્વારકા અને ખંભાળિયા વિધાનસભા બેઠકનું મતદાન અપેક્ષા કરતા ઓછું થયું છે. જ્યારે જામનગર ગ્રામ્ય, કાલાવડ અને જામજોધપુર વિધાનસભા બેઠકમાં કોંગ્રેસની અપેક્ષા મુજબ મતદાનની ટકાવારી જોવા મળે છે. આથી ભાજપ માટે જામનગર લોકસભા બેઠકની જીતનો આધાર જામનગર શહેરની બે વિધાનસભા બેઠકો ઉપર રહી શકે છે. અત્રે નોંધનીય છે કે, ૨૦૧૯ની ચૂંટણીમાં જામનગર શહેરમાંથી ભાજપને કુલ એક લાખ જેટલી જંગી લીડ મળી હતી. એટલુ જ નહીં જામનગર લોકસભા બેઠકની સાતેય વિધાનસભા બેઠકો ઉપર ૨૦૧૯ની ચૂંટણીમાં ભાજપની લીડ હતી. પરંતુ આ વખતે ઉમેદવારની પસંદગીના જ્ઞાતિ સમીકરણ ઉપરાંત ક્ષત્રિય આંદોલનને લીધે પરિણામ અંગે ભારે સસ્પેન્સ જોવા મળે છે.

જામનગર લોકસભા બેઠક ઉપર ગઈકાલે મતદાન સંપન્ન થયા બાદ ચૂંટણી તંત્ર દ્વારા જાહેર કરાયેલ મતદાનના આંકડા મુજબ જામનગર બેઠક ઉપર સરેરાશ મતદાન ૫૭.૬૭ ટકા થયું હતું. વિધાનસભા બેઠક પ્રમાણે જોઈએ તો કાલાવડમાં ૫૭.૬૮ ટકા, જામનગર ગ્રામ્યમાં ૬૦.૭૮ ટકા, જામનગર ઉત્તરમાં ૫૯.૩૪ ટકા, જામનગર દક્ષિણમાં ૫૯.૧૩ ટકા, જામજોધપુરમાં ૫૭.૬૫ ટકા જ્યારે ખંભાળિયામાં ૫૬.૫૨ ટકા અને દ્વારકામાં ૫૩.૪૬ ટકા મતદાન થયું હતું. આ આંકડાની જાહેરાત બાદ ભાજપ અને કોંગ્રેસની છાવણીના રાજકીય પંડિતો પરિણામ અંગેની પરિસ્થિતિનો ક્યાશ કાઢવામાં કામે લાગ્યા છે.

ખાસ કરીને ગત લોકસભા ચૂંટણી કરતા આશરે ૩ ટકા જેટલું મતદાન આ વખતે ઓછુ રહ્યું હતું. ગરમી ઉપરાંત ક્ષત્રિય આંદોલન આ માટે કારણભૂત માનવામાં આવે છે. ખાસ કરીને ટકાવારીની દ્રષ્ટિએ જોઈએ તો એક એ બાબત ઉડીને આંખે વળગી છે કે પુરૂષની સરખામણીએ મહિલા મતદારોનું મતદાન ૯ ટકા જેટલું ઓછું થયું છે. ખાસ કરીને જામનગરની બેઠક ઉપર ભાજપ દ્વારા મહિલા ઉમેદવારને ટિકીટ આપવામાં આવી હોવા છતા મહિલાઓના મતદાનનો ઘટાડો થોડો ચિંતાજનક ગણી શકાય. ખાસ કરીને ક્ષત્રિય સમાજની મહિલાઓનું મતદાન અગાઉની ચૂંટણી કરતા નીચું રહ્યું હોવાનું કહેવાય છે.

જ્ઞાતિ સમીકરણોની વાત કરીએ તો આ વખતે જામનગર બેઠક ઉપર સૌથી ચર્ચામાં રહેલું ફેકટર ક્ષત્રિય આંદોલનનું ગણી શકાય. રૂપાલાના વિવાદીત નિવેદન મામલે વિરોધનું વાવાઝોડુ રાજકોટથી પસાર થયા બાદ જામનગર સીટ ઉપર કેન્દ્રિત થયું હોય તેમ મતદાન સુધી લાગ્યું હતું. કદાચ સૌરાષ્ટ્રમાં ભાજપના ઉમેદવારનો સૌથી વધુ વિરોધ જામનગર બેઠક ઉપર દેખાયો હતો તેની સીધી અસર મતદાન ઉપર પણ જોવા મળી હતી. રાજપુત સમાજના મતદારોમાં અગાઉ જે માત્રામાં ભાજપતરફી મતદાન થયું હતું તેમા મોટુ ગાબડું પડયું હોવાનું રાજપુત સમાજમાં ચર્ચાય છે અને તેની પૃષ્ટી ભાજપના અનેક લોકો ખાનગીમાં કરી રહ્યા છે.

બીજુ પરીબળ કે જે ભાજપ માટે સંજીવની ગણાય અને મોટી વોટબેંક મનાય છે તે પટેલ અને આહીર જ્ઞાતિના મતદારોનું છે. પરંતુ આ વખતે કોંગ્રેસે પાટીદાર ઉમેદવારને મેદાનમાં ઉતર્યા હતા અને ભાજપે આહીર સમાજ ઉપર ત્રીજી વખત પસંદગીનો કળશ ઢોળ્યો હતો. વકિલ જે.પી.મારવીયા લેઉવા પટેલ હોવાના કારણે જામનગર બેઠક ઉપર આવેલ અંદાજે દોઢ લાખથી વધુ લેઉવા પટેલ મતદારો કે જેમાંથી મોટા પ્રમાણમાં ભાજપના કમિટેડ વોટ ગણાય તેમાં જબરૂ પરિવર્તન જોવા મળ્યું હતું. અનેક એવા પાટીદારો એવુ કહે છે કે, અમે ક્યારેય કોંગ્રેસને મત આપ્યો નથી પરંતુ આ વખતે અમે અમારા સમાજના ઉમેદવારને મત આપ્યો છે.

જામનગર ગ્રામ્ય, કાલાવડ અને જામજોધપુર બેઠક ઉપર પાટીદાર સમાજના મતો મોટી સંખ્યામાં છે અને કદાચ આ જ કારણ છે કે કોંગ્રેસના જીતનો દાવો આ બેઠકો ઉપર થયેલા મતદાનને આધારે થાય છે. આ ત્રણેય બેઠકોની મળીને કોંગ્રેસને ૮૦ હજારથી ૯૦ હજાર જેટલી લીડની આશા છે. આ આશા કેટલા અંશે ફળીભૂત થાય છે તે જોવાનું રહ્યું. બીજુ આ ત્રણેય વિધાનસભા બેઠકો ઉપર રાજપુત સમાજના મત પણ મોટી સંખ્યામાં છે. આ ઉપરાંત જામનગર ઉત્તર બેઠક ઉપર પણ ક્ષત્રિય મતો નોંધપાત્ર સંખ્યામાં છે. પાટીદાર મત ઉપરાંત ક્ષત્રિય મતદારોનું મહદઅંશે મતદાન પોતાની ફેવરમાં થયું હોવાનું કોંગ્રેસનું માનવું છે.

જામનગર દક્ષિણ હંમેશા ભાજપનો ગઢ રહ્યો છે. પરંતુ આ બેઠક ઉપર નોંધાયેલા ૩૦ હજારથી વધુ પાટીદાર મતોમાંથી આશરે ૨૦ હજાર કરતા વધુ પાટીદારોએ મતદાન કર્યુ છે. પરિણામે આ બેઠક ઉપર ભાજપની લીડમાં નોંધપાત્ર ઘટાડો થવાની કોંગ્રેસ અને ભાજપ બન્ને પક્ષે ધારણા છે.

ખંભાળિયા અને દ્વારકા વિધાનસભા બેઠક ભાજપ માટે લોકસભાની ચૂંટણી જીતવા માટે અગત્યનો આધાર ગણાય છે. પરંતુ દ્વારકામાં અને ખંભાળિયા બેઠકમાં પ્રમાણમાં ઓછું મતદાન થયું છે. ખાસ કરીને દ્વારકા બેઠકમાં સમગ્ર લોકસભામાં સૌથી ઓછા મતદાનને લીધે અહીં ભાજપની સરસાઈ ઘટી શકે છે. આ બે બેઠક ઉપરાંત જામનગર શહેરની બન્ને બેઠક ઉપર ભાજપની લીડ નિશ્ચિત મનાય છે. પરંતુ શહેરની આ બન્ને બેઠકની લીડ સમગ્ર બેઠકનું પરિણામ નક્કી કરવામાં મહત્વની ભૂમિકા ભજવશે તેમ મનાય છે.

છેલ્લે ચૂંટણી અંગેના સટ્ટાની વાત કરીએ તો જામનગરની સ્થાનિક શરત બજારમાં ભાજપના ઉમેદવાર પૂનમબેન માડમ હજુ પણ હોટ ફેવરીટ રહ્યા છે. મતદાન બાદ ગઈરાત્રે પૂનમબેનની જીતનો ભાવ ૨૫થી ૩૦ પૈસા બોલાતો હતો. જેથી કોંગ્રેસના ઉમેદવાર જે.પી. મારવીયાનો ભાવ ત્રણથી સવા ત્રણ રૂપિયા બોલાતો હતો. આ ઉપરાંત ગુજરાતની એક બિનહરીફ બેઠક બાદ બાકીની ૨૫ સીટમાં ગઈકાલે મતદાન થયા પછી તમામ બેઠક ઉપર ભાજપની જીતનો ભાવ જે શરૂઆતમાં ૪૦ પૈસા હતો તે વધીને ૮૦ પૈસાથી સવા રૂપિયા સુધી બોલાતો હતો. આમ શરત બજારના અનુમાન મુજબ પૂનમબેનની જીતની શકયતા ખૂબ વધુ છે.

સ્ટાર્સની અધધધ ફી, પ્રમોશનનો અભાવ, ખોટા સમયે રીલીઝથી બોલિવૂડને નુકસાન

બોક્સ ઓફિસ પર બિગ બજેટ ફિલ્મોના ધબડકાને પગલે બોલિવૂડમાં ગભરાટ

૨૫૦ કરોડના બજેટમાં બનેલી 'મેદાન' ફિલ્મે માંડ માંડ રૂ.૪૮.૮૫ કરોડ પાછા મેળવ્યા: 'બડે મિયા છોટે મિયા'નું બજેટ ૩૫૦ કરોડ રૂપિયા પણ કમાણી માત્ર ૬૪ કરોડ રૂપિયા

મુંબઈ, તા.૮

તાજેતરમાં ઈદના તહેવારો દરમ્યાન સિનેમા હોલમાં રિલીઝ થયેલી અજય દેવગન સ્ટારર બીગ બજેટ ફિલ્મ 'મેદાન' અને અન્ય અક્ષયકુમાર અને ટાઈગર શ્રોફ સ્ટારર બીગ બજેટ ફિલ્મ 'બડે મિયા છોટે મિયા'નો ધબડકો થતાં બોલીવૂડમાં ગભરાટ ફેલાયો છે.

બોલીવૂડમાં નવા વર્ષ ૨૦૨૪ની નબળી શરૂઆત થઇ છે. કોઇ ફિલ્મ ૨૦૦ કરોડના બિઝનેસને પાર નથી ગઇ. આ સંજોગોમાં મોટી મોટી ફિલ્મોનો પણ ધબડકો થતાં બોલિવૂડમાં ચિંતા ફેલાઇ છે.

'મેદાન'નું બજેટ અંદાજે ૨૫૦ કરોડનું છે. જ્યારે આ ફિલ્મે હજુ માંડ માંડ ૪૮.૮૫ કરોડ રૂપિયા પાછા મેળવ્યા છે.

જ્યારે અક્ષયકુમાર અને ટાઇગર શ્રોફને ચમકાવતી ફિલ્મ 'બડે મિયા છોટે મિયા' ૩૫૦ કરોડ રૂપિયાના બજેટમાં બની છે. આ ફિલ્મે હજુ ભારતમાં ફુલ ૬૪ કરોડ રૂપિયાની કમાણી કરી છે. થિયેટર જોઇને જી-૭એ કામ ચલાઉ ધોરણે પોતાની ચેન રિનોવેશન માટે શટ ડાઉન કરી છે. આ નિર્ણય નબળા પ્રતિસાદને લીધે લીધો છે.

આટલું જ નહીં ઇદ પછી રીલીઝ થયેલ મધ્યમ બજેટની ફિલ્મો 'દો ઔર દો પ્યાર' અને 'લવ સેક્સ ઔર ધોખા-૨' પણ બોક્સ ઓફિસ પર ખાસ અસર નથી કરી શકી.

બોક્સ ઓફિસ પર ફિલ્મોની કફોડી હાલતને લઇને ફિલ્મ ઉદ્યોગના

એકસપર્ટસ કહે છે કે સ્ટાર્સની ફી પ્રમોશનનો અભાવ, ખોટા સમયે ફિલ્મની રીલીઝ જવાબદાર છે.

ફિલ્મ એક્ઝિબિટર અક્ષય રાઠી જણાવે છે કે આપણે એક નવી અને અલગ પ્રકારની એક એવી વાર્તા આપવી પડશે જે જુદા જુદા પ્રકારના ઓડિયન્સને અટકાવી શકે.

મિરાજ એન્ટર ટેઇન્મેન્ટના એમડી અમિત શર્મા કહે છે, હાઇ ક્વોલિટીનું કન્ટેન્ટ ધરાવતી 'મેદાન' ફિલ્મ ઓડિયન્સને આકર્ષવામાં સંઘર્ષ કરી રહી છે. તેનું એક કારણ પર્યાપ્ત માર્કેટીંગનો અભાવ છે આનો અર્થ એ થયો કે માત્ર સારા કન્ટેન્ટ (વિષય વસ્તુ)થી બોક્સ ઓફિસ પર સફળતા નથી મળતી.

૧૬૩ કારીગરોએ તૈયાર કરી આલિયાની અનોખી સાડી

ન્યુયોર્કમાં મેટ ગાલા ઈવેન્ટમાં આલિયાએ થ્રીડી ફૂલોવાળી સાડી પહેરી ધૂમ મચાવી

હોલિવૂડ એક્ટ્રેસ જેનિફેર લોપેઝ ગોલ્ડન આઉટફીટમાં નજરે પડી: ઈવેન્ટની એક ટીકીટના અધધધ ૬૨ લાખ રૂપિયા!

મુંબઈ, તા.૮

ન્યુયોર્કના મ્યુઝિયમ ઓફ આર્ટમાં દર વર્ષે મેના પહેલા સોમવારે યોજાતા મેટગાલામાં આ વર્ષે ડ્રેસ કોર્ડ ગાર્ડન ઓફ ટાઇમ રાખવામાં આવ્યો હતો. જેના આધારે ડ્રેસ પહેરીને આલિયા, ઇશા અંબાણી, જેનિફર લોપેઝ, ક્રિસ હેન્સવર્થ સહિત દુનિયાની ૪૦૦ જેટલી હસ્તીઓ ઈવેન્ટમાં પહોંચી હતી.

ફંડ રેઝર ઈવેન્ટ:- મેટ ગાલા દર વર્ષે આયોજિત એક ફંડ રેઝર કોસ્ચ્યુમ પાર્ટી છે જેના માટે નિર્ધારિત થીમના આધારે જ સેલિબ્રિટી તૈયાર થાય છે. આ દરમ્યાન અનોખી ફેશન જોવા મળે છે. આ વખતની થીમ સ્લીવીંગ બ્યુટીઝ, રિઅવેકનીંગ ફેશન છે.

આલિયા ભટ્ટે થ્રીડી ફુલોવાળી સાડીમાં ધૂમ મચાવી

બોલીવૂડ એક્ટ્રેસ આલિયા ભટ્ટે થ્રી-ડી ફૂલોવાળી સાડીમાં ધૂમ મચાવી દીધી હતી. ડીઝાઇનર સાબ્યસાચીની સાડીમાં આલિયા ભટ્ટે એક્સ પર પોતાની તસ્વીર શેર કરી છે. સાથે પોસ્ટમાં લખ્યું છે, આ સુંદર સાડીને બનાવવામાં ૧૬૩ લોકોએ મહેનત કરી છે. આ મેટ ગાલા ઈવેન્ટમાં હોલીવૂડની અભિનેત્રી અને ગાયિકા જેનિફર લોપેઝ ઈવેન્ટમાં ગોલ્ડન આઉટ ફિટમાં નજરે પડી હતી. જ્યારે 'સ્પાઇડરમેન'ની અભિનેત્રી જેંડેયા લેપેઝ બ્લુ ગાઉનમાં નજરે પડી હતી.

મ્યુઝિયમથી ફેશન ઈવેન્ટ સુધી:-

ન્યુયોર્કનું મેટ્રો પોલિટીન મ્યુઝિયમ ઓફ આર્ટ દુનિયાનું ચોથુ સૌથી મોટું મ્યુઝિયમ છે. તેના માટે શોર્ટ નેમ- 'મેટ'નો ઉપયોગ થાય છે. આ મ્યુઝિયમની એક કોસ્ચ્યુમ ઇન્સ્ટિટયુટ છે. ૧૯૪૬ પહેલા આ અલગ ઇન્સ્ટિટયુટ મ્યુઝિયમ ઓફ કોસ્ચ્યુમ આર્ટ હતું. ઉલ્લેખનીય છે કે આ વખતે મેટ ગાલા ૨૦૨૪ ઈવેન્ટ માટે એક ટિકિટની કિંમત અધધધ ૬૨ લાખ રૂપિયાથી વધુ છે.

ટી-૨૦ વિશ્વકપ

દુબે અને યશસ્વી ભારતના ટ્રમ્પ કાર્ડ હશે: રવિ શાસ્ત્રી

દુબઈ, ભારતના ભૂતપૂર્વ મુખ્ય કોચ રવિ શાસ્ત્રીએ કહ્યું કે, શિવમ દુબેની મોટા છગ્ગા ફટકારવાની ક્ષમતા ભારતને T20 વર્લ્ડ કપમાં મોટો સ્કોર કરવામાં મદદ કરશે. ભારતની આશા યશસ્વી જયસ્વાલ સાથે દુબે પર ટકી રહેશે. આ બંને, જેઓ પ્રથમ વખત વર્લ્ડ કપમાં રમી રહ્યા છે, તે ટીમ માટે ટ્રમ્પ કાર્ડ હશે. શાસ્ત્રીએ કહ્યું, બંને ડાબા હાથના બેટ્સમેન છે અને પોતાનો પહેલો વર્લ્ડ કપ રમી રહ્યા છે. એક યશસ્વી છે જેણે ઈંગ્લેન્ડ સામે શાનદાર પ્રદર્શન કર્યું હતું. તે યુવાન છે અને નિર્ભયતાથી રમે છે. ચેન્નાઈ તરફથી રમતા દુબેએ આ સિઝનમાં ૧૧ મેચમાં ૧૭૦.૭૩ના સ્ટ્રાઈક રેટથી ૩૫૦ રન બનાવ્યા છે. તેણે કહ્યું, દુબે મિડલ ઓર્ડરમાં મેચ વિનર છે. તે મનોરંજન માટે સિક્સર પણ મારે છે. પાંચ અને છઠ્ઠા નંબર પર તેની ભૂમિકા મહત્વની રહેશે.

ડોક્ટરોની મનાઈ છતાં IPL રમી રહ્યો છે ધોની!

ગયા રવિવારે ધર્મશાલામાં પંજાબ કિંગ્સ સામે ચેન્નાઈ સુપર કિંગ્સે ૧૬મી ઓવરના અંતે ૧૨૨ રનમાં છઠ્ઠી વિકેટ ગુમાવી ત્યારે બધાને આશા હતી કે ધોની બેટિંગ કરવા આવશે. શાર્દુલ ઠાકુર જ્યારે બેટ ઉપાડીને મેદાનમાં પ્રવેશતો જોવા મળ્યો ત્યારે ચાહકો નિરાશ થયા હતા. ધોની નવમા નંબરે ઉતર્યો હતો. ટી-૨૦ ક્રિકેટના ઈતિહાસમાં આ પ્રથમ વખત હતો જ્યારે માહી આટલી નીચે બેટિંગ કરવા આવ્યો હતો, ત્યારબાદ તેના નિર્ણયની ટીકા થવા લાગી હતી. ધોનીના જૂના સાથી ઈરફાન પઠાણ અને હરભજન સિંહે તો ત્યાં સુધી કહ્યું કે જો ધોની જવાબદારી લેવા માંગતો નથી તો તેણે પોતાને હટાવીને વધારાના બોલરને રમાડવો જોઈએ. જોકે હવે ધોની ની નીચી બેટીંગ ને લઈ મહત્વની માહિતી સામે આવી છે.

પગના સ્નાયુઓ ફાટયા

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ભૂતપૂર્વ કેપ્ટન તેના પગના સ્નાયુઓમાં ઈજા સાથે આ IPL રમી રહ્યો છે અને તેની પાસે લાંબા સમય સુધી દોડવાનો કોઈ વિકલ્પ નથી. આઈપીએલના શરૂઆતના દિવસોમાં ધોનીના પગના સ્નાયુઓ ફાટી ગયા હતા, પરંતુ જ્યારે ટીમનો બીજો વિકેટકીપર બેટ્સમેન ડેવોન કોનવે ઈજાના કારણે આઈપીએલ રમવા માટે ભારત આવ્યો ન હતો ત્યારે માહીએ પોતાને બ્રેક આપવાનું વિચારવાની ફરજ પડતી મુકી હતી. સ્થિતિ એવી છે કે ધોનીને દર્દ હોવા છતાં રમવું પડે છે, દવાઓ લેવી પડે છે અને ઓછા દોડવાનો પ્રયાસ કરે છે.

સતત રમવાને કારણે ઈજાઓ વધી

જે લોકો ધોનીની ટીકા કરી રહ્યા છે તેઓને ખબર નથી કે તે આ ટીમ માટે કેટલો બલિદાન આપી રહ્યો છે. ડોક્ટરોએ તેને આરામ કરવાની સલાહ આપી છે, પરંતુ વિકેટકીપર બેટ્સમેન પાસે કોઈ વિકલ્પ નથી કારણ કે ઈજાના કારણે ટીમ પહેલેથી જ ઘણી નબળી પડી ગઈ છે. પ્રેક્ટિસ દરમિયાન, ૪૨ વર્ષીય ખેલાડી બિલકુલ દોડતો નથી અને તેની સંપૂર્ણ તૈયારી દડાને બાઉન્ડ્રી બહાર ફટકારવાની છે. તે નવા કેપ્ટન ઋતુરાજ ગાયકવાડને હંમેશા માર્ગદર્શન આપે છે.



કેપ્ટન રોહિત શર્મા દબાણમાં સારા નિર્ણયો લે છે: યુવરાજ સિંહ

ભૂતપૂર્વ ભારતીય ઓલરાઉન્ડર યુવરાજ સિંહનું માનવું છે કે, રોહિત શર્મા એક સમજદાર કેપ્ટન છે. દબાણમાં સારા નિર્ણયો લે છે, જે ટી-૨૦ વર્લ્ડ કપમાં ભારત માટે તેની હાજરીને મહત્વપૂર્ણ બનાવશે.

રોહિતની કમાનીમાં ટીમ ગયા વર્ષે ૫૦ ઓવરના વર્લ્ડ કપની ફાઇનલમાં પહોંચી હતી. T-20 વર્લ્ડ કપ ૨૦૨૨ની સેમિફાઇનલમાં જગ્યા બનાવી છે. આ ઉપરાંત ટીમે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઇનલમાં પણ જગ્યા બનાવી હતી. ભારતે છેલ્લે ધોનીની કમાનીમાં ૨૦૧૩માં ચેમ્પિયન્સ ટ્રોફીના રૂપમાં ICC ખિતાબ જીત્યો હતો.

T-20 વર્લ્ડ કપના બ્રાન્ડ એમ્બેસેડર યુવરાજે કહ્યું, રોહિતની હાજરી ખૂબ જ મહત્વપૂર્ણ રહેશે. આપણને એક સારા કેપ્ટન અને સમજદાર કેપ્ટનની જરૂર છે જે દબાણમાં સારા નિર્ણય લઈ શકે. જ્યારે અમે ૫૦ ઓવરના વર્લ્ડ કપની ફાઇનલમાં હારી ગયા ત્યારે રોહિત કેપ્ટન હતો. છતાં કેપ્ટન તરીકે પાંચ IPL ટાઇટલ જીત્યા છે. આપણને તેના જેવા કેપ્ટનની જરૂર છે.

વર્લ્ડ કપ જીતવા માટે હકદાર: યુવરાજે ૨૦૦૭માં ભારતીય ટીમમાં ડેબ્યૂ કરનાર રોહિતની સફરને નજીકથી જોઈ છે. રોહિત સાથેની તેની પ્રથમ મુલાકાત અંગે યુવરાજે મજાકના સ્વરમાં કહ્યું, ખૂબ જ ખરાબ અંગ્રેજી.બોલતો અને તે ખૂબ જ રમુજી વ્યક્તિ છે.

બોરીવલી (મુંબઈ) ની શેરીઓમાંથી અમે હંમેશા તેને ચીડવતા આવ્યા હતાં. પણ દિલનો તે ખૂબ જ સારો અને નિખાલસ છે.

ઘણા નાના શોપીંગ મોલ બંધ થવાના આરે

નાઇટ ફ્રેન્ક ઇન્ડિયાએ રીપોર્ટ જાહેર કર્યો

મુંબઇ :

ભારતના નાના મોલ્સ ઝડપથી બંધ થવાના આરે છે કારણ કે લોકો વધુ સારા અનુભવ માટે ઓનલાઇન શોપીંગ અને મોટા શોપીંગ સેન્ટરો તરફ વળે છે.

રીપોર્ટ અનુસાર આ એવા મોલ છે જે ૪૦ ટકાથી વધુ ખાલી છે.

મંગળવારે એક રિપોર્ટ જાહેર થયો છે. જેમાં ૨૯ શહેરોના શોપીંગ સેન્ટરો અને મોટા બજારોની માહિતી આપવામાં આવી છે.

દેશમાં નાના મોલની હાલત

- દિલ્હી-એનસીઆર-૨૧
- બેંગ્લુરૂ-૧૨
- કોલકતા-૬
- હૈદરાબાદ-૫
- અમદાવાદ-૪
- ચેન્નઈ-૩

આ બધા મોલ બંધ થવાની તૈયારીમાં છે.

આઠ મોટા શહેરોમાં ૨૦૨૩માં ખાલી રહેતા શોપીંગ મોલની સંખ્યા વધીને ૬૪ જેટલી થઇ જવા આવી છે

નાઇટ ફ્રેન્કના ડિરેકટર ગુલામ ઝીયાએ કહ્યું કે ઘણા નાના શોપીંગ મોલ બંધ થવાના આરે છે. જ્યારે ૨૦૨૩માં મુખ્ય ભારતીય બજારોમાં તમામ શોપીંગ સેન્ટરોમાં ગ્રોસ લીઝેબલ એરીયા (GLA)માં વાર્ષિક ધોરણે ૨૩૮%નો વધારો થયો છે. જ્યારે મોલ્સ બંધ થઇ રહ્યા છે. ૨૦૨૨માં આ સંખ્યા ૫૭થી વધીને ૬૪ થશે. કારણ કે રીટેલર્સ અને ખરીદદારો પ્રીમીયમ પ્રોપર્ટી પસંદ કરે છે. ૧૩.૩ મિલિયન સ્કવેર ફુટ શોપીંગ સ્પેસ ખાલી રહેવા સાથે નીચી કામગીરી કરતી રીટેલ એસેટ્સમાં તીવ્ર વધારો થયો છે. આના કારણે ૨૦૨૩માં ડેવલપર્સની આવકમાં રૂા.૬૭૦૦ કરોડનું નુકસાન થવાની સંભાવના છે.

આલિશાન અને અભેદ્ય કિલ્લા જેવા આ વિમાનો વિશે જાણવા જેવું

તમે હંમેશા જોયું હશે કે સાંભળ્યું હશે કે વિશ્વના દેશોના વડાઓ અને શકિતશાળી નેતાઓ અલગ વિમાનમાં મુસાફરી કરે છે. તેની પાછળનું સૌથી મોટું કારણ તેમની સુરક્ષા છે. અમેરિકા, રશિયા અને બ્રિટનના રાષ્ટ્રપતિ વિશ્વભરમાં તેમની તાકાત માટે જાણીતા છે, અથવા ભારતના રાષ્ટ્રપતિ/વડાપ્રધાન, તેઓ બધા અભેદ્ય વિમાનોમાં મુસાફરી કરે છે.

ભારતીય વાયુસેનાના પાયલોટ ભારતના રાષ્ટ્રપતિ અને વડાપ્રધાનના વિમાનને ઉડાવે છે

ભારતીય રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને વડા પ્રધાનની મુલાકાત દરમિયાન, બંને બી-૭૭૭ એરક્રાફ્ટ ભારતીય વાયુસેનાના પાઈલોટ્સ દ્વારા ઉડાવવામાં આવે છે, એર ઈન્ડિયાના પાઈલોટ્સ દ્વારા નહીં. બંને એરક્રાફ્ટની ખરીદી અને પુનઃનિર્માણનો કુલ ખર્ચ અંદાજે રૂ. ૮,૪૦૦ કરોડ જેટલો થયો છે. બંને બી-૭૭૭ એરક્રાફ્ટ લાર્જ એરક્રાફ્ટ ઈન્ફ્રારેડ કાઉન્ટરમેઝર્સ અને સેલ્ફ-પ્રોટેક્શન સુટ્સ (એસપીએસ) તરીકેઓળખાતી અદ્યતન એન્ટિ-મિસાઈલ સિસ્ટમથી સજ્જ છે. એર ઈન્ડિયા વન અદ્યતન અને સુરક્ષિત કોમ્યુનિકેશન સિસ્ટમથી સજ્જ છે જે હવામાં પણ (હેક કે ટેપ કર્યા વિના) ઓડિયો અને વિડિયો કમ્યુનિકેશન ફંક્શનનો લાભ લઈ શકે છે. આ વિમાન કોઈપણ સમયે હવાઈ હુમલાના કિસ્સામાં જવાબી કાર્યવાહી પણ કરી શકે છે. તેમાં એક સમયે ૧૦૦ લોકો માટે ભોજન તૈયાર કરવાની અને ૨૦૦૦ લોકો માટે ભોજન સંગ્રહ કરવાની વ્યવસ્થા છે. એર ઈન્ડિયા વનની વિશેષતા વિશે વાત કરીએ તો, એરક્રાફ્ટમાં મિસાઈલ એપ્રોચ વોર્નિંગ સિસ્ટમ છે, જે સેન્સરની મદદથી પાઈલટને મિસાઈલ પર હુમલો કરવામાં મદદ કરે છે. ઈલેક્ટ્રોનિક વોરફેર એક જામર છે જે દુશ્મનના જીપીએસ અને ડ્રોન સિગ્નલોને બ્લોક કરવાનું કામ કરે છે. ડાયરેક્શનલ ઈન્ફ્રારેડ કાઉન્ટરમેઝર સિસ્ટમ એ એન્ટિ-મિસાઈલ સિસ્ટમ છે, જે એરક્રાફ્ટને ઈન્ફ્રારેડ મિસાઈલોથી સુરક્ષિત કરે છે. ચૈફ એન્ડ ફ્લેયર્સ સિસ્ટમ કે જે રડાર ટ્રેકિંગ મિસાઈલ દ્વારા ધમકી આપવામાં આવે ત્યારે ગેસ છોડે છે, જેનાથી એરક્રાફ્ટ વધુ બહાર નીકળી શકે છે. મિરર બોલ સિસ્ટમ એટલે કે પાંખોમાં સ્થાપિત આ ટેક્નોલોજી એરક્રાફ્ટને ઈન્ફ્રારેડ મિસાઈલથી સુરક્ષિત કરે છે. તેમાં સૌથી આધુનિક અને સુરક્ષિત સેટેલાઈટ કમ્યુનિકેશન સિસ્ટમ પણ છે. હવામાં ઈંધણ ભરાઈ જાય તેવી સુવિધા છે. એકવાર ઈંધણ ભરાઈ જાય તો આ વિમાન ૧૭ કલાક સુધી સતત ઉડી શકે છે. એકવાર તે ઉડાન ભરે છે, તે ૧૩,૬૪૯ કિલોમીટરની મુસાફરી કરી શકે છે.

અમેરિકી રાષ્ટ્રપતિના વિમાનની એક અલગ ઓળખ છે, ત્યારે ૨૦૨૦માં ભારત સરકારે તેના રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને વડાપ્રધાનની સત્તાવાર મુલાકાતો માટે બે નવા ખાસ સુધારેલા અને સુરક્ષિત વિમાન બનાવ્યા છે. આ ઉપરાંત, દક્ષિણ કોરિયા, બ્રિટન, કતાર, જર્મની, ઈરાન, તુર્કી અને બ્રાઝિલના રાષ્ટ્રપતિ/વડાપ્રધાન/શાસક પણ આવા શકિતશાળી અને આધુનિક વિમાનમાં તેમની સત્તાવાર યાત્રાઓ કરે છે. આ શકિતશાળી નેતાઓના વિમાનો કોઈ આલિશાન હોટેલ અને અભેદ્ય કિલ્લાથી ઓછા નથી.

યુએસ પ્રેસિડેન્ટ એરફોર્સ વનમાં ઉડે છે

અમેરિકા એરફોર્સનું એરક્રાફ્ટ જેમાં વૈશ્વિક મહાસત્તા યુનાઇટેડ સ્ટેટ્સના રાષ્ટ્રપતિ ઉડે છે તે એરફોર્સ વન તરીકે ઓળખાય છે. અમેરિકી રાષ્ટ્રપતિનું સત્તાવાર વિમાન એરફોર્સ વન ૧,૦૧૩ કિમી પ્રતિ કલાકની ઝડપે ઉડી શકે છે. જેમાં રાષ્ટ્રપતિની સુરક્ષા માટે વિશેષ સુવિધાઓ અને સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. તેમાં ૨૬ ફ્લાઈટ ક્રૂ સહિત કુલ ૧૦૨ લોકો મુસાફરી કરી શકે છે. તે કોઈપણ હવામાનમાં ઉડવાનું ચાલુ રાખી શકે છે. આ બોઈંગ ૭૪૭-૨૦૦ શ્રેણીના એરક્રાફ્ટની મહત્તમ ઉંચાઇ ૪૫,૧૦૦ ફુટ છે. એકવાર ઈંધણ ભર્યા પછી તે ૧૨,૦૦૦ કિલોમીટરથી વધુનું અંતર કાપી શકે છે. ફ્લાઈટમાં હોય ત્યારે હવામાં ઈંધણ ભરવાની સગવડતા હોય છે.

એરફોર્સ વન પાસે એરક્રાફ્ટની અંદર ૪,૦૦૦ ચોરસ ફુટ ફ્લોર સ્પેસ છે, જે છ માળની ઈમારતની ઊંચાઈ જેટલી છે. તેમાં ત્રણ માળ બાંધવામાં આવ્યા છે. એરક્રાફ્ટમાં કોન્ફરન્સ રૂમ, ડાઈનિંગ રૂમ, રાષ્ટ્રપતિ અને પ્રથમ મહિલા માટે અલગ ક્વાર્ટર છે. એક અલગ ઓફિસ પણ છે. પ્લેનમાં ૧૦૦ લોકો માટે ભોજનની વ્યવસ્થા છે. તેની સુરક્ષા વિશેષતાઓ ખૂબ જ ગુપ્ત રાખવામાં આવી છે, પરંતુ કહેવાય છે કે પરમાણુ હુમલાની સ્થિતિમાં પણ એરફોર્સ વન સુરક્ષિત રહેશે. ફ્લાઈટમાં હોય ત્યારે, રાષ્ટ્રપતિ વિમાનમાંથી જ યુદ્ધનો આદેશ આપી શકે છે, અને કોઈપણ સમયે સમગ્ર વિશ્વમાં કોઈપણનો સંપર્ક કરી શકે છે. એરક્રાફ્ટમાં જે પણ ઈલેક્ટ્રોનિક વસ્તુઓ હોય છે, તે EMP એટલે કે ઈલેક્ટ્રો મેગ્નેટિક પલ્સથી પ્રભાવિત થતી નથી. તેમાં ઓપરેશન થિયેટર પણ બનાવવામાં આવ્યું છે. આ વિમાનની કિંમત લગભગ ૧ અબજ ડોલર છે.

રશિયાના રાષ્ટ્રપતિ પાસે વિશ્વનો સૌથી મોટો વિમાનનો કાફલો છે

રશિયાના રાષ્ટ્રપતિનો એરક્રાફ્ટ કાફલો વિશ્વનો સૌથી મોટો હોવાનું કહેવાય છે. તેની પાસે ૬૮ એરોપ્લેન અને ૬૪ હેલિકોપ્ટર છે. રાષ્ટ્રપતિની ઉડાન માટે ચાર વિમાનો છે. જેમાં તેઓ સુરક્ષાના કારણોસર પ્રવાસ માટે એક પસંદ કરે છે. રશિયન રાષ્ટ્રપતિના વિમાનની કિંમત લગભગ ૫૦૦ મિલિયન ડોલર છે. જોકે ચારેય એરક્રાફ્ટ ઉડાન માટે તૈયાર રાખવામાં આરે છે. વિમાન Ilyushin IL-96-300PU લગભગ ૯૦૧ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ઉડી શકે છે. તેમાં ખૂબ જ અદ્યતન સંચાર સાધનો છે. જેના દ્વારા ખાસ સંજોગોમાં મિલિટરી કંટ્રોલ રૂમને આદેશો આપી શકાય છે.

રશિયન રાષ્ટ્રપતિનું વિમાન

રશિયન રાષ્ટ્રપતિનું પ્લેન બહારથી સામાન્ય પ્લેન જેવું લાગે છે, પરંતુ તેની અંદર એક આલીશાન બેડરૂમ, ઓફિસ, મીટિંગ રૂમ અને જીમ પણ છે. વિમાનની બોડી પણ ઘણી પહોળી છે. એરક્રાફ્ટમાં ૪,૦૦૦ ચોરસ ફુટ જગ્યા છે. તેનું ઈન્ટિરિયર ખૂબ જ લકઝુરિયસ છે. એવું કહેવાય છે કે વિમાનના ઘણા ભાગો સોનાથી કોટેડ છે. ટોઈલેટ સીટ પણ ગોલ્ડ કોટેડ હોવાનું કહેવાય છે. આ એરક્રાફ્ટ સામાન્ય રીતે ૩૫ હજાર ફુટની ઊંચાઈએ ઉડે છે. આ એરક્રાફ્ટમાં ઉચ્ચ સ્તરીય સુરક્ષા સંબંધિત વિશેષતાઓ પણ છે, જેમાં એન્ટી એરક્રાફ્ટ ડિફેન્સ સિસ્ટમ, જામરનો સમાવેશ થાય છે જે કોઈપણ રડારને ચકમા દેવામાં સક્ષમ છે.

બ્રિટનના વડાપ્રધાનનું પ્લેન સામાન્ય કક્ષાનું છે!

થોડા વર્ષો પહેલા, યુનાઈટેડ કિંગ્ડમે વડા પ્રધાનની મુલાકાતો માટે રૂા.૨૫૦ મિલિયનમાં એરબસ A330 વિમાન ખરીદ્યું હતું. અન્ય પરમાણુ-સશસ્ત્ર દેશોના વડાઓની તુલનામાં, બ્રિટિશ વડા પ્રધાનનું સત્તાવાર વિમાન સામાન્ય રીતે સામાન્ય પેસેન્જર એરક્રાફ્ટ છે. જોકે, બ્રિટિશ વડાપ્રધાનની મુસાફરી માટે તેમાં ફેરફાર કરવામાં આવ્યો હતો. પ્લેનનું ઈન્ટિરિયર પણ બહુ આકર્ષક નથી. એરબસ A330ના આગળના ભાગમાં બે ઓટ્ટોમન ખુરશીઓ સાથેનો એક નાનો VIP વિસ્તાર આવેલો છે. એરક્રાફ્ટમાં કુલ ૫૮ બિઝનેસ ક્લાસ સીટ છે. જ્યારે જરૂર પડે ત્યારે કેટલીક ગોપનીયતા માટે સ્લાઈડિંગ કર્ટેન્સ બંધ કરી શકાય છે. પ્લેનના પાછળના ભાગમાં પત્રકારો માટે ઇકોનોમી ક્લાસ સીટ છે.

કાશ, મોદીના ડાન્સ કરતા વિડીયો જેવી જ હળવાશ આપણા ચૂંટણી પ્રચારમાં જોવા મળે...

ચૂંટણી અડધી મંઝીલે... હવે ઝુલાના ખેલ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીને એક ડિપફેક વિડીયો વાયરલ થયો છે તે ખુદ મોદી માણે છે પરંતુ જયારે ચૂંટણી મેદાનમાં આપણા રાજકીય નેતાઓ આવે છે તો કદાચ મહાભારત કરતા પણ વધુ દુશ્મનાવટ હોય તેવા દ્રશ્યો સર્જાય જાય છે લોકસભા ચૂંટણી ૧૬ રાજયોમાં પૂરી થઇ અને ૨૮૩ બેઠકો પર મતદાન થઇ ગયું પરંતુ હવેની ૨૬૦ બેઠકો એ ભાજપને અબ કી બાર ૪૦૦ કે પારના એજન્ડા પર સફળતા અપાવે છે કે પછી વિપક્ષો માટે પણ લડત માટે હજુ પણ તક છે તે નિશ્ચિત કરે છે તે જોવું રસપ્રદ બની જશે

પ્રથમ ત્રણ તબકકામાં જે રીતે અનામત મુદો ચગ્યો તે કદાચ હવે ચોથા તબકકાથી વધુ આકમક પણ બની શકે છે, અગાઉ કોંગ્રેસ અને વિપક્ષોએ ડિવાઇડેડ હિન્દુ, યુનાઇટેડ મુસ્લિમ થીમ ઉપર જાતિ જનગણના અને મુસ્લિમ અનામત જેવા મુદ્દાઓને વેગ આપ્યો તો ભાજપે કાઉન્ટર કરવા ઓબીસી, એસટી, એસસીને તેમની અનામતમાંથી મુસ્લિમો ભાગ પડાવશે તેવો ભય દર્શાવીને મત ખેંચવા પ્રયત્ન કર્યો પણ હવે જયારે ઉતર અને દક્ષિણ બંનેની મિકસ બેઠકો પર મતદાન થવાનું છે ત્યારે શું ફકત મુસ્લિમથી લઇ મંગલસુત્ર, મંદિરથી લઇને પાકિસ્તાન જેવા મુદાઓ પર મત મંગાશે કે નવો નેરેટીવ બનાવાશે

દેશમાં જયારે એક તરફ ઉખ્ણાતામાનની સાથે રાજકીય પારો પણ ઉંચો જઇ રહ્યો છે અને લોકસભા ચૂંટણીના ત્રણ તબકકા પૂરા થયા છે ત્યારે કહી શકાય કે આપણી આ ચૂંટણી હાફ વે માર્ગ પહોંચી છે અને કદાચ બીજી રીતે કહીએ તો હવે આ પોલીટીકલ સર્કસના ઝુલાના ખેલ શરૂ થયા છે અને જે સમયે વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના એક એનીમેટેડ એટલે કે ડિપફેક જેવો વિડીયો વાયરલ થયો છે અને ખુદ વડાપ્રધાને પોતાના એકસ હેન્ડલ પર તે શેર કરતા કહ્યું કે મને ડાન્સ કરતા જુઓ ખુદ મોદીને પોતાનો આ ડીપફેક વિડીયો પસંદ આવ્યો અને સાથોસાથ એ પણ લખ્યું કે આવી સર્જનાત્મકતા હોવી જોઇએ ચૂંટણીનું વાતાવરણ જયારે ભારેખમ બની રહ્યું છે તે સમયે ખરેખર આ એક શીળી લહેર જેવી સ્થિતિ અનુભવી જોકે આ ડીપફેક વિડીયો એકસ પ્લેટફોર્મ જેણે અપલોડ કર્યો તે આર્ટીસ્ટ યુઝર્સે એ પણ લખ્યું કે મને ખબર છે કે ડિકટેટર (આપખુદ) મારી ધરપકડ નહીં કરે તે હું જાણુ છું અને મોદી એ પણ જે રીતે આ વિડીયોને હળવાશથી લેવા તે કદાચ આજના રાજકારણમાં ભાગ્યે જ બને છે અને હવેના જે ચાર તબકકામાં મતદાન થવાનું છે તેમાં રાજકીય પક્ષો માટે કરો યા મરોનો જંગ નિશ્ચિત થઇ ગયો છે અત્યાર સુધીમાં હાફવે માર્ગ પર પહોંચી તે કહેવા માટે આંકડા જોઇએ તો લોકસભા ચૂંટણીમાં ૫૪૩માંથી ૨૮૩ બેઠકો પર ચૂંટણી પૂરી થઇ ગઇ છે અને ૨૬૦ બેઠકો પર આગામી ચાર તબકકામાં મતદાન છે. દેશના ૧૬ રાજયો એવા છે કે જયાં તમામ બેઠકો પર મતદાન થઇ ગયું છે અને સાચો ખેલ હવે જ શરૂ થાય છે કે જયારે ઉતરપ્રદેશથી લઇ આંધ્રપ્રદેશ અને પંજાબથી લઇ ઝારખંડ સુધી આગામી ચાર તબકકામાં જે ૨૬૦ બેઠક પર મતદાન થાય છે તે ભાજપના અબ કી બાર ૪૦૦ કે પારના સુત્રને માટે મહત્વનું બની રહે છે. રસપ્રદ બાબત એ છે કે મતદાનની ટકાવારી ઘટતી જાય છે અને તેના માટે ફકત આકરા તાપને દોષ આપવો કે પછી અન્ય ફેકટર ચૂંટણીમાં મહત્વની ભૂમિકા ભજવી રહ્યું છે તેના પર ચર્ચા છે પરંતુ કોઇ એક કારણ આપી શકતું નથી. બીજી તરફ અત્યાર સુધીની ૨૮૩ બેઠકો પરના પ્રચારમાં જે મુદ્દાઓ આવ્યા તે શું હવે બાકીના સમયમાં પણ આવશે કોઇ નવા મુદા આપણે આ જંગ લડાતો જોઇએ તે પણ જોવું રસપ્રદ બની રહેશે આમ હજુ ૪ જુન સુધીમાં ચૂંટણીના અનેક રંગ જોવા મળશે.

સ્પોટ-લાઈટ
કે.આર.
krisht555@gmail.com

આપણે ચૂંટણીમાં સંપતિના વિભાજન કે જેને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જો કોંગ્રેસની સરકાર આવશે તો તમારી બે માંથી એક ભેંસ પણ લઇ જશે તેવો ગુજરાતમાં પ્રચાર કર્યો તો અન્ય રાજયોમાં તમારૂ મંગલસુત્ર છીનવાઇ જશે અને પ્રારંભ બંધારણ બદલવાથી થયો હતો અને વાત અનામત સુધી પહોંચી ગઇ. રસપ્રદ બાબત એ છે કે અનામત મુદ્દે પણ જે રીતે ભાજપે પ્રચાર કર્યો છે તે કોંગ્રેસના જ અનામત અંગેના પ્રચારથી થોડો અલગ છે. રાજકીય સુત્રો કહે છે કે કોંગ્રેસ અને ઇન્ડી ગઠબંધનની થીમ 'ડિવાઇડેડ હિન્દુ યુનાઇટેડ મુસ્લિમ' એટલે કે જાતિ ગણનાના આધારે અનામત સહિતની વ્યવસ્થા આ મુદા સાથે મુસ્લિમોને પણ અનામત તેવો પ્રચાર ચગાવ્યો છે અને ભાજપના સાથી પક્ષ તેલુગુદેશમ પણ આંધ્રપ્રદેશમાં ૪ ટકા મુસ્લિમ અનામતની તરફેણ કરે છે જયાં ભાજપને બચાવ કરવો મુશ્કેલ બન્યો છે તેથી નવું શસ્ત્ર અપનાવાયુ છે અને વડાપ્રધાન મોદી સહિતના પ્રચારમાં ઓબીસી, એસટી, એસસીને એવો ડર બતાવાય છે કે કોંગ્રેસ કે વિપક્ષ તમારી અનામત છીનવીને મુસ્લિમોને અનામત આપવા માંગે છે અથવા તમારી અનામતમાંથી ભાગ પાડવા માંગે છે આમ હવે અનામત મુદો ચોથા તબકકાથી કઇ રીતે ટર્ન લેશે તે પ્રશ્ન છે, બીજી તરફ હવે જે રાજયોમાં ચૂંટણી યોજાઇ રહી છે તેમાં સૌથી મહત્વના ઉતરપ્રદેશમાં ૫૪ બેઠકો પર બાકીના ૪ તબકકામાં ચૂંટણી યોજાશે તો સાથોસાથ આંધ્રપ્રદેશ કે જયાં ૨૫ બેઠકો છે ત્યાં ચોથા તબકકામાં એક સાથે ચૂંટણી યોજાઇ રહી છે તેલંગણામાં પણ ૧૬ બેઠકો પર મતદાન બાકી છે. ઝારખંડમાં ૧૪, મધ્યપ્રદેશમાં ૮, પંજાબમાં ૧૩, દિલ્હીની ૭, ઓડિસાની ૨૧ અને પશ્ચિમ બંગાળની ૧૦ બેઠકની ચૂંટણી યોજાઇ રહી છે અને અહીં ઉર બેઠકો પર મતદાન થશે. બિહારમાં પણ ૪૦માંથી ૧૪ બેઠકો પર ચુંટણી યોજાઇ છે. આમ હવેની બેઠકો પર ભાજપ માટે ૪૦૦ને પાર કરવાનું સૌથી મહત્વનું બની રહેશે. અને તેથી જ અત્યાર સુધીમાં જે કંઇ કાર્ડ અપનાવાયા તેનો ફરી એક વખત ઉપયોગ થશે કે નવા કોઇ મુદા સાથે મતદાન માટે અપીલ થશે તે પ્રશ્ન છે.

શા માટે મતદાન ઓછું થઇ રહ્યું છે તેના કારણો કદાચ પરિણામ પછી જ ખબર પડે, શું મોદી વેવની અસર નથી તે પણ પ્રશ્ન પૂછાઇ રહ્યો છે ખાસ કરીને જયાં મતદાન પુરૂ થયું છે તેવા રાજયોમાં ખાસ કરીને દક્ષિણમાં ભાજપને કેટલી સફળતા મળશે તે પ્રશ્ન છે. રાજકીય નિરીક્ષકો કહે છે કે તામિલનાડુમાં જે આકમક રીતે ભાજપે ૩૯ બેઠકો પર પ્રચાર કર્યો ખુદ વડાપ્રધાન મોદીએ રામ મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા પૂર્વે તામિલનાડુમાં રામ સર્કિટમાં મુલાકાત લીધી તે પછી પણ અહીં ભાજપનો વોટશેર વધી શકે છે પરંતુ બેઠકો અંગે હજુ કોઇ આ પક્ષને એક પણ શીટ આપવા તૈયાર નથી. બુકી બજાર પણ અલગથી વરતારો આપે છે. બીજી તરફ કેરળમાં ભાજપે બેઠકવાઇઝ ફોકસ કર્યુ, તામિલનાડુમાં ભાજપે પોતાની હાજરીનો શિલાન્યાસ કર્યો તેમ કહેવાય છે અને તેથી આગામી સમયમાં વિધાનસભા ચૂંટણી સમયે ભાજપને પોતાની હાજરી વધે તે કદાચ સફળતા મળે જયારે કેરળમાં બે કે ત્રણ બેઠકો પર ભાજપે ફોકસ કર્યુ કદાચ તેને આ રાજયમાં ખાતુ ખોલાવાની સફળતા મળી શકે છે.

ઉત્તરભારતને મુખ્યત્વે આવરી લેતા અને દિલ્હી, પંજાબ જેવા રાજયોમાં મતદાન છે ત્યાં ભાજપે હવે નવા મુદા ગોતવા પડશે તે નિશ્ચિત છે કારણ કે આ બંને રાજયોમાં આમ આદમી પાર્ટીની તાકાત છે અને રામ મંદિર જેવા મુદા આ રાજયોમાં અસરકારક નથી તે સાબિત થઇ ગયું છે. તો ઉતરપ્રદેશમાં મોદીએ તેથી કોંગ્રેસ સરકાર આવશે તો રામ મંદિરને તાળા લાગશે તેવો પ્રચાર શરૂ કર્યો છે, બિહારમાં નીતિશકુમાર સાથે જવાનું ભાજપને કેટલું ફાયદાકારક થાય છે તે પણ આ પક્ષ માટે હજુ નિશ્ચિત નથી. તેલંગણા, આંધ્રપ્રદેશમાં પણ ભાજપની હાજરી નહીંવત છે આમ વિપક્ષો માટે તક છે અને ભાજપને પણ વિશ્વાસ છે તે વચ્ચે તમામ ચાર તબકકાના મહત્વના બની જશે.

ઉત્તરપ્રદેશમાં ભાજપને પોતાનો સ્કોર સુધારવો પડશે, મહારાષ્ટ્રના રાજકારણમાં ભાગ્યે જ કોઇ ભવિષ્ય કહી શકે તેવી સ્થિતિ છે, બિહારમાં નીતિશનો સાથ કેટલો ફાયદાકારક બનશે તે પ્રશ્ન છે, પશ્ચિમ બંગાળમાં મમતા આકમણ ખાળીને વળતા પ્રહાર કરી રહી છે, દિલ્હી અને પંજાબમાં જો કેજરીવાલને જામીન મળી જાય તો કદાચ દ્રશ્યો જુદા હશે, ઝારખંડમાં હેમંત શોરેનની ધરપકડ એ લોકોને માટે મહત્વનું છે તે નિશ્ચિત થશે, આંધ્રમાં સાથી ટીડીપી મુસ્લિમ અનામત મુદો ચગાવીને ભાજપને ફિકસમાં મૂકી છે અને તેલંગણામાં કોંગ્રેસની મજબુતી એ ભાજપ કઇ રીતે તોડી શકશે તે પ્રશ્ન છે

બચત ૩૫ ટકા ઘટી, બેંક લોનનો બોજ ડબલઃ શેર-મ્યુચ્યુઅલ ફંડોમાં રોકાણ ડબલ

ઘટતી બચત સામે વધતુ રોકાણઃ ૩ વર્ષમાં ભારતીયોનો ટ્રેન્ડ બદલાયો

કેન્દ્ર સરકારનો રીપોર્ટઃ ભારતીયોને બચતનો આંકડો માત્ર ૧૪.૧૬ લાખ કરોડઃ બેંક લોન ૬.૦૫ કરોડથી વધીને ૧૧.૮૮ લાખ કરોડના સ્તરે પહોંચી ગઈ

નવી દિલ્હી તા.૮

ભારતીયોનાં બદલાયેલા જીવન ધોરણ વચ્ચે બચતની પરંપરા તૂટી રહ્યાના સંકેતોની સામે એવુ રસપ્રદ તારણ પણ બહાર આવ્યુ છે કે બચતનો ટ્રેન્ડ ભલે ઓછો થયો હોય પરંતુ રોકાણ કરવામાં રસ વધ્યો છે. સરકાર દ્વારા જારી આંકડાકીય રીપોર્ટમાં એમ કહેવાયું છે કે ભારતીયોની બચત છેલ્લા ત્રણ વર્ષમાં ૯ લાખ કરોડથી વધુ ઘટીને ૨૦૨૨-૨૩ માં ૧૪.૧૬ લાખ કરોડ રહી હતી તેની સામે રોકાણ ડબલ થઈ ગયુ છે.

કેન્દ્રનાં સ્ટેટેસ્ટીકલ મંત્રાલય દ્વારા રીપોર્ટ જારી કરાયો છે જે અંતર્ગત ૨૦૨૦-૨૧ માં ભારતીય પરિવારોની નેટ બચત ૨૩.૨૯ લાખ કરોડ હતી પરંતુ ત્યારપછીના વર્ષોમાં તેમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. ૨૦૨૧-૨૨ માં ઘટીને ૧૭.૧૨ લાખ કરોડ તથા ૨૦૨૨-૨૩ માં ૧૪.૧૬ લાખ કરોડ રહી ગઈ હતી. જે છેલ્લા પાંચ વર્ષમાં સૌથી નીચલા સ્તરે છે.

આંકડાકીય રીપોર્ટ પ્રમાણે છેલ્લા ત્રણ વર્ષોમાં ભારતીયોનાં બેંક ધિરાણ પણ લગભગ ડબલ થઈ ગયા છે.૨૦૨૨-૨૩ માં ૧૧.૮૮ લાખ કરોડનું બેંક ધીરાણ હતું તે ૨૦-૨૧ માં ૬.૦૫ લાખ કરોડ તથા ૨૦૧૧-૨૨ માં ૭.૬૯ લાખ કરોડ હતી.બીન સરકારી નાણા સંસ્થાઓ દ્વારા અપાતું ધીરાણ પણ ૨૦૨૦-૨૧ ના ૯૩૭૨૩ કરોડથી ૨૦૨૨-૨૩ માં ચાર ગણુ વધીને ૩.૩૩ લાખ કરોડ થયુ હતું.

બીજી તરફ ભારતીયોમાં રોકાણ પણ વધી રહ્યું છે. ૨૦૨૦-૨૧ માં મ્યચ્યુઅલ ફંડોનાં ભારતીયોનું રોકાણ ૬૪૦૮૪ કરોડ હતું તે ૨૦૨૨-૨૩ માં ૧.૭૯ લાખ કરોડે પહોંચ્યુ હતું. શેરો-ડીબેન્ચરોમાં રોકાણ ૨૦૨૦-૨૧ માં ૧.૦૭ લાખ કરોડનું હતું. તે ૨૦૨૨-૨૩ માં ૨.૦૬ લાખ કરોડે પહોંચ્યુ હતું.

નિષ્ણાંતોના કહેવા પ્રમાણે શેરબજારમાં રેકોર્ડબ્રેક તેજીને પગલે સારી કમાણી હોવાથી ઈન્વેસ્ટરોનાં રોકાણમાં વધારો છે. મ્યુચ્યુઅલ ફંડ મારફત પણ રોકાણમાં સારૂ રીટર્ન છે.આ સિવાય ગોલ્ડ સહીત અન્ય વૈકલ્પીક રોકાણમાં પણ સારો નફો હોવાથી લોકો બેંક વ્યાજનાં બદલે રોકાણ પર તગડી કમાણી કરવાનો ટ્રેન્ડ ધરાવતા થયા છે. ડીમેટ ખાતાઓની સંખ્યા પ્રથમવાર ૧૫ કરોડને પાર થઈ છે.

બિનનિવાસી ભારતીયોએ ૧૧૧ અબજ ડોલર 'વતન'માં ઠાલવ્યા

વિશ્વમાં સૌથી વધુ નાણાં ભારતીયો જ ભારતમાં મોકલે છેઃ ૧૦૦ અબજ ડોલરથી વધુ મેળવનાર પ્રથમ દેશ બન્યો

નવી દિલ્હી તા.૮

નાણાંકીય મેનેજમેન્ટમાં મોટા બદલાવ વચ્ચે બિન નિવાસી ભારતીયોએ અઢળક નાણાં વતનમાં મોકલ્યા છે. વિશ્વના અન્ય કોઈપણ દેશનાં નાગરીકો કરતા સૌથી વધુ નાણાં ભારતીયોએ મોકલ્યા છે, ૨૦૨૨ માં બિન નિવાસી ભારતીયોએ ૧૧૧ અબજ અમેરીકી ડોલર ભારતમાં ઠાલવ્યા હતા.

ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન ફોર નાઈઝેશન (આઈઓએમ)ના રીપોર્ટમાં એમ કહેવાયું છે કે ૧૦૦ અબજ અમેરીકી ડોલરથી વધુ નાણાં વતનમાં મોકલાયા હોય તેવો ભારત પ્રથમ દેશ બન્યો છે. આ નાણા સીધા વિદેશી રોકાણ કરતાં પણ વધુ છે. ૨૦૨૨ માં બીન નિવાસી નાગરીકોએ ૮૩૧ અબજ ડોલર વતનમાં મોકલ્યા હતા. તે ૨૦૦૦ માં ૧૦૨ અબજ ડોલર કરતાં ૬૫૦ ટકા વધુ છે.મહત્વની વાત એ, છે કે ૮૩૧ ૬૦૭ અબજ ડોલર ઓછી કે મધ્યમ આવક ધરાવતાં દેશોમાં મોકલવામાં આવ્યા છે.

રીપોર્ટમાં એમ કહેવાયું છે કે કોરોનાકાળ પછી થોડો વખત વતનમાં નાણા મોકલવાનું પ્રમાણ ઘટવાની આગાહીથી વિપરીત લોકોએ અઢળક નાણા મોકલ્યા છે. આ નાણાં ગરીબ રાષ્ટ્રો માટે આવકનો એક મોટો સ્ત્રોત છે.

૨૦૨૨ માં ભારત ઉપરાંત ચીન, મેકસીકો, ફ્રાંસ તથા ફીલીપીન્સના નાગરીકોએ સૌથી વધુ નાણા વતનમાં મોકલ્યા હતા. ભારતીયોએ ૧૧૧ અબજ ડોલર મેકસીકોમાં ૬૧ અબજ ડોલર, ચીનમાં ૫૧ અબજ ડોલર મોકલાયા હતા.

દિલ્હીએ રાજસ્થાનને ૨૦ રનથી હરાવ્યુંઃ DCની પ્લેઓફની આશા જીવંત તો RRને હજુ રાહ જોવી પડશે; જીતનો હીરો કુલદીપ યાદવ



દિલ્હી : ઈન્ડિયન પ્રીમિયર લીગ-૨૦૨૪ની ૫૬મી મેચમાં દિલ્હી કેપિટલ્સે રાજસ્થાન રોયલ્સને ૨૦ રનથી હરાવ્યું. આ સાથે દિલ્હીએ પાછલી મેચમાં મળેલી હારની બરાબરી કરી લીધી હતી. એટલું જ નહીં, દિલ્હીએ તેમની પ્લેઓફની આશા જીવંત રાખી છે અને રોયલ્સ માટે પ્લેઓફમાં પહોંચવાની રાહ પણ લંબાવી છે. ડીસીના ૧૨ પોઈન્ટ છે અને ટીમ ૫માં સ્થાને છે. બીજી તરફ, RR ૧૬ પોઈન્ટ સાથે બીજા સ્થાને છે. રાજસ્થાનની આ સતત બીજી હાર છે. RRને પ્લેઓફમાં પહોંચવા માટે હજુ વધુ એક જીતની જરૂર છે.

હોમ ગ્રાઉન્ડ પર ટોસ હારીને પ્રથમ બેટિંગ કરતા દિલ્હીએ ૨૦ ઓવરમાં ૭ વિકેટે ૨૨૧ રન બનાવ્યા હતા. જવાબમાં રાજસ્થાન ૨૦ ઓવરમાં ૮ વિકેટે ૨૦૧ રન જ બનાવી શક્યું હતું. કુલદીપ યાદવે ૨૫ રનમાં ૨ વિકેટ લીધી હતી. તે પ્લેયર ઓફ ધ મેચ તરીકે જાહેર થયો હતો. રાજસ્થાનની ટીમ છેલ્લા ૯ વર્ષથી દિલ્હીના મેદાન પર દિલ્હીને હરાવી શકી નથી. ટીમની છેલ્લી જીત ૨૦૧૫માં થઈ હતી.

ખેલાડીઓનું પરફોર્મન્સ :

ડીસી ઓપનર જેક ફ્રેઝર-મેગાર્ક (૫૦ રન) અને અભિષેક પોરેલે (૬૫ રન) અડધી સદી ફટકારી હતી. ટ્રિસ્ટન સ્ટબ્સે ૪૧ રનની ઈનિંગ રમી હતી. રાજસ્થાન તરફથી અશ્વિને ૩ વિકેટ લીધી હતી. યુઝવેન્દ્ર ચહલ, સંદીપ શર્મા અને ટ્રેન્ટ બોલ્ટને એક-એક વિકેટ મળી હતી. RR તરફથી સંજુ સેમસને ૪૬ બોલમાં ૮૬ રનની ઈનિંગ રમી હતી. રિયાન પરાગે ૨૭ રન અને શિવમ દુબેએ ૨૫ રન બનાવ્યા હતા. ખલીલ અહેમદ, મુકેશ કુમાર અને કુલદીપ યાદવે બે-બે વિકેટ લીધી હતી. અક્ષર પટેલ અને રસિક સલામને એક-એક વિકેટ મળી હતી.

એક સાથે ૩૦૦ કર્મચારીઓ રજા પર ઉતરી જતાં એર ઈન્ડિયા એકસપ્રેસની ૭૮ ફલાઈટ રદ

તમામે એકાએક માંદા હોવાનું જણાવી ફોન બંધ કરી દીધા

ન્યુ દિલ્હી :

એર ઈન્ડિયા એક્સપ્રેસની ૭૮ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. કારણ કે એર ઈન્ડિયાના ૩૦૦ કર્મચારીઓ એકસાથે માંદગીની રજા પર ગયા છે. મંગળવાર રાતથી બુધવાર સવાર સુધી ૭૮ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. લગભગ ૩૦૦ વરિષ્ઠ કેબિન ક્રૂ સભ્યોએ છેલ્લી ક્ષણે બીમાર હોવાની જાણ કર્યા પછી તેમના મોબાઈલ ફોન બંધ કરી દીધા છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, એર ઈન્ડિયા એક્સપ્રેસ મેનેજમેન્ટ હાલમાં ક્રૂ સુધી પહોંચવાનો પ્રયાસ કરી રહ્યું છે, જેઓ ટાટા ગ્રૂપની માલિકીની એરલાઈનમાં રોજગારની નવી શરતોનો વિરોધ કરી રહ્યા છે. એર ઈન્ડિયા એક્સપ્રેસના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, ''અમારા કેબિન ક્રૂના ઘણા સભ્યો ગઈકાલે રાતથી બીમાર પડ્યા છે અને તેના કારણે ઘણી ફ્લાઈટ્સ કેન્સલ થઈ છે અથવા વિલંબિત થઈ છે. જ્યારે અમે આ ઘટનાઓથી સંપૂર્ણપણે વાકેફ છીએ.'' કારણો સમજવા માટે, અમારી ટીમો પરિણામે અમારા મુસાફરોને કોઈપણ અસુવિધા ઘટાડવા માટે સક્રિયપણે કામ કરી રહી છે.''

પ્રવક્તાએ ઉમેર્યું, ''અમે અમારા મહેમાનોને આ અસુવિધા માટે દિલથી દિલગીર છીએ અને ભારપૂર્વક જણાવીએ છીએ કે આ પરિસ્થિતિ સેવાના ધોરણને પ્રતિબિંબિત કરતી નથી જે અમે પ્રદાન કરવાનો પ્રયાસ કરીએ છીએ.'' એરલાઈને જણાવ્યું હતું કે, ''ફ્લાઈટ કેન્સલેશનથી પ્રભાવિત મહેમાનોને સંપૂર્ણ રિફંડ અથવા અલગ તારીખે રિપ્લેસમેન્ટ ફ્લાઈટની ઓફર કરવામાં આવશે.''

ઘણા મુસાફરોએ તેમના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ પર તેમની ફ્લાઈટ્સ અચાનક કેન્સલ થવાની ફરિયાદ કરી હતી. તેમણે કહ્યું કે તેમને ફ્લાઈટ્સ કેન્સલ કરવા વિશે ''કોઈ જાણકારી'' નથી. એક્સ પરના કેટલાક ''ખૂબ જ નિરાશ'' મુસાફરોએ કહ્યું કે તેઓ એરપોર્ટ પર માત્ર જાણ કરવા માટે પહોંચ્યા હતા કે તેમની ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે.

એર ઈન્ડિયા એક્સપ્રેસે ટ્વિટર પર એક પોસ્ટના જવાબમાં જણાવ્યું હતું કે, ''કોઈપણ અસુવિધા બદલ અમને ખેદ છે. અમે તમને જાણ કરીએ છીએ કે ઓપરેશનલ કારણોસર ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે.''

ગયા મહિને, એર ઈન્ડિયા એક્સપ્રેસ કેબિન ક્રૂના એક વર્ગનું પ્રતિનિધિત્વ કરતા યુનિયને આરોપ લગાવ્યો હતો કે એરલાઈનનું મેનેજમેન્ટ યોગ્ય રીતે કામ કરી રહ્યું નથી અને કર્મચારીઓ સાથેના વ્યવહારમાં સમાનતાનો અભાવ છે. એર ઈન્ડિયા એક્સપ્રેસ એમ્પ્લોઈઝ યુનિયન (AIXEU) નામના રજિસ્ટર્ડ યુનિયને પણ આક્ષેપ કર્યો હતો કે મામલાના ગેરવહીવટને કારણે કર્મચારીઓના મનોબળને અસર થઈ છે.

ગરમીએ મતદાન પર અસર કરી છે ત્યારે...

આગામી ચૂંટણીઓ ગરમીમાં યોજવી બની શકે છે મુશ્કેલ

નવી દિલ્હી તા.૮

ભીષણ ગરમીની વચ્ચે ગઈકાલે લોકસભા ચૂંટણીના ત્રીજા ચરણનું મતદાન સંપન્ન થયું, પણ ગરમી જે પ્રકારે વધી રહી છે અને લૂના કારણે અનેક રાજ્યોમાં મતદાન ઘટયું હતું, જેને ધ્યાનમાં લઈને જલવાયુ વિશેષજ્ઞોનું માનવું છે કે આગામી લોકસભા ચૂંટણી ગરમીમાં યોજવી સરળ નહીં રહે.

પુર્વ ચૂંટણી પંચ પણ માને છે કે હવે એ સમય આવી ગયો છે કે સામાન્ય ચૂંટણીઓ એવી તારીખે યોજવામાં આવે જ્યારે હવામાન ગરમ ન હોય. પુર્વ ચુંટણી કમિશ્નર ઓ.પી.રાવત ફેબ્રુઆરીથી માર્ચ દરમિયાન વસંત ઋતુમાં ચૂંટણી સંપન્ન કરાવવા માટે સૌથી યોગ્ય માને છે.

જલવાયુ ક્ષેત્રમાં કાર્ય કરી રહેલ બિન સરકારી સંગઠન કલાયમેટ ટ્રેન્ડસ વધતી ગરમી અને ચૂંટણીને લઈને સોમવારે એક વિશ્લેષણ જાહેર કર્યું છે. જેમાં જણાવાયું છે કે એપ્રિલમાં ઉષ્ણ લહેર તેજ રહી જેનો ૧૫ દિવસમાં વિસ્તાર થયો. દક્ષિણ ભારતમાં એપ્રિલમાં સૌથી ઓછો વરસાદ થયો. ઓરિસ્સામાં ૧૮ દિવસ સુધી ઉષ્ણ લહેર ચાલી. હવામાન વિભાગ અગાઉથી જ જણાવી ચૂકયું છે કે ઉષ્ણ લહેરના દિવસોની સંખ્યા ૪-૮ દિવસની જગ્યાએ ૧૦-૧૨ દિવસ સુધી પહોંચી શકે છે. પણ વાસ્તવિક સ્થિતિ આથી પણ વધુ ગંભીર છે. દેશના અનેક ભાગોમાં અધિકતમ તાપમાન ૪૦-૪૫ ડિગ્રી વચ્ચે ચાલી રહ્યું છે, પણ અનેક ક્ષેત્રમાં તે ૪૭ ડિગ્રી સુધી પહોંચી ચૂકયું છે.

ચુંટણી વિશેષજ્ઞો કહે છે – ચૂંટણીપંચ પાસે ૬ મહિનામાં ચૂંટણી કરાવવાનો વિકલ્પ હોય છે, ફેબ્રુઆરી–માર્ચ યોગ્ય સમયઃ ચૂંટણી માટે હવામાનની સ્થિતિઓને ધ્યાનમાં રાખવી જરૂરી બનશે

છેલ્લા ૧૦ વર્ષ અત્યાર સુધીમાં સૌથી વધુ ગરમ રહ્યાઃ કલાઈમેટ ટ્રેન્ડસના અનુસાર ૨૦૧૪ અને ૨૦૧૯ની લોકસભા ચૂંટણી ભીષણ ગરમી દરમિયાન થઈ છે. કારણ કે ૨૦૧૪-૨૦૨૩ના ૧૦ વર્ષ અત્યાર સુધીના સૌથી ગરમ વરસ રહ્યા છે.

૨૦૨૯ની ચૂંટણી ફેબ્રુઆરીમાં ઠરાવવાનો વિકલ્પઃ કલાઈમેટ ટ્રેન્ડસના પુર્વ મુખ્ય ચૂંટણી કમિશ્નર ઓ.પી.રાવતે એક નિવેદનમાં જણાવ્યું હતું કે પંચ પાસે લોકસભા ચૂંટણી કરાવવા માટે ૧૭ ડિસેમ્બરથી ૧૬ જૂન સુધીનો ૬ મહિનાનો સમય હોય છે. તે ઈચ્છે તો ૨૦૨૯થી ઓકટોબર-નવેમ્બરમાં યોજનાર રાજય વિધાનસભા ચૂંટણીઓમાં બે-ત્રણ મહિના મોડી કરી લોકસભા ચૂંટણીને વસંત ઋતુ દરમિયાન ફેબ્રુઆરી-માર્ચમાં કરાવી શકે છે.

હવામાનની સ્થિતિ ધ્યાનમાં રાખવી જરૂરીઃ પૂર્વ ચૂંટણી કમિશ્નર અશોક લ્વાસા કહે છે કે શરૂઆતમાં પહાડી રાજ્યોમાં સપ્ટેમ્બરમાં અને બાકી ભારતમાં ઓક્ટોબરમાં લોકસભા ચૂંટણી થતી હતી. તેઓએ કહ્યું હતું કે ચુંટણીપંચ હવામાનની સ્થિતિઓને હંમેશા ધ્યાનમાં રાખે છે તેમ છતાં તેમની પાસે ૧૮૦ દિવસમાં કયારેય પણ ચૂંટણી કરાવવાનો વિકલ્પ મોજૂદ હોય છે. ફેબ્રુઆરી-માર્ચમાં જો કે પરીક્ષાઓનો સમય હોય છે, એટલે તે સરળ નહી હોય. પણ જો તાપમાન આવી રીતે વધતું રહ્યું તો પછી કોઈ વિકલ્પ અપનાવવો જ પડશે.

▯ માત્ર મારા કારણે પક્ષે પણ સહન કરવું પડયુંઃ લોકસભાની ચૂંટણીના મતદાનના બીજા દિવસે ફરી પરસોતમભાઈએ ભુલ સ્વીકારી ▯

માણસ માત્ર ભૂલને પાત્રઃ ક્ષત્રિય સમાજને ફરી રૂપાલાના 'મિચ્છામી દુકકડમ્'

૪૦ વર્ષના જાહેર જીવનમાં સૌથી પીડાદાયક સમય અનુભવ્યો

રાજકોટ તા.૮

રાજકોટ લોકસભાની પુરા રાજ્યમાં કેન્દ્રમાં રહેલી ચૂંટણીનું મતદાન ગઈકાલે પૂર્ણ થયું છે. ગત ચૂંટણી કરતા મતદાનમાં થોડો ઘટાડો થયો છે ત્યારે આજે સવારે ભાજપના ઉમેદવાર અને કેન્દ્રીય મંત્રી પરસોતમભાઈ રૂપાલાએ મતદાન બાદ પણ વધુ એક વખત ક્ષત્રીય સમાજની માફી માગીને તેમનાથી મોટી ભુલ થયાનો સ્વીકાર કર્યો હતો. સાથે જ માણસ માત્ર ભુલને પાત્ર તેવું કહીને 'મિચ્છામી દુકકડમ' કહ્યું હતું.

આજે સવારે લોકસભા ભાજપના કાર્યાલય ખાતે પરસોતમભાઈ રૂપાલાએ પત્રકારો સાથે વાતચીત કરી હતી તેઓએ જણાવ્યું હતું કે મારા ૪૦ વર્ષના જાહેર અને રાજકીય જીવનમાં આ સૌથી પીડાદાયક સમય હતો અને સૌથી કઠીન સમયમાંથી પસાર થયો છું. આવી સ્થિતિનો સામનો કયારેય કર્યો નથી. મારા એક નિવેદનથી પુરી ચૂંટણીમાં વમળો સર્જાઈ ગયા હતા. મારા નિવેદનની ભુલના કારણે પક્ષને અને સાથીદારોને પણ સાંભળવાનો વખત આવ્યો હતો. મારા ઉપરાંત પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલે પણ માફી માંગી અને પુરી પાર્ટીએ ઘણું સહન કરવું પડયું છે.

તેમણે જણાવ્યું હતું કે મારા નિવેદનો કાયમ પાર્ટી માટે એસેટ હતા. પરંતુ હું ઉમેદવાર બન્યો તે બાદ મારાથી ભુલ થયાનો એકરાર કરૂં છું. મારી ભુલના કારણે મેં વ્યકિતગત અને જાહેરમાં અનેક વખત માફી માંગી છે. ચૂંટણીમાં માફી માગવી તેનો બીજો અર્થ નિકળે તે પણ સ્વભાવિક છે. આજે હું ફરી નમ્રતા પૂર્વક ક્ષત્રિય સમાજની માતૃશકિતની પણ માફી માંગુ છું. વિકસીત ભારતમાં કાયમ ક્ષત્રિયોનું યોગદાન રહ્યું છે અને ભવિષ્યમાં પણ તેઓ વિકાસમાં ભાગીદાર બનશે.

આ વિવાદ છતા ચૂંટણી શાંતિપૂર્ણ પુરી થઈ છે. ૨૦ વર્ષથી સૌરાષ્ટ્રમાં પાટીદાર અને ક્ષત્રિયો વચ્ચે ભાઈચારાનું વાતાવરણ છે. આવી સામાજીક સમરસતા કાયમ રહેવી જોઈએ. ક્ષત્રિય યુવાનો પર થયેલા કેસનો સંવાદથી ઉકેલ આવશે. સંપૂર્ણ શાંતિ બદલ પણ તેમણે સમાજનો આભાર માન્યો હતો. તેમનો ઉદ્દેશ વૈમનસ્ય ફેલાઈ તેવો કયારેય ન હતો. તેઓએ આજે મિચ્છામી દુકકડમ કહીને ક્ષત્રિય સમાજની ફરી માફી માંગી હતી. મારાથી બોલાઈ ગયું હતું. હવે સમાજ તેમને માફ કરે તેવી અપીલ છે.

લીડ અંગેના સવાલના જવાબમાં તેમણે કહ્યું હતું કે હું લીડની ભવિષ્યવાણીમાં માનતો નથી. મારે આવી કોઈ આગાહી કરવી નથી. નવા સ્ટાર પ્રચારકોની યાદીમાં મારૂ નામ છે. પક્ષ કહે ત્યારે અને કહે ત્યાં તેઓ પ્રચાર માટે જશે. આ રીતે આજે કેન્દ્રીય મંત્રીએ મતદાન બાદ પણ વધુ એક વખત દિલથી માફી માંગી છે.

મારો ઈરાદો કયારેય ખરાબ ન હતોઃ માતૃશકિત મને માફ કરેઃ શાંતિપૂર્વક મતદાન બદલ સૌનો આભારઃ લીડની ભવિષ્યવાણી કરવી નથી!

માયાદેવી મંદિરના મહંતે યાત્રીઓનું પ્રસ્થાન કરાવ્યું

હરિદ્વારથી ગુજરાત-મહારાષ્ટ્રના ૧૩૫ યાત્રીઓનું પ્રથમ જૂથ ચારધામ યાત્રાએ રવાના

હરિદ્વાર તા.૮

માયાદેવી મંદિરના મહંત સુરેશાનંદ સરસ્વતીએ ગઈકાલે મંગળવારે પૂજા-અર્ચના બાદ ચારધામ યાત્રા માટે ૧૩૫ યાત્રીઓનું પહેલુ જૂથ રવાના કર્યું હતું. ૧૦ મે ના રોજ બધા યાત્રીઓ યમુનોત્રી મંદિરના દર્શન કરશે. આ જૂથ ૧૭ મે એ ચારધામ યાત્રાથી પરત ફરશે.

ચારધામ યાત્રાનું પ્રથમ જૂથ મસૂરી થઈને બડકોટમાં રોકાશે. ત્યાંથી ચાલીને યાત્રી યમુનોત્રીના દર્શન કરશે. યમુનોત્રી બાદ ગંગોત્રી, કેદારનાથ મંદિર અને બદરીનાથ ધામના દર્શન કરશે. જૂથમાં ગુજરાત અને મહારાષ્ટ્રના યાત્રી ૧૦ ટેમ્પો ટ્રાવેલ અને એક કારમાં રવાના થયા હતા.

દરમિયાન પ્રભુજી ટ્રાવેલ્સના સ્વામી અનુજ સિંઘાલે જણાવ્યું હતું કે ચારધામ યાત્રાની શરૂઆત થઈ ચૂકી છે. દરરોજ ૬ હજાર રૂપિયાના ભાડા પર ૧૦ ટેમ્પો ટ્રાવેલ યાત્રીઓને લઈને ચારધામથી ૧૦ દિવસની યાત્રા પર રવાના થયા છે.

યાત્રા માર્ગ પર રજિસ્ટ્રેશનની તપાસ કરાશે

યાત્રા માર્ગ પર તપાસવામાં આવશે રજીસ્ટ્રેશનઃ ચારધામ યાત્રામાં તીર્થ દર્શન માટે રજીસ્ટ્રેશન ફરજિયાત છે તેના માટે ગંગોત્રીમાં હીન, યમુનોત્રીમાં બડકોટ, કેદારનાથમાં સોનપ્રયાગ અને બદરીનાથ ધામ માર્ગ પર માંડુકેશ્વરમાં રજીસ્ટ્રેશનનું ચેકીંગ થશે. ચેકીંગ બાદ જ યાત્રીઓને ધામા સુધી આગળ જવા દેવાશે.

રાજકોટમાં કાળઝાળ ગરમીમાં વધું ચાર હૃદયે દગો દીધો

મતદાન કરી ઘરે આવેલા મધુવન પાર્કનાં ૬૦ વર્ષિય રમેશભાઈ ઢળી પડયાઃ મોત

મહીકા ગામમાં જમણવારમાં ૪૨ વર્ષિય વિજયાબેન સાગઠીયાને જમતી વખતે જ આવેલો હાર્ટએટેક જીવલેણ નીકળ્યો

રાજકોટ તા.૮

રાજકોટમાં કાળઝાળ ગરમીમાં હાર્ટએટેકનાં બનાવો અવિરત રહ્યા હતા ત્યારે બે મહીલા અને એક વૃધ્ધને આવેલ હાર્ટએટેક જીવલેણ નિકળ્યો હતો. મધુવન પાર્કમાં રહેતા ૬૦ વર્ષિય રમેશભાઈ ઘેર પહોંચતા જ બેભાન થઈ ઢળી પડયા હતા.જયારે મહીકા ગામમાં જમણવારમાં ૪૨ વર્ષિય વિજયાબેન સાગઠીયાને આવેલો હાર્ટ એટેક કાળમુખો નીકળતા મોત નીપજ્યુ હતું. જયારે દેવપરામાં રહેતા ૫૩ વર્ષિય જાગૃતિબેન સેટી પર જ બેભાન થઈ ગયા હતાં તેમજ પોપટપરામાં ૬૫ વર્ષિય કાળુભાઈનું સાયકલ ચલાવતી વખતે જ હૃદય થંભી જતાં દમ તોડયો હતો.

રમેશભાઈ વેકરીયા | જાગૃતિબેન બગડાઈ | વિજયાબેન સાગઠિયા

દેવપરામાં ૫૩ વર્ષિય જાગૃતિબેન સેટી પર જ બેભાન થઈ ગયાઃ સારવાર મળે તે પહેલાં જ દમ તોડયોઃ પોપટપરામાં ૬૫ વર્ષીય કાળુભાઈનું સાયકલ ચલાવતી વખતે જ હૃદય થંભી ગયુંઃ અરેરાટી

પ્રાપ્ત વિગત મુજબ કુવાડવા રોડ પર મધુવન પાર્ક શેરી નં.૪ માં રહેતાં રમેશભાઈ જાદવભાઈ વેકરીયા ઉ.વ.૬૦ ગઈકાલે બપોરે મતદાન કરવા માટે ગયા હતા. મતદાન કરી બપોરના ૧૨.૧૫ વાગ્યે ઘેર પહોંચ્યા હતા. દરમ્યાન તેઓને છાતીમાં દુખાવો ઉપડતા બેભાન થઈ ગયા હતાં. જેમને સારવારમાં ખસેડાતાં ફરજ પરનાં ડોકટરે તેમને મૃત જાહેર કર્યા હતા. બનાવ અંગે સીવીલ ચોકીનાં સ્ટાફે બી.ડીવીઝન પોલીસને જાણ કરી હતી.

(અનુ. પાના નં. ૧૨ પર)

રાજકોટ લોકસભા બેઠકના ભાજપ–કોંગ્રેસ સહિતના નવ ઉમેદવારોના ભાવિ મત પેટીઓમાં કેદ

૭૮૦૦થી વધુ EVM-વીવીપેટ કણકોટ ઈજનેરી કોલેજના સ્ટ્રોંગ રૂમમાં થયા સીલ

રિસીવીંગ–ડીસ્પેચીંગ સેન્ટરો પરથી વોટીંગ મશીનો સ્ટ્રોંગ રૂમમાં પહોંચાડવાની કામગીરી રાતભર ચાલીઃ અર્ધ લશ્કરી દળોના જવાનોનો સતત ચોકી પહેરોઃ તા.૪ના જાહેર થશે જનાદેશ

રાજકોટ, તા.૮

રાજકોટ લોકસભા બેઠકની ગઈકાલે યોજાયેલ ચૂંટણીમાં ભાજપ-કોંગ્રેસ સહિતના ૯ ઉમેદવારોના ભાવિ વોટીંગ મશીનોમાં કેદ થયા બાદ ૭૮૦૦થી વધુ ઈવીએમ-વીવીપેટને રિસીવીંગ, ડીસ્પેચીંગ સેન્ટરો પરથી કણકોટની સરકારી ઈજનેરી કોલેજના સ્ટ્રોંગ રૂમમાં ખાસ વાહન માર્ગે પહોંચાડવાની કામગીરી રાતભર ચાલી હતી.

રાજકોટ લોકસભા બેઠક વિસ્તારના ૨૨૩૬ મતદાન બુથો ઉપર ગઈકાલે મતદાન થવા પામેલ હતું. આ મતદાન મથકો પરથી ઈવીએમ, વીવીપેટ (વોટીંગ મશીનો) મતદાન પુરૂ થયા બાદ ચૂંટણી સ્ટાફ તેને લઈને ડીસ્પેચીંગ રીસીવર સેન્ટરો પર ચૂસ્ત સુરક્ષા બંદોબસ્ત વચ્ચે પરત ફર્યો હતો.

આ ઈવીએમ, વીવીપેટને ડીસ્પેચીંગ-રીસીવર સેન્ટરો જેમાં પી.એન. ટી.વી. શેઠ હાઈસ્કૂલ (રાજકોટ પૂર્વ) એસ.વી. વિરાણી હાઈસ્કૂલ (રાજકોટ પશ્ચિમ) રણછોડદાસજી કોમ્યુનિટી હોલ (રાજકોટ દક્ષિણ), એ.એસ. ચૌધરી હાઈસ્કૂલ (રાજકોટ ગ્રામ્ય) મોડેલ સ્કૂલ જસદણ (જસદણ), ગોંડલ સંગ્રામજી

(અનુ. પાના નં. ૧૨ પર)

દુઃખદ અવસાન – પ્રાર્થનાસભા

સ્વ. સુશીલાબેન ઈન્દુલાલ બદાણી (ઉ.વ. ૮૧) નું દુઃખદ અવસાન તા. ૦૮-૦૫-૨૦૨૪, બુધવારના રોજ થયેલ છે. પ્રભુ તેમના આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના...

સ્વ. સુશીલાબેન ઈન્દુલાલ બદાણી
સ્વ.તા. ૦૮-૦૫-૨૦૨૪ બુધવાર

:: સદ્‌ગતનું ઉઠમણું તથા પ્રાર્થનાસભા ::
તા. ૦૯-૦૫-૨૦૨૪ ને ગુરૂવારના રોજ સવારે ૧૧ થી ૧૨:૩૦ કલાકે
સ્થળ : જનકલ્યાણ હોલ, રાજકોટ ખાતે રાખેલ છે.

લી. ઈન્દુલાલ ભીમજી બદાણી
અનીશ બદાણી • અનીશા બદાણી
વિશાખા દોશી • કેતનકુમાર દોશી
આરતી બદાણી • તેજલભાઈ સંઘવી

રાજકોટમાં સતત બીજા દિવસે કાળઝાળ ગરમીઃ આજે પણ ૪૨ ડિગ્રી વટાવશે

બપોરે અઢી કલાકે ૪૧.૪ ડિગ્રીઃ કાલથી ગરમી થોડી ઘટશે

રાજકોટ,તા.૮

રાજકોટ શહેરમાં ગઈકાલે ૪૨.૭ ડિગ્રી તાપમાન સાથે ૪૩-ડિગ્રી નજીક ઉષ્ણતા પારો પહોંચી ગયુ હતું. ત્યારે આજે સતત બીજા દિવસે પણ શહેરનું તાપમાન ૪૩-ડિગ્રી નજીક પહોંચી જાય તેવી પુરી શકયતા છે. આજે બપોરે ૨.૩૦ કલાકે રાજકોટનું તાપમાન ૪૧.૪ ડિગ્રી નોંધાયુ હતું.અને હવામાં ભેજ ૨૨ ટકા રહ્યો હતો. જયારે પવન ઝડપ ૧૦ કી.મી પ્રતિ કલાક રહેવા પામતા આજે પણ અંગ દઝાડતી લૂં અનુભવાઈ હતી. દરમ્યાન આજે સવારે ૮.૩૦ કલાકે શહેરનું તાપમાન ૨૯.૪ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૫.૪ ડિગ્રી નોંધાયું હતું.જયારે સવારે હવામાં ભેજ ૭૧ ટકા રહ્યો હતો. અને પવનની સરેરાશ ઝડપ ૧૦ કી.મી. રહેવા પામી હતી.દરમ્યાન હવામાન વિભાગનાં જણાવ્યા મુજબ ફરી આવતી કાલથી ગરમીમાં થોડી રાહત રહેશે.આવતીકાલથી ૨ થી ૩ ડિગ્રી તાપમાન ઘટશે અને મહત્તમ તાપમાન ૩૮ થી ૪૦ ડિગ્રી વચ્ચે નોંધાશે.

વિંછીયામાં રાત્રે ઝાપટું વરસી ગયું

વિંછીયા તા.૮

વિંછીયામાં ગત રાત્રીના ૮-૩૦ વાગે સખત ગરમી અને બફારા બાદ ૧૫ મીનીટ સુધી વરસાદી ઝાપટુ વરસી ગયું હતું. વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદ શરૂ થતા જ લાઈટ ગુલ થઈ ગઈ હતી. જે ૩ કલાક પછી આવતા લોકો જીઈબી તંત્ર સામે રોષે ભરાયા હતા. અને પરસેવે ન્હાયા હતા. લોકોએ મચ્છરના સંગીત સાથે ચટકા સહન કર્યા હતા!!

Godrej Europa
અલ્ટ્રા લોક ચાવી
૫ મિનિટમાં
રાજુ ડીમીટલ સ્ટુડીયો
ભુતખાના ચોક, ઢેબર રોડ, રાજકોટ.
ફોન : ૨૨૩૩૦૧૨, ૨૨૩૯૭૯૪

અલ્ટ્રા મોર્ડન
3BHK બંગલો વેચવાનો છે
150 વાર
સારા લોકેશનમાં ન્યુ બંગલો
કોટડા સાંગાણીમાં
સરદાર પાર્ટી પ્લોટની પાછળ
M. 98250 26025
shashi

કોટડા સાંગાણીમાં, વિરાણી કોમ્પ્લેક્ષ
લગડી પ્રોપર્ટી
વેચવાની/ભાડેથી આપવાની છે
ફર્સ્ટ ફ્લોર ઉપર ચાર દુકાનો
સેકન્ડ ફ્લોર ઉપર જગ્યા 1600 કાર્પેટ
થર્ડ ફ્લોર ઉપર જગ્યા 3500 સ્કે.ફીટ
હોસ્પિટલ-રેસ્ટોરન્ટ
NBFC-બેંકને લાયક
જગ્યા વેચવાની અથવા ભાડે આપવાની છે
CONTACT : 98250 26025
shashi